# મહત્તરા શ્રી મૃગાવતીશ્રીજી



શ્રી વલ્લભસૂરિ સ્મારક નિધિ, મુંબઈ

# મહત્તરા શ્રી મૃગાવતીશ્રીજી



શ્રી વલ્લભસૂરિ સ્મારક નિધિ, મુંબઈ

# મહત્તરા શ્રી મૃગાવતીશ્રીજી

સંપાદક

**રમણલાલ ચી. શાહ**

સહસંપાદક

**શૈલેશ એચ. કોઠારી**

**ગુલાબ દેઢિયા**

પ્રકાશક

**શ્રી વલ્લભસૂરિ સ્મારક નિધિ**

મુંબઈ

મહત્તરા શ્રી મૃગાવતીશ્રીજી

MAHATTARA SHREE MRIGAVATISHREEGEE
COMMEMORATION VOLUME

Editor— RAMANLAL C. SHAH

Co-Editor—SHAILESH K. KOTHARI :
GULAB DEDHIA

First Edition: Published-January 1989

પ્રકાશક

શ્રી વલ્લભસૂરિ સ્મારક નિધિ

મુંબઇ

પ્રથમ આવૃત્તિ - જાન્યુઆરી ૧૯૮૯

કિંમત - રૂપિયા પચાસ

મુદ્રક:

કોમ્પ્યુગ્રાફીક ● લાલ રાંભિયા

ગાલા નં. ૧૦, બીજે માળે,
રાજા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
મુલુંડ (વે.), મુંબઇ ૪૦૦ ૦૮૦.

# महत्तरा श्री मृगावतीजीनी स्तुति

□ **प्रो. श्री जयकान्त**
**(पं. अश्विनीकुमारजी दासना शिष्य)**

या देवी समलञ्चकार जनुषा सौराष्ट्रदेशं शुभम्
बाल्येऽवाप्तवती स्वमातृवदनांभोजान्मतं निर्मलम्
पाखण्डादितमोविकारहरणे यस्या वचो दीधितिः
कल्याणं चकमे नृणां करुणया सा भारती मोदताम्

कारुण्यामृतपूरपूरितलसद् गाम्भीर्य शोभावती
सिद्धान्तानुगुणानुकारि वसनं धौतं सदा बिभ्रती
लोकोद्धारचिकीर्षयेयमसकृज्जैनं मतं तन्वती
साध्वीरत्नमृगावती विजयतां ज्ञानत्विषा भास्वती

अनन्तसौजन्यमवाकिरन्ती
लोकस्य दौर्जन्यमपा करोति
स्वतेजसा निश्छलचेतसेयं
मृगावती मङ्गलमातनोति

ध्यानेन संन्यस्तविभेदबुद्धिः
संकल्पदासी कृतकार्यसिद्धिः
तपोधना शास्त्रविचार दक्षा
मृगावती त्रिजगतः प्रतिष्ठा

स्वकार्य संसाधन विप्रमादां
पिकोपमुस्फीतरवां विशुद्धाम्
मृगावतीमस्तसमस्तदोषां
वन्दामहे नित्यमगाधसत्त्वाम्

संस्थाप्य या संस्कृतिरक्षणार्थं
संस्थाः बहुत्र स्ववचः प्रभावैः
भव्याकृति स्निग्ध विनम्रभावा
महत्तरा जैनविचार शीला

मन्दस्मितैरप्रतिम प्रभावैः
सन्देहपुञ्जञ्च निवारयन्ती
स्वकण्ठनिस्यन्दितपूतनद्यां
मनोमलं नुर्विमलीकरोति

अज्ञानपुञ्जं विफलीकरोति
हृदिस्थकामान् सफलीकरोति
देशस्य दैन्यञ्च विभावयन्ती
महाव्रतं पञ्चकमादधाति

विनष्ट संकीर्ण मनोविकारा
गृहीतधर्मार्जन सुप्रकाशा
प्रवाहितज्ञानमयाम्बुधारा
विभातु साध्वीगतदिव्यतारा

सदैव दीनेष्वनुकम्पमाना
विद्वत्समाराधनमीहमाना
अनाथविद्यार्थिषु चेष्टमाना
मृगावती श्रीजगति प्रधाना

# महत्तरा श्री मृगावतीजीनी स्तुति

पंडित बेचरदास दोशी

## (श्लोक-अनुष्टुप)

धर्मध्वजधरा प्राज्ञा उपदेष्ट्री प्रजाहितम् ।
आगता गुर्जरे पूर्वं, गुरुसाध्वी-समन्विता ॥१॥

शास्त्राभ्यासे सुसंलीना, ज्ञानध्यान परायणा ।
कुर्वाणा सत्कथां नित्यं, लोक धर्म प्रबोधिका ॥२॥

साध्वी मृगावती शान्ता, महत्तरेति विश्रुता !
या विहरन्ती पञ्जाबे, विजयते सतीवरा ॥३॥

मृगावतीयमाना वै, गुप्ति समिति संयुता ।
सदा विजयते नम्रा, पञ्चयाम प्रपालिका ॥४॥

देशकालौ विजानन्ती, सर्व संक्लेश वर्जिता ।
धर्माभरणं दान्ता, मोहजाल विदारिका ॥५॥

वल्लभं गुरुं सद्भक्त्या, स्मारिका पाप वारिका ।
गुणानां ग्रहणे प्रष्ठा, सुव्रता बोध दायिनी ॥६॥

तपस्विनी संयमिनी, राष्ट्र कल्याण वाञ्छिका ।
बालिकानां महिलानां, सर्वासां धर्मप्रापिका ॥७॥

पुनातु गुर्जरं देशं, शृणोतु प्रेम-प्रार्थनाम् ।
गुर्जरे च यथाकालं, आयातु श्रीमृगावती ॥८॥

प्राप्नोतु महाकीर्तिं, आरोग्यं दीर्घजीवनम्
जनं बोधयतु विश्वं, वीर-शिष्यामृगावती ॥९॥

अत्र वः स्मरति नित्यं, अञ्जवाली सुश्राविका ।
ललिताऽपि नः तनया, सततं जपतितराम् ॥१०॥

विज्ञप्तिं नः हृदि कृत्वा, अनुकूलं वो करोतु भोः ! ।
बेचरदास इत्येवं, विज्ञापयति भावतः ॥११॥

अमेरिकास्थिता पौत्री, कल्याणी तु निरन्तरम् ।
पत्रे पत्रे भवतीं वै, नमति स्तौति भक्तितः ॥१२॥

इत्येवं मया सद्भक्त्या, स्तुता साध्वी मृगावती ।
चिरं जीवतु जयतु च, यावद् भूतले भास्करः ॥१३॥

साध्वीं सुज्येष्ठां धर्मिष्ठां, सुव्रतां किल सुव्रताम् ।
सुयशां सुप्रज्ञां साध्वीं, वयं वन्दावहे मुदा ॥१४॥

# શ્રી વલ્લભસૂરિ સ્મારક નિધિ

## સ્મારક નિધિ સમિતિ

શ્રી જે. આર. શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ
શ્રી કાન્તિલાલ ડી. કોરા
શ્રી નટવરલાલ એસ. શાહ
શ્રી શૈલેશ એચ. કોઠારી
શ્રી કુમારપાળ વી. શાહ
શ્રી કાન્તિલાલ હરગોવિંદદાસ
શ્રી દામજી કે. છેડા
શ્રી ઉમેદમલ હજારીમલ જૈન - માનદ મંત્રી
શ્રી જયંતીલાલ મયાભાઇ શાહ - માનદ મંત્રી
શ્રી પ્રતાપભાઇ કે. શાહ
શ્રી નગીનદાસ જે. વાવડીકર

*મરણસેજ પર હોઉં કે ફાંસીએ પણ,*
*ચહું નિત પરમ દશ્ય ઉન્નત ગતિનું,*
*સતત છે મને 'શૈલ' એક જ તમન્ના,*
*હૃદયમાં રટણ હોય મૃગાવતીનું.*

*□ શૈલેશ કોઠારી—(શૈલ પાલનપુરી)*

## શ્રી વલ્લભસૂરિ સ્મારક નિધિનાં પ્રકાશનો

૧.Lord Mahavir
૨.Jainism
૩.बंगाल का आदि धर्म
૪.અનુભવ-ઝરણાં
૫.Jainism and Ahimsa
૬.જૈન સાહિત્ય
૭.Doctrine of Jainism
૮.Lord Mahavir and His Teachings
૯.विश्व धर्म परिषद और जैन धर्म
૧૦.Selected Speeches of
Sri Virchand Raghavji Gandhi
૧૧.Jainism (by Herbert Warren)
૧૨.Lord Mahavir and Jainism
૧૩.સમયદર્શી આચાર્ય
૧૪.મહત્તરા શ્રી મૃગાવતીશ્રીજી

# સંપાદકીય

'મહત્તરા શ્રી મૃગાવતીશ્રીજી' નામનો આ ગ્રંથ પ્રગટ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ. પરમ પૂજ્ય મહત્તરા શ્રી મૃગાવતીશ્રીજી વિશે વિશેષાંકો પ્રસિધ્ધ થયા છે, પરંતુ તેમની પ્રતીભાનાં વિવિધ પાસાંઓ ઉપર પ્રકાશ પાથરનાર આ પ્રકારનો સ્મૃતિગ્રંથ આ પહેલો જ છે.

પૂજ્ય શ્રી મૃગાવતીશ્રીજીનો આત્મા એક ભવ્ય, પવિત્ર, મહાન આત્મા હતો. સાઠ વર્ષના આયુષ્યકાળમાં એમણે જે સામાજિક અને આધ્યાત્મિક સિદ્ધિઓ પ્રાપ્ત કરી લીધી હતી તે એક સાધ્વીજી માટે અદ્વિતીય પ્રકારની હતી. ઊંડો શાસ્ત્રાભ્યાસ, વ્યવહારનિપુણતા, પવિત્ર અને પ્રભાવક વ્યક્તિત્વ અને આચારની પરિપૂર્ણ શુદ્ધતા એ બધાંને કારણે જે કોઈ વ્યક્તિ એમના સંપર્કમાં આવે તે તેમનાથી પ્રભાવિત થયા વિના રહે નહિ. તેઓ ગુજરાતનાં હતાં અને જીવનની ઉત્તરાવસ્થામાં પંજાબીઓનાં થઈને રહ્યાં, બલ્કે તેઓ જયાં જયાં જતાં ત્યાં ત્યાં તે તે પ્રદેશના લોકોને તેઓ પોતાના છે એવો આત્મીય ભાવ અનુભવવા મળતો. બાળક હોય કે વૃદ્ધ, સ્ત્રી હોય કે પુરૂષ, સુશિક્ષિત હોય કે અશિક્ષિત શ્રીમંત હોય કે નિર્ધન, જૈન હોય કે જૈનેતર એમની પાસે એવી કરૂણાભરી સમદૃષ્ટિ હતી કે, જેમાં આ બધા ભેદોનું વિગલન થઈ જતું. તેઓ કાળધર્મ પામ્યાં ત્યારે અનેક લોકોએ પોતાની માતાતુલ્ય સાધ્વીજી ગુમાવ્યાનો ભાવ અનુભવ્યો એ જ એમની ઉદાત્ત ચારિત્રશીલતાની પ્રતીતિ કરાવે છે. એ પ્રસંગે કેટલા બધા મહાનુભાવોએ એમને પોતાની સ્મરણાંજલિ અર્પી છે.

આવી એક મહાન વિભૂતિ માટે એક સરસ સ્મૃતિગ્રંથ પ્રગટ થાય એવી ભાવના કેટલાક વડીલો અને મિત્રોએ વ્યક્ત કરી અને તે પ્રમાણે અમે આ ગ્રંથનું સંપાદક કર્યું છે. આ ગ્રંથમાં 'વિજયાનંદ', 'જૈન તીર્થંકર' 'વલ્લભસંદેશ'ના જે વિશેષાંકો પ્રગટ થયા છે તેમાંથી સ્વ. પૂજ્ય મૃગાવતીશ્રીજીના શિષ્યા પૂ. સાધ્વી શ્રી સુવ્રતાશ્રીજીની પ્રેરણા અનુસાર શ્રદ્ધાંજલિ સંદેશાઓ, શ્રદ્ધાંજલિ કાવ્યો વગેરેની સામગ્રીનો ઉપયોગ કર્યો છે તથા કેટલાક લેખો નવેસરથી પણ લખાવ્યા છે. મોટા ભાગની લેખ સામગ્રી આ વિશેષાંકોમાંથી અમે લીધી છે. અને તે માટે તે તે વિષેષાંકોના સંપાદકો અને પ્રકાશકોના તથા તે તે લેખકો, કવિઓ વગેરેના અમે અત્યંત ઋણી છીએ.

પૂજ્ય મૃગાવતીશ્રીજી વિશેના મોટા ભાગના લેખો હિન્દી ભાષામાં લખાયેલા છે. વળી તેમાં કેટલીક વાતોની પુનરુક્તિ થાય એ સ્વાભાવિક છે. આ બધા લેખોનો ગુજરાતી અનુવાદ કરતી વખતે યથાશક્તિ પુનરુક્તિ

ટાળવાનો અમે પ્રયાસ કર્યો છે અને એથી કેટલાક લેખો સંક્ષેપમાં આપ્યા છે કે જેથી પુસ્તકના વાંચનનો રસ બહુધા જળવાઈ રહે. કેટલીક લેખસામગ્રી અમે સીધી ગુજરાતી ભાષામાંથી પણ લીધી છે. આ તમામ લેખકોના અમે અત્યંત ઋણી છીએ. અમે પૂજ્ય શ્રી સુવ્રતાશ્રીજીની અનુમતિ અનુસાર એ બધા લેખો લીધા છે અને લેખોનો ક્રમ પણ ઘણોખરો તેમની સંમતિથી જ ગોઠવ્યો છે. અમે તૈયાર કરેલી આ બધી સામગ્રી જોઈ જવા માટે પૂ. શ્રી સુવ્રતાશ્રીજી, પૂ. શ્રી સુયશાશ્રીજી અને પૂ. શ્રી સુપ્રજ્ઞાશ્રીજી એ ત્રણે સાધ્વીજી મહારાજનો તથા શ્રી રાજકુમાર જૈન અને અન્ય મહાનુભાવોનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. જુદા જુદા વિશેષાંકોમાં પ્રગટ થયેલા બીજા જે કેટલાક લેખો, સ્વીકૃત મર્યાદાને કારણે અમે લઈ શકયા નથી એવા તે લેખકોની અમે ક્ષમા પ્રાર્થીએ છીએ.

આ સંપાદનમાં લેખો ઉપરાંત શ્રદ્ધાંજલિ સંદેશાઓ અને શ્રદ્ધાંજલિ કાવ્યો પણ લેવામાં આવ્યાં છે. એમાં પણ સંજોગો અનુસાર અને સ્વીકારેલી મર્યાદા અનુસાર કેટલીક સામગ્રીનો અમે આ ગ્રંથમાં ઉપયોગ કરી શકયા નથી તે માટે પણ અમે ક્ષમા પ્રાર્થીએ છીએ.

પૂજ્ય શ્રી મૃગાવતીજીએ અનેક વ્યક્તિઓને પ્રેરક અને બોધક પત્રો લખેલા છે. એવા થોડા નમૂનારૂપ પત્રો અમે આ ગ્રંથમાં આપ્યા છે. જે પત્રો આપ્યા છે એથી પણ વિશેષ સારા પત્રો બીજા કેટલાકની પાસે હોવાનો સંભવ છે, પરંતુ અમારી સમય મર્યાદા અનુસાર તેની પણ પૂરતી ભાળ અમે કાઢી શકયા નથી તે માટે વસવસો રહે છે. અમને એમ લાગે છે કે, ભવિષ્યમાં પૂજ્ય મૃગાવતીશ્રીજીએ લખેલા પત્રોની, એમને વિશે લખાયેલાં શ્રદ્ધાંજલિ કાવ્યોની તથા એમના ઉપર આવેલા અન્ય મહાનુભાવોના પત્રોની એક એક સ્વતંત્ર પુસ્તિકા સંપાદિત કરવા જેવી છે. કે જેથી પૂ. મૃગાવતીશ્રીજીના વ્યક્તિત્વને વધુ સારી રીતે ઓળખવામાં તે તે સામગ્રી સહાયરૂપ થઈ શકે.

આ સંપાદનમાં અમને આ બધી સામગ્રી એકત્ર કરી આપવા માટે તથા સમગ્ર સંપાદનમાં યથોચિત માર્ગદર્શન આપવા માટે પૂ. શ્રી સુવ્રતાશ્રીજીનાં અમે અત્યંત ઋણી છીએ. આ ગ્રંથનિર્માણનાં કાર્યમાં શ્રી આત્માનંદ જૈન સભા-મુંબઈનો ઉષ્માભર્યો સહયોગ મળ્યો છે. એ સંસ્થાના અમે આભારી છીએ.

પૂજ્ય શ્રી મૃગાવતીશ્રીજીના કેટલાક ફોટાઓ અમે આ ગ્રંથમાં આપ્યા છે. જે આપ્યા છે તે ઉપરાંત પણ બીજા વધુ અને સારા ફોટાઓ મળવાનો સંભવ પણ છે. ભવિષ્યમાં કયારેક આ ગ્રંથની આથી પણ વધુ સમૃધ્ધ સામગ્રી સાથેની આવૃત્તિ પ્રગટ થાય એવી અભિલાષા અમે સેવીએ છીએ.

આ ગ્રંથ પ્રકાશિત કરવામાં તથા ગ્રંથના સંપાદનમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માર્ગદર્શન અને સહકાર જે કોઈ તરફથી અમને મળ્યાં છે તે સર્વનો અમે આભાર માનીએ છીએ અને પૂજ્ય મહત્તરા શ્રી મૃગાવતીશ્રીજીના ભવ્યાત્માને સ્મરણાંજલિ અર્પીએ છીએ.

સંપાદકો

# પ્રકાશકીય

પરમ પૂજ્ય નવયુગપ્રવર્તક આચાર્યભગવંત શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે પોતાના વડા દાદાગુરુ, મહાન પ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (શ્રી આત્મારામજી) મહારાજના અનન્ય સેવક અને સમર્થ પટ્ટધર તરીકે જૈન સંઘની ધર્મભાવનાને અને જૈન સમાજની શક્તિને ટકાવી રાખવા માટે જિંદગીના અંત સુધી જે અવિરત પુરુષાર્થ કર્યો હતો, તે વર્તમાન યુગના જૈન સંઘના ઈતિહાસમાં સોનેરી અક્ષરોથી અંકિત બની રહે એવો છે. તેઓશ્રીના આ ઉપકારોને જૈન સંઘ ક્યારેય વિસરી શકે એમ નથી.

સત્યમૂલક જ્ઞાનની તથા નિર્મળ ચારિત્રની આરાધના તેમ જ અનેકાંતદષ્ટિની સાધના દ્વારા અંતરમાં જાગેલી ઉદાર તથા ગુણગ્રાહક દૃષ્ટિને લીધે તેઓશ્રીનું જીવન વિશેષ ઉપકારક બન્યું હતું. તેથી તેઓ કેવળ જૈન સંઘમાં જ નહિ, પણ જૈનેતર વર્ગમાં પણ એક ધર્મગુરુ તરીકે ખૂબ આદર અને ભક્તિ મેળવી શક્યા હતા.

તેઓએ સમાજમાં જેમ ધાર્મિક જ્ઞાન સાથે વ્યાવહારિક શિક્ષણના પ્રસાર માટે માર્ગદર્શન આપ્યું હતું તેમ શાસ્ત્રબોધ માટે પણ પ્રયાસ કર્યો હતો, એટલું જ નહિ, જૈન સંસ્કૃતિનાં વિવિધ અંગોના અધ્યયન-અધ્યાપન તથા સંશોધન-પ્રકાશન માટે એક જૈન વિશ્વવિદ્યાલયની સ્થાપના કરવાના પણ મનોરથ સેવ્યા હતા, તે સુવિદિત છે.

આચાર્યભગવંતની આ ઝંખના તો આપણે પૂર્ણ ન કરી શક્યા અને હવે એ પૂર્ણ થઈ શકે એવા સંજોગો પણ બહુ જ ઓછા દેખાય છે. દરમ્યાનમાં જૈન-જૈનેતર જિજ્ઞાસુ વર્ગને જૈન સંસ્કૃતિના જુદાજુદા વિષયો-ધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, ઈતિહાસ, કળા વગેરે વિષયો સંબંધી યત્કિંચિત માહિતી આપી શકાય એ દૃષ્ટિએ શક્ય તેટલું સાહિત્ય પ્રગટ કરવાના ઉદ્દેશથી, મુંબઈમાં 'શ્રી વલ્લભસૂરિ સ્મારક નિધિ'ની વિક્રમ સંવત ૨૦૧૩માં સ્થાપના કરવામાં આવી હતી. અત્યાર સુધી નિધિ તરફથી ૧૩ પુસ્તકો પ્રગટ થયાં છે.

આ ગ્રંથમાળાના ૧૪મા પુસ્તકરૂપે આપણા પરમ ઉપકારી, પરમ પૂજ્ય મહત્તરા શ્રી મૃગાવતીશ્રીજી મહારાજ વિશે ગ્રંથ પ્રગટ કરતાં અમને અત્યંત આનંદ થાય છે. વલ્લભ સ્મારક દિલ્હીમાં પ્રતિષ્ઠાનો શુભ અવસર આવી રહ્યો છે ત્યારે એ પ્રગટ થાય છે તે અમારે માટે સવિશેષ આનંદ અને ગૌરવની વાત છે.

આમારા આ પુસ્તક પ્રકાશનના કાર્યમાં સહકાર આપનાર પરમ પૂજ્ય આચાર્ય શ્રી વિજયેન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય આચાર્ય શ્રી વિજયજનકસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા એમના વિશાળ સાધુ સમુદાયની તથા પ. પૂ. શ્રી જશવંતશ્રીજી મહારાજસાહેબ, પ. પૂ. શ્રી સુવ્રતાશ્રીજી મહારાજસાહેબ આદિ સાધ્વી સમુદાયની આત્મીયતાભરી લાગણી માટે અમે હંમેશાં ઋણી છીએ અને અમે તે સૌને સાદર વંદના કરીએ છીએ. સ્વ. પૂ. મહત્તરા શ્રી મૃગાવતીશ્રીજીએ અમારા ઉપર કરેલા ઉપકારોનાં સ્મરણો પણ તાજાં જ છે. એમના ભવ્યાત્માને અમે અંજલિ આપીએ છીએ.

આ સ્મારક નિધિની શરૂઆતથી જ, એની મારફત જૈન ધર્મના સિદ્ધાંતોનો તથા જૈન સંસ્કૃતિનો સરળ ભાષા અને શૈલીમાં પરિચય કરાવી શકે એવાં ઉપયોગી પુસ્તકો પ્રકાશિત કરવાની ભાવના ધરાવનાર નિધિના ભૂતપૂર્વ મંત્રી શ્રી જગજીવન શિવલાલ શાહનું દુઃખદ અવસાન થતાં નિધિને એક ભાવનાશીલ કાર્યકરની મોટી ખોટ પડી છે. તેઓની સેવાઓને અમે અમારી અંતરની અંજલિ આપીએ છીએ.

આશા છે કે પૂ. મહત્તરા શ્રી મૃગાવતીશ્રીજી વિશેનો આ ગ્રંથ અનેકને ચિરકાળ સુધી પ્રેરણા આપતો રહેશે!

લિ. ઉમેદમલ હજારીમલ જૈન
જયંતીલાલ મયાભાઈ શાહ
મંત્રીઓ
શ્રી વલ્લભસૂરિ સ્મારક નિધિ

મુંબઈ
માગસર વદ ૧૦, વિ. સં. ૨૦૪૫
સોમવાર, તા. ૨-૧-૧૯૮૯

# અનુક્રમ


| ક્રમ | લેખ | લેખક | પેજ નં. |
|---|---|---|---|
| ૧ | મહત્તરા શ્રી મૃગાવતીજી-ઘટનાસભર જીવનપથ | | ૧ |
| ૨ | પ્રતિભાસંપન્ન સાધ્વીજી | પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મ. સા. | ૮ |
| ૩ | અજોડ શાસન પ્રભાવિકા | ગણિવર્ય શ્રી નિત્યાનંદવિજયજી તથા મુનિવર્ય શ્રી ધર્મધુરંધરવિજયજી | ૯ |
| ૪ | સ્ત્રી શક્તિનું જીવનસૌન્દર્ય | પૂ. સાધ્વી શ્રી ૐકારશ્રીજી | ૧૦ |
| ૫ | પ્રજ્ઞાજ્યોતિ પૂજ્યા મહત્તરાશ્રીજી | પૂ. સાધ્વી શ્રી જશવંતશ્રીજી | ૧૧ |
| ૬ | મહાન સાધ્વી | પૂ. સાધ્વી શ્રી જયંતપ્રભાશ્રીજી | ૧૨ |
| ૭ | અંતિમ વાણી અને સમાધિદર્શન | પૂ. સાધ્વી શ્રી સુવ્રતાશ્રીજી | ૧૩ |
| ૮ | એ ચરણોની સેવા ભવોભવ મળો | પૂ. સાધ્વી શ્રી સુયશાશ્રીજી | ૧૫ |
| ૯ | મારી શ્રદ્ધાનું કેન્દ્ર | પૂ. સાધ્વી શ્રી સુપ્રજ્ઞાશ્રીજી | ૧૯ |
| ૧૦ | મૃગાવતીજી - બીજી મહત્તરા | પં. દલસુખભાઈ માલવણિયા | ૨૧ |
| ૧૧ | જિનશાસનની અનન્ય વિભૂતી મહત્તરા સાધ્વીશ્રી મૃગાવતીજી | પં. હીરાલાલ દુગ્ગડ | ૨૩ |
| ૧૨ | આધ્યાત્મિક પગલાંની છાપ | જાનકી | ૨૭ |
| ૧૩ | સાધ્વીરત્ન પૂજ્ય શ્રી મૃગાવતીશ્રીજી | કાન્તીલાલ ડાહ્યાભાઈ કોરા | ૨૯ |
| ૧૪ | પૂ. સા. મૃગાવતીશ્રીજીને અંતરની શ્રદ્ધાંજલિ | દીપચંદ એસ. ગાર્ડી | ૩૩ |
| ૧૫ | મધુરભાષી સમતાભાવી શ્રમણી | શ્રેણિકભાઈ કસ્તુરભાઈ | ૩૪ |
| ૧૬ | ઓછા પરિચયનાં અવિસ્મરણીય સંસ્મરણો | પ્રતાપ ભોગીલાલ | ૩૫ |
| ૧૭ | સુખદ સંસ્મરણ | પૂ. ચિત્રભાનુજી | ૩૯ |
| ૧૮ | સદ્ગુણનિધાન શ્રી મૃગાવતીશ્રીજી | રમણલાલ ચી. શાહ | ૪૧ |
| ૧૯ | હાર્દિક ભાવાંજલિ | ડૉ. લક્ષ્મીમલ સિંઘવી | ૪૭ |
| ૨૦ | મહત્તરાનું મહાપ્રયાણ | રાજકુમાર જૈન | ૪૯ |
| ૨૧ | ઉત્કૃષ્ટ અને અમર દેન | વિનોદલાલ એન. દલાલ | ૫૨ |
| ૨૨ | મહાન પથપ્રદર્શક | બલદેવરાજ જૈન | ૫૭ |
| ૨૩ | કાંગડાનું ભવ્ય ઐતિહાસિક ચાતુર્માસ | કાંગડા તીર્થ કમિટિ | ૫૮ |
| ૨૪ | જીવનની અંતિમ પળ સુધી | પં. લક્ષ્મણભાઈ હી. ભોજક | ૬૨ |
| ૨૫ | જૈન સમાજનું બહુમુલ્ય રત્ન | પ્યારેલાલ જૈન | ૬૪ |
| ૨૬ | અધ્યાત્મમાતા શ્રી મૃગાવતીજી | શૈલેશ હિંમતલાલ કોઠારી | ૬૬ |
| ૨૭ | જાજવલ્યમાન વિભૂતી | વીરેન્દ્રકુમાર જૈન | ૬૮ |
| ૨૮ | સાક્ષાત માતૃત્વ | ડૉ. ખુરાના | ૬૯ |
| ૨૯ | કર્મયોગિની | વિધાબહેન શાહ | ૭૦ |

# અનુક્રમ (ચાલુ)


| | | |
|---|---|---|
| ૩૦ પૂ. મૃગાવતીજી મારી નજરે | શ્રીમતી નિર્મલા ઉદાણી-મદન | ૧ |
| ૩૧ વિશ્વવાત્સલ્યમૂર્તિ મૃગાવતીજી | શાંતિલાલ વનમાળી શેઠ | ૭૨ |
| ૩૨ વલ્લભસ્મારકનો પ્રકાશ પુંજ | નિર્મલકુમાર જૈન | ૭૩ |
| ૩૩ કંઈક પ્રાપ્ત કરીને જ જવું છે | મહેન્દ્રકુમાર | ૭૪ |
| ૩૪ આદર્શ જૈન આર્યા | હીરાલાલ જૈન | ૭૬ |
| ૩૫ યુગપ્રણેતા મૃગાવતીજી | સત્યપાલ જૈન | ૭૭ |
| ૩૬ શ્રી મૃગાવતીજી મહારાજ | નાજરચંદ જૈન | ૭૮ |
| ૩૭ દેવીશક્તિ મૃગાવતીજી મહારાજ | જ્ઞાનચંદ જૈન "સનખતરવી" | ૭૯ |
| ૩૮ કાંગડા તીર્થોદ્ધારિકા પૂ. મૃગાવતીશ્રીજી મ. | ઉમેદમલ હજારીમલ જૈન | ૮૦ |
| ૩૯ જૈન શાસનની જ્યોતિને પ્રણામ | ચંદનલાલ 'ચાંદ" | ૮૨ |
| ૪૦ ખુદીનો ખાતમો એટલે ખુદાઈ | પં. રૂપચંદ ભણશાળી | ૮૪ |
| ૪૧ મહાન તીર્થોધ્ધારિકા | શાંતિલાલ નાહર | ૮૫ |
| ૪૨ દિવ્ય આત્માના દર્શન | ભગવાન રાણા | ૮૬ |
| ૪૩ મહાન વિભૂતિ | રવીન્દ્રકુમાર સહરાવત | ૮૮ |
| ૪૪ મહાન સાધ્વી | શ્રીમતી લાડોરાની જૈન | ૮૯ |
| ૪૫ સમતામયી, ક્ષમતામયી | શ્રીમતી કમલારાની જૈન | ૯૦ |
| ૪૬ ચંદન વિષ વ્યાપત નહિ | સુરેશાબહેન મહેતા | ૯૧ |
| ૪૭ જ્યાં જ્યાં નજર મારી ફરે | નિર્મળાબહેન કાંતિલાલ શાહ | ૯૩ |
| ૪૮ યુગો સુધી યાદ રહેશે | કુ. અરૂણા આનંદ | ૯૪ |
| ૪૯ અંતરદીપના અજવાળામાં | દામજી કુંવરજી છેડા | ૯૫ |
| ૫૦ સાધ્વીસંઘના શિરોમણિ | નગીનદાસ જે. શાહ-વાવડીકર | ૯૬ |
| ૫૧ એક અનોખું અદ્‌ભૂત વ્યક્તિત્વ | રવીન્દ્ર એચ. મહેતા | ૯૮ |
| ૫૨ ધર્મનિષ્ઠ માતા | સુધાબહેન શેઠ | ૧૦૦ |
| ૫૩ પ્રેરણા અને આશિર્વાદનો ધોધ | અભયકુમાર ઓસવાલ | ૧૦૧ |
| ૫૪ વિચારોની ઉદાત્તતા | ટી. યુ. મહેતા | ૧૦૨ |
| ૫૫ સાધ્વી સમુદાયનું ઉજ્જવળ રત્ન | પ્રો. તારાબહેન ર. શાહ | ૧૦૩ |
| ૫૬ તેરી તૂ હી જાને | શાન્તિલાલ જૈન (ખિલૌનેવાલા) | ૧૦૫ |
| ૫૭ અદ્‌ભૂત અવસર | નરેન્દ્ર પ્રકાશ જૈન | ૧૦૭ |
| ૫૮ વાત્સલ્યમૂર્તિ મહત્તરાજી | જયંતીલાલ એમ. શાહ | ૧૦૮ |
| * **શ્રદ્ધાંજલિ સંદેશા** | | ૧૧૦ થી ૧૨૬ |

# અનુક્રમ (ચાલુ)

**પરિશિષ્ટ**


| | | |
|---|---|---|
| ૧ મહત્તરા શ્રી મૃગાવતીશ્રીજી વિશે કેટલીક વિશેષ માહિતી | | |
| • પૂ. મહત્તરાજી મહારાજની પોતાની વિશેષ નિયમાવલી | પૂ. સાધ્વીશ્રી સુવ્રતાશ્રીજી મહારાજ | ૧૨૭ |
| • મહત્તરા સાધ્વીશ્રી મૃગાવતીજી મહારાજનાં એ કાર્યો કે જે સાધ્વી સંઘના ઇતિહાસમાં પહેલી વાર થયાં | પૂ. સાધ્વીશ્રી સુયશાશ્રીજી મહારાજ | ૧૨૯ |
| • મહત્તરાજીના સ્વભાવની વિશેષતાઓ | પૂ. સાધ્વી શ્રી સુપ્રજ્ઞાશ્રીજી મહારાજ | ૧૩૦ |
| • મુંબઈમાં પૂજ્ય મૃગાવતીશ્રીજી મહારાજનાં જાહેર પ્રવચનો | | ૧૩૧ |
| • પૂજ્ય મહત્તરાજીનાં ચાતુર્માસ | | ૧૩૪ |
| ૨ વિદુષી સાધ્વી શ્રી શીલવતીજીનો સ્વર્ગવાસ અને આપણું કર્તવ્ય | સ્વ. અગરચંદજી નહાટા | ૧૩૬ |
| • સ્વ. પૂજ્ય શ્રી શીલવતીશ્રીજી | સ્વ. રતિલાલ દીપચંદ દેસાઈ | ૧૩૮ |
| • ગુરુ ચરણોમાં સમર્પિત સાધ્વી શ્રી સુજ્યેષ્ઠાશ્રીજી | પૂ. સા. શ્રી સુવ્રતાશ્રીજી મ. સા. | ૧૪૨ |
| ૩ મહત્તરા શ્રી મૃગાવતીશ્રીનો અક્ષરદેહ | | |
| • પ. પૂ. શ્રી મૃગાવતીજીનાં વચનામૃતો | | ૧૪૪ |
| • જીવનમાં સાદાઈનું મહત્ત્વ | પૂ. સાધ્વીજી મૃગાવતીજી | ૧૪૬ |
| • સાધ્વી સંઘ અંગે વિનંતી | પૂ. સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજી | ૧૪૮ |
| ૪ પત્રો (આવેલા તથા લખેલા) | | ૧૫૦ થી ૧૬૨ |
| ૫ કેટલાંક શ્રદ્ધાંજલિ કાવ્યો. | | |
| • नारी शक्ति का प्रतीक | मुनिश्री नवीन चन्द्र विजयजी | ૧૬૩ |
| • श्री मृगावतीश्री म. की संस्तापना | श्री भंवरलाल नाहटा | ૧૬૪ |
| • श्री महत्तरा मृगावतीजी की याद | स्व. प्रो. राम जैन | ૧૬૫ |
| • स्वर्गीय महत्तराजीसे | नाज़र जैन | ૧૬૬ |
| • श्रद्धांजलि | महेन्द्रकुमार मस्त | ૧૬૭ |
| • स्मृति | सन्तोष | ૧૬૮ |
| • नया मार्ग दिखलाया | नाजर जैन | ૧૬૯ |
| • कहाँ जा रहे हो: | सुशीलकुमार "रिंद" | ૧૭૦ |

●

ઘરનાસભર જીવનપથ

●

લેખ

●

શ્રદ્ધાંજલિ સંદેશા

# મહત્તરા શ્રી મૃગાવતીજી

## ☐ ઘટનાસભર જીવનપથ

જન્મ: વિક્રમ સંવત ૧૯૮૨, ચૈત્ર સુદ સાતમ
ઇ.સ. ૧૯૨૬, ૪ એપ્રિલ.

જન્મ સ્થાન: રાજકોટથી ૧૬ માઇલ દૂર સરધાર ગામમાં

જન્મ નામ: ભાનુમતી

પિતાજી: શ્રી ડુંગરશીભાઇ સંઘવી
(મુંબઇમાં કાપડનો વેપાર હતો. વિ.સં. ૧૯૮૪માં અવસાન પામ્યા)

માતાજી: શ્રીમતી શિવકુંવરબહેન

દીક્ષાગામ: પાલિતાણા. વિ. સં. ૧૯૯૫ પોષ સુદ દશમ ૧૨ વર્ષની ઉંમરે.

દીક્ષાગુરુ: શ્રી શીલવતીજી મહારાજ (સંસારિક માતા શિવકુંવરબહેન)

દીક્ષાનામ: સાધ્વી શ્રી મૃગાવતીજી મહારાજ

આજ્ઞાવર્તિની: કલિકાલકલ્પતરુ, અજ્ઞાનતિમિરતરણી, યુગવીર, જૈનાચાર્ય પંજાબકેસરી પરમ પૂજ્ય શ્રી વિજયવલ્લભ સૂરીશ્વરજી મહારાજ સાહેબ

શિષ્યાસમુદાય:

(૧) પ. પૂ. સુજયેષ્ઠાશ્રીજી મ. સા.
દીક્ષા: ઇ. સ. ૧૯૪૬ શીપોર (ગુજરાત) કાળધર્મ- દિલ્હીમાં

(૨) પ. પૂ. સુવ્રતાશ્રીજી મ. સા.
દીક્ષા: ૧૩, એપ્રિલ ૧૯૫૯, લુધિયાણા (પંજાબ)

(૩) પ. પૂ. સુયશાશ્રીજી મ. સા.
દીક્ષા: ૨૧, ફેબ્રુઆરી ૧૯૭૧, મુંબઇ

(૪) પ. પૂ. સુપ્રજ્ઞાશ્રીજી મ. સા.
દીક્ષા: ૨૪, મે ૧૯૮૧, લુધિયાણા

અભ્યાસ: વ્યાકરણ, કાવ્ય, કોશ, છંદ, અલંકાર, સંસ્કૃત અને સાહિત્યનો.
અભ્યાસ પંડિત શ્રી હરિનંદન ઝા અને પંડિત શ્રી છોટેલાલજી શર્મા પાસે કર્યો.
જૈન આગમોનો અભ્યાસ તથા જૈન, બૌધ્ધ અને વૈદિક એને ત્રણ પરંપરાઓનો તુલનાત્મક અભ્યાસ
જિનશાસનરત્ન વિજયસમુદ્રસૂરિ ગુરુદેવની આજ્ઞાથી અમદાવાદમાં આગમપ્રભાકર શ્રી પુણ્યાવિજયજી મહારાજના માર્ગદર્શન હેઠળ પંડિત સુખલાલજી, પંડિત બેચરદાસજી અને પંડિત દલસુખભાઇ માલવણિયાજી પાસે કર્યો.
સર્વધર્મ પરિષદમાં: જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે ઇ. સ. ૧૯૫૩માં કલકત્તામાં ચાતુર્માસ દરમિયાન યોજાયેલી સર્વધર્મ પરિષદમાં જૈન ધર્મની અપૂર્વ પ્રભાવના કરી.
પાવાપુરીના અધિવેશનમાં: ઇ. સ. ૧૯૫૪માં શ્રી ગુલજારીલાલ નંદાની અધ્યક્ષતામાં પાવાપુરીમાં ભારત સેવક સમાજ તરફથી યોજાયેલા અધિવેશનમાં ૮૦ હજાર લોકોની હાજરીમાં જૈન ધર્મ ઉપર પ્રવચન આપ્યું અને જૈન ધર્મની અભૂતપૂર્વ પ્રભાવના કરી.

## મૃગાવતીજી મહારાજની પ્રેરણા અને નિશ્રામાં જિનમંદિરોનાં નિર્માણ, જીર્ણોધ્ધાર અને પ્રતિષ્ઠાનાં કાર્યો

લુધિયાણા: સુંદરનગરમાં 'શ્રી શાંતિનાથ જૈન મંદિર'નું ભૂમિખનન: શ્રી રાજકુમારજી જૈન (પ્રવીણ નીટવેર, લુધિયાણા)ના શુભ હસ્તે.

શિલાન્યાસ: લાલા ખૈરાતીલાલ (એન. કે. રબ્બર કંપની, દિલ્હી) ના શુભ હસ્તે.

મંદિરનું નિર્માણ કાર્ય પૂજ્ય મૃગાવતીજી મહારાજની પ્રેરણાથી પરિપૂર્ણ થયું.

સિવિલ લાઇન્સ લુધિયાણાના 'શ્રી આદિનાથ જૈન મંદિર' માટે આર્થિક યોગદાન અપાવ્યું, અધૂરું કામ પૂરું કરાવ્યું અને પ્રતિષ્ઠા કરાવી.

ચૌડા બજાર, લુધિયાણાના જૈન મંદિરના જીર્ણોધ્ધારનો આરંભ કરાવ્યો.

કાંગડા: તળેટીમાં ધર્મશાળાનાં ચોગાનમાં 'શ્રી આદિનાથ જૈન મંદિર'નું ભૂમિખનન શ્રી રાયસાહેબ રાજકુમારજી, (અમ્બાલા)ના શુભ હસ્તે.

શિલાન્યાસ: બાબુ શ્રી રિખવદાસજી (હોશિયારપુર)ના શુભ હસ્તે.

પ. પૂ. શ્રી મૃગાવતીજીની પ્રેરણા, શ્રી રતિલાલ દીપચંદ દેસાઇના પ્રયત્ન અને શેઠ શ્રી શ્રેણિકભાઇ કસ્તૂરભાઇના સૌજન્યથી રાણકપુર તીર્થમાંથી આણેલી ૫૦૦ વર્ષ પ્રાચીન, ભવ્ય, વિશાળ પ્રભુ આદિનાથજીની પ્રતિમા કાંગડા તીર્થે પધરાવવામાં આવી છે.

શ્રી વલ્લભ સ્મારક (દિલ્હી): સ્મારક સ્થળ પર 'શ્રી વાસુપૂજ્ય ભગવાનના ચૌમુખ જૈન મંદિર'નો

શિલાન્યાસ: શ્રી પ્રતાપભાઇ ભોગીલાલ (બાટલીબૉય કંપની, મુંબઇ)ના શુભ હસ્તે.

ચંદીગઢ: ૨૮ સેકટરમાં 'શ્રી મહાવીર જૈન શ્વેતામ્બર મંદિર'નું ભૂમિખનન: શાદીલાલજી જૈન, (ચંદીગઢ)ના શુભ હસ્તે.

શિલાન્યાસ: લાલા તેજપાલ પદ્મકુમારજી (પંજાબ કેમિક્લ્સ લિ. ચંદીગઢ)ના શુભ હસ્તે.

માલેરકોટલા: ન્યાયામ્ભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરિજી મહારાજ દ્વારા નિર્મિત 'શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ શ્વેતામ્બર મંદિર'નો જીર્ણોધ્ધાર કરાવ્યો.

સરધના: શ્રી સુમતિનાથ જૈન મંદિરનો જિર્ણોધ્ધાર કરાવ્યો.

ભારતભરનાં (નિર્માણાધીન) અનેક જૈન મંદિરોને વિપુલ આર્થિક યોગદાન: રાયકોટ જૈન મંદિર, સમાના જૈન મંદિર, સુનામ જૈન મંદિર વગેરે પંજાબના મંદિરોને આર્થિક યોગદાન અપાવ્યું. જગાધરી જૈન મંદિર, આગરા વલ્લભનગર જૈન મંદિર, મુજફ્ફરનગર જૈન મંદિર, ઝરિયા જૈન મંદિર, દહાણુ જૈન મંદિરને આર્થિક સહાય કરાવી.

દક્ષિણ ભારતમાં ચિક મંગલૂર જૈન મંદિર અને દિગમ્બર મંદિરોને યોગદાન આપવા ઉપદેશ આપ્યો.

## મૃગાવતીજીની પ્રેરણા અને પાવન નિશ્રામાં જૈન ઉપાશ્રયોનાં નિર્માણ, જીર્ણોધ્ધાર

લુધિયાણા: વલ્લભનગર ઉપાશ્રયનું ભૂમિખનન શ્રી સંઘ, લાલા દેસરાજજી જોધાંવાલેના શુભ હસ્તે.

શિલાન્યાસ: શ્રીપાલ બિહારે શાહના શુભ હસ્તે. જૂના બજારના મહાવીર જૈન ઉપાશ્રયના નિર્માણ માટે આર્થિક યોગદાન અપાવ્યું.

અંબાલા: વલ્લભ નિકેતન ઉપાશ્રય માટે આર્થિક યોગદાન અપાવી અધૂરું કામ પૂરું કરાવ્યું.

માલેરકોટલા અને રોપડ: ઉપાશ્રયોનાં ભૂમિપૂજન, શિલાન્યાસ અને નિર્માણમાં આર્થિક યોગદાન અપાવ્યું.

રાયકોટ: રાયકોટના ઉપાશ્રય માટે અને અમૃતસર દાદાવાડી માટે આર્થિક યોગદાન અપાવ્યું.

દિલ્હી: 'શ્રી આત્મવલ્લભ પ્રેમભવન' કિનારી બજારને આર્થિક યોગદાન અપાવ્યું.

સરધના: ઉપાશ્રયનો જીર્ણોધ્ધાર કરાવ્યો.

દહાણુ: ઉપાશ્રય માટે આર્થિક સહાયતા મેળવી આપી.

મુંબઈ (ખાર): પંજાબ ભ્રાતૃ જૈન સભા, અહિંસા હોલના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ આર્થિક સહયોગ અપાવ્યો.

મૈસૂર: જ્ઞાનમંદિર (ઉપાશ્રય)નું નિર્માણ કરાવ્યું.

ચંદીગઢ: ઉપાશ્રયનું નિર્માણ કરાવ્યું.

સરધાર: ઉપાશ્રયનો જીર્ણોધ્ધાર કરાવ્યો.

મૃગાવતીજીની પ્રેરણા અને નિશ્રામાં સંપન્ન થયેલાં ગુરુભક્તિનાં કાર્યો.

અમ્બાલા: ઈ.સ. ૧૯૫૪ના અમ્બાલામાં ચાતુર્માસ દરમિયાન 'વલ્લભવિહાર' સમાધિમંદિરનું ભૂમિપૂજન, શિલાન્યાસ અને નિર્માણ.

ગુરુધામ લહરા: ગુરુ આત્મારામજીના જન્મના ૧૧૭ વર્ષ પછી ઇ. સ. ૧૯૫૬માં જીરા ગામમાં રહી ગુરુદેવોના ભાવવાને સાકાર રૂપ આપવા 'ગુરુ આત્મ કીર્તિ સ્તમ્ભ'ના નિર્માણ માટે પ્રેરણા આપી.

વાર્ષિક જન્મોત્સવ મેળા માટે 'ગુરુધામ લહરા સ્થાયી કોશ' ના નામથી ફંડની સ્થાપના પણ કરાવી.

લહરા સિવિલ હૉસ્પિટલ માટે પ્રેરણા આપી.

અજમેર: ૨૧ ફેબ્રુઆરી ૧૯૭૧ ભાયખલા મુંબઈમાં પૂજ્ય સુયશાશ્રીજી મ. સા. ના દીક્ષામહોત્સવ પ્રસંગે જિનશાસનરત્ન શ્રીમદ્ વિજયસમુદ્રસૂરિજી મ. સા. ની દીક્ષાષષ્ટિ નિમિત્તે અજમેરના શ્રી આત્મવલ્લભસમુદ્ર જૈન ઉપાશ્રયને રૂપિયા સાઠ હજારનું યોગદાન અપાવ્યું.

જંબૂસર- (આચાર્ય શ્રીમદ્ વિજયજનકસૂરિજી મ. સા. ની જન્મભૂમિ) શ્રી આત્મવલ્લભ સમુદ્ર આરાધના ભવનનું નિમાર્ણ કરાવ્યું.

ગુરુધામ પદયાત્રા સંઘ: પૂ. મૃગાવતીજીના ઉપદેશ અને નિશ્રામાં ઇ. સ. ૧૯૭૭ના લુધિયાણા ચાતુર્માસ પછી ૩૦૦ ભાઈ બહેનોનો પદયાત્રા સંઘ લુધિયાણાથી ગુરુધામ લહરા પહેલી વાર ગયો. લહરા તીર્થના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ આર્થિક સહાય અપાવી. એ અવસર ઉપર ૨૫૦૦ ભાઈ બહેનોએ ગુરુતીર્થની યાત્રા કરી હતી.

દિલ્હી (વલ્લભસ્મારક) 'શ્રીઆત્મ વલ્લભ સંસ્કૃતિ મંદિર' માટે પ્રેરણા: ૨૦ વર્ષથી સ્થગિત થયેલ વલ્લભ સ્મારક માટે ૧૯૭૪માં ફરીથી કઠોર તપ, ત્યાગ અને સાધના વડે લોકોમાં ભક્તિભાવ જાગૃત કરાવ્યો. શ્રી આત્મવલ્લભ જૈન સ્મારક શિક્ષણ નિધિ ટ્રસ્ટની સ્થાપના કરાવી અને જમીન ખરીદાવી.

ભૂમિખનન: ઇ. સ. ૧૯૭૯માં લાલા રત્નચંદજી (R.C.R.D.)ના હસ્તે.

શિલાન્યાસ: લાલા ખૈરાતી લાલ (એન. કે. રબર કંપની)ના હસ્તે. તે પ્રસંગે લાખ રૂપિયાનું ભંડોળ એકત્રિત કરાવ્યું.

શ્રી આત્માનંદ જૈન સભા-મુંબઈનો રજત મહોત્સવ:

મુંબઈમાં ૧૯૬૭ના નેમિનાથ મંદિર-પાયધુની ઉપાશ્રયમાં ચાતુર્માસ દરમિયાન 'શ્રી આત્માનંદ જૈન સભા મુંબઈ'નો

રજત મહોત્સવ અને 'શ્રી મહાવીર જૈન વિદ્યાલય'નો સુવર્ણ મહોત્સવ ઉજવાયો. એ પ્રસંગે પંજાબમાંથી ૫૦૦ ગુરુભક્તો 'ગુરુ વલ્લભ સમાધિ મંદિર'ની સામૂહિક યાત્રા કરવા મુંબઇ પધાર્યા હતા.

માલેરકોટલા: 'ગુરુ વલ્લભ સમાધિ મંદિર'નો પાયો, શિલાન્યાસ અને નિર્માણ.

મુરાદાબાદ: 'વિજયસમુદ્રસૂરિ સમાધિ મંદિર'ને મહત્ત્વપૂર્ણ આર્થિક યોગદાન અપાવ્યું.

અંબાલા: 'એસ. એ. એન. જૈન હાઇસ્કૂલ'માં લાલા તેજપાલ પદ્મકુમાર દ્વારા 'સમુદ્ર હૉલ'નું નિર્માણ.

ઝંડિયાલા: દાદાવાડીનો જીર્ણોધ્ધાર કરાવ્યો.

મૃગાવતીજીનાં સાંનિધ્ય અને સદુપદેશથી શિક્ષણ સંસ્થાઓનું નિર્માણ ઇત્યાદિ.

લુધિયાણા: લુધિયાણામાં ઇ. સ. ૧૯૫૬માં પૂજ્ય શ્રી મૃગાવતીશ્રીજીના ઉપદેશથી ત્યાગની એવી હવા જામી કે સર્વ જાતના લોકોએ પોતાનાં આભૂષણો ઉતારી આપ્યાં. શ્રી આત્માનંદ જૈન હાઇસ્કૂલના ભવ્ય અને વિશાળ ભવનના નિર્માણ માટે લાખો રૂપિયાનું ભંડોળ એકઠું થઇ ગયું. હાલ ત્યાં ૪૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

અમ્બાલા: 'શ્રી આત્માનંદ જૈન કૉલેજ' અમ્બાલાને આર્થિક સહયોગ આપવા માટે 'શ્રી આત્મવલ્લભ જૈન એજ્યુકેશન ફાઉન્ડેશન'ની સ્થાપના કરાવી. મેધાવી અને નિર્ધન છાત્રોને આર્થિક મદદ કરવા 'શ્રી આત્મવલ્લભ શીલવતી વિદ્યાર્થી સહાયતા કોશ'નો આરંભ કરાવ્યો.

અમ્બાલામાં એસ. એ. જૈન હાઇસ્કૂલ, મૉડેલ સ્કૂલ, કન્યા વિદ્યાલય અને શિશુ વિદ્યાલયની પ્રગતિ માટે આર્થિક યોગદાન અપાવ્યું.

ભારતની જૈન શિક્ષણ સંસ્થાઓના વિકાસ માટે અર્થ સિંચન: હોશિયારપુર, ઝંડિયાલા અને નકોદરમાં શ્રી આત્માનંદ જૈન સ્કૂલોને પ્રાથમિકથી મિડલ અને મિડલથી હાઇસ્કૂલ બનાવવા પ્રેરણા આપી. ગુરુ વલ્લભ જન્મ શતાબ્દીના ઉપલક્ષમાં બેંગલોરમાં રન્ના કૉલેજ (દિગમ્બર), સિદ્ધવન કૉલેજ (ધર્મસ્થલ-દિગમ્બર), હાઇસ્કૂલ, મુડબિદ્રી (દિગમ્બર), મહાવીર જૈન વિદ્યાલય, મુંબઇ, પૂજ્ય માતાશ્રીની યાદમાં સરધાર પબ્લિક સ્કૂલ, પટ્ટી (અમૃતસર) મહાવીર સ્કૂલ, જાની સ્કૂલ (મેરઠ) વગેરેને આર્થિક સહાય અપાવી.

લાયબ્રેરીઓની સ્થાપના: 'આત્મવલ્લભ પ્રેમભવન' દિલ્હી, કિનારી બજારમાં, 'સુધર્મા લાયબ્રેરી'ની સ્થાપના.

અમ્બાલામાં એસ. એ. જૈન કૉલેજમાં 'શ્રીમતી કૌશલ્યાદેવી હરભગવાનદાસ' (લાયબ્રેરી) ભવનની સ્થાપના કરાવી.

બનારસ: 'પાર્શ્વનાથ વિદ્યાશ્રમ'માં બે વિદ્વાનો તૈયાર કરવા એકાવન-એકાવન હજારનું અનુદાન અપાવ્યું.

મૃગાવતીજીના ઉપદેશ અને સાંનિધ્યમાં સંપન્ન થયેલ જનકલ્યાણનાં કાર્યો.

અમૃતસર અને રાજકોટનાં અંધ વિદ્યાલયોને આર્થિક મદદ અપાવી. લુધિયાણાની મિસ બ્રાઉન હૉસ્પિટલને આર્થિક મદદ અપાવી.

લુધિયાણામાં પૂ. મૃગાવતીજીની પ્રેરણાથી લાલા લક્ષ્મણદાસ ઓસવાલે પોતાની માતા અક્કીબાઇના નામથી આંખની હૉસ્પિટલ બનાવી.

લાલા વિદ્યાસાગર ઓસવાલની ૧૨ કરોડની યોજનાવાળી 'શ્રીમતી મોહનદેવી કેન્સર હૉસ્પિટલ અને રિસર્ચ સેન્ટર'નો શિલાન્યાસ પૂ. મહત્તરાજીના શુભહસ્તે કરાવવામાં આવ્યો.

પૂ. મૃગાવતીજીના ઉપદેશથી ઇ. સ. ૧૯૬૬માં મુંબઇમાં ભાયખલા ચાતુર્માસ દરમ્યાન મધ્યમવર્ગના સાધર્મિક ભાઇઓને સસ્તા ભાડાનાં રહેઠાણ 'જૈન નગર યોજના'નો પ્રારંભ થયો અને ભંડોળ એકત્રિત થયું.

અમૃતસરમાં સાધર્મિક સહાયતા માટે 'પૈસા ફંડ યોજના' શરૂ કરવામાં આવી.

દિલ્હીમાં રોહિણીમાં ૨૧ જૂન ૧૯૮૫ના રોજ વલ્લભવિહાર (શ્રી આત્મવલ્લભ ગ્રુપ હાઉસીંગ સોસાયટી)નો શિલાન્યાસ.

શ્રી વલ્લભ સ્મારકના પ્રાંગણમાં ૧૫ જૂન ૧૯૮૫ના રોજ 'શ્રી આત્મવલ્લભ ધર્મ જશવંત મેડિકલ ફાઉન્ડેશન' સંચાલિત 'વિજયવલ્લભ જૈન હોમ્યોપેથિક ઔષધાલય'નો લાલા ધર્મચંદના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો.

શ્રી મહાવીર જૈન હૉસ્પિટલ સુરત, વિજય વલ્લભ હૉસ્પિટલ વડોદરા, વિજયવલ્લભ ક્લિનિક જમ્મુ, વિજય વલ્લભ ઔષધાલય જગરાંવ, વિજયવલ્લભ હોમ્યોપેથિક ઔષધાલય લુધિયાણા વગેરે અનેક તબીબી ક્ષેત્રોને આર્થિક યોગદાન આપવામાં આવ્યું.

માતા ચક્રેશ્વરી દેવીના સરહન્દ તીર્થના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ આર્થિક યોગદાન આપવામાં આવ્યું. ૨૧ જૂન ૧૯૮૧ના અહીં પધાર્યા. તીર્થોધ્ધાર માટે રૂપિયા ૬૦ હજાર તરત જ એકત્ર થઇ ગયા.

મૃગાવતીજીના ઉપદેશથી લુધિયાણામાં 'ઉપાધ્યાય સોહનવિજય પ્રિન્ટિંગ પ્રેસ'ની સ્થાપના કરવામાં આવી. સાધર્મિક ભાઈઓ માટે 'શ્રી સોહનવિજય ઉદ્યોગ કેન્દ્ર'ની સ્થાપના કરવામાં આવી.

બેંગ્લોર-ગાંધીનગરમાં મૃગાવતીજીની પ્રેરણાથી 'હીરાચંદ નાહર દેવ ભવન'નો શિલાન્યાસ કરવામાં આવ્યો.

માલેરકોટલામાં 'જ્ઞાનચંદજી જૈન ધર્મશાળા' અને 'રોશનલાલજી જૈન ધર્મશાળા'નું નિર્માણ કરવામાં આવ્યું.

સરધારમાં 'વિજયવલ્લભ અતિથિભવન'નું નિર્માણ કરવામાં આવ્યું.

હસ્તિનાપુર ધર્મશાળામાં ૩ બ્લૉક માટે અને તીર્થવિકાસ માટે મહત્ત્વપૂર્ણ યોગદાન આપવામાં આવ્યું.

કાંગડાતીર્થની ધર્મશાળાના ૧૬ રૂમ માટે યોગદાન આપવામાં આવ્યા.

જીવદયાનાં કાર્યો: માંડલ ગૌશાળામાં તિથિ, રાધનપુર પાંજરાપોળમાં તિથિ, બિકાનેરમાં દુકાળ વખતે દહાણુથી ઘાસચારાના વેગન મોકલાવ્યા. દર વર્ષે જીવદયા માટે પ્રેરણા આપી ગૌશાળાઓ અને પાંજરાપોળોને આર્થિક મદદ મોકલાવી.

પજાબના ગામેગામ અને શહેરેશહેરમાં મૃગાવતીજીના ક્રાંતિકારી ઉપદેશથી અનેક યુવક-યુવતીઓએ દહેજ ન લેવાની પ્રતિજ્ઞા લીધી. અનેક સ્ત્રી-પુરુષોએ લાલી, લિપસ્ટિક, ફેશન પરસ્તી, માંસ, ઈંડા અને શરાબનો ત્યાગ કર્યો.

મૃગાવતીજીએ મંદિરો, ગુરુદ્વારો, ચર્ચ, સનાતન મંદિરો, મસ્જિદો, જેલ, આશ્રમ, અગિયારી, મેદાન, બજાર વગેરે જાહેર સ્થળોએ સાચા માનવી બનવાનો ઉપદેશ આપ્યો.

પંજાબમાં યુવક મંડળોની સ્થાપના. દિલ્હી, અંબાલા, મૈસૂર, મેરઠ, સરધના વગેરે સ્થળોએ મહિલા મંડળોની સ્થાપના. વીર સંગીત મંડળ,શાહદરા સત્સંગ મંડળ, મુંબઇ, માલોર કોટલા, લુધિયાણા, અમ્બાલા શિબિરોનું આયોજન કરવામાં આવ્યું. લહરા (જીરા)માં નેત્રયજ્ઞનું આયોજન અને પટ્ટી, અમ્બાલા, લુધિયાણા વગેરે શહેરોમાં સ્વાધ્યાય મંડળોની સ્થાપના કરાવી.

શ્રી વલ્લભ સ્મારકની વિવિધલક્ષી યોજનાને સારી રીતે ચલાવવા ભિન્ન ભિન્ન ટ્રસ્ટોની સ્થાપના કરાવી.

૧. શ્રી આત્મવલ્લભ જૈન સ્મારક શિક્ષણ નિધિ ટ્રસ્ટ.

૨. શ્રી વાસુપૂજન જૈન શ્વેતામ્બર ટેમ્પલ ટ્રસ્ટ.

૩. દેવી પદ્માવતી ચેરિટેબલ ટ્રસ્ટ.

૪. શ્રી વલ્લભ સ્મારક ભોજનાલય ટ્રસ્ટ.

૫. ભોગીલાલ લહેરચંદ ઈંસ્ટીટયૂટ ઑફ ઈંડોલોજી ટ્રસ્ટ.

૬. સાધ્વી સુજયેષ્ઠાશ્રી ચેરિટેબલ ટ્રસ્ટ.

૭. માતા પદ્માવતી દેવી ધર્માર્થ ટ્રસ્ટ.

૮. શ્રી વલ્લભ સ્મારકની વ્યવસ્થા જાળવી રાખવા લોકોને પ્રેરણા આપી ૫૦ લાખ રૂપિયાના ટ્રસ્ટ બનાવ્યા. જેની અર્ધી આવક સ્મારકને મળતી રહેશે.

મુંબઇમાં માતા ગુરુ શ્રી શીલવતીશ્રીજી મહારાજના સ્મરણાર્થે 'શ્રી આતમવલ્લભ શીલ સૌરભ ટ્રસ્ટ'ની સ્થાપના કરાવી. બહેનો અને સાધ્વીઓને પ્રાકૃત અને સંસ્કૃતનું શિક્ષણ ટ્રસ્ટ દ્વારા આપવાની વ્યવસ્થા છે.

લોકોને પ્રેરણા આપી અનેક શૈક્ષણિક અને ચેરિટેબલ ટ્રસ્ટોની સ્થાપના કરાવી.

ઇ.સ. ૧૯૭૨માં મુંબઇમાં જિનશાસનરત્ન વિજયસમુદ્રસૂરિજી મહારાજે મૃગાવતીજીને 'જૈન ભારતી'ની પદવી પ્રદાન કરી.

ઇ. સ. ૧૯૭૯માં કાંગડા તીર્થમાં પરમાર ક્ષત્રિયોધ્ધારક ગચ્છાધિપતિ આચાર્ય શ્રી ઇન્દ્રદિન્નસૂરિ મહારાજે મૃગાવતીજીને 'મહત્તરા' અને 'કાંગડા તીર્થોધ્ધારિકા'ની પદવી પ્રદાન કરી.

જૈન ભારતીજીની નિશ્રામાં અને શ્રી દીપચંદ ગાર્ડીની અધ્યક્ષતામાં વલ્લભ સ્મારકના શિલાન્યાસના અવસરે અખિલ ભારતીય શ્વેતામ્બર જૈન કોન્ફરન્સના ૨૪મા અધિવેશનનું ૨૯ નવેમ્બર ૧૯૭૯ના રોજ સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું.

લુધિયાણા, માલેર કોટલા, દિલ્હી વગેરે સ્થળોએ 'શ્રી આત્માનંદ જૈન મહાસભા'ના ઘણાં અધિવેશનો મૃગાવતીજીની નિશ્રામાં થયાં.

શ્રી વલ્લભ સ્મારકના પ્રાંગણમાં મૃગાવતીજીના આશીર્વાદ, પ્રેરણા અને નિશ્રામાં સંપન્ન થયેલ કાર્યો.

દેવી પદ્માવતીજી મંદિર:

ભૂમિખનન: લાલા રામલાલજી પ્રધાન

શિલાન્યાસ: છોટેલાલજી શાહદરા

પ્રતિષ્ઠા: શાંતિલાલજી

ઉદ્દ્ઘાટન: તિલકચંદજી મુન્હાનીના સુપુત્રો

શીલ-સૌરભ વિદ્યાવિહાર:

છાત્રાવાસનું ઉદ્દ્ઘાટન: દીપચંદ એસ. ગાર્ડી.

ભોગીલાલ લહેરચંદ ઇંસ્ટીટયૂટ ઑફ ઇંડોલોજી:

ઉદ્દ્ઘાટન: પ્રતાપભાઇ ભોગીલાલ

'શ્રી વલ્લભ સ્મારક ભોજનાલય'

ઉદ્દ્ઘાટન: તિલકચંદજી મુન્હાનીના સુપુત્રોના હસ્તે.

પૂ. મૃગાવતીશ્રીની નિશ્રામાં ૪ અને ૫ ઓગસ્ટ ૧૯૮૫ના શ્રી ભોગીલાલ લહેરચંદ સંસ્થાનના ઉપક્રમે ભારતીય અને જૈન પુરાવિદ્યાના ગણમાન્ય તત્ત્વવેતાઓની એક વિદ્વત ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી વલ્લભસ્મારકમાં ભવ્ય ગુરુ પ્રતિમાજીની પ્રતિષ્ઠાનો લાભ શ્રી આત્મવલ્લભના અનન્ય ભક્ત શૈલેશભાઇ હિમ્મતભાઇ કોઠારીએ લીધો.

નિર્માણાધીન ભગવાન વાસુપૂજ્ય મંદિરમાં સ્થાપિત થનાર ભવ્ય જૈન પ્રતિમા અને ગુરૂમૂર્તિની પ્રતિષ્ઠાનો લાભ:

ભગવાન વાસુપૂજયજી- લાલા ધર્મચંદ, પદમકુમાર, વી. સી. જૈન.

ભગવાન પાર્શ્વનાથજી- શાંતિલાલજી, મોતીલાલ બનારસીદાસ.

ભગવાન આદિનાથજી- રામલાલ ઈન્દ્રલાલજી.

ભગવાન મુનિ સુવ્રતસ્વામી- નરપતરાય ખૈરાયતીલાલ.

ગૌતમ સ્વામી- શાંતિલાલજી વિજયાનંદસૂરિ- ગણેશદાસ પ્યારેલાલ, રાજકુમાર રાયસાહેબ વિજયવલ્લભસૂરિજી- ચન્દ્રપ્રકાશ કોમલ કુમાર. ગુરુ સમુદ્રસૂરિ- રતનચંદ જૈન એન્ડ સન્સ સાધુ મહારાજ ઉપાશ્રય નિર્માણ લાભનો આદેશ- દેવરાજજી. સાધ્વીજી મહારાજ ઉપાશ્રય નિર્માણ લાભનો આદેશ- તિલકચંદ એન્ડ સન્સ. કાર્યાલય નિર્માણ લાભનો આદેશ- ખૈરાતીલાલજી, મોતીલાલ બનારસીદાસ, રામલાલજી, રતનચંદજી. અલ્પાહારગૃહ નિર્માણ લાભનો આદેશ- લાભચંદ રાજકુમારજી. અતિથિગૃહ નિર્માણ લાભનો આદેશ- અરુણાબેન અભયકુમાર ઓસવાલ.

ઐતિહાસિક ચાતુર્માસ

ઈ.સ. ૧૯૭૮માં કાંગડા હિમાચલ પ્રદેશમાં ચાતુર્માસ કરી ૫૫ વર્ષથી બંધ આદિનાથ ભગવાનના મંદિરના દ્વાર ખોલાવ્યાં.

મૃગાવતીજીની પ્રેરણાથી કાંગડા તીર્થ ભોજનશાળાની સ્થાપના થઇ અને ધર્મશાળાનો વિકાસ કરવામાં આવ્યો.

મૈસૂરમાં સાધ્વીજીનો પ્રથમ ચાતુર્માસ.

વલ્લભસ્મારક સ્થળ પર ૧૯૮૪માં પ્રથમ ચાતુર્માસ.

મુંબઇ ખારમાં પંજાબ જૈન ભ્રાતૃસભા અહિંસા હૉલમાં પ્રથમ ચાતુર્માસ.

પદયાત્રા: ગુજરાત, સૌરાષ્ટ્ર, મારવાડ, પંજાબ, મુંબઇ, કલકત્તા, મહારાષ્ટ્ર, પૂના, કર્ણાટક, મૈસૂર, બેંગ્લોર, મૂડબિદ્રી, જમ્મૂ, હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ વગેરે સ્થળોમાં લગભગ ૬૦ હજાર માઈલની પદયાત્રા કરી.

ભાષાજ્ઞાન: પ્રાકૃત, અર્ધમાગધી, પાલિ, સંસ્કૃત, ગુજરાતી અને હિન્દી ઉપર પ્રભુત્વ, ઉર્દૂ, બંગાળી, મારવાડી અને અંગ્રેજી ભાષાઓનું પણ સારું જ્ઞાન હતું.

બચપણથી જ દેશ રક્ષણની પ્રતિજ્ઞા લઇ, ગાંધી રંગે રંગાઇ, સ્વાતંત્ર્ય સૈનિકો સાથે આંદોલનમાં સક્રિય ભાગ લઇ શુધ્ધ ખાદી ધારણ કરી.

ભગવાન મહાવીરની ૨૫૦૦મી નિર્વાણ વર્ષ ઉજવણીને સફળ બનાવવા અથાગ પ્રયત્નો કર્યા.

ભૂતપૂર્વ વડા પ્રધાન શ્રી મોરારજી દેસાઇ, કાશ્મીરના મુખ્યમંત્રી શ્રી બખ્શી ગુલામ મહમદ, શ્રી ગુલજારીલાલ નંદા, શ્રીમતી તારકેશ્વરી સિંહા, હિમાચલ પ્રદેશના શિક્ષણમંત્રી શ્રી દૌલતસિંહજી ચૌહાણ, હિમાચલ પ્રદેશના મુખ્ય ન્યાયાધીશ શ્રી ટી. યુ. મહેતા, મૈસૂરના મહારાજા, માલેરકોટલાના નવાબ, ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણસિંહ , શ્રી દાદા ધર્માધિકારી, વિનોબા ભાવે જેવા વ્યકિત વિશેષો સાથે મુલાકાત થઇ.

દેવલોકગમન: વિ. સં. ૨૦૪૨ની આષાઢ સુદ બારસ ૧૮ જુલાઇ ૧૯૮૬
સવારે ૮-૧૫ કલાકે શ્રી વલ્લભસ્મારક મુકામે.

# પ્રતિભાસંપન્ન સાધ્વીજી

## ☐ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મ. સા.

જૈન ભારતી મહત્તરા સાધ્વી શ્રી મૃગાવતીજી મહારાજના સ્વર્ગવાસના સમાચાર સાંભળી હાર્દિક દુઃખ થયું છે.

વિદુષી સાધ્વીજીનું વ્યક્તિત્વ બહુમુખી હતું. એમનું ગહન અધ્યયન અને પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વ જૈન સમાજ માટે ગૌરવનો વિષય હતાં.

પંજાબ કેસરી યુગવીર પ.પૂ. વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના સામયિક ચિંતનથી પ્રભાવિત થઇ મૃગાવતીજી એમનાં આજ્ઞાવર્તિની બન્યાં અને એમના વિચારોના પ્રચાર માટે સમસ્ત દેશમાં વિહાર કર્યો. ગામેગામ અને નગર-નગરમાં વ્યાખ્યાન આપી ભારતીય સંસ્કૃતિની પરંપરાઓને અક્ષુણ્ણ રાખવા માટે એમણે યુવાશક્તિને પ્રેરણા આપી હતી.

સામાજિક સંગઠનને મજબૂત બનાવી અને દહેજ પ્રથા સામે અવાજ ઉઠાવી એમણે દેશની નૈતિક જાગૃતિમાં ફાળો આપ્યો.

દિલ્હીમાં નિર્માણાધીન 'વલ્લભસ્મારક' માટે તેઓ સમર્પિત હતાં. જૈન સમાજનું આ મહાન સ્મારક સૌ કોઇના આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. આ સ્મારક વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની પુણ્યસ્મૃતિમાં બની રહ્યું છે. મૃગાવતીજીએ સ્મારક સ્થળે રહી સ્મારક માટે પોતાનું જીવન આપી દીધું.

મૃગાવતીશ્રીએ કાંગડા તીર્થના ઉદ્ધારમાં પણ અગ્રણી રહી પ્રાચીન તીર્થના પુનરુદ્ધાર માટે પ્રેરણા આપી હતી. એમના જવાથી સમગ્ર જૈન સમાજને ઊંડો આઘાત લાગ્યો છે. એમની ખોટ પુરાય એવી નથી.

વલ્લભસ્મારક પરિપૂર્ણ થાય એ એમની અંતિમ ભાવના હતી. સૌ ભાઇબહેનો એ કાર્યની અભિવૃદ્ધિ માટે સહયોગ આપે એ એમના પ્રત્યે સાચી શ્રદ્ધાંજલિ છે.

# અજોડ શાસન પ્રભાવિકા

## ☐ ગણિવર્ય શ્રી નિત્યાનંદવિજયજી તથા મુનિવર્ય શ્રી ધર્મધુરંધરવિજયજી

ગુરુ વલ્લભના સમુદાયનાં અજોડ શાસન પ્રભાવિકા, જિનશાસન રૂપી ગગનનાં અદ્વિતીય તેજસ્વી તારિકાનું આમ એકાએક ખરી જવું અત્યંત દુઃખદ છે. આ ક્ષતિ ગુરુ વલ્લભના સમુદાયને જ નહિ, પરંતુ સમસ્ત જૈન સમાજને જ પહોંચી છે.

ગુરુ આત્મારામજીનું સાહસ, ગુરુ વલ્લભસૂરિની દૂરદર્શિતા અને ગુરુ સમુદ્રસૂરિની ગુરુભક્તિનો ત્રિવેણી સંગમ થવાથી મૃગાવતીજીનું જીવન તારક તીર્થ રૂપ બન્યું હતું.

સ્વર્ગવાસી ગુરુદેવો પ્રત્યેની એમની શ્રદ્ધા અને સમર્પણની ભાવના અનુકરણીય હતી. ગુરુ વલ્લભનું નામ એમનાં રોમેરોમમાં વસેલું હતું. વલ્લભસ્મારકનું નિર્માણ એમનો શ્વાસોચ્છ્વાસ બની ગયું હતું. અસાધ્ય વ્યાધિની અસહ્ય વેદના હોવા ઉપરાંત મચ્છર-ડાંસ વગેરેના પરીષહ સહન કરતાં કરતાં એમણે જીવનના અંતિમ શ્વાસ સુધી સ્મારક ભૂમિ નં છોડી, જે એમની આદર્શ ગુરુભક્તિનું પ્રત્યક્ષ પ્રમાણ છે. વલ્લભ સ્મારકના કાર્યને ઝડપથી પૂર્ણ કરીએ એ જ સાચી શ્રદ્ધાંજલિ હશે.

આ અકલ્પિત ઘટનાથી ભલભલાનું મન વિચલિત થઈ જાય એ સ્વાભાવિક છે. પરંતુ તમે જાણો જ છો કે, જ્યારે પરમાત્મા મહાવીરે પણ પોતાની જીવનદોરીને લંબાવવા અસમર્થતા બતાવી તો આપણી શી વિસાત? શાસન દેવ એમના આત્માને પરમ શાંતિ આપે એ જ અંતઃકરણની પ્રાર્થના છે.



કાળધર્મ પછીનું
અંતિમ દર્શન

શોકમગ્ન સમુદાયને સંબોધતા
શ્રી રાજકુમાર જૈન




શોકમગ્ન
સમુદાય






શોકમગ્ન
સમુદાયને
સંબોધતા
શ્રી
શૈલેશભાઈ
કોઠારી

પૂજ્યશ્રીની
પાલખી





શોકમગ્ન
સમુદાયને
સંબોધતા
એમનાં
મુખ્ય શિષ્યા
પૂ. શ્રી.
સુવ્રતાશ્રીજી

# સ્ત્રીશકિતનું જીવનસૌન્દર્ય

## □ પૂ. સાધ્વી શ્રી ૐકારશ્રીજી

વિશ્વમાં દરેક જીવાત્મામાં અનંત શકિત ભરેલી છે. જીવ શકિતનો સદુપયોગ અથવા દુરૂપયોગ કરે છે. જે પોતાની શકિતનો ઉપયોગ સમાજ, રાષ્ટ્ર કે અધ્યાત્મ માટે કરે છે તેનું નામ ઇતિહાસ અને જન સમુદાયમાં અમર થઇ જાય છે. મહાન થવા માટે જીવનમાંથી માન-અપમાનને હટાવવાં પડે છે. અનુકૂળતાને દૂર કરી પ્રતિકૂળતાને સહન કરનાર સન્માનપાત્ર બની શકે છે. સુકોમળ હોવા છતાં ગુલાબ કાંટાઓ વચ્ચે વિકસે છે અને પોતાની સુવાસ દશે દિશાઓમાં પહોંચાડે છે, જનમનને આકર્ષિત કરે છે.

પૂજ્ય મહત્તરાજી માટે કોઇ પણ પ્રકારની અતિશયોકિત વગર કહી શકીએ કે એમનું જીવન નંદનવન જેવું હતું. વનની અંદર કયાંક કયાંક હિંસક પશુઓ અને ઝેરી જીવજંતુઓ જોવા મળે છે. પરંતુ નંદનવનમાં તો ચારે દિશાઓમાં કયાંય પણ ભયાનકતા કે વિષમતા જોવા નહિ મળે. પૂજય મહત્તરાજીના જીવનમાં કષાયોની કાલિમા ન હતી, પરંતુ પ્રતિભા, નમ્રતા અને વાક્‌પટુતાની લાલિમા હતી. એમણે પોતાની વાણીથી અનેકના મનને શાતા પહોંચાડી હતી, કોઇનું મન દુભવ્યું ન હતું.

સ્ત્રીશકિત એક અજોડ શકિત છે; સંસારની મહાન શકિત છે. આપણા ઇતિહાસમાં રાણી વિક્ટોરિયા અને રાણી એલિઝાબેથે અપૂર્વ રાજય કર્યું હતું, એ જ રીતે ધાર્મિક ઇતિહાસમાં યાકિની મહત્તરા વગેરે સાધ્વીઓએ પણ જૈન સમાજ પર મહાન ઉપકાર કર્યો હતો. આજે એ પ્રમાણે મૃગાવતીજી મહારાજે પંજાબ કેસરી યુગવીર આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ મહારાજના એક- એક વચનને જીવનમાં તાણાવાણાની જેમ વણી લઇને સમાજ પર ખૂબ ઉપકાર કર્યો છે.

બડા બડાઇ ના કરે બડા ન બોલે બોલ,<br>
હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ.

મહાન વિભૂતિ કદિ પોતાના મુખે સ્વપ્રશંસા ન કરે. એમનાં કાર્યો જ મહાનતા બતાવી દે. મૃગાવતીજીએ દિલ્હીમાં ગુરુના નામનો અમર ડંકો વગાડયો છે.

આપણે હમેશાં કાર્યના પરિણામને જોઇએ છીએ. પરંતુ ઊંડાણથી જોવા જઇએ તો ખ્યાલ આવે કે, એ કાર્યના પ્રારંભમાં કેવી મુશ્કેલીઓ પડી હોય છે. એ મુશ્કેલીઓનો સામનો સમતા, ધૈર્ય અને સાહસથી કરવામાં આવે તો જ અંતે સફળતા મળે છે.

બાવળ વાવવામાં બહુ શ્રમ નથી પડતો અને એ આપોઆપ કાંટા આપે છે. આંબો વાવવામાં ખૂબ શ્રમ પડે છે અને લાંબે ગાળે તેના પર ફળ આવે છે. તેવી રીતે જ મૃગાવતીજીએ વલ્લભ સ્મારક માટે ભગીરથ પુરુષાર્થ કર્યો છે. એમણે પોતાની બધી શારીરિક અને માનસિક શકિતઓને એ કામે લગાડી હતી. જીવનના અંતિમ શ્વાસ સુધી કાર્ય પૂર્ણ કરવાની એમને અભિલાષા હતી. વલ્લભ સ્મારકને એ પ્રેરણા સદાય મળતી રહેશે.

એમના સદ્‌ગત આત્માને શાંતિ મળે. તેઓ જયાં હો ત્યાંથી આપણને પ્રેરણા મળતી રહે.

સદ્‌ગત પૂજય સાધ્વીશ્રીને કોટિ કોટિ વંદન !

# પ્રજ્ઞાજ્યોતિ પૂજ્યા મહત્તરાશ્રીજી

## ☐ પૂ. સાધ્વી શ્રી જશવંતશ્રીજી

'જગમેં જીવન શ્રેષ્ઠ વહી, જો ફૂલોં સા મુસ્કાતા હૈ,
અપને ગુણસૌરભસે જગકે કણ-કણકો મહકાતા હૈ.'

*મા વસુન્ધરાની ગોદમાં અનેક ફૂલ ખીલે છે અને કરમાઇ જાય છે. પરંતુ અમુક ફૂલ એવાં પણ હોય છે જે કરમાઇને પણ પૃથ્વીને સુગંધથી ભરી જાય છે.*

આ વિશ્વ પરિવર્તનશીલ છે. બૌદ્ધ માન્યતા અનુસાર પળે-પળ પરિવર્તન થતું રહે છે. જૈન માન્યતા અનુસાર સંસારના મૂળ તત્ત્વો-પુદ્‌ગલોનો સ્વભાવ જ છે કે, નવા નવા પર્યાયો ધારણ કરવા. જીવનનું સૌથી મોટું પરિવર્તન મૃત્યુ છે. મૃત્યુ આમ તો પ્રકૃતિનો કઠોર નિયમ છે. એ કઠોર હોવા છતાં બોધદાયક છે. જ્યાં નવજાત શિશુનો જન્મ આપણને આનંદ આપે છે તેવી રીતે જ કોઇની વિદાય આપણને સાવધાન બનાવી દે છે.

સંસારના સૌ લોક જાણે છે કે, જેણે જન્મ ધારણ કર્યો છે તેને મૃત્યુ પણ નક્કી છે જ. જેની સાથે મિલન થયું છે, તેનાથી વિયોગ નક્કી છે જ. અમુક વ્યક્તિઓ એવી હોય છે જે જવા છતાં અમર બની જાય છે. તેઓ પોતાના મૃત્યુને પણ મહોત્સવ બનાવી જાય છે. એમની વિદાય પણ દુનિયા માટે પ્રેરણાસ્ત્રોત બની જાય છે.

કાંગડા તીર્થોદ્ધારિકા, જૈન ભારતી પૂજ્યા મહત્તરાશ્રીજી મહારાજ પણ એક એવાં પ્રજ્ઞાજ્યોતિ હતાં. ગુરુ વલ્લભના મિશનને પૂર્ણ કરવા માટે જીવનની અંતિમ ક્ષણ સુધી તેઓ પ્રવૃત રહયાં હતાં.

એમના જીવનની સૌમ્યતા અને વાણીની મધુરતા સૌને એમની તરફ આકર્ષી લેતી હતી. જે કોઇ એક વાર પરિચયમાં આવે તે સદાયને માટે એમના થઇ જતાં.

દિલ્હીમાં વલ્લભ સ્મારક કરવાનું આહ્‌વાન એમણે ઝીલ્યું હતું. કાંગડા તીર્થનો ઉદ્ધાર કરવાનો શ્રેય એમને જ જાય છે. એમની વાણીમાં સરસ્વતી અને લક્ષ્મી બન્નેનો વાસ હતો. જે શબ્દ એમના મુખમાંથી નીકળતો તે પૂર્ણ બનીને રહેતો. એમના વચનો પર લક્ષ્મી તો મેઘધારાની જેમ વરસતી હતી.

એમની કાર્યકુશળતા, વ્યવહારદક્ષતા અને સહનશીલતા અનુપમ હતાં. ગુરુભક્તિ એમના રોમેરોમમાં ભરેલી હતી. અંતિમ સમયે તન વ્યાધિગ્રસ્ત હતું, પરંતુ મન તો સમાધિમાં જ લીન હતું. જીવનના અંતિમ શ્વાસ સુધી તેઓ ચેતનાયુક્ત રહયાં હતાં. એક-એક વ્યક્તિને બોલાવીને તેઓ ક્ષમાપના કરી આત્મશુદ્ધિ કરતાં રહયાં અને જેને જે કામ સોંપવાનાં હતાં તે સોંપતાં ગયાં.

એમના કાળધર્મના જેવા સમાચાર સાંભળ્યા કે વજ્રપાતનો અનુભવ થયો. પહેલાં તો એ વાત માનવા મન તૈયાર ન હતું. એમના જવાથી જૈન સમાજને ભારે ખોટ પડી છે.

પૂજ્યા મહત્તરાજી જૈન સમાજના કોહિનૂર હીરા હતા. એમનું જીવન માત્ર અનુમોદનીય કે પ્રશંસનીય જ નહિ, અનુકરણીય પણ હતું.

શાસનદેવને પ્રાર્થના છે કે, એમના આત્માને શાંતિ આપે અને આપણને સૌને એમનો વિયોગ સહન કરવાની શક્તિ આપે.

# મહાન સાધ્વી

## ☐ પૂ. સાધ્વી શ્રી જયંતપ્રભાશ્રીજી

કોઇ કહે છે મૃગાવતીજી સ્વર્ગસ્થ થયાં, કોઇ કહે છે કે, એમનું દેહાવસાન થયું,તો કોઇ કહે છે તેઓ આપણી વચ્ચેથી ચાલ્યાં ગયાં. હું કહું છું, ખરેખર એમ નથી. દરેક માનવીના હૃદયમાં જેનું સ્થાન છે તે સ્વર્ગસ્થ ન થઇ શકે, કાળ તેને કંઇ ન કરી શકે. પાર્થિવ શરીરથી ભલે નથી, પણ પોતાનાં કાર્યોથી તેઓ આપણી વચ્ચે અમર છે. અંતિમ શ્વાસ સુધી જેમણે યુગવીર આચાર્યશ્રીના પ્રતીક રૂપ વલ્લભ સ્મારક બનાવવા પ્રેરણા આપી, કાર્યમાં પ્રાણ પૂર્યા. તેઓ 'વલ્લભ' બની ગયાં હતાં. પ્રિય બની ગયાં હતાં.

એમના ગુણોનું વર્ણન કયાંથી કરી શકાય? જેમ ઊંડા ઊતરતાં જઇએ તેમ વધુ ને વધુ ગુણોનો પરિચય થતો જાય. મરાઠીમાં કહેવત છે, 'લહાન મૂર્તિ પણ થોર કીર્તિ'. એમનું જીવન પણ એવું જ હતું.

નારી અબળા નથી, નારી શકિતહીન નથી,નારી પરંતત્ર નથી- એવું એમણે પોતાના જીવન દ્વારા સિદ્ધ કરી બતાવ્યું. સમાજને સુદૃઢ અને વિકાસશીલ બનાવવા સ્ત્રીશકિતને સમાજમાં યોગ્ય સ્થાન આપવું પડશે. આ વાત યુગવીર આચાર્યશ્રીએ કહી હતી અને એમણે નારી ઉત્કર્ષ માટે અનેક પ્રયત્નો કર્યા હતા.

મહત્તરાજીની પ્રતિભાસંપન્ન મુખાકૃતિ સૌનાં હૈયાં જીતી લેતી. તેઓ આબાલવૃદ્ધ સૌની સાથે પ્રેમપૂર્વક વાતો કરતાં. એમના જીવનમાં દૃષ્ટાંત રૂપ નમ્રતા અને સરળતા હતી. તેઓ આ બન્ને મહાન સદ્ગુણોનો યશ પોતાની માતાને આપતાં. નમ્રતા ખરેખર માનવીને મહાન બનાવે છે. નમ્રતા માતા, પાલક, પાયારૂપ અને આધાર આપનાર છે.

પંજાબ, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, માળવા અને ઉત્તર પ્રદેશમાં એમણે પોતાનો જ્ઞાન-પ્રકાશ ફેલાવ્યો હતો.

ધર્મ અને સમાજનાં અનેક કાર્યો કરનાર વિદુષી, વિભૂતિ, મહાન નારી, મહાન સાધ્વીને કોટિ કોટિ વંદન કરું છું.

# અંતિમ વાણી અને સમાધિદર્શન

## □ પૂ. સાધ્વી શ્રી સુવ્રતાશ્રીજી

સંસારભાવથી પૂર્ણ રીતે નિર્લેપ, જ્ઞાન સ્વભાવી, પોતાના આત્મચંદ્રની ચાંદનીમાં વિકસિત કમલિનીની જેમ સંપૂર્ણ ભાવમંડળને પોતાના જ્ઞાનની સુગંધથી ભરી દેનાર મારી ધર્મમાતાએ પોતાના જીવનની અંતિમ સંધ્યાએ જે પ્રેરણા-સંદેશો આપ્યો તે રજૂ કરી રહી છું.

ત્રણ-ચાર મહિનાથી તેઓ વારંવાર કહેતાં હતાં કે, 'હું મારી તૈયારી કરીને બેઠી છું,' ગુરુ વલ્લભના વચનોને ફરી ફરી ઉચ્ચારતાં રહ્યાં કે, 'મૃત્યુ માટે સદાય તૈયાર રહો; મૃત્યુથી ડરો નહિ, તેમજ મૃત્યુની આકાંક્ષા પણ ન કરો. મને મૃત્યુનો કોઇ ભય નથી. આવતી કાલે મોત આવતું હોય તો આજે આવે, આજે આવતું હોય તો અત્યારે આવે. હું દરેક અવસ્થામાં ખુશ છું. મારું ધ્યાન પ્રભુનાં ચરણોમાં લાગેલું છે. મૃત્યુ તો જીવનની સચ્ચાઇ છે. જીવન ઉત્સવ છે તો મૃત્યુ મહોત્સવ છે. આ શરીર હવે જર્જરિત અને મલિન થઇ ચૂક્યું છે. આ કાયા ક્યાં સુધી ચાલશે? હું શ્રી સંઘ પંજાબ અને શ્રીસંઘ દિલ્હીની સેવાઓથી ખૂબ પ્રસન્ન છું. હું મારી જીવનસાધનાથી પણ પ્રસન્ન છું. હું મારી સાધ્વીઓની સેવાઓથી પણ ખૂબ પ્રસન્ન અને સંતુષ્ટ છું. હું ચોથા આરાનો અનુભવ કરી રહી છું. જો બે-ચાર વર્ષ મળી જાય તો પણ પ્રસન્ન છું અથવા અત્યારે જ પ્રભુનાં ચરણોમાં સ્થાન મળી જાય તો પણ પ્રસન્ન છું. મારા પ્રભુ જ્યાં પણ જે રીતે રાખશે હું ખુશ છું. આત્માનો સ્વભાવ આનંદમય છે. હું બધી અવસ્થાઓમાં આનંદમાં છું. જ્યાં સુધી હું સ્વમાં સ્થિત છું, ત્યાં સુધી શરીર અસ્વસ્થ રહે તો પણ કોઇ ફિકર નથી.'

મહત્તરાજી ખૂબ પ્રસન્ન દેખાતાં હતાં. અને કહેતાં હતાં કે, 'કોણ જાણે પ્રભુની મારા ઉપર કેટલી કૃપા વરસી રહી છે! મને આ તકલીફની કોઇ પીડા, વેદના, દર્દ કે બળતરા કંઇ જ નથી. મને ખબર જ નથી પડતી કે મને કોઇ તકલીફ છે. શ્વાસમાં થોડી તકલીફ પડે છે, જો મારો શ્વાસ ઠીક થઇ જાય તો અત્યારે પણ પાટ ઉપર બેસી એક કલાક વ્યાખ્યાન આપી શકું.'

જ્યારે એમને આખી આખી રાત ઊંઘ નહોતી આવતી ત્યારે અમને ખૂબ ચિંતા થતી હતી. તેઓ પ્રસન્નતા સાથે કહેતાં કે, 'આ તો ઘણી સારી વાત છે કે, રાતના એકાન્તમાં હું મારા પ્રભુનું અધિક ધ્યાન ધરી શકું છું. આનાથી મોટું સદ્ભાગ્ય બીજું શું હોઇ શકે! હું તો શત્રુંજય, ગિરનાર, આબુ, સમ્મેત શિખર, તારંગા વગેરે તીર્થોની પવિત્ર માનસયાત્રા કરું છું.'

મહત્તરાજી રાતના આનંદઘનજી મહારાજ, ચિદાનંદજી મહારાજ વગેરે મહાપુરુષોનાં ભજન, સ્તવન, પદ જાતે ગાતાં અને પોતાની સાધ્વી શ્રી સુયશાજી પાસેથી સાંભળતાં. સાથે સાથે ગાતાં કે, 'અબ હમ અમર ભયે, ન મરેંગે.'

મૃગાવતીશ્રીજીને આયુષ્ય ઓછું મળ્યું. એમને પાંચ વર્ષ વધુ મળી જાત તો આખાય વિશ્વને બતાવી દેત કે, એક સાધ્વી શું કરી શકે છે! તેઓ માતૃશક્તિની મશાલ હતાં.

એક દિવસ પહેલાં જ જાણે એમને પોતાના અંતિમ સમયનું જ્ઞાન થઇ ગયું હતું. એમણે અનશન લઇ લીધું હતું. અમારા ઘણાં પ્રયત્નો છતાં એમણે પાણીનું એક ટીપું પણ ન લીધું. નર્સને ગ્લુકોઝ ચડાવવા બોલાવી, પણ એમણે તેમ ન થવા દીધું.

સાંજના ચાર વાગે જ્યારે ડૉક્ટરે ઘેનનું ઈંજેક્શન આપી સુવડાવી દેવા પ્રયત્ન કર્યો કે જેથી ગ્લુકોઝ ચડાવી શકાય. પરંતુ એમણે તો ઊંઘની દવાને જાગૃતિમાં ફેરવી દેવી હોય એમ સમાધિમાં બેસી ગયાં. અને કહ્યું, 'અરિહંત ભગવાનનો દીવો કરો, મારે સમાધિમાં બેસવું છે.' એ પહેલાં બધા કાર્યકર્તાઓ સાથે સ્મારકની વાતો કરી અને ક્ષમા માગી તેમને આશીર્વાદ આપ્યા.

' પોતાની દીકરીઓ જેવી સાધ્વીઓનો મોહ જાણી એમને સંબોધિત કરતાં કહ્યું કે, 'ધીરજ ધારણ કરજો, રડતાં નહિ. હિમ્મત રાખજો. વીર બની જ્ઞાન, ધ્યાન અને આત્મકલ્યાણના માર્ગ પર આગળ વધજો. મારા આશીર્વાદ તમારી સાથે છે.' ત્યાર પછી ચોર્યાસી લાખ જીવયોનિના જીવોની ક્ષમા માંગી. ચતુર્વિધ આહારનો ત્યાગ કર્યો અને જાતે જ 'પચ્ચક્ખાણ' નું ઉચ્ચારણ કર્યું. આગરાથી શ્રીમતી ઉષાબહેન આવ્યાં અને અમદાવાદથી પંડિત બેચરદાસ (એમના વિદ્યાગુરુ)નાં પત્ની શ્રીમતી અજવાળી બહેન એ સમયે આવ્યાં. એમને આશીર્વાદ આપી સમાધિમાં બેસી ગયાં. સ્તોત્ર પાઠ કરવામાં આવ્યો. થોડી વાર પછી એમણે કહ્યું 'તમે સૌ શાંતચિત્ત થઇ જાઓ. મને કોઇ સ્પર્શ ન કરે. મારી ધ્યાનધારામાં વિઘ્ન પડે છે. અંતે પોતાની સાધ્વીઓને પણ બહાર જવા આદેશ આપ્યો અને કહ્યું કે, હું મારા અને મારા પ્રભુ વચ્ચે કોઇ આડ રાખવા નથી ઇચ્છતી.' તેઓ લગભગ પોણાપાંચ કલાક સુધી એ જ અવસ્થામાં અર્ધ પદ્માસનની મુદ્રામાં બેસી રહ્યાં. એ અવસ્થામાં, ડૉક્ટરોના મત અનુસાર એમના અસહ્ય દર્દને કારણે પોણી પાંચ મિનિટ સુધી બેસવાનું પણ શક્ય નહોતું. જેને ડૉક્ટરો શરીરના બળ પર અસંભવિત માનતા હતા, તેઓ એને આત્મબળ વડે સંભવિત બનાવી રહ્યાં હતાં.

સંપૂર્ણ સંઘ આ દ્રશ્ય જોઇ આશ્ચર્યચકિત થઇ ગયો, કારણ કે, આવા પ્રસંગે પણ મહારાજશ્રીના મુખમંડલ ઉપર અપાર શાંતિ, સૌમ્યતા અને પ્રશમરસ છલકાઇ રહ્યાં હતાં.

શ્રી પ્રકાશભાઇ પુસ્તકોવાળા જ્યારે દોઢ કલાક સુધી લોગસ્સનો પાઠ સંભળાવતા રહ્યા હતા ત્યારે, 'આરુગ્ગ બોહિલાભં સમાહિવર મુંત્તમં દિંતુ' પદ આવે ત્યારે એમના હાથ જોડાઇ જતા હતા અને આંખો ભાવથી પૂર્ણ થઇ ઊઠતી. આંખો શંખેશ્વર દાદા તરફ મંડાઇ રહેતી.

આ રીતે મહારાજશ્રી ૬૦ વર્ષનું આયુષ્ય પામ્યા. કેટલું જીવ્યા એ મહત્ત્વનું નથી, કેવી રીતે જીવ્યા એ મહત્ત્વનું છે.

એમણે આપણને જીવતાં તો શીખવ્યું હતું, હવે વીર મનુષ્યોની જેમ મરવાનું પણ શીખવી ગયાં.

એમણે પોતાના જીવનનો અવધિકાળ જાણી લીધો હતો, તેથી સૌ પ્રથમ ગુરુ મહારાજ વિજયવલ્લભસૂરીશ્વરજીની પ્રતિમાજીનો આદેશ અપાવી દીધો. ગુરુ વલ્લભની પ્રતિમાની બોલી ગુરુ આત્મ વલ્લભના દિવાના પરમ ગુરુભક્ત શ્રી શૈલેશભાઇ કોઠારીને આપી મહારાજજીએ પંજાબીઓને કહ્યું કે, 'આનાથી હું પંજાબી અને ગુજરાતી ગુરુભક્તોને સ્નેહતાંતણે બાંધી રહી છું.' સાધ્વીજી મહારાજ કેવાં દીર્ઘદ્રષ્ટા હતાં! બીજે મહિને ચાર ભગવંત અને ચારેય ગુરુદેવોની બોલીઓ પણ પૂર્ણ કરાવી દીધી. સાધુ મહારાજના ઉપાશ્રયનું વચન પણ લઇ લીધું, સાથોસાથ અતિથિગૃહ, કેન્ટીન અને કાર્યાલયના મકાનોનાં વચન પણ મેળવી લીધાં. પબ્લિક સ્કૂલની વાત ચાલી રહી છે તે પણ જલદી પૂર્ણ થઇ જાય એવી શક્યતા છે. આ બે મહિનામાં પૂજય મહત્તરાજીએ જે જે કાર્યો કર્યાં તે સ્મારકના ઇતિહાસમાં વિક્રમ રૂપ છે.

એમને માત્ર ૪૫ આગમોનું જ્ઞાન જ ન હતું, પરંતુ ૪૫ આગમોના પોતે સાકાર રૂપ હતાં. એમની અંતિમ ત્રણ ભાવનાઓ હતી. પ્રથમ ભાવના હતી આત્મસાધનાની, બીજી હતી વલ્લભ સ્મારકના સ્વપ્નને સાકાર કરવાની અને ત્રીજી ભાવના હતી સમસ્ત જગતના કલ્યાણની.

# એ ચરણોની સેવા ભવોભવ મળો

## □પૂ. સાધ્વી શ્રી સુયશાશ્રીજી

મહત્તરા સાધ્વીજી શ્રી મૃગાવતીજી મહારાજ પ્રભુ શંખેશ્વર પાર્શ્વનાથ અને ગુરુ આત્મવલ્લભનાં ચરણોમાં સર્વભાવથી સમર્પિત હતાં.

એમના જીવનમાં વિનયથી સમર્પણ, સમર્પણથી જ્ઞાન, જ્ઞાનથી સાધના, સાધનાથી તપ અને ચારિત્ર રૂપી અનેક ધારાઓ એક સાથે વહી પ્રભુના ચરણોમાં મળતી હતી.

આત્માનો અભ્યાસ, વિદ્યાનું અધ્યયન અને સમાજના દુઃખદર્દનું ચિંતન તેઓ હમેશાં કર્યા કરતાં હતાં. આ ત્રણે ગુણ સંતના હૃદયમાં જોવા મળે છે.

પૂજ્ય મહારાજજીએ જ્યારથી દીક્ષા લીધી તે દિવસથી આત્માસાધના અને શાસનપ્રભાવના જ એમના જીવનનું લક્ષ્ય બની ગયાં હતાં. વૃક્ષ જેમ ફળેફૂલે છે તેમ તે વધુ ને વધુ નમતું જાય છે. મહારાજજીએ પણ જૈન આગમ, વેદ, રામાયણ, બાઇબલ, કુરાને શરીફ વગેરે ધર્મશાસ્ત્રોનો તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો. જ્ઞાની હોવા છતાં જ્ઞાનનું ગુમાન એમને સ્પર્શી શક્યું નહોતું.

એમનું બાહ્ય દર્શન નમ્રતાના ગુણથી ઓજસ્વી અને આકર્ષક હતું. આંતરિક દર્શન જ્ઞાનની ગરિમા અને આત્માસાધનાની ચરમ સીમાએ પહોંચેલું હતું.

એમનું અંતઃકરણ સ્ફટિક જેવું નિર્મળ હતું. તેઓ કહેતાં હતાં કે, 'હું પ્રભુચરણોમાં સર્વભાવથી સમર્પિત છું. પ્રભુ જ મને હાથ પકડીને ચલાવે છે, મારા પ્રભુ જે કંઇ કરે છે તે ઠીક કરે છે. મેં તો મારી નૌકા એમના હાથમાં સોંપી દીધી છે, તેઓ જ એને પાર ઉતારશે.'

આ સમર્પણભાવથી તેઓ પ્રત્યેક કાર્યમાં સિદ્ધિ મેળવતાં હતાં. એમની પાસે કેટકેટલા ભક્તજન પોતાનાં દુઃખો સંભળાવતા હતા અને સુખી થઇને પાછા જતા હતા.

શ્રી અને સરસ્વતીની અસીમ કૃપા વરસતી હોવા છતાં નમ્રતા, સરળતા, સ્વાભાવિકતા અને માનવમાત્ર પ્રત્યે નિઃસ્વાર્થ પ્રેમની ભાવના જેવા એમના ગુણો બીજા માટે આદર્શ રૂપ હતા. પ્રાણીમાત્રનું મંગલ કરનાર મૈત્રીભાવના એમની રગેરગમાં વ્યાપ્ત હતી.

મહત્તરાજી ગુરુ વલ્લભનાં વફાદાર સિપાહી હતાં. એમણે ગુરુ વલ્લભની ભાવનાઓને પૂરી કરી. અસંભવિત કામો સંભવિત બનાવ્યાં, છતાં નામના અને કામનાથી જલકમલવત્ નિર્મળ રહ્યાં. આ એમનો આંતરિક ગુણ હતો. પોતાના સ્નેહપૂર્ણ વ્યવહારથી તેઓ સૌને પોતાના બનાવી લેતાં હતાં.

તેઓ ગુણને જ પ્રથમ સ્થાન આપતાં હતાં, તેથી અમીર અને ગરીબ સૌ સરખું સન્માન પામતા હતા.

સેવા, સાધના, સમર્પણ અને સરળતા જેવા ઉચ્ચ ગુણોથી સાધ્વી શ્રી સુજયેષ્ઠાશ્રીજીએ એમના હૃદયમાં સ્થાન મેળવ્યું હતું.

એક તરફ ગુરુ વલ્લભનું એ ભવ્ય સ્મારક, એક તરફ ગુરુ વલ્લભને પગલે ચાલીને જે સ્થાન મહત્તરાજીએ મેળવ્યું અને એ જ પવિત્ર ભૂમિ ઉપર સાધ્વી શ્રી સુજયેષ્ઠાશ્રીજીનું સમાધિસ્થાન બન્યું. જે એમની નિઃસ્વાર્થ સેવાના ફળરૂપ હતું.

ક્યાં ગુરુ વલ્લભ, ક્યાં સાધ્વી શ્રી મૃગાવતીજી મહારાજ અને ક્યાં સાધ્વી સુજયેશ્ઠાશ્રી મહારાજ!! આ સઘળું સાચી ગુરુભક્તિને આભારી છે!

જેના અનુગ્રહ વડે થતી શુદ્ધ બુદ્ધિ
જેની સદૈવ અતિ નિર્મળ શાંત દૃષ્ટિ,
સૌના હિતાર્થે દિલમાં દિનરાત ચિંતે,
સો સો હજો નમન તે ગુરુ પાદયુગ્મે.

પૂ. શીલવતીજી મહારાજ ચારિત્ર પાળવામાં સોરઠની સિંહણ જેવાં હતાં. પણ સાથે કુમળી કળી જેવી બાર વર્ષની દીકરીને જ્ઞાનધ્યાનમાં કઇ રીતે આગળ વધારવી એની ચિંતા હતી. મન એક જ ધ્યેયમાં રમમાણ હતું કે, સંસાર છોડયો તો આ માર્ગમાં પુત્રીને કઇ રીતે અગ્રેસર બનાવું!

આખરે સાધુમાર્ગનું બધું કામ પોતે સંભાળી પુત્રીને ભણવાગણવામાં નિમગ્ન કર્યાં. જ્યાં સારા પંડિતોનો જોગ થતો ત્યાં એમને હાથ જોડી પ્રાર્થના કરતા. એ જમાનો આજની નજરે સસ્તારતનો જમાનો હતો. છતાં પૈસાનું મૂલ્ય ઘણું હતું. મૃગાવતીજીની ઉંમર નાની હતી, છતાં એમનો ગુણવિકાસ પૌઢ વ્યક્તિ જેવો હતો. મારી માતા કેવી કેવી પરિસ્થિતિઓનો સામનો કરી મને આગળ વધારવા માગે છે એનું ભાન મૃગાવતીજીને હતું. એટલે એમણે જ્ઞાનપિપાસુ બની શ્રુતસાહિત્યનું આકંઠ પાન કર્યું.

નાનકડી બાલસાધ્વી મૃગાવતીજીને પંડિતજી છ-છ કલાક ભણાવતા. દિવસ ભણવામાં જતો અને રાતે પાઠ પાકા કરતાં.

એમની બુદ્ધિ તીવ્ર હતી. જ્ઞાનાવરણીય કર્મનો એવો તો ક્ષયોપશમ હતો કે, ચૌદ વર્ષની ઉંમરમાં પણ રોજ સંસ્કૃતના સો જેટલા શ્લોક તેઓ કંઠસ્થ કરતા.

વિદ્યાપ્રેમી માતાગુરુએ પંડિતજીને વિનંતી કરી હતી કે, 'મારી પુત્રી સંસ્કૃતમાં વ્યાખ્યાન આપી શકે એવી તૈયાર કરજો'. મહત્તરાજીના પુણ્યપ્રતાપે પંડિતજી પણ ઉચ્ચ કોટિના પ્રાપ્ત થયા હતા. એમણે મોટા મોટા ધુરંધર આચાર્યોને ભણાવ્યા હતા. પોતે ધારાપ્રવાહ સંસ્કૃતમાં ભાષણ આપી શકતા. એ પ્રકાંડ પંડિતજીનું શુભ નામ હતું શ્રી છોટેલાલજી શર્મા શાસ્ત્રીજી.

પૂજ્ય મહત્તરાજીએ બેંગલોરની મહારાજા સંસ્કૃત કૉલેજમાં એક કલાક લગી ધારાપ્રવાહ સંસ્કૃતમાં ભાષણ આપ્યું. અંબાલા કૉલેજમાં પણ સંસ્કૃતમાં પ્રવચન આપ્યું હતું. એક વખત સ્મારકમાં જાપાનથી એક પ્રોફેસર આવ્યા હતા જેઓ જાપાની, પ્રાકૃત અને સંસ્કૃત ભાષા જાણતા હતા. એમની સાથે પણ મહાત્તરાજીએ સંસ્કૃતમાં વાતચીત કરી હતી.

આ બધો યશ માતાગુરુ શીલવતીજી મહારાજ અને સેવાસાધનાસમર્પણની મૂર્તિ સુજયેષ્ઠાશ્રીજી મહારાજને ફાળે જાય છે. મા તો મા હતાં જ, પણ સુજયેષ્ઠાજી મહારાજે મહત્તરાજીની જે સેવા કરી તે અનુપમ હતી. ગુરુ શિષ્યા વચ્ચે આટલો સંવાદ જોઇ હૃદય પુલકિત થઇ ઊઠે! સુજયેષ્ઠાજી શિષ્યા હોવા છતાં મૃગાવતીજી તેમને માતાની ઉપમા આપતાં. સુજયેષ્ઠાજીએ સેવા પણ પૂર્ણ વત્સલભાવથી મા જેવી જ કરી હતી.

એમના પુણ્યની પ્રબળતા તો ઘણી હતી, તેથી જ એમને ઉદાર હિતૈષી આચાર્ય ભગવંતો મળ્યા અને એવા જ ગુણગ્રાહી શ્રાવકો મળ્યા કે જેમણે આ બાલસાધ્વીમાં રહેલી દિવ્યશક્તિને પારખી લીધી હતી.

પૂજ્ય મૃગાવતીજી કહેતાં કે, 'જીવન એક પાઠશાળા છે. હું તો એક વિદ્યાર્થિની છું. બાળક પાસેથી પણ જો જ્ઞાન પ્રાપ્ત થતું હોય તો તેના શિષ્ય બની ગ્રહણ કરવું જોઇએ.'

એક વખત પરમ પૂજ્ય શ્રી ઉદયસૂરિ મહારાજનું વ્યાખ્યાન સાંભળવા તેઓ ગયાં હતાં. વ્યાખ્યાનમાં ચાર પ્રકારના શ્રાવકોનું વર્ણન આવ્યું. ત્રણ પ્રકાર તો યાદ રહી ગયા. બચપણના કારણે ચોથો પ્રકાર ભુલાઈ ગયો. બીજે દિવસે આવી આચાર્ય મહારાજને પોતાની નિર્દોષ સરળ ભાષામાં બાળસાધ્વીએ પૂછયું, 'મહારાજજી! આપે ગઈ કાલે ચાર પ્રકારના શ્રાવકો ફરમાવ્યા. એમાં ચોથા પ્રકારના શ્રાવક હું ભૂલી ગઈ, મને ફરી જણાવોને?' આચાર્ય મહારાજને પણ બાળસાધ્વીજીની ભાષા અતિ મધુર લાગી. એમણે સામે પ્રશ્ન કર્યો, 'આટલી બધી જિજ્ઞાસાથી પૂછે છે તે શું તારે વ્યાખ્યાન આપવું છે?' મૃગાવતીજીએ જવાબ આપ્યો, *'જો આપની કૃપા હોય તો આપીએ!'*

આચાર્ય ભગવંત આ ઉત્તર સાંભળી ખૂબ પ્રસન્ન થયા અને આશીર્વાદ આપ્યા.

આવી નમ્રતાથી તેઓ સૌનાં દિલ જીતી લેતાં. નવું શીખવાની પારાવાર જિજ્ઞાસાથી દરેક વિષય શીખવા તત્પર રહેતાં. આગમ, જ્યોતિષ, વૈદક કે સામાન્ય જ્ઞાનની જાણકાર વ્યક્તિને મૃગાવતીજી સાથે પાંચ મિનિટના વાર્તાલાપમાં પણ આનંદ આવી જતો. શાસ્ત્રીય સંગીતના તેઓ ખરા પ્રેમી હતાં. સંગીતમાં તલ્લીન થઈ જતાં ત્યારે ગોચરી, પાણી, ઊંઘ, દવા, દર્દ બધું ભૂલી જતાં.

મહારાજજીનું જીવન સાગર જેવું વિશાળ હતું. એમના અગણિત કાર્યક્ષેત્રો જોઈ કહેવાનું મન થાય કે;

અમીરી કી તો ઐસી કી કે અપના ઘર લૂટા બૈઠે,
ફકીરી કી તો ઐસી કી કે ખુદા કે ઘરમેં જા બૈઠે.

જયવીયરાય સૂત્રમાં નિયાણુ કરવાનો નિષેધ છે, પરંતુ અમે તો રોજ ઊઠીને એ જ પ્રાર્થના કરીએ છીએ કે, શ્રી શંખેશ્વર દાદાનું શાસન, એમના ચરણોની સેવા, ગુરુ આત્મવલ્લભનાં ચરણોની સેવા, પૂ. શીલવતીશ્રીજી, પૂ. મૃગાવતીશ્રીજી અને પૂ. સુજયેષ્ઠાશ્રીજી મહારાજનાં ચરણોની સેવા, મોક્ષ ન મળે ત્યાં સુધી ભવોભવ મળજો!

"વહેતાં નિર્મળ નીર શા નિર્ભય
અને નિર્દોષ જે વાત્સલ્યના ઘેઘુર વડલા સમ
સુગુણના કોષ જે
શાસનતણા શિરતાજ ભાજન સજ્જનોની પ્રીતિના
તે પૂજ્ય શ્રી શીલવતીજી, શ્રીમૃગાવતીજી, શ્રીસુજયેષ્ઠાશ્રીજી મહારાજને
ભાવથી કરું વંદના."

જેમનું સાનિધ્ય પામીને જીવને શાતા વળગી, આંતરિક સંતાપો ઉપશમતાં, અને ચિંતા, કંટાળો અને હતાશા વિલીન થતાં. એવા ત્રણે આત્માઓનાં દર્શન કરી જીવન ધન્ય ધન્ય બની જતું.

મહત્તરાશ્રી મૃગાવતીજી મહારાજે નાનપણમાં જ અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી મહારાજનું જીવનચરિત્ર વાંચ્યું હતું. એ મહાપુરુષની આધ્યાત્મિકતા એમની રગેરગમાં વણાઈ ગઈ હતી. તેઓએ સમાજોત્કર્ષના રચનાત્મક ઘણાં ઘણાં કામો કર્યાં છતાં એમનું ધ્યાન આત્મોત્થાન તરફ હતું. તેઓ કહેતાં કે પ્રભુનો આ પંથ લીધો છે, દુર્લભ માનવ જન્મ મળ્યો છે તો અહીંથી કંઈક પ્રાપ્ત કરી જ જવું છે.'

આધ્યાત્મિક સાધના કરવા માટે પહાડો, જંગલો. ઝરણાં, કુદરતી વાતાવરણ, એકાન્ત સ્થળો તેઓને ઘણાં જ પ્રિય હતાં. એમનું તો જીવન જ યોગમય હતું છતાં પણ વધુમાં વધુ પ્રભુભક્તિમાં સમયનો સદુપયોગ કરવા માટે તેમણે કાંગડાતીર્થ પર ચાતુર્માસ કર્યું. પણ એમના જ્ઞાનરૂપી અમૃતરસનું પાન કરવા ત્યાં પણ લોકો પહોંચતા. આથી

તેમની સાધનાનું લક્ષ્ય પૂરું થતું નહીં. કાંગડા ચાતુર્માસ કર્યા પછી મહારાજજી દિલ્હી પધાર્યાં. એક દિવસ પૂ. સુજયેષ્ઠાશ્રીજી મહારાજે સહજભાવથી પૂજય મહત્તરાજી મહારાજને કહ્યું, 'મહારાજજી, મારે તો શાલિભદ્ર બનવું છે.' પૂજય મહારાજજી હસી પડયાં પૂછયું, 'તારે શાલિભદ્ર શા માટે બનવુ છે?' પૂજય સુજયેષ્ઠાશ્રીજી મહારાજે ૪૦ વર્ષ સુધી સેવાસાધના અને સમર્પણ જેવા ઉત્તમોત્તમ ગુણો દ્વારા હંમેશાં પૂ. મહત્તરાશ્રીજી મહારાજના ઉત્તરસાધક બની અપ્રમત્ત ભાવે સેવા કરી હતી. તેમણે કહ્યું, 'મહારાજજી, આપનાં સમય-શક્તિ સ્મારકના વિવિધ કાર્યોને સંપૂર્ણ કરાવવામાં જાય છે. હવેથી આપને સ્મારક માટે કોઇને કહેવું નહીં પડે! હું શાલિભદ્ર બની આપને મદદ કરીશ. પૂ. સુજયેષ્ઠાશ્રીજી મહારાજ ઘણાં મિતભાષી હતાં. તેમનું જીવન સ્ફટિક જેવું નિર્મળ હતું. વચનોમાં સિદ્ધિ હતી.પ્રભુ એમના નિર્મળ હૃદયની પ્રાર્થના જલ્દી પૂરી કરતાં આવો અનુભવ પૂ. મહત્તરાજી મહારાજને હતો. એમના હૃદયની નિર્મળતાને પૂ. મહત્તરાજી મહારાજ પારખી શકયાં હતાં. આટલી વાતચીત થયા પછી લગભગ સાતઆઠ દિવસમાં જ સુજયેષ્ઠાશ્રીજી મહારાજ કાળધર્મ પામ્યાં.

મહત્તરાજી મહારાજ સુજયેષ્ઠાશ્રીજી મહારાજને કહેતા કે, 'બ્હેન! તેં મારી અને માતાગુરુની જે સેવા કરી છે એનો બદલો અમે કેવી રીતે ચૂકવીશું ' આ મહત્તરાજી મહારાજની મહાનતા હતી.પણ સુજયેષ્ઠાશ્રી મહારાજ કહેતાં, 'મહારાજજી, મેં તો આપની કાંઇ સેવા નથી કરી.'

સુજયેષ્ઠાશ્રી મહારાજના કાળધર્મ પછી થોડા સમયમાં પૂ. મહત્તરાશ્રીજી મહારાજે શ્રી વાસુપૂજય આદિ ચાર જિનબિંબ, શ્રી ગૌતમસ્વામિ, ત્રણે ગુરુમહારાજની નાની મૂર્તિ તથા ગુરુવલ્લભની વિશાળ પ્રતિમાની બોલી સંપૂર્ણ કરાવવાનો સંકલ્પ કર્યો. પૂજય મહારાજજીએ એ ભાવના શ્રી સંઘની સામે રાખી. શ્રી સંઘે સહર્ષ સ્વીકાર કર્યો. ૧૩ એપ્રિલ ૧૯૮૯ ની સંક્રાન્તિના દિવસે બધી બોલીઓ સંપૂર્ણ થઇ. પંજાબના તંગ વાતાવરણના કારણે વિશેષ મહાનુભાવો પંજાબથી આવી ન શકયા. છતાં લોકોનાં ઉમંગ, ઉત્સાહ અને ભાવના અનેરાં હતાં. સૌ મનોમન વિચારી રહ્યા હતાં, પ્રભુભક્તિનો, ગુરુભક્તિનો આવો અનેરો લાભ કોના ફાળે જશે? કોણ પુણ્યશાળી પ્રભુને તથા ગુરુવલ્લભને ગાદી આસીન કરશે? લોકો ખૂબ ઉત્સાહથી બોલી આગળ વધારી રહ્યા હતાં ત્યાં પૂ. મૃગાવતીશ્રીજી મહારાજે પોતાના હૃદયની ભાવના વ્યક્ત કરી કે, ભાઇઓ મારી ભાવના છે કે કોઇ પણ બોલી સવાલાખ મણથી નીચે ન જવી જોઇએ. પૂ. મહત્તરા મૃગાવતીશ્રીજી મહારાજની અમૃતભરેલી વાણીને સૌએ ઝીલી લીધી અને જોતજોતામાં અડધા કલાકમાં પ્રભુ પ્રતિમાઓ તથા ગુરુપ્રતિમાઓની ૭૨ લાખની બોલીઓ થઇ. આ સૌ મૃગાવતીશ્રીજી મહારાજની સાધના, આરાધના, તપસ્યા, સાચી ગુરુભક્તિ અને નૈષ્ઠિક બ્રહ્મચર્યનો પ્રભાવ હતો. એમની વાણીમાં લક્ષ્મી તથા સરસ્વતીનો વાસ હતો. સૌ આશ્ચર્યચકિત હતાં કે આ કાર્યમાં અદશ્ય રૂપે કોણ મદદ કરી છે! 'મહારાજજી ઉપરથી આપના શાલિભદ્ર મદદ કરી રહ્યા હોય એવું લાગે છે.' ખરેખર પૂજય સુજયેષ્ઠાશ્રીજી મહારાજની ગુરુભક્તિ પણ અલૌકિક હતી. એમાં જરા પણ શંકાને સ્થાન નથી.

આજે પણ એ ત્રણે નિર્મળ આત્માઓના આશીર્વાદથી, એમની નિષ્કામ સેવાભાવનાથી, એમની અસીમ કૃપાથી સૌ કાર્યો સાનંદ સંપન્ન થાય છે. આ વલ્લભસ્મારક મૃગાવતીશ્રીજી મહારાજની અનોખી ગુરુભક્તિનું પ્રતીક બની સૌને દીર્ઘકાળ સુધી આધ્યાત્મિક પ્રેરણા આપતું રહેશે.

એ ત્રણે આત્માઓના ગુણોને જીવનમાં ઉતારવાની શક્તિ પ્રભુ અમને પણ આપો. એમના પાવન પગલે ચાલી અમો પણ આત્માનું કલ્યાણ કરી શકીએ એવી પ્રાર્થના!

# મારી શ્રદ્ધાનું કેન્દ્ર

## ☐ પૂ. સાધ્વી શ્રી સુપ્રજ્ઞાશ્રીજી

ઈ. સ. ૧૯૭૭નું વર્ષ મારી જીવનધારામાં આમૂલ પરિવર્તન લાવનાર વર્ષ બની રહ્યું. જેનું શ્રેય મારી શ્રદ્ધાના કેન્દ્રરૂપ પરમ પૂજ્ય જૈન ભારતી, કાંગડા તીર્થોદ્ધારક, વલ્લભસ્મારકપ્રણેતા મહત્તરા શ્રી મૃગાવતીજી મહારાજને જાય છે.

લુધિયાણામાં ચાતુર્માસ પ્રવેશ પછી લગભગ ૧૫ દિવસ પછી મને પૂજ્ય મહારાજશ્રીની વાણી સાંભળવાનો અવસર પ્રાપ્ત થયો હતો. એ પહેલાં માત્ર બે વખત એમનાં દર્શન પામી હતી. હું દરરોજ વ્યાખ્યાન સાંભળવા જતી અને વ્યાખ્યાન પૂર્ણ થયે તરત ચાલી જતી. મધુર વાણી અને તેજસ્વી વ્યક્તિત્વની છાપ મારા મન પર રોજેરોજ અસર કરતી જતી હતી. મનમાં એક વંટોળ ઊઠયો હતો કે, પૂજ્ય મહારાજશ્રી સાથે કંઇ વાત કરું.પર્યુષણ પહેલાં એમણે ગૌતમસ્વામીની છઠ્ઠ કરાવી. એમાં ભાગ લેવાની મને પણ પ્રેરણા થઇ. ઉપવાસને કારણે થોડો સમય ઉપાશ્રયમાં બેસવાની તક પ્રાપ્ત થઇ. થોડી વાર બાદ મેં મહારાજશ્રીને સંકોચ સાથે કહ્યું, ' મારે તમારી સાથે થોડી વાતો કરવી છે,' એમણે બીજે દિવસે મળવાનું કહ્યું. મિલન થયું. દશેક મિનિટ સુધી વાતો થઇ. જીવનનું લક્ષ્ય નક્કી કરવા થોડી સલાહ આપી. એવો કોઇ આગ્રહ જ નહોતો કે દીક્ષા લઇ લો. પરંતુ મારું મન જ બદલાઇ ગયું હતું. દીક્ષાની ભાવના જાગૃત થઇ ગઇ હતી.

આઠ દિવસમાં તો મેં નિશ્ચય કરી લીધો કે, હવે તો દીક્ષા જ લેવી છે.

એમના વ્યકિતત્વની કેવી મહાન અસર હતી ! ખરેખર કોઇ જાદુઇ સ્પર્શ હતો. કાયમી જાદુ.કોઇ અંગત પરિચય નહોતો. અન્ય ત્રણ મહારાજશ્રી સાથે તો કોઇ વાત પણ નહોતી કરી. બસ મનોમન નિશ્ચય થઇ ગયો. અટલ નિશ્ચય કરી લીધો.

એ અટલ નિશ્ચયની કસોટી પણ ખૂબ થઇ. પૂજ્ય મહારાજશ્રીએ પણ કસોટી કરી અને સંસારી પરિવાર તરફથી પણ કસોટી કરવામાં આવી. પરંતુ એ પુણ્યાત્માની, દિવ્યાત્માની એવી અસીમ કૃપા હતી કે, હું નાનકડી, સામાન્ય એમાંથી હેમખેમ પાર ઊતરી ગઇ. સ્વપ્ને પણ કયાં ખ્યાલ હતો કે, પ્રભુનો આ વેશ આ જ જન્મમાં પ્રાપ્ત થશે! જાદુ થઇ ગયો.

હું જેમ જેમ મૃગાવતીજીના સંપર્કમાં આવતી ગઇ તેમ તેમ મારુ મસ્તક શ્રદ્ધાથી ઝૂકતું ગયું. પ્રતીતિ થઇ કે, કેટલું સહજ, સુંદર અને સૌરભપૂર્ણ એમનું જીવન છે ! દીક્ષા પહેલાંના ચાર વર્ષમાં હું માત્ર ત્રણ મહિના માટે જ ઘરે ગઇ હતી. એમની પાસે આવ્યા પછી મને કયારેય કોઇની યાદ જ ન આવી. મૃગાવતીજીએ એટલાં સ્નેહ, મમતા અને વાત્સલ્યનો અનુભવ કરાવ્યો કે આખી દુનિયા સંકોચાઇને એમના ચરણોમાં આવી ગઇ. એમણે જીવન જીવવાની કલા શીખવી. નાનામાં નાનું કામ પણ કઇ રીતે, પ્રેમથી અને ધ્યાનથી કરવું જોઇએ તે શીખવ્યું. એમના પોતાના અનોખા નિયમો હતા. સાધ્વીજીવનની થોડી સ્વીકૃત મર્યાદાઓ પણ હતી. જેની પાછળ એમનું એક મોટું લક્ષ્ય હતું. જે વ્યકિતમાં જે પ્રકારની પ્રતિભા જુએ તેનો વિકાસ કરવા ખૂબ પ્રોત્સાહન આપે. મારો એમ. એ. નો અભ્યાસ એમના પ્રોત્સાહનથી જ પૂર્ણ થઇ શકયો. હું ના- ના કર્યા કરતી, પરંતુ દરેક વખતે પ્રેરણા આપી એ કાર્ય પૂર્ણ કરાવ્યું. આ રીતે અનેક વિદ્યાર્થીઓને અભ્યાસ પૂર્ણ કરવા માટે એમણે પ્રેરણા આપી હતી.

પૂજ્ય મહારાજશ્રી સૌ પર ખૂબ સ્નેહ રાખતાં હતાં. દરેકને એવો અનુભવ હતો કે, તેઓ પોતાને વધુ પ્રેમ કરે છે. તેઓ ખૂબ આનંદી અને મસ્ત સ્વભાવનાં હતાં. ઑપરેશન અને અંતિમ દિવસોમાં તેઓ કેટલી વિરલ સ્વસ્થતાથી જીવ્યાં! દુ:ખ કે વેદનાથી એક લકીર પણ એમના ચહેરા પર શોધી નહોતી મળતી. અંતિમ સમાધિ તો એમના જીવનનું

દર્પણ હતું. એમના ગુણોનું વર્ણન કરવાની મારી પાસે શક્તિ ક્યાં છે? હું તો માટીનું એક કણ છું, શું વર્ણન કરી શકું?

એ મહાન દિવ્ય જ્યોતિ, પ્રકાશપુંજ પૂજ્ય મૃગાવતીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં હું તો એ જ માગું છું કે અમારા જીવનમાં પણ એમના જેવી સમતા, સરળતા, અને સ્વાભાવિકતા આવે. તથા સંયમપથ પર આગળ વધતાં રહીએ.

# મૃગાવતીજી – બીજી મહત્તરા

## ☐ પંડિત દલસુખભાઇ માલવણિયા

જન્મની જાણ થોડા લોકોને જ હોય છે. જેમના મૃત્યુની જાણ થતાં લાખો લોકોનાં મનમાં ઊંડો શોક વ્યાપી જાય તો સમજવું કે તેમનું જીવ્યું સફળ છે. એવું જ સફળ જીવન પૂજ્ય સાધ્વી શ્રી મૃગાવતીજી મહારાજનું હતું. આચાર્ય હરિભદ્રસૂરિએ એક મહત્તરા યાકિનીને અમર બનાવી દીધાં છે. પરંતુ એમના કાર્ય વિશે આપણે એટલું જ જાણીએ છીએ કે, એક બ્રાહ્મણ પંડિતને જૈન ધર્મમાં દીક્ષિત થવા તેઓ નિમિત્ત બન્યાં હતાં. કિન્તુ બીજી મહત્તરા શ્રી મૃગાવતીજીનાં અનેક કાર્યો આપણી સમક્ષ છે. એમનું જીવન આપણી વચ્ચે વીત્યું છે અને એમના પ્રભાવને આપણે પ્રત્યક્ષ જાણીએ છીએ.

સૌરાષ્ટ્રમાં રાજકોટની પાસે સરધારમાં એમનો જન્મ થયો, પરંતુ દીક્ષિત થયા બાદ પશ્ચિમ ભારતથી પૂર્વમાં કલકત્તા સુધી અને ઉત્તર- દક્ષિણમાં એમને કોણ નથી ઓળખતું ? સાઠ વર્ષના આયુષ્યમાં અડતાલીસ વર્ષના દીક્ષાપર્યાય દરમ્યાન તેઓ સમસ્ત ભારતમાં વિચર્યાં હતાં. તેઓ જેમના પણ પરિચયમાં આવ્યાં, તેમના મન પર ઊંડી છાપ પાડી ગયાં. ગુજરાતી સાધ્વી હોવા છતાં પણ પંજાબમાં એમનો પ્રભાવ અનુપમ રહ્યો છે.

પૂજ્ય મહત્તરા મૃગાવતીજીનો નિકટ પરિચય મને પહેલી વાર લગભગ ચાલીસ વર્ષ પહેલાં આગ્રામાં એમની માતા અને ગુરુણી પૂજ્ય શીલવતીજીની શિષ્યા રૂપે થયો હતો. પૂજ્ય શીલવતીજી જેવાં તેજસ્વી અને પ્રભાવક જૈન સાધ્વી દુર્લભ છે. એમણે જે સમુદાયમાં દીક્ષા લીધી હતી ત્યાનું વાતાવરણ ઉચિત ન લાગવાથી પૂજ્ય વલ્લભસૂરિજીના સમુદાયમાં રહેવાનું એમણે સ્વીકાર્યું હતું. પૂજ્ય શીલવતીજીએ પંડિત સુખલાલજીને પૂછયું હતું કે, શ્રી મૃગાવતીજીને સંસ્કૃત-પ્રાકૃતનો અભ્યાસ કરાવવો છે, તો એ કાર્ય કઇ રીતે કરવું જોઇએ? પંડિતજીએ માર્ગદર્શન આપ્યું અને એ પ્રમાણે પૂજ્ય મૃગાવતીજી ઇ. સ. ૧૯૬૦માં અમદાવાદ આવ્યાં. તે સમયે મેં જોયું કે એમની જિજ્ઞાસાને કોઇ અંત નથી. એક ખંડેર જેવા મકાનમાં એમને રહેવા મળ્યું, પરંતુ એમનું ધ્યાન તો ભણવા તરફ હતું. કષ્ટ તરફ નહોતું. લગભગ ચાર વર્ષ સુધી ત્યાં રહીને પંડિત બેચરદાસજી પાસે જૈન આગમ અને અન્ય મહત્ત્વપૂર્ણ ગ્રંથોનું એમણે અધ્યયન કર્યું. અમદાવાદમાં જ થોડા સમય માટે તેઓ લાલભાઇ દલપતભાઇ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં રહ્યાં ત્યારે અત્યંત નજીકથી એમની જીવનપ્રણાલી જોવાનો અવસર મળ્યો. ત્યારથી હું એમનાથી પ્રભાવિત થયો છું. પરંતુ વિશેષ પ્રભાવિત તો ત્યારે થયો કે જ્યારે હું ૧૯૮૬માં એમના ઉપદેશથી નિર્મિત થનાર વલ્લભ સ્મારકમાં રહ્યો અને એમની જીવનચર્યાનો સાક્ષી બન્યો.

તેઓ સાદાઇ અને સંયમી જીવનની સાક્ષાત મૂર્તિ હતાં. તેઓ ખાદીનાં વસ્ત્રો પહેરતાં હતાં અને તેઓ એવા ગૃહસ્થો પાસેથી જ ખાદી વહોરતાં કે જેઓ પોતે ખાદી પહેરતાં હોય. મેં નજરોનજર જોયું કે, આત્મા અને શરીરની ભિન્નતાને માનનાર વ્યક્તિ કેવી હોય છે. વાતો તો ઘણાં લોકો કરે છે, પરંતુ જીવનમાં એ ભેદને સાક્ષાત કરવો એ કઠણ કામ છે. આત્મબળ પણ શું અને કેવું હોય છે તેનો સાક્ષાત્કાર પણ મને મહત્તરા મૃગાવતીમાં થયો છે. આવેલ ડૉક્ટરને પાછા મોકલવાની તાકાત પણ એમનામાં મેં જોઇ છે. શરીર પ્રત્યે આવી નિરપેક્ષતા જોવાનું દેવોને પણ દુર્લભ છે. એ હું જ્યારે મહત્તરાજીમાં જોઇ શકયો ત્યારે મારું મન વધુ પ્રભાવિત થયું હતું.

અનેક લોકોનો તેમના પ્રત્યે ભકિતભાવ હતો, પરંતુ એમનામાં જે નમ્રતા મેં જોઇ તે અન્યત્ર દુર્લભ છે. વલ્લભ સ્મારક જેવા મહાન કાર્યના નિમિત્ત બનવા છતાં તેમનામાં અહંકારનો લેશ અણસાર પણ જોવા નહોતો મળતો. એમનું વ્યકિતત્વ કેવું અદ્ભુત હતું!

પોતાના ભકતો પ્રત્યે જે વાત્સલ્ય એમનામાં હતું તે તો એમની અનુપમ દેણગી છે. સદાય હસતા ચહેરાનો એટલો પ્રભાવ હતો કે, એમની વાતને કોઇ ટાળી નહોતું શકતું. કોઇને પણ ઉપદેશ આપવો હોય અને એની પાસેથી કંઇ કરાવવું હોય તો તે માટે એમની પોતાની જ નોખી પધ્ધતિ હતી. સામેની વ્યકિત કેટલું કરી શકશે તે જાણ્યા બાદ જ વાત કરવી એ એમનો સ્વભાવ હતો. બાળકો સાથે બાલભાવથી, વાત્સલ્યથી વાતો કરવી એમની પ્રક્રિયા હતી. મોટેરાંઓ સાથે પણ પ્રેમભાવથી વાતો કરતાં હતાં. નાની કે મોટી ભાગ્યે જ કોઇ વ્યકિત એવી મળે જેણે એમની વાત સ્વીકારી ન હોય.

કોઇ મોટું કાર્ય કર્યા પછી પણ પોતાના અહંકારોને પુષ્ટ કર્યા વગર યશની વહેંચણી કરવી એ એમનો સ્વભાવ હતો. કાંગડા જેવા તીર્થનો ઉદ્ધાર કર્યા પછી પણ પોતે કંઇક કર્યું છે એવો અહંભાવ એમણે કદી નહોતો દેખાડયો. અન્ય કોઇ હોય તો આ વાતને ફરી ફરી ગાઇ વગાડીને જાહેર કરતાં થાકે જ નહિ. પરંતુ મેં તો એક વખત પણ આવા મહત્તમ કાર્યની વાત એમના મોઢે સાંભળી નથી. મારે માટે તો આ આશ્ચર્યની જ વાત છે.

સામાજિક અને ધાર્મિક સુધારણાનાં કાર્યો કરતાં કરતાં પણ પોતાના નિત્યક્રમનાં ધ્યાન અને સ્વાધ્યાયને એમણે કયારેય અનિયમિત ન બનાવ્યાં. પોતાના આત્માની પ્રાપ્તિનું ધ્યેય એમણે કદી છોડયું ન હતું,તે એમના અંતિમ દિવસોની જીવનચર્યા જોઇ- સાંભળી કહી શકાય એમ છે.

પૂજ્ય મહત્તરાજીની સૌથી મોટી વિશેષતા એ હતી કે, તેઓ શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયનાં એક સાધ્વી હતાં, છતાં એમનામાં કોઇ સાંપ્રદાયિક સંકુચિત ભાવ નહોતો. એમના ભકતોમાં બધા ધર્મો અને સંપ્રદાયના લોકો હતા.

પૂજ્ય મહત્તરાજીને સાચી શ્રદ્ધાંજલિ એ જ હશે કે, એમણે શરૂ કરેલ કાર્યોને આપણે સૌ સુચારુ રીતે પૂરાં કરીએ. મને વિશ્વાસ છે કે, વલ્લભ સ્મારકનું કાર્ય જેમના હાથોમાં છે તે અવશ્ય પૂરું થશે.

પૂજ્ય મહત્તરાજીએ પોતાની શિષ્યાઓને એટલું સારું શિક્ષણ આપ્યું છે કે, તેઓ પણ ભવિષ્યમાં એમનું સ્થાન લેશે એવી આશા છે.

પ્રભુ મહત્તરાજીના આત્માને શાંતિ અર્પે!

# જિનશાસનની અનન્ય વિભૂતિ મહત્તરા સાધ્વીશ્રી મૃગાવતીજી

□પં. હીરાલાલ દુગ્ગડ

જૈન ધર્મમાં જાતિ, વર્ણ, દેશ, કે જન્મ સ્થળનું કોઇ મહત્ત્વ નથી. એમાં તો સમ્યગ્-દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપોમય જીવનની મર્યાદાઓ આત્મસાત્ કરી અધ્યાત્મ જીવનને ઉત્કૃષ્ટ બનાવવાનું જ મહત્ત્વ છે.

સાધ્વી મૃગાવતીજી પોતાની વિલક્ષણ પ્રતિભાને કારણે જૈન દર્શનના જ્ઞાન અને સ્વાધ્યાયના ક્ષેત્રમાં અવિરત પ્રગતિ કરવા લાગ્યાં. અમદાવાદમાં શેઠ કસ્તુરભાઇ લાલભાઇના સહયોગથી છોટેલાલ શાસ્ત્રી, પંડિત બેચરદાસ દોશી, પંડિત સુખલાલજી અને આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ જેવા પ્રકાંડ વિદ્વાનો પાસે ભગવતી સૂત્ર વગેરે ૪૫ આગમોનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. મહત્તરાજી હમેશાં ઉચ્ચસ્તરના અભ્યાસ માટે વિદ્વાનો સાથે સંપર્કમાં રહેતાં જ હતાં. અન્ય સંપ્રદાયના મનીષી વિદ્વાનો પાસેથી પણ તેઓ નિઃસંકોચ જ્ઞાનાર્જન કરતાં હતાં.

ઇ.સ. ૧૯૫૭માં એમનું ચોમાસું લુધિયાણામાં હતું. તે સમયે પંજાબમાં સ્થાનકવાસી સંપ્રદાયના આચાર્યશ્રી આત્મારામજી જૈન આગમોના પ્રકાંડ વિદ્વાન માનવામાં આવતા હતા. મૃગાવતીજી શાસ્ત્રાભ્યાસ માટે એમની પાસે સ્થાનકમાં જઇ જ્ઞાન ગ્રહણ કરતાં હતાં. ચૈત્ય (જિન પ્રતિમા)નો આગમોમાં નિર્દેશ હોવાથી આચાર્યશ્રીની માન્યતા એના અન્ય અર્થોથી વિપરીત હોવાથી બન્ને વચ્ચે ચર્ચા થતી. એ રીતે ગહન ગંભીર વિષયોની જિજ્ઞાસાઓનું સ્પષ્ટીકરણ થતું રહેતું. મૃગાવતીજીની વિલક્ષણ બુદ્ધિથી પ્રભાવિત થઇ આચાર્યશ્રી એમને 'જૈન ભારતી'ના નામે સંબોધન કરતા. અને આચાર્યશ્રીના આગમજ્ઞાનથી પ્રભાવિત થઇ મૃગાવતીજી એમને 'આગમમૂર્તિ'ના નામે સંબોધન કરતા.

(નોંધઃ- આજે એવી માન્યતા દઢ થઇ ગઇ છે કે, જૈન સાધ્વી આગમોનો અભ્યાસ ન કરી શકે. પરંતુ જયારે આપણે પ્રાચીન જૈન સાહિત્ય જોઇએ છીએ તો જાણવા મળે છે કે, સાધ્વીઓ અગિયાર અંગોનો સ્વાધ્યાય કરતી હતી અને એ સાંભળતાં સાંભળતાં પાસે પારણામાં ઝૂલતા બાળક વજ્રને અગિયાર અંગોનું જ્ઞાન પ્રાપ્ત થઇ ગયું હતું. આગમોમાં આવતા વર્ણન પરથી સ્પષ્ટ થાય છે કે, સાધ્વીઓ પણ આગમનો અભ્યાસ કરતી હતી.)

મૃગાવતીજી માત્ર જૈનદર્શનનાં જ જ્ઞાતા ન હતાં. બ્રાહ્મણ, બૌદ્ધ, ખ્રિસ્તી, શિખ, ઇસ્લામ વગેરે ધર્મોના સાહિત્યની જાણકારી પણ એમણે મેળવી હતી. ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય અખબારો અને સામયિકોનું ધ્યાનપૂર્વક વાંચન તેઓ કરતાં હતાં.

તેઓ બપોરના એક વાગ્યાથી સાંજના ચાર વાગ્યા સુધી એકાંતમાં મૌનપૂર્વક સ્વાધ્યાયમાં લીન રહેતાં હતાં. આવા આચરણથી એમનું જ્ઞાન સૂર્યપ્રકાશની જેમ પ્રકાશિત થતું ગયું, જેથી એમનું જન્મનામ 'ભાનુમતી' સાર્થક થયું. એમની જ્ઞાનગરિમા અને નિરતિચાર ચારિત્ર-પાલનથી પ્રભાવિત થઇ શાંતમૂર્તિ વિજય સમુદ્રસૂરીશ્વરજી મહારાજે એમને 'જૈનભારતી'ની પદવીથી વિભૂષિત કર્યાં હતાં.

વિભિન્ન ધર્મો, ધર્મ દષ્ટિઓ, લોકવ્યવહાર, રાષ્ટ્રીય ગતિવિધિ વગેરેનો વિસ્તૃત અભ્યાસ તથા ચિંતન કરવાથી એમની દષ્ટિમાં વિશાળતા આવી હતી.

સમન્વય સાધનાર અનેકાન્ત દષ્ટિની કળા એમને પ્રાપ્ત થઇ હતી. એના પરિણામ રૂપે એમનામાં એકાન્ત કે કદાગ્રહના સ્થાન પર સમદષ્ટિ-સમતાભાવ જાગૃત થયાં હતાં. રાગ-દ્વેષ દૂર થઇ ગયા હતા. મૃગાવતીજીની માન્યતા હતી કે મતમતાંતર, કદાગ્રહ, તત્ત્વવાદની ખેંચતાણ કે તર્ક-વિતર્કના વિતંડાવાદમાં આત્મકલ્યાણ નથી. કષાય અને રાગ-દ્વેષને ત્યજી દેવાથી અને સમતાભાવને ધારણ કરવાથી આત્મકલ્યાણ થાય છે.

એમણે એ શ્રદ્ધાને પોતાના આચરણમાં સારી રીતે આત્મસાત કરી સફળતા પ્રાપ્ત કરી, જેના પ્રભાવથી તેઓ બધા લોકોના માર્ગદર્શક બની શકયાં. વિશાળ દષ્ટિકોણથી એમણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અનુકૂળ જિનશાસનની પ્રભાવનાનાં કાર્યોમાં પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું.

મૃગાવતીજીની જ્ઞાનદૃષ્ટિ, ધર્મભાવના અને ચારિત્ર્ય સંપદાથી પ્રભાવિત થઇ આચાર્ય ભગવંત અને સમસ્ત સંઘે એમને પદવી પ્રદાન કરવા પ્રયત્નો કર્યા અને એ માટે એમની અનુમતિ મેળવવા વારંવાર આગ્રહ કર્યો. પરંતુ એમણે સ્વીકૃતિ ન આપી અને એમ કહી વાત ટાળી દીધી કે, 'મને પદવીઓથી ભારેખમ ન બનાવો. પદવીઓ સ્વીકારવા માટે હું મને પોતાને અસમર્થ સમજું છું. તમે મારા માટે એવી પ્રાર્થના કરો કે, હું ભવોભાવ આજીવન જિનશાસનની સેવા કરી શકું એવી શક્તિ મને મળો.'

છતાં પણ ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્ય શ્રી વિજયેન્દ્રદિન્નસૂરિ મહારાજે વિ.સ. ૨૦૩૫માં કાંગડા પ્રાચીન મહાતીર્થની તળેટીની જૈન શ્વેતાંબર ધર્મશાળામાં મૃગાવતીજીને 'કાંગડા તીર્થોદ્ધારિકા અને મહત્તરા'ની પદવીથી અલંકૃત કર્યાં. પોતાની ઇચ્છા ન હોવા છતાં પણ શાસનનાયક આચાર્યશ્રીની આજ્ઞાને શિરોમાન્ય કરી એમણે પદવી સ્વીકારી. ગુરુઆજ્ઞાને ના પાડી શકાય એમ હતું જ નહિ.

વિ.સં. ૨૦૦૯માં મૃગાવતીજીએ કલકત્તામાં ચાતુર્માસ કર્યું અને ત્યાં એક ધર્મ પરિષદમાં એમણે જૈન ધર્મનું પ્રતિનિધિત્વ કરી વિદ્વતાપૂર્ણ અને હૃદયસ્પર્શી પ્રવચન આપ્યું. એ પ્રવચનથી ઉપસ્થિત વિદ્વાનો ઘણા જ પ્રભાવિત થયા. યુગવીર આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિએ એમની જ્ઞાનપ્રૌઢતાને પિછાણી લઇ કલકત્તામાં સાધુવૃન્દની હાજરીમાં સંઘ સમક્ષ પ્રવચન આપવા અનુમતિ આપી.

આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિની આજ્ઞાથી એમણે પંજાબ તરફ વિહાર કર્યો. રસ્તામાં પાવાપુરી, સમેતશિખર, રાજગૃહી, ચંપાપુરી, ક્ષત્રિયકુંડ, ગુણિયાજી વગેરે તીર્થોની યાત્રા કરી. ૯૦૦ કિલોમીટરનો પગપાળા વિહાર કરી તેઓ પંજાબ પધાર્યાં અને અંબાલા શહેરમાં ચાતુર્માસ કર્યું.

પૂ. મૃગાવતીજી જે સ્થળે વિરાજમાન હોય ત્યાં એમને મળવા કોઇ વિદ્વાન આવે તો તે વિદ્વાનની વિદ્વતાનો લાભ સંઘને પણ મળે એ તેઓ ખાસ જોતાં.

સન ૧૯૭૫માં મેરઠ પાસેના સરધના નગરમાં ચાતુર્માસ કર્યું ત્યારે ત્યાંના ઉપાશ્રય અને મંદિરના જીર્ણોદ્ધારના કાર્ય માટે એમણે પ્રેરણા આપી અને આબાલવૃદ્ધ સૌમાં ધર્મસિંચન કર્યું. ચાતુર્માસ દરમ્યાન સંઘ ઉપર ખર્ચનો બોજો ન પડે તે ખાસ લક્ષમાં રાખ્યું. હું એમના દર્શનાર્થે ત્યારે ત્યાં ગયો તો એક સપ્તાહ રોકાઇ જવા આગ્રહ કર્યો અને દિવસના પ્રવચનમાં બોલવા તથા રાતે જિજ્ઞાસુઓની શંકાઓનું સમાધાન કરવા કહ્યું. આ રીતે સંઘમાં ધર્મભાવના વધે તે માટે તેઓ સદાય ઉત્સુક રહેતાં.

પૂ. મૃગાવતીજીએ પોતાની જાતને આચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના ચરણકમલમાં સમર્પિત કરી દીધી હતી. મહત્તરાજી પણ ગુરુ મહારાજની જેમ નિવૃત્તિ અને પ્રવૃત્તિના સિદ્ધાંતોને લક્ષમાં રાખી સંઘ ઉત્થાનમાં લાગી ગયાં હતાં.

સંઘમાં સંગઠન મજબૂત કરવા શ્રી આત્માનંદ જૈન મહાસભા (ઉત્તર ભારત)ના અધિવેશનનું એમણે આયોજન કરાવ્યું હતું.

દહેજપ્રથા, વિવાહ-લગ્નના નિરર્થક ખર્ચ, આડંબર વગેરે નકામા ખરચના નિવારણ માટે એમણે પ્રયત્નો કર્યા હતા. યુવક-યુવતીઓને દહેજ ન લેવા, ન દેવા માટે પ્રતિજ્ઞા લેવડાવી હતી. ધાર્મિક શિક્ષણ શિબિરોમાં મહિલાઓ, પુરુષો,

યુવાનો અને બાળકોમાં ઉત્તમ સંસ્કારો ગતિશીલ થાય એવું એમણે આયોજન કર્યું હતું. ધાર્મિક અને રાષ્ટ્રીય સેવા માટે મહિલા મંડળો અને યુવા સંગઠનોની એમણે સ્થાપના કરાવી હતી. વિધવાઓ અને સાધારણ સ્થિતિના ગૃહસ્થોને સહયોગ આપવા સાધર્મિક ફંડની સ્થાપના કરાવી હતી. ગુરુદેવ દ્વારા સ્થાપિત શિક્ષણ સંસ્થાઓનો ઉદ્ધાર કર્યો હતો. જૈન ધર્મના બધા સંપ્રદાયો વચ્ચે એકતા સ્થાપવા એમણે સફળ પ્રયાસો કર્યા હતા. એમની વચનસિદ્ધિના પ્રભાવથી અનેક લોકોનો ઉદ્ધાર થયો હતો.

પૂજ્ય આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિએ વલ્લભસ્મારકને મૂર્ત રૂપ આપવાના પ્રયાસોને ગતિ આપવાની જવાબદારી પૂ. મૃગાવતીજીને સોંપી. પૂ. મૃગાવતીજીની પ્રેરણાથી શ્રી સંઘ દિલ્હીએ કરનાલ રોડ ઉપર વીસ એકર જમીન ખરીદી અને નિર્માણ કાર્ય શરૂ કર્યું. ભારત અને ભારત બહારના જૈનોના સહયોગથી આ કાર્ય ઝડપથી આગળ વધી રહ્યું છે.

મહત્તરાજીએ પોતાની દીર્ઘદૃષ્ટિ અને વિચક્ષણ બુદ્ધિપ્રતિભાથી સ્મારક નિર્માણના કાર્યમાં એવા નિઃસ્વાર્થ અને કુશળ યુવાનોને જોડી દીધા કે જે આ કાર્યને પૂર્ણ વેગથી પાર પાડી શકે. દિલ્હીનિવાસી લાલા ખૈરાયતીલાલ પાસેથી એમના પુત્ર રાજકુમારજીને આ કાર્ય માટે માગી લીધા. શ્રી રાજકુમારજી દેવ, ગુરુ, ધર્મ અને પિતાજીના આજ્ઞાકારી ભક્ત છે. વ્યાપારમાં રચ્યાપચ્યા હોવા છતાં સ્મારકના કાર્યમાં નિઃસ્વાર્થભાવથી માનદ મંત્રી તરીકે સેવા આપી રહયા છે.

શેઠ શ્રી પ્રતાપભાઇ ભોગીલાલ લહેરચંદ અને ગુરુ આત્મવલ્લભના અનન્ય ભક્ત શ્રી શૈલેશભાઇ હિમ્મતલાલ કોઠારીને આ સંસ્થામાં જોડીને મહત્તરાજીએ પોતાની દીર્ઘ દૃષ્ટિનો પરિચય આપ્યો છે.

સાધુ-સાધ્વીનું પહેલું કામ પોતાની જાતને સુધારવાનું હોય છે. જાતને સુધારવી એટલે અંદરના દોષોનું નિવારણ કરવું.

મહત્તરાજીએ એવું સમતાપૂર્ણ આચરણ કરી એક આદર્શ રજૂ કર્યો છે. દરરોજ કલાકો સુધી ધ્યાનમાં તલ્લીન રહેવું. એકાંતમાં મૌનસાધનામાં મગ્ન રહેવું. એટલે જ મૃગાવતીજી ચાતુર્માસનું સ્થળ પણ એકાંત અને શાંત હોય તેને પસંદ કરતાં હતાં. ઇ.સ. ૧૯૭૭માં હિમાચલ પ્રદેશના કાંગડા નગરની મહાભારતકાલીન પ્રાચીન જૈન શ્વેતાંબર ધર્મશાળામાં એમણે ચાતુર્માસ કર્યું. ત્યાં જૈન ધર્મીનું એક પણ ઘર ન હતું. અહીં આઠ માસ સુધી રહી દૂર નિર્જન સ્થળમાં એકાંત આરાધનાની સાથોસાથ એ મહાન તીર્થનો એમણે ઉદ્ધાર કર્યો. પ્રભુની પૂજા અને પ્રક્ષાલ દરરોજ કરવાની સરકાર પાસેથી રજા મેળવી, કારણ કે, ઘણાં વર્ષોથી આ તીર્થ પુરાતત્ત્વ વિભાગના કબજા હેઠળ હોવાથી અગાઉ માત્ર ફાગણ સુદ ૧૩, ૧૪, અને ૧૫ના જૈનોને પૂજા અને પ્રક્ષાલની છૂટ મળતી હતી.

આત્મ આરાધના વડે એમણે આત્મા અને દેહની ભિન્નતાને પૂર્ણ રીતે જાણી લીધી હતી. એટલે અંતિમ સમયે કોઇ પણ વ્યક્તિનું લોહી પોતાના શરીરમાં જાય એ માટે એમણે સંમતિ ન આપી. અને કહયું કે, મેં આજીવનનિરતિચાર બ્રહ્મચર્યવ્રતની આરાધના કરી છે. ત્યારે પાસે બેઠેલ બ્રહ્મચારિણી શિષ્યા સાધ્વીશ્રી સુવ્રતાજીએ પોતાનું લોહી આપવાની વાત કરી, તો એમણે કહ્યું, 'તમારી આરાધના, સાધના કદાચ મારાથી પણ ઊંચી હોય. એટલે હું એમ પણ થવા ન દઉં. કોણ કહે છે, હું અસ્વસ્થ છું. આ નશ્વર શરીરનું રક્ષણ કરવાનું કોઇ પ્રયોજન નથી.

મને હૉસ્પિટલમાં લઇ જવા કોઇ વાહનનો ઉપયોગ ન કરજો. હું પગપાળા વિહાર વ્રતનો ભંગ કરવા નથી ઇચ્છતી. થોડાં વર્ષો પહેલાં મારા ઓપરેશન માટે ત્રણ કિલોમીટરનું અંતર પાંચ જગ્યાએ વિસામો લઇને મેં પૂરું કર્યું હતું. મને સ્ટ્રેચર ઉપર પણ ન લઇ જવામાં આવે તે જોશો.'

જયારે કલકત્તાથી પંજાબ તરફ પ્રથમ વખત તેઓ આવી રહ્યાં હતાં ત્યારે ગુરુણી શીલવતીજી, પોતે મૃગાવતીજી અને શિષ્યા સુજયેષ્ઠાજી ત્રણે ગુજરાતી સાધ્વીઓ હતી. પંજાબથી એકદમ અપરિચિત હોવાથી પંજાબી જૈન ગૃહસ્થો

સાથે આરંભમાં સમજવામાં થોડી તકલીફ પડી. એકાદ વર્ષમાં પરસ્પરનો વ્યવહાર સમજાઇ ગયો. સમયે પલટો ખાધો અને પંજાબી જૈન ભક્તોમાં મૃગાવતીજીનું સવિશેષ સ્થાન કાયમ થયું. એમણે પણ પોતાના પૂજ્ય ગુરુદેવની જન્મભૂમિ અને દીક્ષાભૂમિને પોતાની બનાવવામાં ગૌરવ અનુભવ્યું.

મૃગાવતીજીની જયેષ્ઠ શિષ્યા સેવાભાવી, સરલસ્વભાવી પૂજ્ય સુજયેષ્ઠાશ્રીજી ખેરાલુ પાસેના સીપોર ગામના હતાં. સને ૧૯૪૯માં એમણે દીક્ષા અંગીકાર કરી હતી. સુજયેષ્ઠાજીએ પોતાની ગુરણી મૃગાવતીજીની ૪૦ વર્ષ સુધી અનન્યભાવે સેવા કરી. મૃગાવતીજીથી પહેલાં જ આઠ માસ પૂર્વે તેઓ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાં હતાં.

વિ.સં. ૨૦૧૯માં હિન્દી અને સંસ્કૃતના પંડિતા પૂ. સુવ્રતાજીએ એમની પાસે દીક્ષા લીધી. મુંબઈમાં કચ્છના નાનજી ધારશી છેડાની પુત્રીએ દીક્ષા અંગીકાર કરી જેમનું નામ સુયશાશ્રીજી રાખવામાં આવ્યું. ફરી પંજાબ આવ્યાં ત્યારે સુપ્રજ્ઞાશ્રીએ દીક્ષા અંગીકાર કરી.

વલ્લભસ્મારકના ગ્રંથભંડારમાં લગભગ અગિયાર હજાર હસ્તલિખિત પોથીઓ છે. એ બધી પાકિસ્તાન અને સમસ્ત પંજાબમાંથી પ્રાપ્ત કરવામાં આવી છે. આ પ્રતોનું કેટલૉગ તૈયાર કરવાના કાર્યમાં વિદુષી સાધ્વી શ્રી સુવ્રતાશ્રીજી અને શ્રી સુયશાશ્રીજી કાર્યરત છે. સાધ્વી સુપ્રજ્ઞાશ્રીજી અંગ્રેજી ભાષાના જ્ઞાન વડે વિદેશીઓને પણ જૈન ધર્મ અને જૈન તત્ત્વજ્ઞાન સમજાવી શકે છે.

પોતાના જીવનની અંતિમ અવસ્થાને પામી જઇ, મહત્તરાજીએ પોતાની પાસે આવનાર સૌની સાથે ક્ષમાપના કરી. દૂર દૂર વિચરતા સાધુ-સાધ્વીઓને ક્ષમાયાચનાના સંદેશા મોકલાવ્યા. શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી, તેરાપંથી વગેરે પરિચિત સાધુ-સાધ્વીઓ સાથે પણ ક્ષમાપના કરી.

મૃગાવતીશ્રીજીએ સંથારાના પચ્ચક્ખાણ લઇ, પાંચ કલાક સુધી આત્મધ્યાનમાં લીન રહી પાર્થિવ શરીરનો સંપર્ક છોડી દીધો. ૧૮ જુલાઇ ૧૯૮૬ના સવારના સવા આઠ વાગે ૬૦ વર્ષના આયુષ્યમાં ૪૮ વર્ષ દીક્ષા પર્યાય પાળી તેઓ નિર્દ્વન્દ્વભાવથી સ્વર્ગવાસી થયા.

પ્રભુ મહાવીરની પ્રથમ સાધ્વી સંઘની નાયિકા ચંદનબાલાની શિષ્યા સાધ્વી મૃગાવતી હતાં. એ આદર્શ અને આરાધનાને સાર્થક કરનાર મહત્તરાજી મૃગાવતીશ્રીજી પણ આજે સાધકો પાસે એક ઉદાહરણ મૂકી ગયાં છે.

# આધ્યાત્મિક પગલાંની છાપ

## ☐ જાનકી

(અમેરિકાના ન્યૂયોર્ક રાજયના કૉલ્ડ સ્પ્રીંગ બંદરના રહેવાસી શ્રીમતી જૂન એલ. ફોગ મૃગાવતીજી મહારાજ સાહેબ પાસે વલ્લભ સ્મારકમાં શ્રાવિકા તરીકે એક માસ રહ્યાં હતાં.

આ અમેરિકન ગૃહિણી પૂ. મૃગાવતીશ્રીજીના પરિચયમાં ૧૯૭૬માં આવ્યાં હતાં. આ શ્રદ્ધાંજલિ લેખ એમણે સ્પિરિચ્યુઅલ સેન્ટરમાં લખ્યો હતો.)

જયારે હું વિચાર કરું છું કે, શ્રી મૃગાવતીજી હવે પાર્થિવ રીતે રહ્યાં નથી અને હું એમને ફરીથી એ રીતે મળી શકવાની નથી, ત્યારે હું અંગત રીતે શોકમગ્ન નથી થઇ જતી, કારણ કે, મહારાજશ્રી આધ્યાત્મિક રીતે તો આપણી વધુ નિકટ છે. એમના દિવ્ય આત્માનો અનુભવ કરું છું. આપણે કેટલા બધા ભાગ્યશાળી છીએ કે, એમના પરિચયમાં છીએ, એમને જાણીએ છીએ! એમની નિકટ છીએ અને એમના અસીમ સ્નેહનો સ્પર્શ પામ્યાં છીએ.

૧૯૭૬માં ભારતની યાત્રા દરમ્યાન હું પહેલી વાર મૃગાવતીજીને મળી હતી. મારા પરમ મિત્ર શ્રી રાજકુમાર જૈન મને એમની પાસે લઇ ગયા. મૃગાવતીજીએ મારા જીવન પર કેવો મોટો પ્રભાવ પાડયો તેનો અંદાજ મને તે વખતે તો ન આવી શકયો. પરંતુ ૧૯૮૧માં એમને ફરીથી મળવા હું સદ્‌ભાગી થઇ. જેવી હું એમની પાસે બેઠી કે એમણે મારી આંખોમાં પ્રેમપૂર્વક જોયું અને પછી પોતાને માટે કહ્યું, 'હું પૂર્ણ નથી.' બસ એટલું જ. એમની નમ્રતા, સચ્ચાઇ અને માનવપણું જાણે એ પ્રગટ કરી રહ્યાં હતાં. મને એ વાત અંદરથી સ્પર્શી ગઇ. મારા માટે તેઓ ત્યારથી સહયાત્રી, ગુરુ અને મિત્ર બની ગયાં. 'હે ભવ્ય પ્રિય આત્મા! તમને હું નમસ્કાર કરું છું.' મારામાં શ્રદ્ધા મૂકવા માટે તમારો હૃદયપૂર્વક આભાર માનું છું. ખૂબ અંતરના ઊંડાણથી તમારી પ્રશંસા કરું છું. ભવ્ય રીતે નિખરવામાં તમે ખૂબ મદદ કરી છે હું તમને વંદન કરું છું. મત્થેણ વંદામિ.

હું જે કાંઇ કરું છું, જે કાંઇ વિચારું છું, તેમાં હું તેમને મારાં માર્ગદર્શક, મારાં સલાહકાર અને મારાં પ્રેરક તરીકે જોઉં છું. હું માનું છું કે, હજી તેઓ મારી સાથે જ છે, તમારી સાથે છે, બધાંની સાથે છે.તેમનું તેજસ્વી પ્રેમાળ સ્મિત હજી મારી સ્મૃતિમાં તરવરે છે. હમણાં આ લખું છું ત્યારે મારું હૈયું ભરાઇ આવે છે. કદાચ અત્યારે પણ તેઓ આપણાંમાંનાં પ્રત્યેકને આપણાંથી બનતું શ્રેષ્ઠ કાર્ય કરવાની અને આપણા માર્ગમાં જે કંઇ આવે તે સ્વીકારવાની પ્રેરણા આપતાં હશે. તેમનો સ્નેહ શુદ્ધ અને નિઃસ્વાર્થ હતો. એમણે મને એક વાર કહ્યું હતું : 'દરેકને સમાન રીતે ચાહો દરકે માટે સમાન રીતે કાર્ય કરો.' તેઓ દંભી માણસના દંભને તરત પારખી શકતાં હતાં. પરંતુ તેઓ તેનામાં રહેલા ગુણને જ ગ્રહણ કરતાં હતાં. આત્મનિરીક્ષણ કરવામાં તેમણે મને મદદ કરી હતી. જેવી છું તેવી મારી જાતને ચાહવા તેમણે મને શકિતમાન બનાવી હતી. તેમના મારી તરફના વિશ્વાસ અને પ્રેમે મને મારાં ગૌરવ અને હામ પાછાં અપાવ્યાં હતાં. મારા માર્ગમાં આવતી સૌ વસ્તુઓનો સ્વીકાર કરવા તેમણે મને મદદ કરી હતી, મને ખાતરી છે કે મારી જેમ ઘણાંને તેમના અદ્વિતીય દૃષ્ટાંત રૂપ સ્વભાવની મદદ મળી હશે. મારી શંકાઓનું તેમણે સમાધાન કર્યું હતું. અને સદાય જૈન માર્ગમાં મારો વિશ્વાસ કાયમ કર્યો હતો. તેમનું નિઃસ્વાર્થ, પરોપકારી અને પ્રેરક જીવન આજે પણ સૌને માટે માર્ગદર્શક બની રહ્યું છે. જયારે અંધારાં આવી ઊભાં રહે છે, મને ખબર છે કે ત્યાં પ્રકાશ પણ છે. આદર્શ રીતે મારું જીવન વિતાવવા હું તેમનો નમ્ર સાથ સદાય ચાહું છું. હું વીતેલા સમય ભણી નિહાળું છું તો મારું હૈયું ફરીથી ભરાઇ આવે છે. હું ત્યારે ઘણી બીમાર હતી. તેમણે મને ખૂબ જ સ્નેહ અને અનુકંપાથી પોતાના બાહુમાં લીધી હતી. તેઓ પોતે પણ ત્યારે ઘણાં બીમાર હતાં. પોતાનાં બધાં શારીરિક દર્દ વચ્ચે પણ તેઓ સ્મારકના કાર્ય માટે દિવસભર કાર્યરત રહેતાં હતાં. ઓહ ! મૃગાવતી મહારાજ ! અમે કયારે એ ઊંચાઇને આંબીશું? મને જાણે પ્રભુનો સાદ સંભળાય છે:

મૃગાવતીજી! તમે ઘણું સારું કર્યું છે ઘણું સારું કર્યું છે!"

તેઓ પોતાનો દિવ્ય વારસો આપણને સૌને અને વિશેષ રૂપે શ્રી સુવ્રતાજી મહારાજ, શ્રી સુયશાજી મહારાજ અને શ્રી સુપ્રજ્ઞાજી મહારાજને આપી ગયાં છે.

પૂજ્ય સાધ્વી ભગવંતોને મારા મત્થેણ વંદામિ.

અંતરના આદર સાથે– જાનકી

# સાધ્વીરત્ન પૂજ્ય શ્રી મૃગાવતીશ્રીજી

## ☐ કાન્તિલાલ ડાહ્યાભાઈ કોરા

વિશ્વમંગલની પુનિત ભાવનાના ઉપદેશક પરમ પૂજ્ય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના સાધ્વીગણમાં અગ્રગણ્ય, અનેરાં સાધ્વીરત્ન જૈનભારતી મહત્તરા સાધ્વીરત્ન પૂજ્યશ્રી મૃગાવતીશ્રીજી મહારાજશ્રીજીના સમાધિપૂર્વક વલ્લભસ્મારક સ્થળે કાળધર્મ પામ્યાને દોઢ વર્ષ પૂરું થવા આવ્યું. સમય તો નદીના વહેણ કરતાં પણ વધુ ઝડપે પસાર થઇ જાય છે અને છતાં વાત્સલ્યની વીરડી સમાં એ સાધ્વીજીની પુણ્યસ્મૃતિ અંતર ઉપરથી જરાય ઓછી કે આછી થઇ નથી. આ છે પરમપૂજ્ય સાધ્વીજી મહારાજની સૌનું હિત વાંછવાની અને ભલું કરવાની ધર્મબુદ્ધિનો પ્રભાવ.

મહત્તરા મૃગાવતીશ્રીજીના જીવનના માનદંડને નીરખીએ છીએ ત્યારે એમ લાગે છે કે જગતના આ બાગને ભાવનાનાં વૃક્ષો અને ત્યાગનાં પુષ્પોથી સુશોભિત રાખનાર આવા સાધ્વી મહારાજો છે. મહાન વિદુષી સાધ્વીજીએ પોતાના જીવનને માટીમાંથી તનના અને મનના તાપે તપીને અત્તર બનાવ્યું હતું. તેઓશ્રીના સાનિધ્યનું મને પરમ સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું. પોતાના ચારિત્ર અને સુશીલતાથી એમણે મને અને મારા પરિવારને તરબતર કર્યાં છે.

આ યુગમાં એક સમર્થ યુગપુરુષ થઇ ગયા, સ્વર્ગસ્થ યુગવીર આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ. તેઓ સમાજકલ્યાણના ચાહક અને પ્રગતિવાંછુ પ્રભાવક સંત હતા. તેમણે પોતાની આજ્ઞામાં રહેતા સાધ્વીસમુદાયના વિકાસ માટે પૂરી અનુકૂળતા કરી આપવાની દીર્ઘદૃષ્ટિ અને ઉદારતા દાખવી હતી. પોતાનો અને પોતાની સાધ્વીસમુદાયનો વિકાસ સાધવા સદા પ્રયત્નશીલ પરમ પૂજ્ય શ્રી શીલવતીશ્રીજી મહારાજ એક વ્યવહારદક્ષ, સદા જાગૃત અને શાસનભક્તિપરાયણ ધર્મગુરુણી હતાં. સાધ્વીજી શ્રી શીલવતીશ્રીજી મહારાજનાં શિષ્યરત્ન મહત્તરા શ્રી મૃગાવતીશ્રીજી મહારાજનું નામ અને કામ ભારતના શ્રી જૈન સંઘમાં ખૂબ જાણીતું છે. સાધ્વીજીવનનો આહ્‌લાદ અનુભવતા હોય એમ મુક્ત મને ત્રણેક દાયકા સુધી બંગાળ, ઓરિસ્સા, બિહાર, ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત વગેરે પ્રાંતોમાં વિહાર કરીને પોતાના આત્મતત્ત્વને અજવાળવા સાથે એમણે ધર્મની પ્રભાવના કરી અને એક કુશળ, કલ્યાણવાંછુ ભાવનાશીલ સાધ્વીજી તરીકે સર્વત્ર સુવાસ પ્રસરાવી હતી. પોતાની પ્રેરણા અને ધર્મદેશનાથી એમણે જૈન ભાઇબહેનો ઉપરાંત અસંખ્ય જૈનેતર મહાનુભાવોને ધર્મના માર્ગે વળાવ્યા છે.

બાલવયમાં દીક્ષિત થઇ ટૂંક સમયમાં વિચક્ષણ બુદ્ધિથી અનેક ધર્મગ્રંથોનું તત્ત્વરહસ્ય તેમણે મેળવી લીધું. એટલું જ નહિ પરંતુ પૂજ્ય આચાર્યદેવોએ અને સંઘના શ્રેષ્ઠિઓએ પણ આ રત્નનું પારખું કરી, તેમને પ્રખર વિદ્વાનો પાસેથી ભાષા, વ્યાકરણ, આગમ અને બૌદ્ધ ગ્રંથો તેમ જ અન્ય ધર્મતત્ત્વોનું તુલનાત્મક જ્ઞાન મળે એવી વ્યવસ્થા કરાવી આપી. જે તક આજે જૈન સમાજમાં ગણીગાંઠી સાધ્વીઓને જ પ્રાપ્ત થાય છે.

મૃગાવતીશ્રીજી એમની સંયમારાધનામાં એટલાં જ તત્પર અને કર્તવ્યપરાયણ હતાં. એમની સ્મરણશક્તિ પણ ખૂબ જ તીવ્ર હતી. ગુજરાતી, હિન્દી, સંસ્કૃત વગેરે ભાષાઓ ઉપર એમનું પ્રભુત્વ અસાધારણ હતું.

ધાર્મિક શિક્ષણના પ્રચાર અને પ્રસાર માટે તેમણે ખૂબ જ જહેમત લીધી હતી. અનેક સંસ્કારી વિદ્યાધામો માટે તેઓ સતત પ્રેરણાદાયી બન્યાં હતાં. જૈનશાસનમાં કોઇ અશિક્ષિત કેમ હોઇ શકે? આ પ્રશ્ન સતત એમની સમક્ષ ઉપસ્થિત રહેતો હતો.

પૂજ્ય આત્મારામજી મહારાજના પૂજ્ય વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના સમુદાયમાં દીક્ષિત હોવા છતાંયે તેમને સંપ્રદાય શબ્દ ક્યાંય નડયો નહોતો. તીર્થોદ્ધારના કાર્યમાં શ્વેતામ્બર-દિગંબર બન્ને ફીરકાઓને પ્રેરણાબળ આપતાં હતાં. દિગંબરનાં પર્યુષણ– દશ લક્ષણી પર્વની પણ તેમણે આરાધના કરાવેલી. જૈનશાસનના સર્વ ફીરકાઓ-પંથોમાં

તેઓશ્રીને સહજપણે સ્થાન મળતું હતું. જાતિભેદ તેમને સ્પર્શતો નહોતો. અન્ય ધર્મી જનસમુદાય પણ ખૂબ જ આદરભાવે તેઓને વંદન કરતો હતો.

આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજસાહેબની ઉદારતા અને દીર્ઘદૃષ્ટિથી આવાં વિદુષી સાધ્વીજી સમાજને મળ્યાં હતાં.

વડોદરામાં સાધ્વી સંમેલનમાં શ્રી મૃગાવતીશ્રીજી મહારાજસાહેબે સાધ્વી સંઘના વિકાસ માટે અને જિનશાસનની સેવા માટે કટિબદ્ધ થવા કહ્યું હતું. આ સંમેલનમાં એમનું બહુમાન પૂજ્ય આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં થયું હતું.

પીડિત શરીરે પણ સતત પ્રવચનો આપવાં કે કાર્યો કરવાં તેમને માટે સહજ હતું. સહનશક્તિની ઉત્તમ સાધનાથી ચારિત્ર્યપાલન તેઓ કરતાં હતાં.

બાળકો અને સ્ત્રીઓનાં તો તેઓ ખરાં હિતચિંતક હતાં. એમની આસપાસ બહેનો અને બાળકો ટોળે વળીને બેઠાં જ હોય અને તેઓ સૌને કંઇક ને કંઇક હિત શિખામણ આપતાં જ હોય. એ દૃશ્ય તો આજે પણ નજર સામે તરવરે છે.

સાધ્વીશ્રી શીલવતીશ્રીજી પોતાની સાધ્વીપુત્રીના અભ્યુદય માટે જીવનભર તપ કરતાં રહ્યાં અને જ્ઞાનચારિત્રની નિર્મળ આરાધના, વ્યાપક અને મર્મસ્પર્શી જ્ઞાનોપાસના દ્વારા શ્રી મૃગાવતીશ્રીજીનો શતદલ કમળની જેમ વિકાસ થાય એ માટે તેઓ જીવંત વાડ બનીને એમની સદાય સંભાળ રાખતાં રહ્યાં હતાં એમ વિના અતિશયોક્તિ કહી શકાય.

શિષ્યો પોતાના ગુરુને સર્વસ્વ માનીને એમનામાં જ પોતાની જાત અને સર્વસ્વને સમાવી દે એવા ગુરુભક્તિના વિરલ દાખલા શાસ્ત્રોમાં નોંધાયા છે અને આજે પણ જોવા મળે છે. પરંતુ પોતાના શિષ્યના અભ્યુદય માટે ગુરુ પોતાની જાતને અર્પણ કરી દે, પોતાનું સર્વસ્વ એમાં જ સમાવી દે અને પોતે જાણે શિષ્યમય જ બની ગયા હોય એ રીતે જ પોતાની સાધનાની અને જીવનની બધી પ્રવૃત્તિઓ ગોઠવે એવું તો કયારેક જ બને છે. આ દૃષ્ટિએ વિચારતાં કહેવું જોઇએ કે, સાધ્વી શ્રી શીલવતીશ્રીજી શ્રી મૃગાવતીજીમય બની ગયાં હતાં. પોતાની શિષ્યા-પુત્રીના વ્યક્તિત્વમાં જ પોતાનું સમગ્ર વ્યક્તિત્વ એમણે સમાવી દીધું હતું.

પંજાબનો પ્રદેશ મૃગાવતીશ્રીજીને હૈયે વસેલો હતો. પંજાબીઓ પણ આ સાધ્વીરત્ન પ્રત્યે અપાર ભક્તિ ધરાવતાં હતાં અને આજે પણ ધરાવે છે.

જેવી લોકપ્રીતિ તેઓએ પંજાબમાં મેળવી હતી એવી જ મુંબઇનાં બે ચાતુર્માસ દરમ્યાન મેળવી હતી. મુંબઇમાં તો એમની એક જ ઝંખના હતી કે, ગરીબ અને મધ્યમ વર્ગના ઉત્કર્ષની ગુરુદેવની ભાવના કેવી રીતે સફળ થાય! આ માટે એમણે યથાશક્તિ પ્રયત્ન પણ કર્યો હતો.

પૂજ્ય મૃગાવતીશ્રીજીનાં શિષ્યારત્નોમાં પણ વિનય, વિવેક, મિતભાષિતા, અધ્યયન પ્રત્યેની રુચિ, સેવાપરાયણતા, નિખાલસતા વગેરે સદ્‌ગુણો જોઇ અંતર ઠરે છે, ચિત્ત આહ્‌લાદ અનુભવે છે.

સંવત ૨૦૨૪માં પૂજ્ય સાધ્વીજી શ્રી શીલવતીશ્રીજી મુંબઇમાં સમાધિપૂર્વક સ્વર્ગવાસી થયાં ત્યારે તેમની સ્મૃતિમાં 'શ્રી આત્મવલ્લભ શીલસૌરભ ટ્રસ્ટ'ની રચના કરી તેઓશ્રીને વિધેયાત્મક ભાવાંજલિ અર્પણ કરાઇ. આ ટ્રસ્ટ દ્વારા પ્રાકૃત અને અર્ધમાગધી સાથેના વ્યાવહારિક શિક્ષણ માટે કન્યાઓને છાત્રવૃત્તિ અપાય છે, તેમ જ સાધ્વીજી મહારાજોને અભ્યાસ કરાવવા માટે પંડિતોની વ્યવસ્થા કરાય છે.

પરમ ઉપકારી, નવયુગસૃષ્ટા પરમ પૂજ્ય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે જિનમંદિરો, શિક્ષણ

સંસ્થાઓ અને વિદ્યામંદિરોની સ્થાપના માટે પ્રેરણા આપી તે સદાય જીવંત રહે તેવું યોગદાન છે. માનવ માત્રના કલ્યાણ અને ઉત્કર્ષ માટે તેઓશ્રીએ પોતાનું જીવન સમર્પિત કર્યું હતું.સમાજહિતનાં કાળ, ભાવ અને ક્ષેત્ર અનુસાર યુગવીર આચાર્યશ્રીએ મહત્ત્વપૂર્ણ નિર્ણયો લઇ ધર્મ અને સમાજની યશપતાકા લહેરાવી છે. એમની યશોગાથા અમર રાખવા એક ભવ્ય વિવિધલક્ષી કલાત્મક સ્મારક ઊભું કરવાની જવાબદારી, ગુરુભક્તિ અને ગુરુઋણમુક્તિની નિર્મળ ભાવનાથી પ્રેરાઇ આ પ્રવૃત્તિ કાર્યાન્વિત કરવાનું કાર્ય પંજાબની શ્રી આત્માનંદ જૈન સભાએ સ્વીકારીને ઋણ ચૂકવવાની અપૂર્વ તક મળવાથી ધન્યતા અનુભવી હતી.

આચાર્ય ભગવંતના પટ્ટધર પ્રશાંત સ્વાભાવી આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજે પોતાની દીર્ઘદૃષ્ટિથી સમય પરિપકવ થયાનું જાણી લીધું અને આ કાર્ય પૂરું કરવાની જવાબદારી કોને સોંપવી તેનો નિર્ણય નવ વર્ષ પૂર્વે કરી લીધો હતો. વડોદરામાં પોતાના સમુદાયના સાધ્વી પૂજ્ય શ્રી મૃગાવતીશ્રીજી મહારાજને આ કાર્યને સાકાર કરવા વિ.સં. ૨૦૨૯નું ચાતુર્માસ દિલ્હીમાં કરવાનો આદેશ આપ્યો. ધન્યતા અને પૂરા ઉલ્લાસથી પોતાના ગુરુદેવની આજ્ઞાનો સહર્ષ સ્વીકાર કરીને ઉનાળાનો વિહાર, ટૂંકો સમય વગેરેની મુશ્કેલીનો જરાય વિચાર કર્યા સિવાય તેઓ ત્યાં પહોંચી ગયાં અને સોંપવામાં આવેલી જવાબદારી પૂર્ણ કરવાના કાર્યમાં પૂરી એકાગ્રતાથી લાગી ગયાં. સ્મારકનું કાર્ય ઝડપી બને અને કાર્યકરોના ઉત્સાહમાં ભરતી આવે તે સ્મયક્ હેતુથી નિર્ણીત ભૂમિ લેવાય તે માટે પૂજ્ય મૃગાવતીશ્રીજી સતત પ્રેરણા આપતાં રહ્યાં. પરિણામે એક વર્ષમાં દિલ્હી-રૂપનગર જૈન મંદિરથી ગ્રાન્ડ ટ્રંક રોડ જેવા ધોરી માર્ગ પર જમીન ખરીદવામાં આવી. આ વીસ એકર જમીન ઉપર થનાર સ્મારકભવનમાં યુગવીર આચાર્યશ્રીના ઉદાર અને લોકોપકારક જીવનને અનુરૂપ ધ્યાન, અધ્યયન-સંશોધન, જનસેવા જેવી અનેકવિધિ પ્રવૃત્તિઓનું આયોજન થશે. સાથેસાથ કલાત્મક જિનપ્રાસાદ અને વિવિધલક્ષી સંસ્કારલક્ષી પ્રવૃત્તિઓના કેન્દ્રનું નિર્માણ થશે.

પૂજ્ય મૃગાવતીશ્રીજી મહારાજની વ્યવહારકુશળતા, પ્રભાવ અને ભક્તિપરાયણતાને લીધે આ કાર્ય માટે માતબર રકમ મળી રહી છે. નિર્માણ પંથે આગળ વધી રહેલા આ સ્મારક માટે પૂજ્ય મૃગાવતીશ્રીજી મહારાજનાં શિષ્યરત્નો પૂજ્ય સુવ્રતાશ્રીજી, પૂજ્ય સુયશાશ્રીજી અને પૂજ્ય સુપ્રજ્ઞાશ્રીજી મહારાજ સતત પ્રયત્નશીલ છે. વલ્લભ સ્મારક યુવા પેઢીની આકાંક્ષાઓનું સાચું પ્રતીક બની રહેશે.

પૂજ્ય મૃગાવતીશ્રીજી મહારાજ છેલ્લા ત્રણવાર મહિનાથી કહેતાં હતાં કે, 'મારાં બેગ બિસ્તર બાંધીને હું તૈયાર બેઠી છું.' પૂજ્ય આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના શબ્દો વારંવાર કહેતાં હતાં, 'મૃત્યુ માટે સદા તૈયાર રહો. તેનાથી ડરો નહિ, તથા તેની ઇચ્છા પણ ન કરો. મને મૃત્યુનો ભય લાગતો નથી. કાલે આવતું હોય તો આજે આવે અને આજે આવતું હોય તો અત્યારે આવે. હું હરહંમેશ ખુશ છું. મારું ધ્યાન પ્રભુના ચરણોમાં છે. મૃત્યુ તો જીવનની સચ્ચાઇ છે. જીવન મહોત્સવ હોય તો મૃત્યુ મહામહોત્સવ છે. કાયા જીર્ણ થઇ ગઇ છે, તે કયાં સુધી ચાલે? હું પંજાબ અને દિલ્હી સંઘની સેવાથી ઘણી ખુશ છું, તેમણે ગુરુમહારાજની જે અનન્ય ભક્તિ કરી છે તેનાથી ઘણી પ્રસન્ન છું. હું મારા જીવનની સાધનાથી, મારા સાધ્વીજીઓની સેવાથી ઘણી પ્રસન્ન છું. આત્માનો સ્વભાવ આનંદમય છે. હું હરસમય આનંદમય રહું છું શરીર અસ્વસ્થ થઇ ગયું છે, પણ આત્મા તો સ્વસ્થ છે. મને આટલી તકલીફો થઇ પણ મને જરા પણ ખબર પડી નહિ કે મને આટલી પીડા થતી હશે. પ્રભુની મારા ઉપર મહેર છે. હું ચોથા આરાનો અનુભવ કરી રહી છું. મને શ્વાસ લેવામાં તકલીફ થાય છે પણ તે જરા ઓછી થાય તો ફરી પાટ પર બેસીને એકાદ કલાક વ્યાખ્યાન આપી શકું. આખી રાત ઊંઘ ન આવે તો સૌને ચિંતા થતી હતી પણ હું તો એકાન્તમાં પ્રભુનું ધ્યાન ધરી શકી, આનાથી વધારે ખુશીની વાત કઇ હોઇ શકે? આખી રાત શત્રુંજય, ગિરનાર, આબુ, સમેતશિખર, તારંગા વગેરેની યાત્રા માનસિક રૂપે કરતી રહી છું.'

'એક દિવસ પહેલાં તેમને તેમના અંતિમ સમયનું જ્ઞાન થઇ ગયું હતું. અને અનશન કરી લીધું. તે પછી કાંઇ પણ લીધું નહિ અને કહ્યું, 'અરિહંત ભગવાનને દીવો કરો. મારે સમાધિ લેવી છે.' પછી સૌની સાથે ક્ષમાપના કરી.

જીવનની અંતિમ પળોની ખબર પડતાં, પૂજ્ય વિજયવલ્લભસૂરિજીની પ્રતિમાની બોલી પૂરી કરાવી.. આમ તેમણે તેમનાથી થઇ શકે તેવાં બધાં કામો પૂરાં કર્યાં.

તેમને ૪૫ આગમોનું માત્ર જ્ઞાન ન હતું પણ જીવનમાં તે સાકાર રૂપે જોવા મળતું હતું. તેમની ત્રણ ભાવના હતી: (૧) આત્માની સાધના કરવી, (૨) વિજયવલ્લભ સ્મારકને પૂરું કરવું અને (૩) જગતનું ભલું કરવું.

તેમનો છેલ્લો ઉપદેશ હતો કે: 'આખા જગતનું કલ્યાણ થાઓ અને એ કલ્યાણ માટે કાર્ય કરો. પૂજ્ય ગુરુમહારાજના આદેશોનું સૌ પાલન કરે, તેઓના સંકલ્પો પૂરા કરે અને સાચા શિષ્યો બનવાની ભાવના જાગતી રાખે આ મારી અંતિમ ભાવના છે.'

એ જાજંર માન પૂજ્ય સાધ્વી મહારાજને આપણી ભાવભરી અનેકાનેક વંદના હો!

# પૂજ્ય સાધ્વીજી મૃગાવતીશ્રીજીને અંતરની શ્રદ્ધાંજલિ

## ☐ દીપચંદ એસ. ગાડી

જૈન ભારતી મહત્તરા સાધ્વીજી મૃગાવતીશ્રીજી મહારાજને આમ તો હું ઘણાં વર્ષોથી જાણતો હતો. સને ૧૯૬૬માં શ્રી આત્માનંદ જૈન સભા-મુંબઈના રજત મહોત્સવ પ્રસંગે તેઓશ્રી મુંબઈ પધાર્યાં અને ઠેર ઠેર તેમનાં પ્રવચનો થયાં ત્યારે જ તેમની શક્તિનો સાચો પરિચય થયો.

ભાયખલામાં ચાતુર્માસ રહેલાં અને તે સમયે મુંબઈમાં ગરીબ મને મધ્યમ વર્ગના કુટુંબોને માટે સસ્તા રહેઠાણો બનાવવા પ્રેરણા કરી હતી. અને મને ખ્યાલ છે તે મુજબ કાંદીવલીમાં જે મહાવીરનગર બનેલ છે, તે પૂજ્ય સાધ્વીજી મૃગાવતીશ્રીજીની પ્રેરણાબળે થયેલ છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈના સુવર્ણ મહોત્સવમાં પણ સાધ્વીજી ઉપસ્થિત રહેલા અને ફંડ એકત્ર કરાવવા માટે પ્રેરણાત્મક બળ પૂરું પાડેલ હતું.

ભગવાન મહાવીરનો વિશ્વવાત્સલ્યનો સંદેશો લઈને યુગવીર આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના આદર્શો ને જન જન અને ઘર ઘર સુધી પહોંચાડવાનું કાર્ય મહત્તરાજીએ હજારો માઈલનો વિહાર કરીને મહત્તમ કામ કરેલ છે.

માતા ગુરુ પૂજ્ય શીલવતીશ્રીજી મહારાજની સાથે ૧૨ વર્ષની ઉંમરે દીક્ષા લઈ પૂ. મૃગાવતીશ્રીજી મહારાજે નારીસમાજના ગૌરવની પ્રતિષ્ઠા કરી છે.

એમનીજ પ્રેરણાથી અને નિશ્રામાં યુગવીર આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી, મ. ની પુણ્યસ્મૃતિમાં જૈનસમાજને ગૌરવ અપાવે તેવું ઐતિહાસિક 'વલ્લભ સ્મારક' મહાનગર દિલ્હીમાં બનેલ છે; તેના શિલાન્યાસ વિધિ પ્રસંગે તા. ૨૬-૧૧-૧૯૭૯ના અખિલ ભારતીય જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું ૨૪મું અધિવેશન થયેલ ત્યારે સાધ્વીજી મૃગાવતીશ્રીજીની વ્યવહારકુશળતા, પ્રભાવશીલતા અને ભક્તિપરાયણતાનો મને વધુ પરિચય થયો.

હિમાચલ પ્રદેશમાં આવેલ કાંગડા જૈન તીર્થમાં સંવત ૨૦૩૪નું ચાતુર્માસ રહેલા અને આ તીર્થનો વહીવટ પુરાતત્ત્વ ખાતા પાસેથી જૈન સંઘને અપાવેલ છે, તે ઘટના જાણ્યા પછી મારું મસ્તક આ સાધ્વી રત્ન પ્રત્યે નમી પડે છે.

પૂજ્ય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ તથા જિનશાસનરત્ન આચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરીજી મહારાજ તેમજ ગચ્છાધિપતિ આચાર્ય શ્રી વિજયઈન્દ્રદિન્નસૂરીજી મહારાજની ઉદારતા અને દીર્ઘદૃષ્ટિનો લાભ લઈને સાધ્વીજી મૃગાવતીશ્રીજીએ જૈનશાસનના શોભારૂપ કાર્યો કર્યાં છે.શુધ્ધ ખાદીમાં શોભતા સાધ્વીજીના દર્શનથી મેં પણ શાંતિનો અનુભવ કર્યો છે.

શુક્રવાર તા. ૧૮-૭-૧૯૮૬ ના સવારે પોતાના જીવન પટને સંકેલીને સદાને માટે વિદાય થયેલા પૂજ્યશ્રીના પુણ્યાત્માને અંતરની શ્રદ્ધાંજલિ આપી વંદના કરું છું.

# મધુરભાષી સમતાભાવી શ્રમણી

## ☐ શ્રેણિકભાઈ કસ્તુરભાઈ

દીપકનો પ્રકાશ તો બૂઝાય એટલે અંધારું વ્યાપી જાય, પરંતુ કેટલીક જ્યોતિ એવી હોય છે કે જેમની અનુપસ્થિતિમાં પણ એમનો પ્રકાશ અને પ્રભાવ અનુભવાય છે. મહત્તરા સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજી આજે આપણી વચ્ચે નથી, તેમ છતાં એમના અપાર વાત્સલ્યથી, સત્યનિષ્ઠા અને સદ્પ્રવૃત્તિઓથી ભરપૂર તેજસ્વી જીવનથી આપણા હૃદયમાં એમની મૂર્તિ અને એમના ગુણો સદાય જીવંત છે અને જીવંત રહેશે.

જ્યારે હું દિલ્હી જતો ત્યારે તેમનાં દર્શન કરવાની તક ચૂકતો નહિ. એ સમયે મને એક મહાન વિભૂતિનો મેળાપ થયાનો અનુભવ થતો હતો. એમની સાધનાની તેજસ્વિતા એમના ચહેરા પર સહજ જ પ્રગટતી હતી. ઓછામાં ઓછી આવશ્યકતાઓ રાખવાની એમની તમન્નાનો આભાસ એમના જીવનમાંથી સ્વાભાવિક રીતે જ થતો. શાસ્ત્રોનું ગહન જ્ઞાન, ઊંડો અભ્યાસ, અનેકવિધ સફળ ધર્મકાર્યો અને સહુનો અપૂર્વ ભક્તિભાવ મળ્યો હોવા છતાં એમની સરળતા, સમતા અને સ્વાભાવિકતા ખૂબજ પ્રભાવક રહેતી. માનવકલ્યાણ અને જીવદયા તરફની એમની અવિરત ધગશ એમની વાણીમાં સતત પ્રગટતી રહેતી, એમના ઉપદેશમાં પ્રવાહિત થતી અને એમનાં ધર્મકાર્યોથી સાકાર થતી. એમની પાસે આવે તે સહુ કોઈ પોતાનાં દુ:ખ-દર્દ ભૂલી, નવી પ્રેરણા મેળવીને જતા. જૈન સંઘ અને જૈન ધર્મ માટેની એમની અનન્ય લાગણી જોઈને હું હંમેશાં પ્રભાવિત થયો છું.

તેઓ અમદાવાદમાં આગમોનો ઊંડો અભ્યાસ કરવા જ્યારે પધારેલાં તે સમયે મારા પિતાશ્રીએ મને તેઓશ્રી માટે આગમોનો અભ્યાસ કરાવવાની વ્યવસ્થા કરવાનું સોંપ્યું હતું. આ સમયે અમદાવાદના શાંતિસાગર ઉપાશ્રયમાં પંડિત બેચરદાસજી દોશી પાસે આગમોનો અભ્યાસ કરાવવાની વ્યવસ્થા કરવાનુંસદ્ભાગ્ય મને સાંપડયું હતું. જ્યારે જ્યારે મહત્તરા શ્રી મૃગાવતીશ્રીજીને મળતો ત્યારે તેઓ ખૂબ લાગણીપૂર્વક એ ઘટનાનું સ્મરણ કરતાં હતાં.

મહત્તરા સાધ્વીશ્રીજીનો જન્મ સૌરાષ્ટ્રના નાનકડા એવા સરધાર ગામમાં થયો હતો, પરંતુ પોતાનાં કાર્યોથી આખા દેશમાં તેઓ વ્યાપી ગયાં હતાં. એમના જીવનકાર્ય પર દૃષ્ટિપાત કરીએ તો ખ્યાલ આવશે કે એમણે સમાજના માત્ર એક ક્ષેત્રમાં જ પોતાની પ્રવૃત્તિ કરી નથી, બલ્કે સમાજના બહુવિધ ક્ષેત્રોમાં એમની સત્પ્રવૃત્તિનો પ્રકાશ ફેલાયેલો છે. અંધશ્રદ્ધા, વહેમ કે કુરૂઢિઓ સામે તેઓ અડગ યોદ્ધાની નિર્ભયતાથી ઝઝૂમતાં હતાં. કોઈ નિર્જન જંગલમાં રહેલું પડે તો પણ ભય એમને કદી સ્પર્શતો નહિ. પંજાબના કેટલાય શહેરોમાં એમની સ્મૃતિરૂપ કોઈને કોઈ સંસ્થા મળી આવશે. આ સંસ્થાઓને મજબૂત બનાવવામાં સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજીની પ્રેરણા મળતી જ રહેતી. પાછળનાં વર્ષોમાં બીમારીથી ઘેરાઈ ગયાં હોવા છતાં તેઓ ધર્મથી સહેજ પણ વિચલિત થયાં ન હતાં. એટલું જ નહિ પણ દિલ્હીમાં તૈયાર થતા શ્રી વલ્લભ સ્મારક માટે અવિરત પ્રેરણા આપતાં જ રહ્યાં હતાં. આથી જ આજે પણ શ્રી "વલ્લભ સ્મારક"ના એક-એક ખંડમાં આ મધુરભાષી, સમતાભાવી શ્રમણીની સ્મૃતિ પ્રગટ થાય છે.

સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજીને આધ્યાત્મયોગી આનંદઘનજી મહારાજનું "અબ હમ અમર ભયે ન મરેંગે" પદ ખૂબ પ્રિય હતું.

પોતાના ધર્મજીવનથી એ પદના મર્મનો પ્રત્યક્ષ અને સાક્ષાત્ પરિચય કરાવનાર મહત્તરા સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજીના અલૌકિક જીવનને મારાં કોટિ કોટિ વંદન!

# આછા પરિચયનાં અવિસ્મરણીય સંસ્મરણો

## ☐ પ્રતાપ ભોગીલાલ

પરમ પૂજ્ય સાધ્વીશ્રી મૃગાવતીજી મારા સાચા ધર્મગુરુ હતાં. તેઓ મને ધાર્મિક આચરણના માર્ગે લઇ જનાર અને મારે માટે અનન્ય રીતે પૂજનીય હતાં. માનવતા, કરુણા,સાત્ત્વિકતા,સમતા, સમદષ્ટિ અનેકાન્તના તેઓ મૂર્તિમંત પ્રતીક હતાં. સામી વ્યકિતને સમજવાની અને સમજાવીને પોતાની કરવાની અદ્ભુત શકિત તેમનામાં હતી. તેમની વાણી અને વર્તનમાં એવો અસાધારણ જાદુ હતો કે, કોઇ તેમનાથી વિમુખ ન થઇ શકતું.

એમની સાથેનો મારો પરિચય ઘણો જ ઓછો હતો, પરંતુ મારા સ્વ. પિતાશ્રી પ્રત્યે તેમનો આદર પિતૃભાવ જેવો હતો. તેઓશ્રી એક વખત અમારા અંધેરીના નિવાસસ્થાને વિચરેલાં ત્યારે મારાં કુટુંબીજનોને એમની પ્રતિભાનાં અનન્ય દર્શન થયાં હતાં અને એમની અમૃત ઝરતી વાણીનો લાભ મળ્યો હતો. પરંતુ કમનસીબે મારા ધંધાકીય રોકાણને કારણે હું એ લાભથી વંચિત રહયો અને એક અતિ નિકટના સહવાસનો એક સુંદર મોકો ગુમાવ્યો તેનો મને હમેશાં અફસોસ રહ્યો છે. જો કે ભાયખલા અને બેંગલોરના એમના ચાતુર્માસનાં રોકાણો દરમ્યાન તેમના વંદનાર્થે મળી શકાયું હતું, પરંતુ ત્યારે પણ તેમની સાથે ખાસ પરિચય કેળવી શકયો નહોતો.

મારા પૂજ્ય પિતાશ્રીના દુ:ખદ અવસાન બાદ મારે દિલ્હી જવાનું થયું. ત્યારે તે વખતના શ્રીરામ મિલ્સના દિલ્હીના સેલ્સ મૅનેજર શ્રી નવનીતલાલ મારફત જાણવા મળેલું કે પરમ પૂજ્ય સાધ્વીશ્રી એમની શિષ્યાઓ સાથે રૂપનગરમાં વિચરી રહયાં છે. સદ્ભાગ્યે તેમનાં વંદન કરવાની મને અભિલાષા થઇ. હું રૂપનગરના ઉપાશ્રયે પહોંચ્યો અને તેમને વિનમ્રભાવે વંદન કર્યાં. એમની તથા એમની શિષ્યાઓની સુખશાતા પૂછી. મહત્તરાજીએ મારા પિતાશ્રી તથા અન્ય કુટુંબીજનો બાબત અતિ વાત્સલ્યભાવે પૂછપરછ કરી. એ સમયે તેમના મુખારવિંદ પર આનંદનો મને જે ભાસ થયો તે અવિસ્મરણીય છે. જો કે એમની સાથે અન્ય કોઇ વાત ન થઇ શકી. ત્યાંથી વિદાય લઇ હું રૂપનગર મંદિરે દર્શનાર્થે ગયો. ત્યાં પરમ પૂજ્ય સાધ્વીજી મહારાજ તેમના સાધ્વીવૃંદ સાથે પધાર્યાં અને બોલીઓની શરૂઆત થઇ. બોલી શાની છે તેનો મને જરા પણ ખ્યાલ ન હતો. બોલી આગળ વધી રહી હતી. આ સમય દરમ્યાન શ્રી રાજકુમાર જૈનનો પરિચય થયો. એમણે મને શ્રી વલ્લભ સ્મારક બાબત વાત કરી. તેમણે મને જાણ કરી કે, સ્મારકમાં વાસુપૂજ્ય ભગવાનનું દેરાસર થવાનું છે. તેના શિલાન્યાસની આ બોલી ચાલી રહી છે.

મને પણ બોલીમાં ભાગ લેવાની પ્રેરણા થઇ. મેં બોલીમાં ભાગ લેવાનું ચાલુ રાખ્યું. મારી બોલી ઊભી હતી ત્યારે પૂજ્ય સાધ્વીજીની સૂચના અનુસાર ફરી બીજા કોઇ દિવસે બોલી આગળ ચલાવવાના હેતુથી બંધ રખાઇ.

મેં બોલીમાં ભાગ તો લીધો હતો, પરંતુ મને જયારે ખ્યાલ આવ્યો કે મંદિરના ખાત મુહૂર્તનો પ્રસંગ તો મે માસમાં આવવાનો છે, જે સમયે મારાથી હાજર રહી શકાય એમ નહોતું, તેથી મેં નકકી કર્યું કે, બોલી જયારે હવે ફરીથી શરૂ થાય ત્યારે તેમાં ભાગ લેવો નહિ. આ પ્રયોજનથી મેં મારા દિલ્હી ખાતેના પ્રતિનિધિને આ બાબતની જાણ કરી અને બોલી વખતે હાજર રહેવા,પણ ભાગ ન લેવાની સૂચના આપી.

પછીથી મને જાણવા મળ્યું કે, જે દિવસે બોલી આગળ ચલાવવાનો આદેશ આપવાનો હતો તે દિવસે પૂજ્ય સાધ્વીજી મહારાજે ઇચ્છા વ્યકત કરી કે, જે રકમ ઉપર બોલી છેલ્લે અટકી હતી ત્યાંથી કોઇએ આગળ બોલવું નહિ. આમ બોલીનો આદેશ મારી તરફેણમાં આપવો, અને તેમ જ થયું. મહત્તરાજી પ્રત્યે સૌને કેટલો આદર અને પ્રેમ છે, તેની પ્રતીતિ આ હકીકતથી થાય છે. જો એમ ન હોત તો, જરૂર કોઇ પણ મહાનુભાવ, હું જે રકમ બોલેલો તેનાથી બોલી આગળ ધપાવી શકત.

પૂજય મૃગાવતીજીની ઇચ્છા અનુસાર નિર્માણ થયેલ પરિસ્થિતિથી મારી જવાબદારી વધી ગઇ અને હજુ કેટલી વધશે તેનો મને અંદાજ ન હતો. જો કે મહારાજશ્રીને તેનો અંદાજ જરૂર હશે. મને થયું કે, શિલાન્યાસ વખતે કુટુંબીજનો સાથે ભર ઉનાળામાં દિલ્હી જવું પડશે અને એ જવાબદારીમાંથી મુકત થઇ શકાશે નહિ. અંતે હું સહકુટુંબ શિલાન્યાસ પ્રસંગે હાજર રહ્યો. તે પ્રસંગે સાધ્વીજી મહારાજ, તેમની શિષ્યાઓ અને ત્યાંના સમાજના ભાઇબહેનો સાથે સારો પરિચય થયો. બધાંનાં પ્રેમ અને લાગણીએ મને મીઠી મૂંઝવણમાં મૂકી દીધો. એના ફળ સ્વરૂપે એ બધાંની સાથે અતિ નિકટનો સંબંધ દિનપ્રતિદિન થતો ગયો.

ત્યાર બાદ સ્મારકમાં ટ્રસ્ટી તરીકે રહેવાનું મેં સ્વીકાર્યું. પૂજય સાધ્વીજી ચાતુર્માસ અર્થે અમ્બાલામાં હતાં ત્યારે બેએક વખત ત્યાં જવાનું થયું. ત્યારે તેમણે મને અંબાલાની એસ. એ. જૈન કૉલેજમાં સહાય કરવાની પ્રેરણા આપી. પ્રથમ તો લાયબ્રેરીમાં સહાય કરવાનો પ્રસ્તાવ મુકાયો જેનો મેં સહજ સ્વીકાર કરી લીધો.

ત્યાર બાદ સાધ્વીજી મહારાજને ખબર પડી કે, લાયબ્રેરી માટે દાન અંગે વાત અન્ય મહાનુભાવો સાથે થયેલ છે. ત્યારે તેમણે મૂંઝવણ અનુભવી. હું જયારે ફરી અંબાલા ગયો ત્યારે તેમણે સંકોચસહ ઉપરોકત મૂંઝવણ મારી સમક્ષ મૂકી. મારે તો એમની પ્રેરણાથી અમુક રકમનું દાન કરવાનું જ હતું. તેથી સંકોચ વગર અન્ય પ્રસ્તાવ જણાવવા વિનંતી કરી. તેમણે પ્રસન્ન થઇ કૉલેજમાં ક્રીડાંગણ માટે પ્રસ્તાવ મૂકયો, જે મેં તરત જ સ્વીકારી લીધો.

એક વખત તેમણે મને ધર્મની ક્રિયા અને વાંચન બાબત પૃચ્છા કરી. ખૂબ જ ગ્લાનિભર્યા વદને અને સંકોચ અનુભવતાં મેં જણાવ્યું કે,,આ બાબતમાં હું તદ્દન ઓછું ધ્યાન આપી શકું છું. ત્યારે તેમણે અમુક થોડી સૂચનાઓ આપી જેનું સહેલાઇથી પાલન કરી શકાય. તેમની એ મૂલ્યવાન સૂચનાઓનું ત્યારથી નિયમિત પાલન કરું છું. આના પરથી એ સ્પષ્ટ થશે કે, સામા માણસને પારખી લેવાની તેમનામાં અદ્દ્ભુત શકિત હતી. એટલું જ નહિ સામી વ્યકિતની મર્યાદાઓને સમજીને તેઓ એવાં સૂચનો રજૂ કરતાં કે જે સૂચનો માન્ય રહે અને તે વ્યકિત આનંદથી પાળી પણ શકે.

ત્યાર બાદ ચંદીગઢમાં પણ તેઓશ્રીના ચાતુર્માસના રોકાણ દરમ્યાન વંદન કરવાનો મને લાભ મળ્યો અને એમની સાથેનો પરિચય વધતો ગયો.

એક વખત દિલ્હીની મુલાકાત દરમ્યાન પૂજય મહત્તરાજીનાં દર્શને હું ગયો હતો. ત્યારે તેમણે મારા પુત્ર, પુત્રવધૂ તથા પૌત્ર બાબત પૃચ્છા કરી અને એમને મળવાની તેઓએ ઇચ્છા વ્યકત કરી.આ બાબતની વાત કરતાં મેં સહેજ સંકોચ અનુભવ્યો.મારી મૂંઝવણને હળવી કરતાં કરતાં તેમણે કહ્યું કે, ભાઇ આ તો કર્માધીન છે. અને તેનો ક્ષોભ રાખવો નહિ. તેઓદિલ્હી આવે ત્યારે જરૂરથી મોકલવાં. મારો પુત્ર અને તેનો પરિવાર વંદન કરવા ગયાં પણ ખરાં, એથી તેમને પ્રસન્નતા થઇ અને મારાં પુત્ર, પુત્રવધૂ અને પૌત્રને મળ્યાંનો આનંદ પણ થયો.

મારા પૂજય પિતાશ્રીના સ્મરણાર્થે પાટણમાં જે સંસ્કૃતિમંદિરની સ્થાપના કરી હતી તે બાબતમાં તેઓ રસ લેતાં અને ત્યાં ચાલતી પ્રવૃત્તિ વિશે પૃચ્છા કરતાં. તેમણે જાણ્યું કે, પરમ પૂજય જંબૂવિજયજી મહારાજ પણ એમાં રસ લે છે ત્યારે તેમણે વિશેષ આનંદ અનુભવ્યો.

પાટણ સ્થાપિત ભારતીય સંસ્કૃતિમંદિર અંગે મને એવો વિચાર સ્ફુર્યો કે, મારા પિતાશ્રીની ઇચ્છા મુજબ આ સંસ્થાનો વિકાસ કરવો હોય તો દિલ્હીની વલ્લભ સ્મારક જેવી સંસ્થાના એક અંગ તરીકે તેને જોડવામાં આવે તો તેનું સારું પરિણામ આવે. મારો આ વિચાર મેં શ્રી રાજકુમાર જૈન મુંબઇ મારે ત્યાં ઊતરેલા ત્યારે તેમની સમક્ષ રજૂ કર્યો અને કહ્યું હતું કે, પૂજય મૃગાવતીશ્રીજીને અને તમને યોગ્ય લાગે અને બધા જ ટ્રસ્ટીઓને આ પ્રસ્તાવ કબૂલ હોય તો આબાબતમાંઆગળ વિચાર કરું કે જેથી એ સંસ્થા વલ્લભ સ્મારકના પટાંગણમાં સ્થપાય.

મારા હંમેશના નિયમ મુજબ મારી દિલ્હી મુલાકાત દરમ્યાન પૂજ્ય સાધ્વીજીના વંદનાર્થે ગયો. ત્યારે ભારતીય સંસ્કૃતિમંદિર બાબત વાત થઇ. તેમણે મને કહ્યું કે, આ તો બહુ સરસ વાત છે અને અહીંના ટ્રસ્ટીઓ પણ આવકારે છે. એમણે જે રકમ કહી તે રકમ આપવાનું મેં સ્વીકારી લીધું.

આ રીતે પૂજ્ય મૃગાવતીજી મહારાજે દિલ્હી સ્મારક સાથેનો તથા પંજાબ અને દિલ્હીના સાધર્મિક ભાઇઓ સાથેનો મારો સંબંધ ગાઢ બનાવ્યો. આ ફળશ્રુતિ માટે હું સાધ્વીજી મહારાજનો ખૂબ ઋણી છું. અને આ માટે મારી જાતને હું અતિ ભાગ્યશાળી સમજું છું. પ્રગતિના પ્રયાસ રૂપે સંસ્થાને વિશ્વ વિદ્યાપીઠનો દરજ્જો મળે તે માટેના પ્રયત્નો ચાલુ જ છે. પૂજ્ય સાધ્વીજીના આશીર્વાદથી જતે દિવસે આ સંસ્થાને અપેક્ષિત વિશ્વ વિદ્યાપીઠનો દરજ્જો મળશે એવી આપણે સૌ અપેક્ષા રાખીએ.

ધર્મને જીવનમાં કેમ ઉતારવો અને દરરોજના આચારવિચારમાં કેમ વર્તવું એનો સીધો પ્રતિબોધ પૂજ્ય સાધ્વીજી મહારાજ અંગત રીતે મને નહોતાં આપતાં, પરંતુ તેમની સાથેની વાતચીતમાં અને વ્યાખ્યાનોમાં જે ઊંડી સમજ તેમણે બતાવી છે તેની કઈંક અસર મારા ઉપર થઇ છે, એવો મને ભાસ થાય છે. એમની સમીપ જ્યારે જ્યારે હું જતો ત્યારે એમના સ્મિતમય વદનની એટલી ઊંડી છાપ મારા ઉપર પડતી કે, તેઓ સ્મારક અને ગુરુ વલ્લભના આદેશ મુજબ સમાજોધ્ધારનું જે કાર્ય આગળ ધપાવતાં હતાં, તે દિશામાં મારે પણ વધારે ને વધારે યથાશકિત ફાળો આપવો જોઇએ.

એમની આત્મસાધના ઘણી જ ઉજ્જવળ હતી. તેઓ મહાતપસ્વિની અને ધાર્મિક ક્રિયાઓમાં પૂરા કાર્યદક્ષ તો હતાં જ, પણ સાથોસાથ એમના જીવનની બલિહારી કહું તો ખાસ સમાજોધ્ધારનું એમના કાર્યો પણ મહત્વપૂર્ણ હતાં.

એમને કાંગડાતીર્થોધ્ધારિકાનું બિરુદ અપાયું તે યોગ્ય હતું. એ તીર્થમાં પ્રતિમાની પૂજા આપણે કરી શકતા ન હતાં. એમણે પોતાની વિચક્ષણ બુદ્ધિ અને કાર્યદક્ષતાથી બારે માસ પૂજા થઇ શકે એ રીતે એ તીર્થ ખુલ્લું કરાવ્યું તે આજના જમાનામાં નાનીસૂની વાત નથી, કારણ કે આજના જમાનામાં પરિસ્થિતિ એવી થઇ છે કે, અંદરઅંદરના મતભેદોને કારણે આપણે આપણાં તીર્થ સાચવી શકતાં નથી.

પૂજ્ય સાધ્વીજીના પ્રતિબોધથી લોકો એમના સૂચિત કાર્યો માટે અઢળક પૈસા આપતા, પરંતુ પૈસાનો ખોટો વ્યય ન થાય અને સાચા માર્ગે અને સુકાર્યો માટે જ નાણાંનો વપરાશ થાય તે માટે તેઓ પૂરતું લક્ષ આપતાં. એમના ધ્યાન બહાર કોઇ વસ્તુ જતી નહિ.

છેલ્લાં દોઢ- બે વર્ષથી એમની નાદુરસ્ત તબિયતનો પ્રશ્ન ગંભીર હતો. પરંતુ તેથી તેમનાં કાર્યોમાં તે કયારેય અંતરાય રૂપ થતો નહિ. તેઓ હમેશાં પ્રસન્ન રહેતાં. તેમના મુખ પર સ્મિત સતત ફરકતું જ રહેતું. પોતાની બીમારી નિમિત્તે ખર્ચ ન થાય અથવા તો ઓછો થાય એ એમના લક્ષમાં રહેતું. મારા જેવા એમનાં ભકતો એમના સ્વાસ્થ્ય માટે કંઇ પણ કરી છૂટવા તૈયાર હોઇએ, ત્યારે ખોટો ખર્ચ ન કરવો એમ કહી અમને તેઓ વારતા અને કહેતા કે, 'ભાઈઓ, શા માટે મારી પાછળ ખર્ચ કરો છો?' જ્યારે અમે જણાવતા કે, આમાં તો અમારો સ્વાર્થ છે, ત્યારે હળવાશથી હસતાં હસતાં તેઓ કહેતાં કે, 'સ્વાર્થી થવું એ સારું ન કહેવાય.'

છેલ્લે મે મહિનાના અંતમાં હું પરદેશ ગયો તેના ચારપાંચ દિવસ પહેલાં જ તેમને મળ્યો હતો. બેએક માસ માટે દર્શનથી વંચિત રહીશ એમ તેમને મેં જણાવ્યું. ત્યારે એમણે દર્દની દરકાર કર્યા વગર હરહંમેશના સ્મિતથી જવાબ વાળ્યો. અમારી આ મુલાકાત આખરી હતી એમ તેઓ કળી શકયાં હોય એમ મને લાગે છે. તેમને માટે ફિલિપાઈન્સથી 'ફેથ હિલર' મોકલવા માટે મેં વાત કરી ત્યારે ખોટો ખર્ચ ન કરવાની તેમણે સલાહ આપી. પરંતુ મેં આ બાબતનો બહુ આગ્રહ રાખ્યો. મને એમ કે ફેથ હિલર એમને તંદુરસ્તી બક્ષે તો હજુ વધુ વખત સ્મારકના કામને તથા ગુરુ વલ્લભના આદર્શોને

આગળ ધપાવવાના કાર્યોને તેઓ વેગ આપી શકે. તેમણે મને ફેથ હિલર મોકલવા માટે મારા અતિ આગ્રહને વશ થઇ હા તો પાડી પણ મને અંદરથી થતું હતું કે, ફેથ હિલર દિલ્હી મોકલવાનું નકકી થશે તે પહેલાં જ તેઓ કદાચ ના પાડશે. અને થયું પણ એમ જ. એટલે ફેથ હિલરનો મારો પ્રયોગ શકય ન બન્યો.

ખેર, બનવાકાળ બની ગયું. પરંતુ એમના આયુષ્યના અંતિમ છ-સાત સપ્તાહના સમયમાં એમની સેવા કરવાનો લાભ મને ન મળ્યો. વળી એમના સમાધિદર્શનથી પણ હું વંચિત રહ્યો. એમના અંતિમ કાળ અને દેહવિલય સમયે પણ સંજોગવશાત હું હાજર ન રહી શક્યો. તેનો મને અભાગીને અત્યંત વસવસો હમેશાં રહેશે.

પૂજ્ય મહત્તરાજીનું જીવન તો મંગલમય હતું, પણ એમના અંતિમ કાળના સમયની જે વાત સાંભળી છે અને દશ્યો, ફોટો વગેરે દ્વારા જે જોવા પામ્યો છું તે પરથી એમ લાગે છે કે, એમનું અંતિમ પ્રયાણ પણ મહામંગળમય હતું.

પૂજ્ય મહત્તરાજી સ્મારકનું કામ તથા ગુરુ વલ્લભના આદેશથી જે સમાજોધ્ધારનું કામ આગળ ધપાવતાં હતાં તે કામ તેમના આશીર્વાદથી એમની શિષ્યાઓ પરમ પૂજ્ય સાધ્વી શ્રી સુવ્રતાશ્રીજી, સુયશાશ્રીજી અને સુપ્રજ્ઞાશ્રીજીની નિશ્રામાં એમના ભકતજનો આગળ વધારશે એ જ આશા અને અભ્યર્થના છે.

વલ્લભ સ્મારક એ સાચા જ્ઞાનનું સીમાચિહ્ન રૂપ મહત્તમ ઉદાહરણ બની રહેશે. સમગ્ર દુનિયાને જ્ઞાનનો પ્રકાશ આપશે અને વિનાશ તરફ ધસી રહેલી દુનિયાને સાચો માર્ગ બતાવશે. એટલું જ નહિ, ડહાપણભર્યા અને એક સૂત્રતાવાળા વાતાવરણમાં દુનિયા ટકી રહે એ માટે પ્રેરણા આપતું રહેશે. સ્મારકનું આ ધ્યેય પાર પડે એ માટે આપણે સૌ સતત પ્રયત્નશીલ રહીએ.

આપણી સાચી શ્રદ્ધાંજલિ તો એ જ કહેવાય છે કે, મહત્તરાજીએ ચીંધેલાં કાર્યોને આગળ વધારીએ અને એમણે દર્શાવેલી આચારસંહિતાને જીવનમાં ઉતારીએ.

# સુખદ સંસ્મરણ

## ☐ પૂ. ચિત્રભાનુજી

માનવ-જીવન એક યાત્રા છે, પરમાત્મા પ્રતિનું પ્રયાણ છે. આ યાત્રામાં આપણે કેટલાં બધાંને મળીએ છીએ અને વિખૂટાં પડીએ છીએ. પરંતુ કેટલાંક મિલન એવાં હોય છે જે મન પર ચિરકાળ સુધી પુણ્યના પ્રકાશની છાપ મૂકી જાય છે. એવું જ એક મિલન હતું મહત્તરા સાધ્વીજી શ્રી મૃગાવતીજી સાથેનું, જે વિસરાયું વિસરાય તેમ નથી.

સાધ્વીજી શ્રી શીલવતીશ્રીજી અને સાધ્વીજી શ્રી મૃગાવતીજીનું ચાતુર્માસ મુંબઇમાં હતું. એ દરમ્યાન સાધ્વી શ્રી શીલવતીજીનું સ્વાસ્થ્ય લથડયું. હું અવારનવાર તેમની શાતા પૂછવા માટે જતો. એક સવારે સમાચાર મળ્યા કે તેમની તબિયત વધારે ગંભીર છે, હું તેમની પાસે પહોંચી ગયો. મેં જોયું કે, બીમાર હોવા છતાં તેમના મુખ પર અવર્ણનીય શાંતિ હતી. તેમની બાજુમાં સાધ્વી મૃગાવતીજી બેઠાં હતાં. સૌનાં મુખ પર ચિંતા હતી. આસપાસ સાધ્વી સુવ્રતાશ્રીજી, સુજયેષ્ઠાશ્રીજી આદિ તારામંડળની જેમ બેઠાં હતાં.

સાધ્વી શ્રી શીલવતીજી જેટલાં વત્સલ હતાં, તેટલાં વીર પણ હતાં. તેમણે મને કહ્યું, 'શું દેહ કોઇનો શાશ્વત રહ્યો છે અને આત્મા કોઇનો મર્યો છે? પણ મારાં આ મૃગાવતીજી કેવાં ઢીલાં થઇ ગયાં છે. તમે તો મારા ધર્મના પુત્ર જેવા છો, એક ભાઇ તરીકે તમારે તેને હિંમત આપવાની છે. અને એનું ધ્યાન રાખવાનું છે.'

મેં કહ્યું, ' આપ ચિંતા ન કરો. તે એટલાં કોમળ અને દિલનાં દયાળુ છે. જે કોઇનુંય દુઃખ જોઇ ના શકે તે માતાની વેદના તે કેમ જોઇ શકે? એ જેટલાં કરુણામાં કોમળ છે એટલાં જ સંયમપાલનમાં કઠોર છે'.

થોડા વખત પછી નવકારમંત્રની આરાધના સાથે સાધ્વીજી શ્રી શીલવતીજી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાં.

સાધ્વીશ્રી મૃગાવતીજીની તેજસ્વિતા અદ્ભુત હતી. અમે અવારનવાર જ્ઞાનગોષ્ઠિ માટે મળતાં. એક વાર પૂજ્ય મુનિરાજ પુણ્યવિજયજી મહારાજ અને મારું પ્રવચન વરલીમાં સાથે હતું. સાધ્વી શ્રી મૃગાવતીજી પણ પ્રવચનમાં આવ્યાં હતાં.

પ્રવચનને અંતે મેં પૂજય મુનિ પુણ્યવિજયજી મહારાજને કહ્યું, 'જો, જો, તમારા આટલા સાધુઓ જે નહિ કરી શકે તેવું મહાન કાર્ય, મને વિશ્વાસ છે કે આ શાંત દેખાતાં સાધ્વીશ્રી મૃગાવતીજી કરશે.'

એ વાતને વર્ષો વીતી ગયાં. સાધ્વીજી શ્રી મૃગાવતીજી દક્ષિણ ભારતમાં વિહાર કરતાં હતાં અને હું અમેરિકાના ન્યૂ યૉર્ક સ્ટેટ યુનિવર્સિટીમાં તત્ત્વજ્ઞાનનું અધ્યાપન કાર્ય કરતો હતો. દર વર્ષે રજાઓમાં થોડાક વિદ્યાર્થીઓને લઇને ભારતદર્શને આવતો અને પાલિતાણા- શત્રુંજય, આબુ, રાણકપુર વગેરે સ્થળે ધ્યાન શિબિર રાખતો.

એક વાર એ અરસામાં અમારો વાર્તાલાપ શ્રીમતી ઈંદિરા ગાંધી સાથે દિલ્હીમાં ગોઠવાયો હતો. તે સમાચાર છાપાઓમાં આવતાં દિલ્હી સંઘે એ સાધક ભાઇબહેનોનાં સ્વાગત માટે એક વિશિષ્ટ કાર્યક્રમ ગોઠવ્યો હતો. શ્રી આત્મવલ્લભ જૈન સ્મારકના મંત્રી શ્રી રાજકુમાર ખૈરાયતીલાલે એ યાત્રિકો માટે પ્રીતિભોજન ગોઠવ્યું હતું. તે વખતે ખબર પડી કે, મારા ચિરપરિચિત તેજસ્વી સાધ્વી શ્રી મૃગાવતીજી ત્યાં છે.

સાધ્વી મૃગાવતીજી પોતાનાં શિષ્યા સુજયેષ્ઠા, સુવ્રતા, સુયશા અને સુપ્રજ્ઞા સાધ્વીજી સાથે જયાં બિરાજતાં હતાં, ત્યાં અમે ગયાં. ઘણાં વર્ષો બાદ અમે મળ્યાં હોવાથી કેટલીક વાતો થઇ, એમણે સહજ જિજ્ઞાસાથી પૂછયું, 'આ બધાં શાકાહારી છે?' મેં કહ્યું, 'હા. પણ તમે એમને જ પૂછોને !'

એમની આ જિજ્ઞાસા પાછળ ઊંડી ધર્મભાવના હતી. તેથી એમણે કેટલાક પ્રશ્નો તેમની શિષ્યા દ્વારા અંગ્રેજીમાં પૂછાવ્યાં અને એના ઉત્તર મળી ગયા. એમને જયારે ખબર પડી કે, આ જૈન ઇન્ટરનેશનલ મેડિટેશનના સાધકો

માંસાહારના ત્યાગ સાથે મોતી, રેશમ, હાથીદાંત, ચામડાં અને કસ્તૂરી પણ વાપરતાં નથી, ત્યારે તો તે આનંદવિભોર થઇ ગયાં એમણે કહ્યું, 'આ ખરાં જૈન, રૂઢિથી નહિ પણ સમજણથી. બોલે નહિ, પણ અહિંસક જીવન જીવી જાણે.'

એમનું હૈયું કરુણાથી દ્રવી ગયું. થોડી વાર અટકયાં પછી કહ્યું, 'પૂજ્ય ગુરુદેવ વલ્લભસૂરીશ્વરજીનું પણ આ જ સ્વપ્ન હતું. આ ધ્યેય પરદેશમાં પૂર્ણ થઇ રહ્યું છે, એ જોતાં કેટલો આનંદ થાય છે !' એમની આંખો પ્રેમભાવથી ભીની થઇ ગઇ.

આ જોઇ અમારા એક સાધક બોબ (બાહુબલિ) કહે, ' I see divine aura around her face!' તો બીજા સાધક રોબર્ટ (મિત્ર) કહે, 'My God! she is radiating Peaceful Vibrations!' તો ત્રીજા એક બહેન જૂન ફોગ (જાનકી) કહે, ' I feel deep Peace in her Presence which I cannot describe !'

અમે છૂટા પડયાં પણ અમારા સાધકોના મન પર આ કરુણામૂર્તિની એક કાયમી છાપ અંકિત થઇ ગઇ.

અમારા સેન્ટરનાં એક બહેન જાનકી તો તે પછી ન્યૂયૉર્કથી બે- ચાર વાર એમનાં દર્શને આવી ગયાં હતાં. ફૂલ જેવું આ વ્યકિતત્વ આપણી સાથે નથી, પણ એમનાં સંયમ અને કાર્યોની મધુર સુવાસ આજે પણ વાતાવરણમાં સતત મઘમઘે છે.

# સદ્ગુણનિધાન શ્રી મૃગાવતીશ્રીજી

## □ રમણલાલ ચી. શાહ

પરમ પૂજ્ય જૈન ભારતી, મહત્તરા સાધ્વીરત્ન શ્રી મૃગાવતીજી શુક્રવાર તા. ૧૮મી જુલાઇ, ૧૯૮૬ના રોજ દિલ્હીમાં વલ્લભ સ્મારકના સ્થાનમાં સવારે આઠ વાગે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાં. આગલા દિવસથી જ એમને પોતાની અંતિમ ઘડીનો અણસાર આવી ગયો હતો. એ સમયે ત્યાં ઉપસ્થિત રહેલા લોકોમાંથી કેટલાકને વ્યક્તિગત નામ દઇને એમણે ક્ષમાપના કરી લીધી અને પછી આત્મસમાધિમાં લીન થઇ ગયાં. બીજે દિવસે, ૬૧ વર્ષની ઉંમરે તેઓ કાળધર્મ પામ્યાં. તેર વર્ષની ઉંમરે દીક્ષા લઇ અડતાલીસ વર્ષના દીક્ષા પર્યાય દરમ્યાન એમણે શાસનોન્નતિનાં ઘણાં કાર્યો કર્યાં. એમના કાળધર્મથી એક તેજસ્વી સાધ્વીરત્નની આપણને ખોટ પડી છે.

તેમના કાળધર્મના સમાચાર દિલ્હીમાં અને ભારતભરમાં રેડિયો, ટી.વી. અને તાર દ્વારા પ્રસરી ગયા. એમની અંતિમ યાત્રા માટે ગામેગામથી અનેક લોકો આવી પહોચ્યાં. એમના પાર્થિવ દેહને વલ્લભ સ્મારક ખાતે જ અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

એક મહાન જ્યોતિ સ્થૂળ રૂપે ભૂતકાળમાં વિલીન થઇ ગઇ, સૂક્ષ્મ રૂપે એ જ્યોતિ અનેકનાં હૈયામાં ચિરકાળ પર્યંત પ્રકાશતી રહેશે!

પૂજ્ય શ્રી મૃગાવતીશ્રીજી એટલે વર્તમાન સમયના સાધ્વીગણોમાં એક પરમ તેજસ્વી પ્રતિભા. સૈકાઓમાં ક્યારેક જોવા મળે એવી એમની અનોખી વિરલ પ્રતિભા હતી. અંગત સંપર્કમાં આવ્યા હોઇએ તો એની સવિશેષ પ્રતીતિ થાય.

એક સાધ્વીજી મહારાજ પોતાના એકસઠ વર્ષ જેટલા જીવનકાળ દરમ્યાન, આટલાં બધાં મોટાં મોટાં કાર્યો કરી, કરાવી શકે એ જેવી તેવી સિદ્ધિ નથી. પરિશુદ્ધ ચારિત્રપાલન, અનન્ય પ્રભુભક્તિ, દૃઢ આત્મવિશ્વાસ, વિશદ વિચારશક્તિ, અડગ શ્રદ્ધા, પરમ ગુરુભક્તિ, બીજાના હૃદયને જીતવાની સહજસાધ્ય ધર્મકળા, અપાર વાત્સલ્ય, નિરંતર પ્રસન્નતા, ઊંડી સમજશક્તિ, અનોખી દીર્ઘદૃષ્ટિ, તાજગીભરી સ્મૃતિશક્તિ, આવશ્યક વ્યવહાર દક્ષતા, પાત્રાનુસાર સદુપદેશ વગેરે જોતાં એમનામાં વ્યાવહારિક અને આધ્યાત્મિક એવા અનેક ઉચ્ચ સદ્ગુણોનો સુભગ સમન્વય થયો હતો. એને લીધે જ એમના કાળધર્મથી અનેક લોકોએ એક માતાતુલ્ય સ્વજન ગુમાવ્યા જેવી લાગણી અનુભવી છે.

માતા ગુરુણી પૂજ્ય શીલવતીજી વિનમ્રતા અને વાત્સલ્યનાં મૂર્તિસમાં હતાં. પોતાની પુત્રી સાધ્વી-શિષ્યા મૃગાવતીશ્રીજીને જ્ઞાન અને ચારિત્રની આરાધનામાં સુસજ્જ કરીને આત્મસાધનાના ઉજ્જવળ પંથ તરફ દોરી જવાની એમની ભાવના હતી. એ માટે એમણે સતત લક્ષ આપ્યું. પોતાની માતા પૂજ્ય શીલવતીશ્રીજીના સાંસ્કારિક અને આધ્યાત્મિક વારસાને પૂજ્ય મૃગાવતીશ્રીજીએ સવાયો સમૃદ્ધ કરીને દીપાવ્યો.

પૂજ્ય મૃગાવતીશ્રીજીની વિચક્ષણતા, વિદગ્ધતા, તેજસ્વિતા અને બુદ્ધિઆહ્યતા જોઇને, એમના જેવી સાધ્વીને માટે જ્ઞાન સંપન્ન કરવાની વ્યવસ્થા કરવાનું પૂજ્ય વલ્લભસૂરિજી, પૂજ્ય સમુદ્રસૂરિજી, પૂજ્ય શીલવતીશ્રીજી અને સંઘના શ્રેષ્ઠિઓએ વિચાર્યું. એ માટે અનુકૂળ સ્થળ અમદાવાદ જણાયું. પૂજ્ય મૃગાવતીજીએ અમદાવાદમાં ત્રણ વર્ષ રહી પૂજ્ય પુણ્યવિજયજી મહારાજ, પંડિત સુખલાલજી, પંડિત બેચરદાસજી, પંડિત છોટેલાલ શાસ્ત્રી, પંડિત દલસુખભાઇ માલવણિયા વગેરે પાસે ભાષા, વ્યાકરણ, કોષ, આગમ ગ્રંથો અને પૂર્વાચાર્યોના અન્ય મહાન ગ્રંથોના પરિશીલન ઉપરાંત અન્ય ધર્મોના મહત્ત્વના ગ્રંથોનું પણ અધ્યયન કર્યું. આ અધ્યયનને પરિણામે મૃગાવતીજીની વિદ્યાપ્રતિભા ઘણી ખીલી ઊઠી. એમની એ પ્રકારની પારંગતતા જોઇને કલકત્તામાં ચાતુર્માસ દરમ્યાન પૂજ્ય વલ્લભસૂરિજીએ એમને વ્યાખ્યાન આપવાની અનુમતિ આપી. એથી મૃગાવતીજીની વ્યાખ્યાનશક્તિ ખીલી ઊઠી. ગુજરાત બહાર, વિશેષત: પંજાબમાં

વિચરવાનું થતાં, વ્યાખ્યાન માટે ગુજરાતી અને હિન્દી એમ બન્ને ભાષા ઉપર એમણે પ્રભુત્વ મેળવી લીધું. તેમનાં વ્યાખ્યાનોની શ્રોતાઓ ઉપર ઊંડી અસર થતી, કારણ કે, એમની શાસ્ત્રસંગત વાણી હૃદયના ઉંડાણમાંથી પ્રગટ થતી.

લગભગ બે દાયકા પહેલાં પૂજ્ય શીલવતીશ્રીજી અને પૂજ્ય મૃગાવતીશ્રીજી જ્યારે મુંબઇમાં હતાં ત્યારે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ડાયરેકટર મુરબ્બી શ્રી કાંતિલાલ કોરાએ મને તેમનો પરિચય કરાવ્યો હતો. ત્યાર પછી મુંબઇમાં કેટલીકવાર એમને મળવાનું થયું હતું. શીલવતીશ્રીજી અપાર વાત્સલ્યથી સભર હતાં એવું એમને મળતાં જ પ્રતીત થતું. એક વખત હું એમને વંદન કરવા ગયો. પાછો ફરતો હતો ત્યારે તેઓ એટલું બોલ્યા, 'ભાઇ, દાદરમાં અંધારું છે. જરા સાચવીને જજો.' એ વાક્યમાં વાત્સલ્યનો એવો અભૂતર્પવ રણકો મને સંભળાયો કે, આજ દિવસ સુધી એ વાક્ય હજુ કાનમાં ગૂંજ્યા કરે છે. શીલવતીજી સંવત ૨૦૨૪માં મુંબઇમાં કાળધર્મ પામ્યાં. એમણે મૃગાવતીજીને એવાં તૈયાર કર્યાં હતાં કે એમનામાં એમની માતાગુરુણી પૂજ્ય શીલવતીશ્રીજીનાં દર્શન થતાં.

પૂજ્ય મૃગાવતીજીએ પોતાનાં માતાગુરુણી શીલવતીજી સાથે સંવત ૨૦૨૪ સુધી એટલે કે લગભગ ત્રણ દાયકા સુધી ગુજરાત, રાજસ્થાન અને પંજાબમાં વિહાર કર્યો. ત્યાર પછી છેલ્લાં અઢાર વર્ષમાં તેમણે પોતાની શિષ્યાઓ સાથે ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, બિહાર, બંગાળ, ઉત્તરપ્રદેશ, દિલ્હી, પંજાબ,હિમાચલપ્રદેશ વગેરે સ્થળોએ લગભગ સાઠ હજાર માઇલ જેટલો પાદવિહાર કરીને સ્થળે સ્થળે ધર્મની પ્રભાવના કરી હતી. તેમણે સંવત ૨૦૦૯માં કલકત્તા-શાંતિનિકેતનમાં સર્વ ધર્મ પરિષદમાં જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે ભાગ લીધો હતો. સંવત ૨૦૧૦માં પાવાપુરીમાં ભારત સેવક સમાજ તરફથી યોજાયેલી શિબિરમાં તેમણે ભાગ લીધો હતો. સંવત ૨૦૧૬માં લુધિયાણામાં જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું ૨૧મું અધિવેશન પૂજ્ય વિજયસમુદ્રસૂરિજીની નિશ્રામાં યોજાયું ત્યારે મૃગાવતીજીનાં પ્રવચનોથી પ્રેરાઇને 'વિજયવલ્લભ હાઇસ્કૂલ' માટે અનેક બહેનોએ પોતાનાં ઘરેણાં ઉતારી આપ્યાં હતાં. આશરે ૩૭૦૦ વિદ્યાર્થીઓ ધરાવતી લુધિયાણાની આ હાઇસ્કૂલ એ મૃગાવતીજીની પ્રેરણાનું પરિણામ છે. એમની પ્રેરણાથી સંવત ૨૦૧૦માં અંબાલામાં 'વલ્લભવિહાર' નામના સમાધિ મંદિરનું નિર્માણ થયું હતું. એમના ઉપદેશથી જરિયા, લહેરા વગેરે સ્થળોએ જિનાલય, ઉપાશ્રય, ગુરુમંદિર, કીર્તિસ્તંભ, હૉસ્પિટલ, હાઇસ્કૂલ વગેરે થયાં છે. એમની પ્રેરણાથી દિલ્હીમાં વલ્લભ સ્મારકનું નિર્માણ થયું. વળી એ સ્મારકમાં 'ભોગીલાલ લહેરચંદ જૈન એકેડમી ઑફ ઇન્ડોલોજિકલ સ્ટડીઝ'ની સ્થાપના કરવામાં આવી છે.

મૃગાવતીજી પૂજ્ય આત્મારામજી મહારાજ અને પૂજ્ય વિજયવલ્લભસૂરિ મહારાજના સમુદાયનાં હતાં, પરંતુ તેમનામાં સાંપ્રદાયિક સંકુચિતતા નહોતી. ઉદાર દૃષ્ટિથી જીવનમાં અનેકાન્તને ચરિતાર્થ કરનારાં તેઓ હતાં. દક્ષિણ ભારતના વિહાર દરમ્યાન દિગમ્બર તીર્થ મૂળબિદ્રીની યાત્રાએ તેઓ ગયાં હતાં. અને એ તીર્થના જીર્ણોદ્ધાર માટે તેમણે અનેક લોકોને ઉપદેશ આપ્યો હતો. મૂર્તિપૂજક ફીરકાના હોવા છતાં, સ્થાનકવાસી કે તેરાપંથી સ્થાનકોમાં, કાર્યક્રમોમાં તેઓ ઉપસ્થિત રહેતાં અને તે તે સમુદાયના સાધુ સાધ્વીઓને ઉદારતાથી સામેથી મળવા જતાં. ચંદીગઢમાં હતાં ત્યારે દિગમ્બર ઉપાશ્રયમાં રહી ચાતુર્માસ કર્યું હતું. અને દિગમ્બરોને પણ એમની વિધિ અનુસાર એમના પર્યુષણ પર્વની-દશલક્ષણી પર્વની-આરાધના કરાવી હતી. પોતે તપગચ્છનાં હોવા છતાં ખરતરગચ્છ, અચલગચ્છના ધાર્મિક પ્રસંગો, શિબિરોમાં હાજરી આપતાં. આવા તો અનેક પ્રસંગો એમના જીવનમાં જોવા મળે છે. એમના અનુયાયીઓમાં પંજાબના કેટલાય હિન્દુઓ પણ છે. એમની પ્રેરણાથી એવા કેટલાય પંજાબી હિન્દુઓએ રહેણીકરણીમાં માંસમદિરા છોડી જૈન ધર્મના આચાર અપનાવ્યા છે. પંજાબમાં દહેજ વગેરેના કુરિવાજોને તિલાંજલિ આપવા માટે એમણે અનેક લોકોને ઉપદેશ આપ્યો હતો.

પૂજ્ય મૃગાવતીજી પોતે ગુજરાત-સૌરાષ્ટ્રનાં વતની હતાં, પરંતુ ભારતીય પરંપરામાં સાધુ-સાધ્વીઓના હૃદયમાં

પ્રદેશભેદ હોતો નથી. પ્રદેશ, ભાષા, જાતિ ઇત્યાદિના ભેદોને તેઓ સહજ રીતે અતિક્રમી જાય છે. પૂજ્ય આત્મારામજી મહારાજ પંજાબના વતની હતા. છતાં જ્યારે તેઓ ગુજરાતમાં વિચર્યા ત્યારે ગુજરાતના થઇ ગયા. પૂજ્ય વલ્લભસૂરિ મહારાજ વડોદરાના વતની, પરંતુ વિશેષપણે પંજાબમાં વિચર્યા. અને પંજાબીઓ સાથે એમની આત્મીયતા સધાઇ ગઇ હતી. પોતાના ગુરુવર્યને અનુસરીને મૃગાવતીજીએ પણ પંજાબ અને દિલ્હીને પોતાનાં બનાવી દીધાં હતાં. એમનાં એક શિષ્યા સુજ્યેષ્ઠાશ્રીજી ગુજરાતી હતાં, જે થોડા સમય પહેલાં કાળધર્મ પામ્યાં. એમનાં બીજા શિષ્યા સુવ્રતાશ્રીજી પંજાબનાં, ત્રીજા શિષ્યા સુયશાશ્રીજી કચ્છનાં અને ચોથાં શિષ્યા સુપ્રજ્ઞાશ્રીજી પંજાબનાં. આ ચારેય શિષ્યાઓ સાથે મૃગાવતીજીને નિહાળીએ ત્યારે ભાષા કે પ્રદેશના બધા જ ભેદો વિગલિત થઇ ગયા હોય એવી સરસ આદર્શ રૂપ એકતા, એકરૂપતા એ બધામાં જોવા મળે. જૈન ધર્મની હજારો વર્ષથી ચાલતી આવેલી આ એક વિશિષ્ટ લાક્ષણિકતા છે. અન્ય આચાર્ય ભગવંતોના સમુદાયમાં અને અન્ય ધર્મોમાં પણ આવી લાક્ષણિકતા જોવા મળશે. આધ્યાત્મિક માર્ગે ગયેલો માણસ નિમ્ન કક્ષાના ભેદ-પ્રભેદથી કેટલો અલિપ્ત અને ઉચ્ચ રહી શકે છે અને થઇ શકે છે તેનું આ એક અનુપમ ઉદાત્ત નિદર્શન છે.

પૂ. મૃગાવતીશ્રીજીના કાળધર્મ પછી એક વાર પૂ. સાધ્વીશ્રી સુવ્રતાશ્રીજી સાથે વાત થઇ ત્યારે ગળગળાં થઇ એમણે મને પોતાનો અનુભવ કહ્યો હતો. એમણે કહ્યું કે પોતે જ્યારે મૃગાવતીશ્રીજી પાસે દીક્ષા લેવાની વાત કુટુંબમાં કરી ત્યારે સગાંસંબંધીઓએ તેનો વિરોધ કરતાં કહ્યું કે 'તું ગુજરાતી સાધ્વી પાસે શા માટે દીક્ષા લે છે ? તેઓ ગુજરાતી–પંજાબીનો ભેદભાવ કરશે અને ગુજરાત બાજુ વિહાર કરી જશે તો તને ફરી પંજાબ જોવા નહિ મળે.' પરંતુ હું મારા નિર્ણયમાં મક્કમ હતી. કારણકે મને મૃગાવતીશ્રી મહારાજના પરિચયમાં એવું ક્યારેય લાગ્યું નહોતું. મેં એમની પાસે દીક્ષા લીધી અને ત્યારથી તેઓ કાળધર્મ પામ્યાં ત્યાં સુધી એક દિવસ તો શું, એક ક્ષણ પણ મને એવો અનુભવ થવા દીધો નથી કે પોતે ગુજરાતી છે અને હું પંજાબી છું, એમનો આત્મા એવો મહાન ઊંચી દશાનો હતો. એમની પાસે દીક્ષા લઇને હું તો ધન્ય થઇ ગઇ છું અને જે સગાંસંબંધીઓએ ત્યારે વિરોધ કર્યો હતો તેઓ પણ પછીથી તો પૂ. મૃગાવતીશ્રીજી પાસે મેં દીક્ષા લીધી એથી બહુ રાજી થઇ ગયાં હતાં.

છેલ્લાં કેટલાંક વર્ષોથી પૂજ્ય મૃગાવતીજીનો વિહાર પંજાબમાં રહયો હતો. પૂજ્ય આત્મારામજી મહારાજ અને પૂજ્ય વલ્લભસૂરિજી મહારાજનું મુખ્ય કાર્યક્ષેત્ર પંજાબ રહયું હતું. એથી એમના સમુદાયનાં એક મુખ્ય સાધ્વી પૂજ્ય મૃગાવતીજીનું કાર્યક્ષેત્ર પણ વિશેષપણે પંજાબ રહે એ સ્વાભાવિક છે. લુધિયાણા, જલંધર, અંબાલા, હોશિયારપુર, ચંદીગઢ, લહરા, માલેરકોટલા જેવાં મુખ્ય નગરો ઉપરાંત માર્ગનાં બીજા નાનાં ગામોમાં પણ અનેક જૈન કુટુંબો સાથે પૂજ્ય મૃગાવતીજીનો સંપર્ક અત્યંત ગાઢ રહયો હતો. પૂજ્ય મૃગાવતીજીની એક વિશિષ્ટતા એ હતી કે, તેઓ નાનાં મોટાં સૌને નામથી ઓળખે. એક વખત મળે એટલે એમના સ્મૃતિપટ ઉપર એ વ્યક્તિનું નામ અંકિત થઇ જાય. કેટલાંક કુટુંબોમાં બાર-પંદર સભ્યો હોય તો તે બધાંને મૃગાવતીજી નામથી ઓળખે અને એમાંની એકાદ વ્યક્તિ ક્યારેક એમને વંદન કરવા જાય તો તેઓ આખા કુટુંબનાં બધાં સભ્યોનાં નામ દઇને બધાંની ખબરઅંતર પૂછે અને બધાંને ધર્મલાભ કહેવડાવે. એમાં વયોવૃદ્ધ-વડીલોનાં નામ પણ હોય અને બે-ચાર વર્ષનાં નાનાં બાળકોનાં નામ પણ હોય. આથી જ પંજાબમાં કેટલાંય કુટુંબોનાં સભ્યોને પૂજ્ય મૃગાવતીજી પાસે વારંવાર દોડી જવાનું મન થાય. મળીને વંદન કરે ત્યારે એટલી જ આત્મીયતા અનુભવાય. પૂજ્ય મૃગાવતીજીને જાહેર કાર્યોમાં પોતાને ધાર્યા કરતાં ઘણી વધારે સફળતા મળતી, તેનું કારણ અનેકાનેક વ્યક્તિઓ સાથેની આ તેમની નિઃસ્વાર્થ પ્રેમપરાયણ આત્મીયતા હતી. કાંગડામાં ચાતુર્માસ હતાં ત્યારે હું મારાં પત્ની અને દીકરી ચિ. શૈલજા સાથે ત્યાં ગયો હતો. અમારી દીકરીનો એમને પહેલી વાર પરિચય થયો, છતાં ત્યાર પછી જ્યારે જ્યારે મળ્યો છું ત્યારે ચિ. શૈલજાને એનું નામ દઇને તેઓ અચૂક યાદ કરે. અમારો પુત્ર

ચિ. અમિતાભ અમેરિકામાં અભ્યાસ કરે છે અને એમને કયારેય મળ્યો નથી. છતાં દરેક વખતે એને પણ એના નામ સાથે યાદ કરે. પત્રમાં પણ નામોનો ઉલ્લેખ કરે. મળી હોય કે ન મળી હોય એવી અનેક વ્યક્તિઓનાં નામ યાદ રાખવાની એમની પાસે ગજબની શક્તિ હતી. એમની સ્મૃતિ એવી હતી કે એમને લગભગ સાઠ હજાર જેટલી ગાથાઓ કંઠસ્થ હતી.

પૂજ્ય મૃગાવતીજીના પવિત્ર જીવનનો એવો પ્રભાવ હતો કે ઉપાધિવાળા કેટલાક લોકો એમના સાન્નિધ્યમાં શાંતિ અનુભવતા. કંઈક આપત્તિ આવી પડી હોય, કંઈક વ્યક્તિગત કે કૌટુમ્બિક પ્રશ્નો હોય અને એમની પાસે જઈને માણસ વાસક્ષેપ નંખાવે અને માંગલિક સાંભળી આવે તો પોતાના પ્રશ્નો ઉકલી જાય એવા અનુભવની વાતો ઘણા પાસેથી સાંભળવા મળી છે.

ગુજરાનવાલા (પાકિસ્તાન)માં પૂજ્ય આત્મારામજી મહારાજ કાળધર્મ પામ્યા હતા અને જયાં સુંદર સમાધિ મંદિર બંધાવવામાં આવ્યું હતું ત્યાં હિન્દુસ્તાન-પાકિસ્તાનના વિભાજન પછી જૈનો જઈ શકતા ન હતા. શીખોને પાકિસ્તાનમાં આવેલા તેમનાં ગુરુદ્વારાઓમાં જવા માટે પાકિસ્તાનની સરકાર સમાંતર ધોરણે જેમ છૂટ આપતી હતી તે જ રીતે જૈનો માટે પણ ગુજરાનવાલાની છૂટ ઉચ્ચ કક્ષાની સરકારી વ્યક્તિઓ સુધી પોતાની વાત પહોંચાડીને મૃગાવતીજીએ મેળવી આપવાનું કાર્ય કર્યું હતું. પાકિસ્તાનના ગુજરાનવાલામાં અને અન્યત્ર જૈન જ્ઞાનભંડારોમાં કેટલીય હસ્તપ્રતો રહી ગઈ હતી. પાકિસ્તાનની સરકાર પાસેથી એમાંથી છ હજાર જેટલી જૈન હસ્તપ્રતો મૃગાવતીજીએ પાછી મેળવી લાવવા માટેનું પોતાના આચાર્ય ભગવંતોની પ્રેરણા અને સહકારથી ભગીરથ કાર્ય કર્યું. જૈન-જૈનેતર શ્રેષ્ઠિઓ, અમલદારો, ધારાસભ્યો, સંસદસભ્યો, પ્રધાનો તેમનું કાર્ય કરવા તત્પર રહેતા.

સ્વર્ગસ્થ પૂજ્ય ગુરુવર્ય વિજયવલ્લભસૂરિજી માટે યોગ્ય સ્મારક કરવાની યોજના વિચારાતી હતી, પરંતુ વર્ષો પસાર થવા છતાં સાકાર થતી નહોતી. વડોદરામાં પૂજ્ય વિજયસમુદ્રસૂરિજીએ આ કાર્યની જવાબદારી ઉપાડી લેવા માટે પૂજ્ય મૃગાવતીજીને આજ્ઞા કરી. આજ્ઞા થતાં મૃગાવતીજી ઉગ્ર વિહાર કરી દિલ્હી પહોચ્યાં. દિલ્હી, અંબાલા, લુધિયાણા, જલંધર, હોશિયારપુર વગેરે સ્થળોના શ્રેષ્ઠિઓ સાથે વિચાર વિનિમય કરીને તે માટે જરૂરી વિહાર કર્યો. તેઓ અંબાલાથી દિલ્હી વિહાર કરતાં હતાં ત્યારે વિસામો લેવા રસ્તા પરના એક ખેતરમાં એક વૃક્ષ નીચે બેઠાં હતાં એ વખતે એ સ્થળ અને એનું વાતાવરણ એમને એટલાં બધાં ગમી ગયાં અને જાણે કોઈ દિવ્ય પ્રેરણા મળતી હોય તેમ મનમાં ભાવના થઈ કે આ જ સ્થળે વલ્લભ સ્મારક કરવામાં આવે તો કેવું સારું! જાણે વલ્લભ સ્મારકને ત્યાં સાકાર થતું મનોમન તેઓ નિહાળી રહયાં. દિલ્હી આવી સંઘના આગેવાનોને વાત કરી. દિલ્હીથી ૧૮-૨૦ કિલોમીટર દૂર એ નિર્જન સ્થળે કોણ જાય અને ત્યાં કેવી રીતે કામ થાય? વળી તેની ઉપયોગિતા કેટલી? તેવા પ્રશ્નો કદાચ કેટલાકને ત્યારે થયા હશે. પરંતુ સમગ્ર રીતે જોતાં સંઘના આગેવાનોને લાગ્યું કે આજે ભલે એ સ્થળ દૂર હોય, પરંતુ હાઈ વે પર આવેલી એ વિશાળ, રમણીય જગ્યા ભવ્ય સ્મારક માટે બધી જ રીતે અનુકૂળ છે. સમય જતાં દિલ્હી શહેરનો વિકાસ થશે ત્યારે એ સ્થળ દૂર નહિ લાગે. એ પ્રમાણે નિર્ણય લેવાયો અને એ જ સ્થળે ભવ્ય સ્મારક માટેની યોજના થઈ. હજારોની જનમેદની વચ્ચે મહોત્સવપૂર્વક લાલા ખૈરાતીલાલ જૈનના હાથે શિલાન્યાસનો કાર્યક્રમ થયો. ત્યારથી દાનનો પ્રવાહ વધુ વેગથી વહેવા લાગ્યો. આજ દિવસ સુધીમાં બે કરોડથી વધુ રૂપિયા ત્યાં ખર્ચાઈ ચૂકયા છે. અને હજુ પણ દાનનો પ્રવાહ તો એ વિશાળ યોજના માટે વહેતો જ રહયો છે. તબિયત અસ્વસ્થ છતાં પૂજ્ય મૃગાવતીજીની ઉપસ્થિતિમાં વિશેષતઃ સંક્રાંતિ દિનની ઉજવણી વખતે છેલ્લા થોડાક મહિનાઓમાં જ બોંતેર લાખ જેટલા રૂપિયાનાં વચનો મળી ચૂકયાં છે. પૂજ્ય મૃગાવતીજીની આ એક વિશિષ્ટ લબ્ધિ હતી.

પૂજ્ય મૃગાવતીજીને હંમેશાં ખાદી પહેરવાનો નિયમ હતો. આ નિયમને તેઓ ચુસ્તપણે પાળતાં હતાં. એમની

બધી શિષ્યાઓ પણ ખાદી જ ધારણ કરે. વળી એમનો એવો પણ નિયમ હતો કે જે વ્યક્તિ જાતે ખાદી પહેરતી હોય તેની પાસેથી જ ખાદીનું કાપડ વહોરવું. ત્યાગ અને સાદાઇની એમની ભાવના કેટલી ઊંચી હતી તે આ નિયમ પરથી જોઇ શકાય છે.

દિલ્હીના શ્રી રામલાલજી સાથે મૃગાવતીજી વિશે વાત નીકળતાં તેમણે કહ્યું હતું કે મૃગાવતીજી પંજાબમાં જ્યારે વિચરતાં ત્યારે એક ગામથી બીજે ગામ જવામાં એમને રસ્તો બતાવવા માટે તથા સાધ્વીજીઓના રક્ષણ માટે કોઇ સાથીદાર-ચોકીદાર મોકલવાનું સૂચન કરીએ તો તેઓ તેનો ઇન્કાર કરતાં. તેઓ કહેતાં કે અમે અમારી મેળે અમારો માર્ગ શોધી લઇશું. અમને કોઇનો ડર નથી. અમે નિર્ભય છીએ, અને વિહારમાં અમારી સાથે કોઇ પુરુષ ચાલતો હોય એ અમને ગમતું નથી. અમારા ચારિત્રપાલનમાં અમે એટલા ચુસ્ત રહેવા ઇચ્છીએ છીએ. પૂજ્ય મૃગાવતીશ્રીજી પોતાના બ્રહ્મચર્યમાં, સાધ્વી તરીકેના પોતાના ચારિત્રપાલનમાં અત્યંત દઢ હતાં. સાંજના પ્રતિક્રમણ કર્યા પછી તેઓ કોઇ પુરુષનું મુખ જોતાં નહિ અને તે પ્રમાણે પોતાની શિષ્યા સાધ્વીઓને પણ સાચવતાં. કેટલાંક વર્ષ પહેલાં મૃગાવતીજીને છાતીમાં કેન્સર થયું હતું ત્યારે ઓપરેશન વખતે એમણે જે ધૈર્ય અને દઢ ચારિત્રપાલન કર્યું હતું તેની વાતો પણ તેમના પ્રત્યે અત્યંત આદરભાવ પેદા કરે એવી છે. દિલ્હીમાં તેઓ ઓપરેશન માટે એમ્બ્યુલન્સમાં નહિ પણ નવ કિલોમિટર પગે ચાલીને હોસ્પિટલ ગયાં હતાં. ઘણી અશક્તિ હતી છતાં લિફ્ટનો ઉપયોગ નહોતો કર્યો, પણ દાદર ચડીને ગયાં હતાં. હોસ્પિટલનાં બીજાનાં વાપરેલા સાધનો - થર્મોમિટર, ઇન્જેકશનની સીરીંજ, બ્લડપ્રેશર માપવાનું યંત્ર વગેરે ન વાપરતાં પોતાના અલગ રખાવ્યાં હતાં. પોતાની પાટ જુદી રખાવી હતી. ઓપરેશન વખતે પોતાને કોઇનું પણ લોહી ચડાવવામાં ન આવે તે માટે ખાસ સૂચના આપી હતી. ઓપરેશન પછી ડૉક્ટરે કહ્યું હતું કે શરીરે પરસેવો ન થવો જોઇએ અને તે માટે પંખો વાપરવો, પરંતુ મૃગાવતીજીએ તેની પણ ના પાડી હતી. હોસ્પિટલમાં પોતાની જગ્યા એવી પસંદ કરાવી હતી કે જ્યાંથી રોજ સવારના જિનમંદિરના શિખરનાં દર્શન થઇ શકે. હોસ્પિટલમાં કેટલાયે દાકતરો, નર્સો, અન્ય દર્દીઓ વગેરે રોજ તેમની પાસે વાસક્ષેપ નખાવવા આવતાં. ઓપરેશન પછી હોસ્પિટલમાંથી જ્યારે તેમને રજા આપવામાં આવી ત્યારે પણ લિફ્ટ સ્ટ્રેચર કે વાહનનો એમણે ઉપયોગ નહોતો કર્યો. રસ્તામાં ચાલતાં ચાલતાં થાકી જાય તો શિષ્યા સાધ્વીજીનો ટેકો લઇ ઊભા રહેતાં. એમ ધીમે ધીમે વિહાર કરી દિલ્હીમાં દરિયાગંજથી રૂપનગર પાંચ દિવસે તેઓ પહોંચ્યા હતાં.

રવિવાર, તા. ૧૫મી જૂન, ૧૯૮૬ના રોજ દિલ્હીમાં સંક્રાંતિના દિવસ નિમિત્તે તેમ જ સ્વર્ગસ્થ પૂજ્ય આત્મારામજી મહારાજની પુણ્યતિથિ નિમિત્તે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તે પ્રસંગે મારા મિત્ર શ્રી શૈલેશભાઇ કોઠારી સાથે ત્યાં મારે ઉપસ્થિત રહેવાનું થયું હતું. એ પ્રસંગે બે દિવસ પૂજ્ય મૃગાવતીજી પાસે બેસવાનું સદ્‌ભાગ્ય સાંપડયું. પોતાને કેન્સરનો વ્યાધિ થયો છે અને દિવસે દિવસે આયુષ્ય ક્ષીણ થતું જાય છે એ વિશે પોતે સ્વસ્થતાપૂર્વક, સમતાપૂર્વક સભાન હતાં એ એમની વાતચીત પરથી સ્પષ્ટ થતું હતું. કેન્સરના વ્યાધિના કારણે શારીરિક પીડા અસહ્ય રહેતી. થોડુંક બોલતાં હાંફ ચડી જતો. પંદર-પચીસ મિનિટથી વધારે બેસી શકાતું નહિ. તરત સૂઇ જવું પડતું. વળી પાછી સ્વસ્થતા આવે એટલે બેઠાં થાય. વાતચીત કરે. કાને ઓછું સંભળાતું એટલે બીજાઓને મોટેથી બોલવા કહેતાં એ પણ બરાબર ન સમજાય એટલે એમની શિષ્યાઓ એમના કાન પાસે મોટેથી ફરીથી તે તે વાક્યો બોલે અને મૃગાવતીજી તે પ્રમાણે પ્રસન્ન વદને ઉત્તર આપે. એમની શારીરિક અસ્વસ્થતા આટલી બધી હોવા છતાં એમનું આત્મિક બળ ઘણું મોટું હતું. આગલે દિવસે બહારગામથી પધારેલા ઘણાં બધાંની સાથે સતત વાતચીત કરવાનો પરિશ્રમ થયો હતો. સંક્રાંતિના દિવસે એમની નિશ્રામાં સ્મારક પરનાં જિન મંદિરોની જિન પ્રતિમાઓની બોલી બોલવાનો કાર્યક્રમ હતો. એટલે એ દિવસે સભામાં પાંચ-છ કલાક સતત બેસવું પડે એમ હતું. પૂજ્ય મૃગાવતીજીનું આત્મબળ એટલું

મોટું હતું કે સતત પાંચ-છ કલાક સુધી તેઓ સ્વસ્થતાપૂર્વક બેઠાં અને કાર્યક્રમ દરમ્યાન પ્રાસંગિક વક્તવ્ય પણ રજૂ કર્યું. એ જ દિવસે બપોરે આત્માનંદ જૈન સભાના કાર્યકર્તાઓ અને પ્રતિનિધિઓની સભા હતી. તેમાં પણ લગભગ અઢી કલાક તેઓ સ્વસ્થતાપૂર્વક બેઠાં હતાં અને દોરવણી આપતાં રહયાં હતાં. એ પ્રસંગે શરીરની અંદરની અસહ્ય પીડા છતાં પ્રસન્ન અને સસ્મિત વદને બધી કાર્યવાહીમાં એમણે ભાગ લેતાં જોયાં ત્યારે એમની આ આત્મિક શક્તિની સવિશેષ પ્રતીતિ થઇ હતી.

પૂજ્ય મૃગાવતીજીના પાર્થિવ દેહનો અગ્નિ સંસ્કાર વલ્લભ સ્મારકના સ્થાનમાં થયો એમાં પણ કોઇ દૈવી સંકેત હશે! એ પ્રસંગે એમની સ્મૃતિ માટે વીસેક લાખ રૂપિયા જેટલું ફંડ થોડા કલાકમાં જ થયું એ પણ જેવી તેવી વાત નથી.

પૂજ્ય મૃગાવતીજીના હૈયામાં સર્વ જીવો પ્રત્યે પ્રેમનો, કલ્યાણનો સ્રોત એટલો બધો વહેતો રહયો હતો કે અગ્નિ સંસ્કાર વખતે સિત્તેર એંશીની ઉંમરનાં માણસો પણ બોલતાં હતાં કે, 'આજે અમે જાણે અમારી માતા ગુમાવ્યાંનું દુઃખ અનુભવીએ છીએ.'

પૂજ્ય મૃગાવતીજીને આથી વધુ સુંદર અંજલિ કયા શબ્દોમાં હોઇ શકે?

# હાર્દિક ભાવાંજલિ

## ☐ ડૉ. લક્ષ્મીમલ સિંઘવી

મહત્તરા સાધ્વી શ્રી મૃગાવતીજીના વિલક્ષણ વ્યકિતત્વ અને કૃતિત્વનું વર્ણન કરવા શબ્દકોશમાં સેંકડો વિશેષણ વિધમાન છે. પરંતુ એમના સ્વભાવ અને પ્રભાવની માર્મિક અનુભૂતિઓ અનિર્વચનીય અને શબ્દાતીત છે.

બે દાયકા પહેલાં મેં મહત્તરાજીને પ્રથમ વાર સાંભળ્યાં અને એમનાં દર્શન કર્યાં. એનાં પહેલાં ૧૯૬૦-૬૨માં શેઠ કસ્તુરભાઈ લાલભાઈની દીર્ધદષ્ટિ અને રચનાત્મક સહયોગથી અમદાવાદમાં જૈન આગમ અને સંસ્કૃત પ્રાકૃત સાહિત્યનો એમણે અભ્યાસ કર્યો હતો. એમની સાથે વાતો કરતાં એવો અનુભવ થયો કે, જાણે એક મૂર્ત પ્રેરણા સાથે સંવાદ થઈ રહ્યો છે. એવું લાગ્યું કે, એમણે ભારતીય મનીષાના આધારભૂત મૂલ્યોને પોતાનામાં આત્મસાત કર્યાં છે. એમની વિદ્વતા જ નહિ, બલ્કે એમનું જીવનદર્શન, મનુષ્યનિષ્ઠા, સમન્વયદષ્ટિ, અને સંકલ્પશકિત એક એવા આલોકિત અને ઉજજવળ સંમોહનની સૃષ્ટિ રચી આપે છે કે, જેથી સાત્ત્વિક ઉત્સાહ અને વિશ્વાસની અભિવૃદ્ધિ થાય છે. તેઓ એક શ્વેતામ્બર જૈન સાધ્વી હતાં, છતાં એમનાં પ્રવચનમાં, જીવનદર્શનમાં, કાર્યશૈલીમાં કે એમની કરુણામાં કોઈ પણ પ્રકારની સંકુચિતતા ન હતી. મનુષ્ય માત્રનાં મંગલમય જીવન માટે એમની નિરંતર સાધના હતી. આપણા ઋષિઓએ ભૂમિને માતા અને પોતાને પૃથ્વીના પુત્ર કહી પરિચય આપ્યો છે. એ વ્યાપક સંકલ્પનામાં એક મંત્ર આ પણ છે કે, **नाना धर्माणाम् पृथ्वी यथौकसम्** ।

મહાકવિ પ્રસાદના શબ્દોમાં જો બૌદ્ધિક અને આધ્યાત્મિક પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો મહત્તરા મૃગવતીજી માટે આપણે કહી શકીએ કે,

તુમ દેવી, આહ ! કિતની ઉદાર,<br>
યહ માતૃમૂર્તિ હે નિર્વિકાર.<br>
હે સર્વમંગલે! તુમ મહતી,<br>
સબકા દુઃખ અપને પર સહતી.<br>
કલ્યાણમયી વાણી કહતી,<br>
તુમ ક્ષમા નિલયમેં હો રહતી.

પહેલી વખત જયારે શ્રી. વી. સી. જૈન સાથે હું એમનાં દર્શન કરવા ગયો ત્યારે મને મૃગાવતીજી મહારાજની વકતૃત્વશકિતનો પરિચય મળ્યો. એમની પ્રગતિશીલ ક્રાંતિકારી અને સામાજિક દષ્ટિને સમજવાનો અવસર મળ્યો. એમની સ્વપ્નદર્શી સંગઠનક્ષમતાની ઝલક નિહાળવાનો અવસર મળ્યો. એમની વાણીમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યની રત્નત્રયી અભિમંડિત હતી. એમના સંબોધનમાં એક સચેતન ઉદ્‌બોધન હતું.

ફરી વાર મળ્યો ત્યારે એમનું સ્વાસ્થ્ય સારું ન હતું, પરંતુ એમના આશીર્વાદભર્યા સ્મિતમાં, એમના ઉત્સાહમાં અને એમની સ્ફૂર્તિમાં અસ્વસ્થતાનો કોઈ આભાસ વરતાતો નહોતો.

તેઓ શુભ્ર શ્વેત ખાદી પહેરતાં હતાં. એમની સાદાઈ અને સરળતામાં એમની તપસ્યા અને સાધનાનું વણાટ હતું. તેઓ પોતે જૈન સાધ્વીનાં કઠિન વ્રત અનાયાસ રીતે પાલન કરતાં હતાં અને એમની શિષ્યાઓને પણ એમની એ જ પ્રેરણા હતી. એમના સ્વભાવમાં એક સહજ મૃદુતા, ઊંડાણ અને માનવતાનાં દર્શન થતાં હતાં. તેઓ વિદુષી હતાં છતાં એમની વિદ્વતામાં કોઈ આડંબર કે કોઈ દેખાવ ન હતો. ચિંતકો, કલાકારો, સાહિત્યકારો અને ભારતીય પરંપરા માટે એમના હૃદયમાં વિશેષ સન્માન હતું.

મને યાદ છે કે, વલ્લભ સ્મારકમાં એમણે પ્રાચીન હસ્તપ્રતોને કેટલી કાળજીથી સાચવી હતી અને પોતાની દેખરેખ હેઠળ વર્ગીકરણ કરાવ્યું હતું. જયારે હું ત્યાં ગયો ત્યારે કોઇ અલૌકિક વાત્સલ્યભાવથી એમણે મને અલગ અલગ અલમારીઓમાં ગોઠવેલી હસ્તપ્રતો બતાવી હતી. આ કાર્યમાં એમણે પોતાની શિષ્યાઓને ઉત્કૃષ્ટ તાલીમ અપાવી અને પ્રેરણા આપી.

વલ્લભ સ્મારક મૃગાવતીજી મહારાજના કર્મઠ જીવનની એક શ્રેષ્ઠ ઉપલબ્ધિ છે, જે સદાય આપણને એમના વ્યકિતત્વ અને કૃતિત્વની યાદ અપાવતું રહેશે. અહીંની ભૂમિના કણેકણમાં,ભવન અને ખંડખંડમાં, મૂર્તિ અને સર્વ વસ્તુઓમાં એમની આધ્યાત્મિક સાધના અને કાર્યકુશળતાનાં દર્શન થતાં રહેશે.

મહત્તરાજીનું વ્યકિતત્વ એક ઐતિહાસિક ક્રાંતિદર્શી અને સુવર્ણસંપન્ન વ્યકિતત્વ હતું. તેઓ પ્રેરણાના અનન્ય અને અક્ષય સ્ત્રોત હતાં. એમનું જીવન અને દેહાવસાન ચૈતન્યની યાત્રાનો પ્રમાણ- પુંજ છે. એમની સિદ્ધિઓ અને સિદ્ધિઓની અસીમ સંભાવનાઓ સમાજના માનસમાં એક કીર્તિમંદિરના રૂપમાં ચિરસ્થાયી થઇ ગઇ છે. હું પરમ શ્રદ્ધેયા મહત્તરાજીને શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું અને એમણે આપેલ પ્રેરણા અને સંકલ્પોને સમાજની અમૂલ્ય, અવિસ્મરણીય અને પવિત્ર મૂડી સમજું છું.

# મહત્તરાજીનું મહાપ્રયાણ

## □ રાજકુમાર જૈન

આ દુનિયામાં મૃત્યુ એ કાંઇ પહેલી વારની ઘટના નથી. પરંતુ અમુક વ્યક્તિઓનું જીવન એવું મહાન હોય છે કે, તેમના જવાથી માનવતાને સદીઓ સુધી પ્રતીક્ષા કરવી પડે છે.

બે દિવસ પહેલાં જ મૃગાવતીજીની તબિયત ચિંતાજનક હતી. વલ્લભ સ્મારકમાં દર્શનાર્થીઓની ભીડ જામી હતી. બહાર પ્રાંગણમાં અખંડ જાપ ચાલુ હતા. ભાઇ-બહેનો શાંત ચિત્તે શંખેશ્વર પાર્શ્વનાથની છબી સામે શાંત મુદ્રાથી નવકાર મહામંત્રનો જાપ કરી રહ્યાં હતાં. આખી રાત લોકો સૂતાં નહિ. અસાધ્ય બીમારી છતાં મૃગાવતીજી મનોયોગપૂર્વક ઊઠી પાંચ કલાક સુધી સમાધિમાં બેસી રહ્યાં.

એમના દેહાવસાનના સમાચાર સાંભળી જગ્યાએ જગ્યાએથી લોકો ઉમટી પડયા. બપોરે મૃગાવતીજીના પાર્થિવ દેહને દર્શનાર્થે સમાધિ મુદ્રામાં, જ્યાં તેઓ પ્રવચન આપતાં હતાં એ સ્થળે મૂકવામાં આવ્યો. ખૂબ જ હૃદયસ્પર્શી દૃશ્ય હતું! બહેનો ચોધાર આંસુએ રડી રહી હતી. નક્કી કરવામાં આવ્યું કે, શનિવાર તા. ૧૯મી જુલાઇએ સાંજના પાંચ વાગ્યે વલ્લભ સ્મારકમાં માતા પદ્માવતીના મંદિરની પાસે એમનો અંતિમ સંસ્કાર વિધિ કરવામાં આવશે.

રાતથી જ પંજાબના અનેક શહેરોમાંથી ભક્તોની બસો ભરાઇ ભરાઇને આવવા લાગી. સવાર સુધીમાં તો હજારો લોકો એકઠા થઇ ગયા. ભાગ્યે જ એવી કોઇ વ્યક્તિ હશે જેણે જીવનમાં મૃગાવતીજીનાં એક વખત દર્શન કર્યા હોય અને આજે હાજર ન હોય. લુધિયાણાથી ૧૪ બસ ભરાઇને આવી. અંબાલા, સમાના, રોપડ, માલેર કોટલા, જાલંધર, જંડિયાલા, પટ્ટી, ચંડીગઢ, મદ્રાસ, મુંબઇ, સૌરાષ્ટ્ર, મેરઠ, આગરા, શિવપુરી, મુરાદાબાદ, હોશિયારપુર, જમ્મુ, અમદાવાદ વગેરે સ્થળોથી હજારો ભક્તો વલ્લભ સ્મારકમાં એકઠા થયા. ઉત્તર ભારતમાં ભાગ્યે જ કોઇ સ્થળે આટલી મોટી સંખ્યામાં જૈન ધર્મીઓ એક સાથે ભેગા થયા હશે. વલ્લભ સ્મારકમાં સર્વત્ર માનવ મહેરામણ લહેરાતો હતો. બધાના હોઠ પર મહત્તરાજીના દિવ્ય જીવનનાં પુનિત સ્મરણો હતાં.

બપોરના ૧૧ વાગે ધર્મસભા શરૂ થઇ જે ચાર વાગ્યા સુધી ચાલી. એક તરફ મહત્તરાજીના પાર્થિવ દેહને દર્શનાર્થે મૂકવામાં આવેલ હતો. મંચ પર સાધ્વી સમુદાય બિરાજમાન હતો. સમસ્ત ભારતના જૈન ધર્મના ચારે સંપ્રદાયના પ્રમુખ મહાનુભાવોએ મૃગાવતીજીને શ્રદ્ધાંજલિ અર્પિત કરી.

ભારતના માનનીય રાષ્ટ્રપતિ તરફથી એમના સૈન્ય-સચિવે પુષ્પાંજલિ અર્પિત કરી. મૃગાવતીજીની સ્મૃતિને ચિરસ્થાયી બનાવવા એક ટ્રસ્ટ સ્થાપવાની યોજના રજૂ કરવામાં આવી. તરત જ લાખો રૂપિયા ટ્રસ્ટ માટે ભેગા થઇ ગયા. સાધ્વી સુવ્રતાશ્રીજીએ હૃદયસ્પર્શી પ્રવચન આપ્યું. સૌ રડી પડયાં.

અંતે પાલખી ઊંચકવાનો સમય આવી પહોંચ્યો. હજારો કંઠમાંથી અવાજ ઊઠયો. 'જય જય નંદા, જય જય ભદ્રા'. સાંજે પાંચ વાગે અંતિમ સંસ્કારના સ્થળે સૌ આવી પહોંચ્યાં. છેલ્લે મૃગાવતીજીના પાર્થિવ શરીરને અગ્નિદાહ કરવામાં આવ્યો. ધૈર્યના બંધ તૂટી પડયા. સૌ રડી પડયાં. 'મહત્તરાજી અમર રહે, સાધ્વી મૃગાવતીજી અમર રહે' નો નાદ ગુંજવા લાગ્યો.

સૌ અસહાય મુદ્રામાં દિગ્મૂઢ થઇને એ દિવ્ય શરીરને આંખોથી અદૃશ્ય થતું જોઇ રહ્યા.

સૂર્ય અસ્તાચળે પહોંચી ગયો હતો. આકાશમાં લાલીમા છવાઇ ગઇ હતી. કોલાહલ શાંત થઇ ગયો હતો. ધીરે ધીરે રાત ઊતરી આવી હતી.

નિશ્ચિત છે કે, ફરીથી સવાર પડશે. ફરીથી સૂર્ય ઊગશે અને જીવનરથ ધર્મમાર્ગ ઉપર આગળ વધશે. ફરીથી

આપણને મૃ ાાવતીશ્રીજી જેવા ભવ્ય આત્માનો ભેટો થશે. તેઓ કહેતાં હતાં, 'જીવન ઉત્સવ છે અને મૃત્યુ મહોત્સવ છે.'

સાધ્વી મૃગાવતીજીની વિદાયથી ઉત્તર ભારત જ નહિ, સમસ્ત ભારતના એમના ભક્તોને આઘાત લાગ્યો છે. એમણે અનેક મહાન કાર્યો કર્યાં. જીવન અર્પણ કરી દીધું, ભગવાન મહાવીરના શાસનનો પ્રચાર તથા પ્રસાર કરવા એમણે જે કંઇ કર્યું તે શબ્દાતીત છે.

જૈન સમાજે સંકલ્પ કર્યો છે કે, પૂજ્ય મૃગાવતીશ્રીજી મહારાજે જે વલ્લભસ્મારકનું કાર્ય ઉપાડયું હતું, તે સર્વાંગ સુંદર રીતે પૂર્ણ થશે જ. મહારાજસાહેબને પોતાના નામની લેશ માત્ર લાલસા નહોતી. એમણે સેવાના માધ્યમ વડે સમાજના ઉત્થાન માટે જીવનભર પ્રયાસ કર્યો. હું માનું છું કે, એમણે આપણને એક એવો આદર્શ રાહ ચીંધી બતાવ્યો છે કે, જો આપણે એ માર્ગે ચાલતા રહીએ તો સમાજની ઉન્નતિ અવશ્ય થઇ શકે.

છેલ્લા ચાર-પાંચ મહિનાથી એમનું સ્વાસ્થ્ય સારું ન હતું. છતાં એમણે કદી એની ચિંતા ન કરી. ખરેખર તો ૧૯૭૭થી એમને કેન્સરના રોગની શરૂઆત થઇ ગઇ હતી. પરંતુ પોતાના શરીરનાં સર્વ પ્રકારનાં કષ્ટ સહન કરવાનું મહત્તરાજી શીખ્યાં હતાં. દોઢ વર્ષ સુધી કોઇને રોગની એમણે ખબર પડવા ન દીધી. અંતિમ સમયે પણ એમણે કહ્યું હતું કે, 'મારી ઉપર જે કષ્ટ છે, હું તેને આ શરીરના માધ્યમથી જ છોડી જવા ઇચ્છું છું, સાથે લઇ જવા નથી ઇચ્છતી.'

સમાજને એમના રોગની ખબર પડી ત્યારે એમનો ઇલાજ કરવામાં આવ્યો. એથી પાંચ વર્ષ સુધી એમની તબિયત સારી રહી. પરંતુ ત્યાર બાદ રોગ અન્ય કોઇ માર્ગે આગળ વધતો રહ્યો. જેની એક વર્ષ સુધી કોઇને ખબર ન પડી. માર્ચ મહિનામાં જોયું કે, મહારાજશ્રીને બે મહિનાથી તાવ આવે છે અને તાવ નિયંત્રણમાં નથી. દર્દને તેઓ કદી ચહેરા પર લાવતાં જ નહિ. નાની અમથી વાત તો તેઓ કહેતાં જ ન હતાં. ઇલાજ શરૂ થયો ત્યારે ખ્યાલ આવ્યો કે, રોગ ઘણો ઊંડે સુધી ઊતરી ગયો છે.

મૃગાવતીજી કહેતાં, 'મને કોઇ ચિંતા નથી. મારા શરીરને રોગ લાગુ પડયો હશે, મારા આત્માને કોઇ રોગ લાગુ નથી પડયો.' નિરંતર તેઓ આદીશ્વર પ્રભુ અને શંખેશ્વર પાર્શ્વનાથનો જાપ કરતાં હતાં. ઘણા ઇલાજ કરવામાં આવ્યા. દિલ્હી અને મુંબઇથી ડૉક્ટર આવ્યા. વૈદ આવ્યા, આયુર્વેદના આચાર્ય આવ્યા. હોમિયોપેથ આવ્યા, છતાં કંઇ કારગત ન નીવડયું. મૃગાવતીજી તો સહેવાનું શીખ્યા હતાં, કહેવાનું નહોતાં શીખ્યાં.

છેલ્લે એમણે બધાંને યાદ કર્યાં. સમાજના બધા આગેવાનોને યાદ કર્યા. જેમને એમણે યાદ કર્યા તેઓ હાથ જોડી એમની સામે આવ્યા. શારીરિક કષ્ટની પરાકાષ્ટાએ પણ એમણે બધાંને મિચ્છામિ દુક્કડમ્ કહ્યું. સાથેસાથ એ પણ કહ્યું કે, તમે બધાંએ મારી ખૂબ સેવા કરી છે. મારાથી કોઇ ભૂલ થઇ ગઇ હોય તો ક્ષમા કરજો. લાલા રામલાલજીને યાદ કર્યા, લાલા રતનચંદજીને યાદ કર્યા, મને બોલાવ્યો. ભાઇ શાંતિલાલખિલૌનેવાલાએ તો બે-ત્રણ વર્ષ સુધી મહારાજસાહેબની એવી અનન્ય સેવા કરી કે, જેથી તેઓ આવા સ્થળે ચાતુર્માસ કરી શકયાં. શાંતિલાલભાઇને એક વાર નહિ સાત વાર ખમાવ્યા. રાજકુમારજી અંબાલાવાલાને બોલાવીને કહ્યું કે, 'અંબાલા શ્રીસંઘને હું મન, વચન અને કાયાથી મિચ્છામિ દુક્કડમ્ કરું છું.'

મેં મારા હૃદયની વાત મહારાજ સાહેબને કરી. 'મહારાજસાહેબ! આપનું તો દઢ મનોબલ છે. જો ચાહો તો જીવી શકો છો.' ભૃગુસંહિતાની એક કુંડલી એમણે રવિવારે જોઇ હતી. એમાં એક વાત લખેલી હતી કે, આ (મૃગાવતીશ્રીજી) જીવ મહાન છે. અનેક વર્ષોથી એ મોક્ષે જવાની તૈયારીમાં છે અને ઘણી વાર જૈન સાધુ-સાધ્વી બની ચૂકેલ છે. અકબર બાદશાહને એમણે પ્રતિબોધ પમાડયો હતો. તે સમયે આ આત્મા પદ્મા નામે સાધ્વી હતો. પદ્મા સાધ્વી વિદુષી હતાં અને પછી દક્ષિણ ભારતમાં ગયાં હતાં. એમનું લખેલું સાહિત્ય પ્રકાશિત-અપ્રકાશિત દશામાં છે.

ત્યાર બાદ આ આત્માએ, ચન્દ્રભાગા અને રાવી નદીના વચ્ચેનો પ્રદેશ સિયાલ (સિયાલકોટ)માં જન્મ લીધો હતો અને અલ્પાયુમાં અવસાન થયું હતું. એ આત્મા અત્યારે મૃગાવતીના નામે છે. વધુમાં લખવામાં આવ્યુ હતું કે, આ આત્મા અનંત કાર્યો કરનાર છે, અનેક ઉપકાર કરનાર છે. જેને આશીર્વાદ આપે છે, તેનું દુઃખ દૂર કરી, પીડા પોતાના ઉપર લઇ લે છે.'

મૃગાવતીશ્રીજીએ ભૃગુસંહિતાની આ બધી વાતો સાંભળી, પણ કશું બોલ્યાં નહિ. બહુ આગ્રહ કર્યો ત્યારે છેવટે અનિચ્છાએ કહ્યું કે, 'આ બધી વાતો સત્ય છે. કોઇક ભવમાં અષ્ટાપદ પર્વતની પરિક્રમા પણ કરી હતી અને ભગવાન પાર્શ્વનાથની આરાધના કરી હતી.'

દરેક વ્યક્તિ પોતાનું હૃદય ઢંઢોળી જોઇ શકે છે કે, મૃગાવતીશ્રીજીએ એના ઉપર કેવા કેવા ઉપકાર કર્યા છે.

મૃગાવતીશ્રીજી મહારાજની કામ કરવાની રીત જ કોઇ અદ્‌ભુત હતી. પૈસા કદી એમણે માગ્યા નહોતા. એમણે તો પ્રત્યેક વ્યક્તિના હૃદયને જીત્યું હતું. આજની યુવા પેઢી, જે પશ્ચિમના શિક્ષણ અને સંસ્કારોથી પ્રભાવિત છે, એનું દિલ પણ મહાત્તરાજી જીતી શકયાં હતાં.

પૂજય મહત્તરાજીના પાર્થિવ દેહને અગ્નિસંસ્કાર કર્યા પછી એમનાં અસ્થિમાંથી એક અસ્થિમાં એમની મુખાકૃતિ જોવા મળી એ પણ એક અદ્‌ભુત ઘટના છે. આ અસ્થિ પૂ. સુવ્રતાશ્રીજી પાસે છે અને ઘણાંએ એનાં દર્શન કર્યા છે.

મહત્તરાજી વિશે જે કંઇ પણ હું કહીશ તે અલ્પોક્તિ બની રહેશે.

# ઉત્કૃષ્ટ અને અમર દેન

## ❑ વિનોદલાલ એન. દલાલ

મૃગાવતીજી સંસ્કૃત અને પ્રાકૃત સહિત અનેક ભાષાઓમાં પારંગત હતાં. એમની વાણીની ઓજસ્વિતા શ્રોતાના હૃદયને જીતી લેતી હતી. તેઓ વિનય, વિવેક, ક્ષમા અને દયાની મૂર્તિ હતાં. કાર્યદક્ષતા, સાહસ અને ધૈર્ય એમનાં વિશિષ્ટ લક્ષણો હતાં. તેમની સાધના, આરાધના અને ચારિત્રબળમાં ચુંબકીય આકર્ષણ હતું. ભગવાન મહાવીરના શાસનમાં મૃગાવતીજી માતૃશક્તિના ઉન્મેષરૂપ હતાં.

પોતાના આચરણ અને કર્તવ્ય વડે મૃગાવતીજીએ જિનશાસન અને જૈન સમાજને ઉજ્જવલ બનાવ્યું છે. યુગદષ્ટા જૈનાચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના મિશનને અર્થાત સંગઠન, સેવા અને શિક્ષણની પ્રવૃત્તિઓને એમણે પોતાની તપસ્યા અને કાર્યશક્તિથી વધુ વેગવંતી બનાવી.

જ્યાં જ્યાં તેઓ વિચર્યા ત્યાં ત્યાં એમણે ભગવાન મહાવીર પ્રભુની વાણીને વહેતી મૂકી. અનેક જિનાલય, ધાર્મિક પાઠશાળાઓ, મહિલા સંગઠનો, યુવામંડળો, સમાજ સુધારણાનાં કાર્યો, ચિકિત્સા કેન્દ્રો, જીર્ણોદ્ધાર અને તીર્થોદ્ધારના પ્રશંસનીય અને ચિરસ્મરણીય કાર્યોમાં પોતાની અનુપમ શકિતનો એમણે ઉજળો હિસાબ આપ્યો છે.

મૃગાવતીજીએ પોતાના જીવનના અંતિમ દાયકામાં વલ્લભ સ્મારકના કાર્ય દ્વારા ગુરુદેવ વિજયવલ્લભ સૂરીશ્વરજીની યાદને કાયમ કરી છે અને સાથેસાથ સકલ જૈન સમાજનું ગૌરવ વધાર્યું છે. આ સ્મારકનું ભવ્ય કલાત્મક નિર્માણ અને એની વિવિધલક્ષી યોજનાઓ હમેશાં સમાજને પ્રેરણા આપતાં રહેશે. પ્રબુદ્ધ સમાજ અને આવનારી પેઢી આ ભગીરથ પ્રયાસને ઉચિત રીતે મૂલવશે.

અજ્ઞાન-તિમિરતરણી, કલિકાલ કલ્પતરુ યુગવીર જૈનાચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ જ્યારે ૨૨-૯-૧૯૫૪માં મુંબઇમાં કાળધર્મ પામ્યા ત્યારે મૃગાવતીજી પોતાની માતાગુરુણી શીલવતીજી અને સુશિષ્યા સુજયેષ્ઠાજી મહારાજ સાથે હરિયાણાના અંબાલા શહેરમાં બિરાજમાન હતાં. સમસ્ત જૈન સમાજ ક્ષુબ્ધ અને કિંકર્તવ્યવિમૂઢ બની ગયો હતો.

ઉત્તર ભારતના બધા આગેવાનોને એકત્રિત કરી મૃગાવતીજીએ ગુરુદેવનું ભવ્ય સ્મારક દિલ્હીમાં રચવાનો ઉપદેશ આપ્યો. સ્મારક એક જીવંત અને જ્વલંત સંસ્થા બને એ એમનો ઉપદેશ હતો. એમણે વિચાર મૂકયો હતો કે, આ સ્મારકમાં એક વિશાળ પુસ્તકાલય તથા ગ્રંથભંડાર બનાવવામાં આવે જેથી સંશોધકો ત્યાં બેસી શોધ-સંશોધન કરી શકે અને એ રીતે ગ્રંથભંડારની જાળવણી પણ થઇ શકે. પ્રાચીન કલાયુક્ત વસ્તુઓનું સંગ્રહસ્થાન અને સુયોગ્ય સાહિત્ય-પ્રકાશન માટે સંસ્થાન સ્થપાય એવી ઇચ્છા પણ મૃગાવતીજીએ રજૂ કરી હતી. ગુરુદેવ વિજયવલ્લભસૂરિએ વડોદરામાં એક વખત કહ્યું હતું કે, 'ડબ્બામાં બંધ પડેલું જ્ઞાન દ્રવ્ય શ્રુત છે. તે આત્મામાં આવે ત્યારે ભાવ શ્રુત બને છે. જ્ઞાનમંદિરોની સ્થાપના કરી સંતુષ્ટ ન થઇ જાઓ. એનો પ્રચાર પણ થાય એ માટે કાર્યરત રહો.'

ગુરુદેવ વિજયવલ્લભસૂરીશ્વરજીએ વડોદરામાં જન્મ લઇ, જીવન પર્યંત પંજાબ, રાજસ્થાન અને મુંબઇનો ઉદ્ધાર કર્યો. એમણે હંમેશાં ખાદીનાં વસ્ત્રો ધારણ કર્યાં અને ભારતની રાષ્ટ્રભાષા બનનાર હિન્દીનો ઉપયોગ કર્યો. ભારતના ભાગલા વખતે પોતાના જીવના જોખમે ગુંજરાવાલાથી પંજાબીઓને ભારત લઇ આવ્યા હતા. પંજાબનો સંઘ ગુરુદેવનો ઉપકાર કઇ રીતે ભૂલી શકે?

ઇ.સ. ૧૯૭૩માં રાષ્ટ્ર સંત શાંતમૂર્તિ આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજ વડોદરામાં બિરાજમાન હતા. એમની નિશ્રામાં એક સાધ્વી સંમેલન મળ્યું હતું. સંમેલન પછી એમણે મૃગાવતીજીને તરત દિલ્હી તરફ વિહાર કરવાની

આજ્ઞા આપી અને આદેશ આપ્યો કે 'વિજયવલ્લભ સ્મારકના નિર્માણ કાર્યને અગ્રતા આપી એને સંપન્ન કરાવો.'

મૃગાવતીજી ૨૨ માર્ચ ૧૯૭૩ના રોજ વડોદરાથી વિદાય થયાં અને ઉગ્ર વિહાર કરી ૧ જુલાઇ ૧૯૭૩ના દિલ્હી પધાર્યાં અને દિલ્હીમાં રૂપનગરમાં ચાતુર્માસ કર્યું.

ચાતુર્માસનો આરંભ થતાં જ એમણે કઠિન અભિગ્રહ ધારણ કર્યા. ભાત, મીઠાઇ, ગોળ, સાકર વગેરેનો ત્યાગ કર્યો. સુશ્રાવક લાલા શ્રી રતનચન્દજી તથા મદન કિશોરજીએ પણ એમ જ કર્યું. એવો નિર્ણય કર્યો હતો કે, જ્યાં સુધી સ્મારક માટે જમીનની ખરીદી ન થાય ત્યાં સુધી ઉપરોક્ત વસ્તુઓનો ઉપયોગ ન કરવો. એથી થોડા સમય પછી સમાજમાં નવી ચેતનાનો સંચાર થયો.

ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ વર્ષમાં એટલે કે ઇ.સ. ૧૯૭૪માં શ્રી આત્મ વલ્લભ જૈન સ્મારક શિક્ષણ નિધિ ટ્રસ્ટની સ્થાપના પૂજ્ય સાધ્વીજીના ઉપદેશથી કરવામાં આવી. ૧૨ જૂન ૧૯૭૪ના ટ્રસ્ટ કરવામાં આવ્યું અને સવા છ એકર જમીન દિલ્હી રાજયમાં જી.ટી. કરનાલ રોડના ૨૨મા કિલોમીટર પર ખરીદવામાં આવી અને ૧૫ જૂન ૧૯૭૪ના રજીસ્ટ્રેશન કરાવવામાં આવ્યું. આથી એમનો અભિગ્રહ પૂર્ણ થયો. જમીનની ચારે બાજુ દીવાલ બનાવવા માટે ૧૬ જૂન ૧૯૭૪ના સંક્રાંતિ સમારોહમાં બહેનોએ ઈંટ અને પથ્થરો માટે હજારો રૂપિયાનાં વચન સાધ્વીજી મહારાજની પ્રેરણાથી આપ્યાં.

સ્મારક માટે સમાજશિરોમણિ સ્વ. શેઠ શ્રી કસ્તૂરભાઇ લાલભાઇનું માર્ગદર્શન મળ્યું. એમની દેખરેખ હેઠળ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી (અમદાવાદ)ના નિષ્ણાત શિલ્પી શ્રી અમૃતલાલ મૂલશંકર ત્રિવેદીએ સ્મારક ભવનની રૂપરેખા તૈયાર કરી. કસ્તૂરભાઇએ આ નિધિના આદ્ય સંરક્ષક પદનો સ્વીકાર કરીને મોટો ઉપકાર કર્યો. શ્રી દીપચંદ એસ. ગાર્ડી, શ્રી જે. આર. શાહ, શ્રી શ્રેણિકભાઇ કસ્તૂરભાઇ અને શ્રી માણેકભાઇ બેતાલા આ નિધિના વર્તમાન સંરક્ષકો છે. આ ટ્રસ્ટ અખિલ ભારતીય સ્તર પર બનાવવામાં આવ્યું છે. મદ્રાસ, બેંગલોર, મુંબઇ, અમદાવાદ, રાજસ્થાન, દિલ્હી, હરિયાણા, અને પંજાબના પ્રબુદ્ધ અને સક્રિય કાર્યકર્તાઓ એના ટ્રસ્ટી છે. અમેરિકા, ઇંગ્લેન્ડ અને જાપાનના પણ એક-એક ટ્રસ્ટી હોવાથી આ ટ્રસ્ટને આંતરરાષ્ટ્રીય સ્વરૂપ મળ્યું છે.

ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ વર્ષના રાષ્ટ્રીય કાર્યક્રમને નિશ્રા આપવા રાષ્ટ્ર સંત શાંતમૂર્તિ આચાર્ય સમુદ્રસૂરિજી મહારાજ દિલ્હી પધાર્યા. ૩૦ જૂન ૧૯૭૪ના દિલ્હીમાં એમનો ભવ્ય પ્રવેશ કરાવવામાં આવ્યો. ૧લી જુલાઇના આચાર્યભગવંત સકલ પરિવાર સાથે રૂપનગર પધાર્યા અને ત્યાં ચાતુર્માસ કર્યું. નિર્વાણ મહોત્સવ ધામધૂમથી રાષ્ટ્રીય સ્તરે મનાવવામાં આવ્યો. તે સમયના વડાપ્રધાન શ્રીમતી ઇંદિરા ગાંધીએ વિશાળ જનસમૂહને સંબોધન કર્યું હતું.

મહોત્સવ પછી આચાર્ય સમુદ્રસૂરિજીએ પંજાબ તરફ વિહાર કર્યો અને વલ્લભ સ્મારકમાં પણ પગલાં કર્યાં. સમસ્ત ભૂમિની પરિક્રમા કરી એમણે પોતાને હાથે પાયામાં સર્વત્ર વાસક્ષેપ પ્રદાન કર્યો. શ્રી સંઘને આશીર્વાદ આપ્યા. ભૂમિ ધન્ય થઇ ગઇ.

પૂજ્ય મહત્તરાજી ૧૧ મે ૧૯૭૬ના સવારે છ વાગે સ્મારકના સ્થળે પધાર્યાં. સ્થળની ભવ્યતા જોઇ ગદ્ગદ્ થઇ ગયાં. દેવ અને ગુરુનું ચિંતન કરતાં કરતાં અનેક કલ્પનાઓ તેમના મનમાં ફરફરવા લાગી. ગુરુદેવની સુંદર મૂર્તિ, ભગવાનનું સુંદર મંદિર અને બાળકોની શાળા જાણે એમના મનમાં સાકાર થવા લાગ્યાં. તે વખતે તેમણે ગુરુભક્તો સમક્ષ પોતાના મનના ભાવ વ્યક્ત કરતાં કહ્યું, ૧૦ વર્ષ પછી આપણે ગુરુદેવ વિજયવલ્લભસૂરિ મહારાજની દીક્ષા શતાબ્દી ઉજવવાના છીએ ત્યાં સુધી આ નિર્માણ કાર્ય સંપન્ન થઇ જવું જોઇએ.

વયોવૃદ્ધ આચાર્ય સમુદ્રસૂરિ કાળધર્મ પામતાં આચાર્ય વિજયેન્દ્રદિન્નસૂરિએ સુધર્માસ્વામીની પાટને સુશોભિત

કરી -એમણે વિજયવલ્લભ સ્મારક યોજના માટે મૃગાવતીજીને પોતાની હાર્દિક શુભેચ્છાઓ આપી અને કાર્ય આગળ વધારવા આશીર્વાદ આપ્યા.

ઈ.સ. ૧૯૭૮માં મૃગાવતીજીએ કાંગડાના પ્રાચીન કિલ્લાની નીચે જંગલમાં આવેલી જૈન ધર્મશાળામાં ચાતુર્માસ કર્યું. ઈતિહાસ સાક્ષી છે કે, કોઇ પણ સાધુ-સાધ્વીએ આજ સુધી ત્યાં ચાતુર્માસ નહોતું કર્યું. મૃગાવતીજીનું આ ચાતુર્માસ એમના સાહસની અમર યાદ આપ્યા કરશે. ચાતુર્માસ દરમ્યાન એમણે એ તીર્થનો ઉદ્ધાર કરાવ્યો અને પુરાતત્ત્વ વિભાગ પાસેથી આદિનાથ ભગવાનની પ્રતિમા જૈન સંઘને પાછી અપાવી, સદાને માટે દર્શન અને પૂજાનો લાભ એમણે સમાજને અપાવ્યો. આ એક અભૂતપૂર્વ ઉપલબ્ધિ છે. વર્તમાન આચાર્ય વિજયેન્દ્રદિન્નસૂરિ મહારાજે આ મહાન ઉપલબ્ધિ પર અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરી હતી અને મૃગાવતીજીને મહત્તરાની ઉપાધિથી અલંકૃત કર્યા હતા. પૂજ્ય સાધ્વી યાકિની મહત્તરાના દેવલોક પછી અનેક સદીઓ બાદ પહેલી વાર મૃગાવતીજીને મહત્તરાની પદવી પ્રદાન કરવામાં આવી હતી.

૨૭ જૂન ૧૯૭૯ના મૃગાવતીજી દિલ્હીમાં ફરીથી પધાર્યાં. એમની પ્રેરણા અને નિશ્રામાં ૨૭ જુલાઇના સ્મારક સ્થળ પર નિર્માણ નિધિના અધ્યક્ષ લાલા રતનચંદજીના વરદ હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું. મહત્તરાજીની અપીલથી લગભગ ૧૬ લાખ રૂપિયાના દાનના વચન તત્કાળ મળી ગયાં.

વલ્લભ સ્મારક જલદીમાં જલદી તૈયાર થઇ જાય એ વિચાર મૃગાવતીજીના મનમાં સતત ઘૂમવા લાગ્યો. એમની પાવન નિશ્રામાં એક વિસ્તૃત યોજના બનાવવામાં આવી અને ૨૮, ૨૯ અને ૩૦ નવેમ્બરના ત્રિદિવસીય વિરાટ સમારોહનું આયોજન કરવામાં આવ્યું. શિલાન્યાસની સાથોસાથ શ્વેતામ્બર જૈન કોન્ફરન્સનું ૨૪મું અધિવેશન પણ ભરવામાં આવ્યું. શિલાન્યાસનો લાભ સુશ્રાવક વયોવૃદ્ધ લાલા ખૈરાયતીલાલ જૈને લીધો. ૨૯ નવેમ્બરના શિલાન્યાસની થોડી વાર પહેલાં મૃગાવતીજીનું માર્મિક પ્રવચન થયું અને તેના ફલસ્વરૂપ ૨૫ લાખ રૂપિયાના વચન મળ્યાં. બહેનોએ આભૂષણ ઉતારીને આપી દીધાં. ૨૧ એપ્રિલ ૧૯૮૦ના ભગવાન વાસુપૂજ્યના ચૌમુખ મંદિરનો શિલાન્યાસ ધામધૂમથી શ્રેષ્ઠિવર્ય પ્રતાપભાઇ ભોગીલાલ અને પરિવાર દ્વારા સંપન્ન થયો.

નિર્માણ માટે ભરતપુર જિલ્લાના બાંસી પહાડપુરનો ગુલાબી પથ્થર પસંદ કરવામાં આવ્યો, જે રંગ, શક્તિ અને કોતરકામ માટે વધુ યોગ્ય લાગ્યો. ૧૯૮૧માં ભાઇ-બહેનોના શ્રમદાનથી હૉસ્ટેલનું નિર્માણકાર્ય શરૂ થયું.

મહત્તરાજીના કેન્સરના અસાધ્ય રોગથી શ્રાવકો ચિંતિત હતા, પરંતુ મહત્તરાજીને એની જરા પણ ચિંતા ન હતી. ખૂબ જ અનુનય વિનય પછી મહત્તરાજીએ ઑપરેશન માટે સંમતિ આપી અને ૧૭મે ૧૯૮૦ના મુંબઇના પ્રખ્યાત ડૉક્ટર પ્રફુલ્લ દેસાઇએ ડૉક્ટર કે.સી. મહાજનની હૉસ્પિટલમાં ઑપરેશન કર્યું. ઑપરેશન પહેલાં અને પછી મૃગાવતીજીએ સાધુ સમાચારીની મર્યાદાઓનું પૂર્ણતયા પાલન કર્યું. તેઓ પગપાળા ચાલ્યા અને લિફ્ટ, સ્ટ્રેચર વગેરેનો ઉપયોગ ન કર્યો. થોડા મહિના બાદ પગપાળા વિહાર કરી તેઓ હરિયાણા અને પંજાબ તરફ ગયાં. અંબાલા અને ચંડીગઢમાં ચાતુર્માસ કર્યાં.

ઈ.સ. ૧૯૮૩નું ચાતુર્માસ મૃગાવતીજી દિલ્હીમાં કરે એવી ભાવભરી વિનંતી માલેરકોટલા જઇ કરવામાં આવી.

૧૯૮૩ના અંતમાં એમણે ભાવના વ્યક્ત કરી કે, આ સુંદર સ્થાનમાં પ્રગટ પ્રભાવી માતા પદ્મ‌ાવતીદેવીનું પણ એક સુંદર સ્વતંત્ર કલાયુક્ત મંદિર રચવું જોઇએ. ૧૮ જૂન ૧૯૮૪ના રોજ દિલ્હી સંઘના અગ્રેસર લાલા રામલાલના વરદ હસ્તે મૃગાવતીજીની પાવન નિશ્રામાં ભૂમિપૂજન કરવામાં આવ્યું. મૃગાવતીજીની પ્રેરણાથી મંદિર નિર્માણ માટે ચાર લાખ રૂપિયાનાં વચન તત્કાળ પ્રાપ્ત થયાં. ૧૯ જૂન ૧૯૮૪ના શ્રી છોટેલાલજી જૈન શાહદરાવાલાના વરદ હસ્તે શિલાન્યાસ કરવામાં આવ્યો.

કાર્યકર્તાઓના અંતરમાં આનંદની લહેર ફરી વળી. કામ એટલી ઝડપથી આગળ વધવા લાગ્યું કે, ચાર મહિનાની અંદર મંદિર નિર્માણનું કાર્ય પૂરું થયું. હૉસ્ટેલ નિર્માણનું કાર્ય પણ પૂરું થવા આવ્યું.

મૃગાવતીજીએ હૉસ્ટેલના ભોંયતળિયાના મકાનનું ઉદ્દ્ઘાટન અને માતા પદ્માવતીના મંદિરની પ્રતિષ્ઠા માટે ૧૦ અને ૧૧ મે ૧૯૮૪ના બે દિવસના સમારોહનો આદેશ આપ્યો. એક કાયમી ભોજનાશાળા માટે પ્રેરણા આપી. હૉસ્ટેલના ભોંયતળિયે સંશોધન કાર્ય માટે ભોગીલાલ લહેરચંદ ઈંસ્ટિટયૂટ ઑફ ઈંડોલોજીની સ્થાપના કરવાની યોજના બનાવી. બે દિવસના સમારોહમાં, જવાહરલાલ નહેરુ વિશ્વ વિદ્યાલયના કુલપતિ ડૉ. દૌલતસિંહ કોઠારીની અધ્યક્ષતામાં આ બધું કાર્ય પાર પડયું. સ્મારકના સંરક્ષક શ્રેષ્ઠિવર્ય શ્રી દીપચંદ એસ. ગાર્ડીના વરદ હસ્તે શીલસૌરભ વિદ્યાવિહાર હૉસ્ટેલ બ્લોકનો ઉદ્દ્ઘાટન વિધિ થયો. શ્રી પ્રતાપભાઇ ભોગીલાલે પોતાના સ્વ. પિતા શ્રેષ્ઠિવર્ય ભોગીલાલ લહેરચંદની પુણ્ય સ્મૃતિમાં ભોગીલાલ લહેરચંદ સંસ્થાનનું ઉદ્દ્ઘાટન કર્યું. કાયમી ભોજનશાળાનું ઉદ્દ્ઘાટન તિલકચંદ મુંહાનીના સુપુત્રો શશિકાન્તભાઇ, રવિકાન્તભાઇ અને નરેશકુમારે કર્યું. પદ્માવતીદેવીના મંદિરની પ્રતિષ્ઠા લાલા શાંતિલાલજી, (મોતીલાલ બનારસીદાસ પેઢીવાળા)એ કર્યું.

માતા પદ્માવતીની પ્રતિમા જોનારને મંત્રમુગ્ધ બનાવી દે એવી છે. સુકોમળ ચહેરો અને દિવ્ય દૃષ્ટિ દર્શકને આનંદ આપી જાય છે. સમસ્ત ભારત દેશમાં કોઇ પણ અધિષ્ઠાયક દેવનું કલાત્મક અને વાસ્તુકલાને અનુરૂપ બનાવવા આવેલ આ પ્રથમ મંદિર છે.

૮ થી ૧૦ ફેબ્રુઆરી દરમ્યાન એક આંતરરાષ્ટ્રીય જૈન કોન્ફરન્સનું આયોજન અહિંસા ઇન્ટરનેશનલે કર્યું. ત્રીજે દિવસે બધા પ્રતિનિધિઓને વિજયવલ્લભ સ્મારકના સ્થળે નિમંત્રવામાં આવ્યા. મૃગાવતીજીની નિશ્રામાં આ સમારોહની અધ્યક્ષતા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના અધ્યક્ષા શ્રી માધુરીબહેન આર. શાહે કરી. શ્રેણિકભાઇ અને પ્રતાપભાઇ ભોગીલાલ પણ પધાર્યા હતા. સુશીલ મુનિ પણ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. દેશ-વિદેશના પ્રતિનિધિઓએ કલાત્મક નિર્માણ અને શોધ કાર્યને જોઇ મુક્ત કંઠે પ્રશંસા કરી.

સ્મારકની આસપાસના ગામવાસીઓની કઇંક સેવા કરવાનો વિચાર મૃગાવતીજીના મનમાં સ્ફૂર્યો. એક દવાખાનું શરૂ કરાવવાની ભાવના વ્યક્ત કરી. લાલા ધર્મચન્દજીએ એ ભાવનાને પુષ્ટિ આપી. ૧૫ જૂન ૧૯૮૫ના રોજ શ્રી આત્મવલ્લભ જશવંત ધર્મ મેડિકલ ફાઉંડેશનના નામે એક હોમિયોપેથિક દવાખાનાનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું. ગામડાંના લોકો અને સ્મારકના શિલ્પીઓને એનો લાભ મળવા લાગ્યો.

શ્રી વિજયવલ્લભ સ્મારક ટ્રસ્ટ પાસે અત્યારે ૨૦ એકર જમીન છે. એક ગગનચુંબી સ્મારક પ્રાસાદ અને એક જૈન મંદિરનું અત્યારે નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. માતા પદ્માવતીનું મંદિર, શ્રી વલ્લભ સ્મારક ભોજનાલય અને ભોગીલાલ લહેરચંદ ઈંસ્ટીટયૂટ ઑફ ઈંડોલોજી શરૂ થઇ ગયાં છે. ભાવિ નિર્માણમાં એક સ્કૂલ, પૃથક શોધપીઠ ભવન, ચિકિત્સાલય ભવન, અતિથિ ગૃહ, સ્કૂલ હૉસ્ટેલ, સ્ટાફ ક્વાટર્સ, કેન્ટીન અને કાર્યાલયનો સમાવેશ થાય છે. ફૂલ-ઝાડ, પગદંડીઓ, ફુવારા વગેરેથી સુશોભિત આ સ્થાન થોડા સમયમાંજ પૂર્ણ થઇ જશે.

સંસ્કૃત અને પ્રાકૃતનું અધ્યયન, અધ્યાપન, પ્રાચીન ગ્રંથ ભંડારો ઉપર શોધ કાર્ય, સર્વોપયોગી સાહિત્ય પ્રકાશન, ધાર્મિક અને વ્યાવહારિક શિક્ષણ, શ્રમણ મંડળ માટે અધ્યયન સુવિધાઓ, સમાજસેવા કાર્યક્રમ, યોગ અને સાધના શિબિરો વગેરેનું આયોજન થશે. આ સંસ્થાન ભારતની રાજધાની દિલ્હીમાંથી સત્ય, અહિંસા, અપરિગ્રહ વગેરેનો સંદેશ વિશ્વ સુધી પહોંચાડવાને માટે માધ્યમ રૂપ બનશે.

આ સ્મારક સંકુલના નિર્માણમાં કરોડો રૂપિયાનો ખર્ચ થવાનો છે. મોટી રકમનું ખર્ચ થઇ ચૂકયું છે.

મૃગાવતીજીએ સમાજની અંદર જે ધર્મ અને દાનની ભાવના જાગૃત કરી છે તેથી અત્યાર સુધી બધું કામ નિર્વિઘ્ન રીતે ચાલી રહ્યું છે. પરંતુ વિશાળ કાર્ય અને વધતી જતી મોંઘવારીમાં આ મહાન સંસ્થાનનો કારોબાર કઈ રીતે ચાલશે એની ચિંતા મહત્તરાજીને હતી. એમણે સમાજના શ્રીમંતોને એક નવો વિચાર આપ્યો કે, તેઓ પોતાનું ધર્માર્થ ટ્રસ્ટ સ્થાપિત કરે અને તેના વ્યાજમાંથી અર્ધી રકમ સ્મારકના નિર્વાહ ફંડ માટે આપે. મૃગાવતીજીની પ્રેરણાથી લગભગ ૫૦ લાખ રૂપિયાનું ટ્રસ્ટ સ્થાપવા માટે લોકોએ વચન આપ્યાં છે.

૧૯૮૬ના આરંભમાં મૃગાવતીજીની તબિયત ફરીથી બગડતી ગઈ. સૌ ચિંતિત થઈ ગયા. પરંતુ મૃગાવતીજી તો કોઈ પણ પ્રકારની ચિંતા વગર કહેતા, 'હું સ્વમાં સ્થિત છું.' મહત્તરાજીએ પોતાની દિવ્ય દૃષ્ટિથી આદેશ આપ્યો કે, મુખ્ય સ્મારક ભવનમાં બિરાજમાન થનાર વિજયવલ્લભસૂરિ મહારાજની ભવ્ય પ્રતિમા, તથા જિન મંદિરમાં સ્થાપિત થનાર ભગવાનની ચાર પ્રતિમાઓની બોલીઓ બોલાવવાનો આદેશ આપ્યો. ૧૫મી જૂન ૧૯૮૬નો દિવસ અહીં એક મહાન પર્વ રૂપે મનાવવામાં આવ્યો. એ દિવસે મહાન ક્રાંતિકારી આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજની પુણ્યતિથિ, ઉત્તર ભારતની આત્માનંદ જૈન મહાસભાનું ૨૫મું અધિવેશન, ભગવાન વાસુપૂજ્ય સ્વામીના મંદિરમાં બિરાજમાન થનાર ચાર અરિહંતદેવ અને ગુરુ ભગવંતોની પ્રતિમાઓની બોલીઓ અને અષાઢ સંક્રાંતિ મહોત્સવના ઉપલક્ષમાં એક વિશાળ ધર્મસભાનું આયોજન થયું. જેમાં ભાગ લેવા હજારો ગુરુભક્તો અને સમસ્ત ઉત્તર ભારતના શ્રી સંઘોના પ્રતિનિધિઓ પધાર્યા. પૂજ્ય મહત્તરાજીની નિશ્રામાં સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પોતાના શરીરની અસ્વસ્થતા છતાં સવારના ૯ વાગ્યાથી બપોરના ૩ વાગ્યા સુધી છ કલાક કાર્યક્રમમાં સતત ઉપસ્થિત રહ્યાં. આ અધિવેશનમાં યુવકોને એમના વિશિષ્ટ સાહસ અને શૌર્ય માટે 'શ્રી કાલિકાચાર્ય શૌર્ય સુવર્ણ પદક' એનાયત કરવામાં આવ્યા. બોલીઓ બોલવામાં આવી. બે ઉપાશ્રય બનાવવા માટે બે મહાનુભાવોએ તૈયારી બતાવી. આ રીતે માંદગીને ન ગણકારી મૃગાવતીજીએ ખૂબ મોટાં દાન એકત્રિત કરવા પ્રેરણા આપી.

પૂજ્ય મૃગાવતીના શ્રેષ્ઠ પ્રયત્નોથી વલ્લભ સ્મારકનું નામ દેશ-વિદેશમાં પહોંચી ગયું. વલ્લભ સ્મારક એ મૃગાવતીજી તરફથી સમાજને અનુપમ, ઉત્કૃષ્ટ અને અમર દેન છે. સ્મારકથી સમસ્ત જૈન સમાજનું ગૌરવ વધ્યું છે.

મૃગાવતીજીનું નિર્મળ ચારિત્ર, વચનસિદ્ધિ, કર્તવ્યશક્તિ તથા ધર્મ અને ગુરુ પ્રત્યેની નિષ્ઠા અદ્વિતીય હતાં.

# મહાન પથપ્રદર્શક

## ☐ બલદેવ રાજ જૈન

દેશના ભાગલા પછી પંજાબ સાધુ-સાધ્વીઓથી વંચિત થઇ ગયું. પંજાબકેસરી વિજયવલ્લભસૂરિ મહારાજે વિદુષી સાધ્વી શ્રી મૃગાવતીજીને પંજાબ પહોંચવાનો આદેશ આપ્યો. મૃગાવતીજી અંબાલામાં હતાં ત્યારે મુંબઇમાં આચાર્ય ભગવંતનો સ્વર્ગવાસ થઇ ગયો. શ્રી આત્માનંદ જૈન મહાસભા, પંજાબ તરફથી મહત્તરાજીના સાંનિધ્યમાં અંબાલામાં ગુણાનુવાદ સભા થઇ, જેમાં ગુરુ વલ્લભ સ્મારક રચવાનો નિર્ણય કરવામાં આવ્યો. પંજાબકેસરીના પટ્ટધર રાષ્ટ્ર સંત શાંતમૂર્તિ શ્રી વિજયસમુદ્રસૂરિ મહારાજની આજ્ઞાથી એમણે બીજાં શહેરોમાં પરિભ્રમણ કર્યું.

લુધિયાણામાં એમના સ્વાગતની તૈયારીઓ કરવામાં આવી. ઉપાશ્રયને બદલે ખુલ્લા મેદાનના મંડપમાં પ્રવચનોનું આયોજન કરવામાં આવ્યું. ચારે બાજુ સાર્વજનિક ભાષણોનો ડંકો વાગી ગયો. પ્રવચનોમાં જૈનો ઉપરાંત અન્ય ધર્મના ભાઇબહેનોની વિશેષ સંખ્યા ધ્યાન ખેંચતી હતી. મૃગાવતીજીએ ખંડનમંડનની રીત છોડી સમન્વયની વાત પ્રવચનોમાં કરી.

અનેક આર્યસમાજી સંસ્થાઓ, સનાતન ધર્મસભા વગેરે તરફથી પોતપોતાનાં સ્થાનોમાં બપોરના પ્રવચનોનું આયોજન કરવામાં આવ્યું. સાથોસાથ દહેજની કુપ્રથા દૂર કરવા આંદોલન ચલાવવામાં આવ્યું. આર્ય સમાજી નેતા શ્રી કિશોરીલાલને નેતૃત્વ સોંપવામાં આવ્યું.

શ્રી આત્માનંદ જૈન હાઇસ્કૂલ લુધિયાણાના નવા ભવન માટે વ્યાખ્યાનમાં અપીલ કરવામાં આવી. ચારે બાજુથી રૂપિયાનો વરસાદ થયો. મહિલાઓ પોતાનાં આભૂષણ ઉતારીને આપવા લાગી. આ દશ્ય મારી જિંદગીમાં પહેલીવાર જોયું. એંસી હજાર રૂપિયા ભેગા થયા. (તે વખતે સોનાનો ભાવ સો રૂપિયા તોલાનો હતો.) લોકોએ લક્ષ્મી અને સરસ્વતીનો મેળાપ જોયો. એક બાલ સાધ્વીનું આટલું મહાન કાર્ય! સૌ દંગ થઇ ગયાં. મહાસભાના મહારથીઓ જે મૃગાવતીજીને બાલ સાધ્વી સમજતા હતા તેઓ જોતા જ રહી ગયા. વલ્લભ સ્મારક દિલ્હી માટે પાંસઠ હજાર રૂપિયાનાં વચન મળ્યાં. લુધિયાણાનો સંઘ ધન્ય ધન્ય થઇ ગયો.

લુધિયાણા સિવિલ લાઇન્સના શ્રી આદિનાથ જૈન મંદિરની પ્રતિષ્ઠા મૃગાવતીજીની નિશ્રામાં અનોખી રીતે થઇ. લુધિયાણા અને દિલ્હીના શ્રીસંઘો વચ્ચે સંબંધો સ્નેહભર્યા અને ઘનિષ્ઠ બન્યા.

પૂજ્ય મહત્તરાજીએ પોતાની શિષ્યાઓને પૂર્ણ વાત્સલ્યથી તૈયાર કરી છે. વિદુષી સાધ્વી શ્રી સુવ્રતાશ્રીજી મહારાજ અતિ સરળ સ્વભાવનાં, ભવ્ય આત્મા છે. મહત્તરાજીએ પોતાના જીવનકાળ દરમ્યાન જ પોતાનું ઉત્તરદાયિત્વ એમને સોંપ્યું હતું. પૂજ્ય સુયશાશ્રીજી અને પૂજ્ય સુપ્રજ્ઞાજીશ્રી મહારાજ પણ તેજસ્વી શ્રમણી રત્ન છે.

મહત્તરાજી એક સાધ્વી માત્ર નહોતાં. એક મહાન ક્રાંતિકારી અને લબ્ધિસંપન્ન અવતાર હતાં. કોઇ પણ સમાજને આ કક્ષાનાં પથપ્રદર્શક સદીઓમાં ક્યારેક જ મળે છે.

એ મહાન આત્માના ચરણોમાં હું એ જ પ્રાર્થના કરું છું કે, આપણા સમાજને તેઓ જ્યાં હો ત્યાંથી માર્ગદર્શન આપતાં રહે.

એમના કાળધર્મથી જાણે એક ફૂલ ખરી પડયું અને ઉદ્યાન વેરાન થઇ ગયું.

# કાંગડાનું ભવ્ય ઐતહિાસિક ચાતુર્માસ

☐ કાંગડા તીર્થ કમિટિ

કાંગડા ભારતના પ્રાચીન જૈન તીર્થોમાં એક અત્યંત પ્રાચીન અને મહત્ત્વપૂર્ણ તીર્થ છે. અહીં યાત્રા કરવા માટે અનેક સ્થળેથી યાત્રાળુઓ આવે છે. કહેવાય છે કે - મ્લેચ્છ - મુસલમાનોના અત્યાચારો, આક્રમણો અને ધરતીકંપથી આ નગરને અનેક વખત નુકસાન થયું છે. ૧૯૭૮માં મૃગાવતીજીએ આ તીર્થમાં ચાતુર્માસ કર્યું અને તીર્થનો પુનરુધ્ધાર કરાવ્યો.

હિમાચલ પ્રદેશમાં પર્વતીય પ્રદેશમાં કાંગડા એક રમણીય સ્થળ છે. નગરની દક્ષિણ દિશામાં પર્વતની સુંદર ટોચઉપર એક પ્રાચીન વિશાળ કિલ્લો છે. કહેવાય છે કે, મહમદ ગજનવીએ આ કિલ્લા પર ચડાઈ કરી અહીંથી ધન - દોલત, હીરા - જવેરાત વગેરે લૂંટી ગયો હતો. ધરતીકંપને કારણે હાલ એ કિલ્લો એક ખંડેરના રૂપમાં ઊભો છે. કિલ્લાની અંદર એક શ્વેતામ્બર જૈન મંદિર છે. જેમાં શ્યામ વર્ણની, રેતાળ પથ્થરની શ્રી આદિનાથ ભગવાનની પ્રાચીન વિશાળ પ્રતિમા વિદ્યમાન છે.

એ ઉપરાંત કિલ્લાની અંદર જૈન સંસ્કૃતિ અને સભ્યતાના ઘણા અવશેષ મળી આવ્યા છે. ઘણાખરાં સ્તંભો તૂટેલા છે. બાવન દોરીઓની નિશાની છે. સંભવ છે કે પ્રાચીન કાળમાં અહીં બાવન જિનાલય હતું. કિલ્લાની છત પરથી દેખાતું ચારે પાસનું પ્રકૃતિ સૌન્દર્ય મનને મુગ્ધ કરી દે એવું છે. ધ્યાન સાધના માટે આ સ્થળ ખૂબ જ સાનુકૂળ છે.

કિલ્લાની અંદર જે મંદિરમાં ભગવાન આદિનાથની વિશાળ પ્રતિમાજી બિરાજમાન છે, તે મંદિર થોડા સમય પહેલાં પુરાતત્ત્વ વિભાગના અધિકારમાં હતું. જૈનોને આ પ્રાચીન તીર્થની યાત્રા, પૂજા, સેવા, ભક્તિ વગેરે લાભ હોળીના અવસર પર ફાગણ સુદ ૧૩, ૧૪, અને ૧૫ના મળતો હતો. આ દિવસોમાં મેળાનું આયોજન કરવામાં આવતું હતું લોકોની તીવ્ર ઇચ્છા હતી કે, આ પાવન તીર્થ ભક્તો માટે દર્શન અને પૂજા અર્થે સદાય ખુલ્લું રહે. મોટા મોટા નેતાઓએ આ અંગે ઘણા પ્રયત્નો કર્યાં છતાં સફળતા ન મળી.

યુગદષ્ટા પંજાબકેસરી વિજયવલ્લભસૂરિજી મહારાજ દૂરદર્શી હતા. એમને આ તીર્થના પુનરુદયનો આભાસ મળી ગયો હતો. તેઓ કાંગડા તીર્થને પંજાબનું શત્રુંજય બનાવવા ઇચ્છતા હતા. એમણે યાત્રીઓને રહેવાની સુવિધા ઊભી કરવા લાલા મકનલાલ પ્યારાલાલ અને ગુજરાંવાલાને આ પ્રદેશમાં જમીન ખરીદવા માટે પ્રેરણા આપી. ગુરુ મહારાજની ઇચ્છાને પૂર્ણ કરવા આર્યા મહત્તરા મૃગાવતીજીએ ૧૯૭૮માં કાંગડામાં ચાતુર્માસ કરવાનો સંકલ્પ કર્યો. અહીં ચાતુર્માસ કરવા પાછળ એમની એવી ભાવના પણ હતી કે, અહીં શાંત, એકાન્ત, નિર્જન પ્રદેશમાંઆત્મસાધના કરી શકાય. એમણે આ વિચાર દર્શનાર્થે આવેલા ભક્તોમાંથી લાલાશાંતિસ્વરૂપ અને બાબુ રિખવદાસ સમક્ષ વ્યક્ત કર્યો. બન્ને શ્રાવકોએ એ વાતનો ઉમળકાભેર સ્વીકાર કર્યો.

પોતાના સંકલ્પ અનુસાર મૃગાવતીજીએ ૨૩ જૂન ૧૯૭૮ શુક્રવારના દિવસે પોતાની ત્રણ શિષ્યાઓ સહિત બટાલાથી વિહારનો આરંભ કર્યો. ઉનાળામાં વિહાર કરવો મુશ્કેલ હતો. લૂ ગાલ દઝાડી દે એવી હતી. ક્યારેક ક્યારેક અનરાધાર વરસાદ વરસી અવરોધ સર્જતો હતો. નાદુરસ્ત તબિયત, છતાં મૃગાવતીજી દઢ સંકલ્પથી આગળ વધી રહ્યાં હતાં.

હિમાચલ પ્રદેશની સીમામાં પ્રવેશ કરતાં જ આકાશને આંબવા ઊભાં હોય એવા ઉતુંગ શિખરો દેખાયાં. ચારે બાજુ લીલીછમ વનરાજિ, ઝરણાંઓની કલધ્વનિ અને નદીઓની નિર્મળ ધારાઓએ મનને મોહિત કરી દીધું. પ્રકૃતિનાં સુંદર દશ્યોને જોતાં જોતાં તેઓ ૭મી જુલાઈના રોજ નવા કાંગડા પહોંચ્યાં.

કાંગડામાં જૈન મંદિરોના અવશેષ તથા શિલાલેખ એ વાતની સાક્ષી પૂરે છે. ૧૫મી-૧૬મી સદી પછી કાંગડામાં પ્રાચીન જૈન મંદિર ખંડિત થઇ ગયાં છે. કહેવાય છે કે, છેલ્લાં ૫૦૦ વર્ષમાં કોઇ પણ જૈન સાધ્વીજીએ કાંગડામાં ચાતુર્માસ નથી કર્યું. અત્યાર સુધીની પ્રાપ્ત માહિતી અનુસાર મૃગાતવીજીનું ચાતુર્માસ એ પ્રથમ ઐતિહાસિક ચાતુર્માસ હતું. કાંગડા તીર્થ કમિટિના સભ્યોએ ચાતુર્માસ પ્રવેશ વખતે સ્વાગત સમારોહમાં લુધિયાણા, જાલન્ધર, અંબાલા, જંડિયાલા, હોશિયારપુર, જીરા અને પટી વગરે પંજાબના વિવિધ શહેરોના સેંકડો લોકો મૃગાવતીજીનું સ્વાગત કરવા ઉપસ્થિત રહ્યા હતા. છેક મુંબઇથી એક બોગી ભરીને ભક્તો પધાર્યા હતા. જંગલમાં મંગલ થઇ ગયું.

આકાશમાં કાળા વાદળ છવાયેલાં હતાં. હિમાલયની ભૂમિ આ મહાન વિભૂતિનું જાણે સ્વાગત કરવા તલપાપડ બની ગઇ હતી. એ દિવસ ભક્તિની ચરમ સીમાનો દિવસ હતો. પંજાબ-કેસરી ગુરુવલ્લભના નામનો જયજયકાર ચારે દિશાઓમાં ગુંજી રહ્યો હતો. નાચતા- ગાતા, ધામધૂમથી સૌ જૂના કાંગડા પહોંચ્યાં. મુંબઇનો સંઘ અહીં અગાઉથી ઉપસ્થિત હતો. સમુદાય ધર્મશાળામાં પહોંચ્યાં. ધર્મશાળામાં યાત્રાળુઓને રહેવા માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી. પાસે જ એક મેદાનમાં સ્વાગત સમારોહ.મૂશળધાર વરસાદ પણ શરૂ થયો. છતાં સમારોહ સુંદર રીતે પાર પડયો.

આ ઉત્સવમાં ભાગ લેનાર હિમાચલ પ્રદેશના શિક્ષણમંત્રી શ્રી દૌલતસિંહજી ચૌહાણ અને વિધાનસભાના અધ્યક્ષ શ્રી શ્રવણકુમાર ચૌહાણે મૃગાવતીજીના કાંગડા ચાતુર્માસની યોજનાની ખૂબ પ્રશંસા કરી. સન્ત સમાગમથી સૌને લાભ થયો.

મૃગાવતીજીએ ગુરુ વલ્લભના વચન અનુસાર કાંગડા તીર્થને શત્રુંજય સમાન બનાવવા માટે કિલ્લાની પાસે તળેટીમાં એક નૂતન, રમણીય, સુંદર શિખરબંધ મંદિર શાસ્ત્રીય રીતે બાંધવાની યોજના રજૂ કરી. મુંબઇના સંઘે આ વાતને વધાવી લીધી. થોડા સમયમાં એનું નિમાર્ણ કાર્ય શરૂ થઇ ગયું.

સ્વાગત સમારોહ પછી સૌ લોકો પોતપોતાને સ્થળે વિદાય થયા. હોશિયારપુરની થોડી બહેનો બીબી ફૂલ ચમ્બી, ગૌરાં બહેન અને તિલક સુંદરી મહરાજશ્રીની સેવા માટે ત્યાં રોકાઇ.

ધર્મશાળાનું સ્થળ જયાં મૃગાતવીજી રહ્યાં હતાં તે, કાંગડાનું સૌથી સુંદર સ્થાન છે. એવું લાગતું હતું કે, એ કણ્વ ઋષિનો આશ્રમ છે અથવા વસિષ્ઠ ઋષિની તપોભૂમિ છે. ધર્મશાળાની ચોપાસનું વાતાવરણ ખૂબ રળિયામણું છે. દૂર દૂર સુધી ખેતરોની હરિયાળી, સૂર્યોદય અને સૂર્યાસ્તના મનમોહક દશ્યો, પાસેથી વહી જતી નદીનો કલનાદ, પક્ષીઓનો કલરવ અને બરફ પર સૂર્યકિરણોથી આનંદ સાક્ષાત્ થઇ ઊઠતો હતો.

આ અનુપમ સૌન્દર્યમંડિત સ્થાન પર ભગવાન આદિનાથનાં દર્શન કરવા, સેવા-પૂજા કરવા સૌ કોઇ આતુર હતાં. મૃગાવતીજીએ ભક્તોની આ ઇચ્છાની પૂર્તિ માટે જાપ શરૂ કર્યા. હોશિયારપુરથી આવેલી શ્રાવિકાઓને પણ જાપ કરવાની એમણે સલાહ આપી. સૌ નિષ્ઠાપૂર્વક જાપમાં લીન બની ગયાં.

જાપના ૧૭મા દિવસે ૯મી ઓગસ્ટ ૧૯૭૮ના રોજ પુરાતત્ત્વ વિભાગના અધિકારી આપમેળે મૃગાતવીજીના દર્શનાર્થે આવ્યા. મહત્તરાજીએ એમની સામે જૈનોને પૂજાનો અધિકાર મળવો જોઇએ એવો પ્રસ્તાવ મૂકયો. ૧૫ મિનિટના વાર્તાલાપે જાદુ કર્યો. અધિકારી સજ્જન પણ જૈન હતા. મહારાજની ભાવના તરત સમજી ગયા અને પ્રસ્તાવનો અમલ પણ કરી દીધો. મંદિરના દ્વાર જે ત્રણ દિવસ ખુલ્લાં રહેતાં હતાં, તે ચાર માસ ખુલ્લાં રહે એવો અધિકાર આપ્યો. બધા પ્રસન્ન થયા. મોટા મોટા નેતાઓ ૫૫ વર્ષથી પ્રયત્નશીલ છતાં, સફળતા નહોતી મળતી. મૃગાવતીજી દ્વારા અસંભવ કાર્ય સંભવ થઇ ગયું.

ચાતુર્માસ દરમ્યાન મૃગાવતીજીરોજ બપોરનાં૩ વાગ્યાથી ૪ વાગ્યા સુધી વ્યાખ્યાન આપતાં હતાં. કાંગડાના પહાડી લોકો વ્યાખ્યાન સાંભળવા આવતા હતા અને ખૂબ તન્મયતાથી સાંભળતા હતા. ક્યારેક-ક્યારેક તો બહેનો ભક્તિરસમાં ભાવવિભોર બની ગીતો ગાઇ ઊઠતી. મૃગાવતીજીએ સરળ અને મધુર ભાષામાં એમને જૈન ધર્મની જાણકારી આપી. મહારાજજીના ઉપદેશનો એટલો ઊંડો પ્રભાવ પડયો કે, એ લોકો ઘરમાંથી ક્યારેક નીકળતા સાપ, વીંછી, કાનખજૂરા વગેરે જીવોને મારવાનું છોડી અભયદાન આપ્યું. એટલું જ નહિ એમણે દારૂ, ઈંડા, માંસ અને વ્યસનોનો ત્યાગ કર્યો.

પર્યુષણ પર્વનો કાર્યક્રમ વિધિપૂવર્ક યોજાયો. દિલ્હી, હોશિયારપુર, લુધિયાણા, મેરઠ, ઉજ્જૈન વગેરે શહેરોમાંથી આવેલા ભક્તોએ સવાર અને બપોર કલ્પસૂત્રનું શ્રવણ કર્યું. રાતના શાંત અને રમ્ય વાતાવરણમાં પહાડી સ્ત્રીઓ આદિનાથ અને ગુરુમહારાજના ભજનો ગાતાં ગાતાં ભાવવિભોર બની જતી ત્યારે આસપાસના પહાડો ગુંજનથી ભરાઇ જતાં. પર્યુષણ પર્વમાં પૂજા, પ્રભાવના,સંઘપૂજન, કીર્તન, પ્રતિક્રમણ, ચોસઠ પહોરી પૌષધ અને વિવિધ તપશ્ચર્યામાં સૌએ ભાગ લીધો.

'ક્ષમાપના'ના કાર્યક્રમમાં સૌએ જીવમાત્રની ક્ષમા માગી, મૈત્રીભાવના દૃઢ કરી.

આ ચાતુર્માસ દરમ્યાન દેશના વિવિધ ભાગોમાંથી બધા મળી લગભગ ૧૦ હજાર જેટલા યાત્રાળુઓ અહીં પધાર્યા હતા. કાંગડામાં ભગવાન આદિનાથના દર્શનાર્થે પ્રથમ વખત આટલી મોટી સંખ્યામાં યાત્રાળુઓ આવ્યા હતા.

અત્યાર સુધી ચાતુર્માસ સુધી જ ભગવાનના દર્શન - પૂજા કરવાની છૂટ મળી હતી. મૃગાવતીજી એને કાયમી બનાવવા ઇચ્છતા હતાં. આ કાર્યની સિધ્ધિ માટે તેમણે નિરંતર સાધના, પ્રાર્થના અને જાપ કર્યાં. ૨૦ ઓકટોબરના રોજ પુરાતત્ત્વ વિભાગના ઉચ્ચ અધિકારી સમક્ષ વસ્તુસ્થિતિ મૂકી. મહત્તરાજીનાં વચનોથી પ્રભાવિત થઇ અધિકારીએ તરત કાર્યાલયમાંથી મંદિર ખોલવાનો લેખિત આદેશ મોકલી આપ્યો. એટલું જ નહિ, કિલ્લાની ચાવીઓ પણ તીર્થ કમિટિને સોંપી દીધી. સાચા સાધકની સાધનાનો પ્રતાપ હતો. કાંગડામાં પ્રભુનો દરબાર હંમેશ માટે મુકત થઇ ગયો. સર્વત્ર આનંદ ફરી વળ્યો. જય જયકારથી આકાશ ભરાઇ ગયું.

૨૩ ઓકટોબરના રોજ ભૂમિ સુધારના અધિકારીઓ નિરીક્ષણ અર્થે આ તરફ આવ્યા. ધર્મશાળામાં આવજાવ જોઇ એમને કુતૂહલ થયું અને મંદિર જોવા આવી પહોંચ્યા. મૃગાવતીજીને પણ મળ્યા. એમણે મહરાજશ્રીને કહ્યું, 'હિમાચલ પ્રદેશમાં ખેતીવાડીનો બધો આધાર વરસાદ છે. આખું વર્ષ વરસાદ ન પડવાથી લોકોને ભારે મુશ્કેલી છે. માટે અમે પાણીની યોગ્ય વ્યવસ્થા કરવા અહીં આવ્યા છીએ.' આ કાર્ય માટે મૃગાવતીજીના આશીર્વાદ માગ્યા. મહારાજજીએ મંગલકામના કરી અને આશીર્વાદ આપ્યા. અધિકારીએ કહ્યું, 'આપે અમારા હિમાચલ પ્રદેશને પાવન કર્યો છે. અમે ધન્ય થયાં છીએ.'

વખતોવખત આ જંગલમાં અનેક મંગલકારી મહોત્સવો ઉજવાયા. વિજયવલ્લભસૂરિજી મહારાજની સ્વાર્ગારોહણ તિથિ નિમિત્તે આગરા અને હોશિયારપુરથી ભક્તો પધાર્યા. ગુરુમહારાજને શ્રદ્ધાંજલિ અર્પવાના કાર્યક્રમ થયા અને પહાડી હાઇસ્કૂલમાં મિષ્ઠાન ભોજન આપવામાં આવ્યું.

કારતક સુદ બીજના દિવસે ગુરુ મહારાજનો જન્મદિવસ ધામધૂમથી ઉજવવામાં આવ્યો. હોશિયારપુરના લાલા શાંતિલાલજી નાહરે ધર્મશાળા પાછળ વલ્લભ વાટિકા બનાવવાનો વિચાર રજૂ કર્યો. એક સરકારી અધિકારીએ બીજી તરફ બાળકો માટે પાર્ક બનાવવાની યોજના રજૂ કરી. એ કાર્યમાં સહયોગ આપવા સૌએ ઉત્સાહ બતાવ્યો.

દિવાળી પછી નવા વર્ષની સવારે મૃગાવતીજી પોતાની શિષ્યાઓ સાથે પ્રભુદર્શન કરી રહ્યાં હતાં. એ સમયે હિમાચલ પ્રદેશના શિક્ષણમંત્રી શ્રી દોલતસિંહ ચૌહાણ દર્શનાર્થે પધાર્યા. ધર્મચર્ચા, શિક્ષણચર્ચા અને ભજન કીર્તનનો કાર્યક્રમ થયો. શિક્ષણમંત્રીએ મૃગાવતીજીના હિમાચલપ્રદેશ પધારવાના અને અહીં ધર્મ પ્રવૃત્તિ કરવાના પવિત્ર કાર્ય માટે ખૂબ પ્રસન્નતા વ્યક્ત કરી.

હિમાચલ પ્રદેશના સૂમસામ નિર્જન જંગલમાં હવે લગાતાર આવનજાવન શરૂ થઇ ગઇ. એટલું જ નહિ, હિમાચલ પ્રદેશના બધા જૈન અવશેષો અને પ્રાચીન ઇતિહાસની સાચી રીતે શોધખોળ શરૂ થઇ ગઇ.

ચાતુર્માસ પછી પણ વિહાર કરી દૂર ન જવા વિનંતી કરવામાં આવી. નૂતન જિનાલયનું ભૂમિપૂજન અને શિલાન્યાસ વખતે મૃગાવતીજી ઉપસ્થિત રહે એવી વિનંતી કરવામાં આવી. મહરાજજી રોકાઇ ગયાં.

ધર્મશાળાના પ્રાંગણમાં રચાનારા નૂતન જિનાલયના ભૂમિપૂજન અને શિલાન્યાસ સમારોહમાં આચાર્યશ્રી વિજયેન્દ્રદિન્નસૂરિજી મહરાજની નિશ્રામાં બટાલા નિવાસી ગુરુભક્ત પંજુ શાહ ધર્મચંદ પરિવારે ચતુર્વિધ સંઘ કાઢયો. ૧૭ સાધુ-સાધ્વી ભગવંતો પણ એમાં જોડાયાં હતાં.

૧૦ ફેબ્રુઆરી ૧૯૭૯ના સવારના ૮.૧૫ કલાકે દાનવીર ગુરુ ભક્ત રાયસાહેબ રાજકુમારજીના હસ્તે કાંગડાના આ પ્રાચીન તીર્થમાં નૂતન જિનાલયનું ભૂમિપૂજન કરવામાં આવ્યું. બપોરે ૧૨.૪૦ કલાકે વિશાળ જનમેદનીના જય જયકાર વચ્ચે બાબુ રિખવદાસજીના હસ્તે શિલાન્યાસ સમારોહ સંપન્ન થયો. એમને 'શ્રાવકરત્ન'ની ઉપાધિથી સન્માનિત કરવામાં આવ્યા.

હોળીના તહેવાર વખતે હિમાચલ પ્રદેશના મુખ્ય ન્યાયાધીશ શ્રી ટી. યુ. મહેતાની અધ્યક્ષતામાં હોળીનો ઉત્સવ ઉજવવામાં આવ્યો. પ્રા. ચન્દ્રવર્કર એ.પી.એ કાંગડા તીર્થના ઇતિહાસની શોધખોળ વિશે આકાશવાણી પર વાર્તાલાપ આપ્યો.

ટૂંકમાં, આર્યા મહત્તરાજીના દૃઢ સંકલ્પ, પુણ્ય પ્રતાપ, જપ-તપ અને સાચી આરાધનાના પ્રભાવથી વર્ષોથી બંધ પડેલ ઐતિહાસિક જૈન મંદિરોનો પુનરુધ્ધાર થયો. ભક્તોની સુવિધા માટે ધર્મશાળાનો વિકાસ થયો અને એક નૂતન જિનાલયનું નિમાર્ણ પણ થયું.

મૃગાવતીજી આ મહાન કાર્યને જોઇ આચાર્યશ્રી ઇન્દ્રદિન્નસૂરિજી મહારાજે એમને 'મહત્તરા' અને 'કાંગડા તીર્થોધ્ધારિકા'ના પદથી વિભૂષિત કર્યા.

# જીવનની અંતિમ પળ સુધી

## ☐ પંડિત લક્ષ્મણભાઇ હી. ભોજક

પૂજ્ય મહત્તરાજી શ્રી મૃગાવતીજી મહારાજસાહેબને આમ તો હું ઘણાં વર્ષોથી જાણતો હતો. આગમના અભ્યાસ માટે તેઓ તેમનાં માતુશ્રી–ગુરુણી શ્રી શીલવતીશ્રીજીની સાથે અમદાવાદ આવેલાં અને બે ચોમાસાં કરેલાં. પૂજ્ય આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજસાહેબ પાસે અમદાવાદમાં લુણસાવાડાના ઉપાશ્રયે તેઓ દર્શન કરવા આવતાં. તે વખતે હું હસ્તલિખિત પુસ્તકોનું સૂચિપત્ર બનાવવાનું કામ કરતો.

વિ. સં. ૧૯૭૧માં પૂજ્ય આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજસાહેબે મુંબઇ વાલકેશ્વરમાં ચોમાસું કર્યું. તે વખતે પૂજ્ય મહત્તરાજીએ મુંબઇ ખારમાં અહિંસા હૉલમાં ચોમાસું કરેલું. તે વખતે હું પૂજ્ય આગમ પ્રભાકરજીની સાથે વાલકેશ્વરમાં હતો અને ઘણી વખત મળવાનું થયેલું.

ભારતના ભાગલા પડયા તે પછી પંજાબના જે ગામો પાકિસ્તાનમાં ગયાં તે ગામોના તથા સરહદનાં કેટલાંક બીજાં ગામોના જૈન પુસ્તકભંડારો દિલ્હી રૂપનગરમાં લાવવામાં આવેલા. તેનું સૂચિપત્ર બનાવવા માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મહામંત્રી શ્રી કાંતિલાલભાઇ ડી. કોરાએ મને દિલ્હી આવવા માટે લખ્યું. લગભગ બાર હજાર હસ્તલિખિત પુસ્તકોનો અંદાજ કર્યો. મારાથી આવડું મોટું કામ નહિ થઇ શકે એમ મેં તે માટે અશકિત બતાવી. તે વખતે શ્રી કોરાસાહેબે મને પૂજ્ય મહત્તરાજી શ્રી મૃગાવતીજી પાસે જવાનું કહ્યું અને અમદાવાદ ગયા પછી મારે સૂચિપત્ર બનાવવા અંગે રિપોર્ટ લખવો એવી સૂચના કરી.

પૂજ્ય મહત્તરાજી તે વખતે ચંડીગઢમાં દિગમ્બર જૈન મંદિરની ધર્મશાળામાં બિરાજમાન હતાં. તેમની સાથે તેમની ચાર શિષ્યાઓ, પૂજ્ય સાધ્વીજી શ્રી સુજયેષ્ઠાશ્રીજી, પૂજ્ય સાધ્વી શ્રી સુવ્રતાશ્રીજી, પૂજ્ય સાધ્વી શ્રી સુયશાશ્રીજી અને પૂજ્ય સાધ્વી શ્રી સુપ્રજ્ઞાશ્રીજી મહારાજ હતાં. મેં તેમનાં દર્શન કર્યાં અને દિલ્હીના હસ્તલિખિત પુસ્તકોના સૂચિપત્ર અંગે પૂ. મૃગાવતીશ્રીજીને વાત કરતાં  કહ્યું, 'મારાથી એકલા હાથે આવડું મોટું કામ થવું અશકય છે, પણ જો આપની આ શિષ્યાઓ કામ કરવા તૈયાર હોય તો હું માર્ગદર્શક બનું.'

પૂજ્ય મહત્તરાજીએ ઉત્સાહથી કહ્યું, 'મારી શિષ્યાઓ કામ જરૂર કરશે અને હું પોતે પણ કરીશ'. એ સાંભળી મને ઉત્સાહ આવ્યો. તે પછી તેઓશ્રીના હાથે સૂચિપત્ર બનાવવાના કાર્યનો શુભારંભ થયો.

વર્ષોથી બંધ પડેલાં પુસ્તકોનાં પત્રો (પાનાં) ગણીને ધૂળને ભકિતપૂર્વક સાફ કરીને પ્રત્યેક ગ્રંથ ઉપર કાગળનાં વેષ્ટન ચડાવી, ઉપર ગ્રંથનામ લખી પુસ્તકોનો પરિચય લખવાનું શરૂ થયું. આ કાર્યમાં શિષ્યાઓ વધારે સમય આપી શકે એ હેતુને લક્ષમાં રાખીને પોતાની અંગત પરિચર્યામાંથી તેઓને મોકળાશ આપી અને જ્ઞાનનું કાર્ય કરવા તેઓ પ્રેરણા આપતાં રહ્યાં. મારી ૭૦ વર્ષની ઉંમરે દિલ્હી જેટલે દૂર જઇ આ કાર્યમાં સહભાગી બનવાનું શ્રેય પણ તેઓશ્રીને આભારી છે.

જયારે પણ હું દિલ્હી જતો ત્યારે લાલભાઇ દલપતભાઇ વિદ્યામંદિર-અમદાવાદમાંથી પચ્ચીસ-ત્રીસ દિવસની રજા લઇને જતો. છેલ્લે જયારે જૂન માસમાં ગયો ત્યારે ૧૨ જુલાઇ ૧૯૮૬ સુધી રજા મંજૂર કરાવીને ગયો હતો. દિલ્હીથી અમદાવાદ આવવાની મારી. તા. ૧૨ જુલાઇની ટિકિટ મંગાવી લીધી હતી. પૂજ્ય મહત્તરાજીની શારીરિક સ્થિતિ સારી ન હતી. તેઓશ્રીએ એક દિવસ મને પૂછયું કે, કેટલું રોકાવું છે. મેં કહ્યું કે, ૧૨મી જુલાઇની મારી ટિકિટ આવી ગઇ છે. તેઓશ્રીએ મને ૧૯મીએ અમદાવાદ જવા સૂચવ્યું. તે પ્રમાણે મેં ૧૯ જુલાઇની ટિકિટ મંગાવી. પૂજ્ય મહત્તરાજી ૧૮મી જુલાઇના દિવસે સવારે કાળધર્મ પામ્યાં. શું કેટલાક દિવસ પહેલાં તેઓ પોતાની આ વાત પામી ગયાં હશે?

કાળધર્મના બે દિવસ અગાઉ ૧૬મી જુલાઈએ મને ખાસ અંદર બોલાવી કહ્યું કે, આ જ્ઞાનભંડારના કામ માટે એક વર્ષ સેવા આપો.... મેં મારી કેટલીક તકલીફો બતાવી, વળી કહ્યું કે, 'સૂચિપત્રનું કામ તો આપની શિષ્યાઓના હાથે પૂરું થવા જ આવ્યું છે. છતાં પણ મારા સહકારની જરૂર પડશે તો હું આપીશ. આપને બોલતાં પણ શ્વાસ ચડે છે. તે સંયોગોમાં આવી વાતોમાં શ્રમ લો છો તે ઉચિત નથી.'

આજે મને લાગે છે કે, તેઓશ્રી તે વખતે પુસ્તકભંડારના કામની મને ભલામણ કરી રહ્યાં હતાં. આ પ્રસંગથી ફલિત થાય છે કે, તેઓશ્રી છેલ્લા શ્વાસ લઈ રહ્યાં હતાં તે વખતે પણ તેમના ચિત્તમાં સ્મારક અને તેના જ્ઞાનભંડારની વિચારણા ચાલુ હતી.

તેઓશ્રી સ્વભાવે આનંદી હતાં. જીવનની અંતિમ પળ સુધી સમતા સાચવી શકયાં હતાં. ધન્ય જીવન જીવી ગયેલાં પૂજ્ય મહત્તરાજીને શત શત વંદના!

# જૈન સમાજનું બહુમૂલ્ય રત્ન

## ☐ પ્યારેલાલ જૈન

લગભગ વીસ વર્ષ પહેલાં પૂજ્ય મહારાજ શ્રી મૃગાવતીજીને હું વડોદરામાં પહેલી વાર મળ્યો હતો. અમેરિકાથી ભારતની મુલાકાતે હું આવ્યો હતો અને તે વખતે મહારાજશ્રી વિશે ઘણું સાંભળવા મળ્યું હતું. તે વખતે તેઓ જૈન સાધુ-સાધ્વીજીઓમાં ઉદયમાન થતા સિતારા હતા. મહારાજશ્રી સાથે નિકટના પરિચયમાં રહેલા મારા સદ્ગત ભાઈ શ્રી શાંતિસ્વરૂપજીએ મારી ભારતયાત્રા દરમ્યાન મહારાજશ્રીને મળવા કહ્યું હતું અને વડોદરા સાથે આવ્યા હતા. મને યાદ છે કે, મહારાજશ્રી સાથેની મારી પ્રથમ મુલાકાતમાં જ મને લાગ્યું હતું કે, હું એક પૂર્ણ પ્રેમમય, નમ્ર, હેતાળ અને માનવતાવાદી મહાન વ્યકિતને મળી રહ્યો છું. એમના ચહેરા પર અપૂર્વ સ્મિત હતું. વાતચીત દરમ્યાન તમને પ્રતીતિ થાય કે, તેઓ તમારો ખ્યાલ રાખે છે. તેમની પાસે અદ્ભુત જાદુ હતો. એક વિજ્ઞાની હોવાને નાતે હું તેમને અને તેમના જીવન-કાર્યને ઘણી સારી રીતે સમજી શકતો હતો.

મહારાજશ્રીએ મને કહ્યું કે પોતે મારા વિશે જાણતાં હતાં. કારણકે તેઓ પોતે આચાર્યશ્રી વલ્લભસૂરીશ્વરજી મહારાજનાં આજ્ઞાવર્તિની હતાં. જેઓ મારા પણ ગુરુ હતા. સમાન ગુરુ હોવાને કારણે મારા મનમાં ગાંઠ મજબૂત થઈ અને હું એમનાં કાર્યો પ્રત્યે આદર વ્યકત કરતો થયો. એમનાં વિશાળ જ્ઞાન, નિર્ગ્રંથ મન અને જીવનમાં પોતાને શું પ્રાપ્ત કરવું છે એના સ્પષ્ટ દષ્ટિકોણથી હું ખૂબજ પ્રભાવિત થયો. આ ઉદાત્ત ગુણોએ પ્રથમ નાનકડી મુલાકાતમાં જ મને મહારાજશ્રી સાથેના નિકટના સંપર્કમાં મૂકી દીધો. મારે તે જ દિવસે બપોર પછી વડોદરાથી નીકળવાનું હતું, પરંતુ મહારાજશ્રીએ કહ્યું કે, બીજે દિવસે સવારે મારે જૈન સમાજ સમક્ષ વડોદરામાં મહારાજશ્રીની પ્રેરણાથી સ્થપાનારી જૈન શૈક્ષણિક સંસ્થા વિશે બોલવાનું છે. હું ઈન્કાર ન કરી શકયો. મહારાજશ્રી સાથેની વડોદરાની આ મુલાકાતથી હું મનોમન અનુભવવા લાગ્યો કે, હું એમને ઘણાં લાંબા સમયથી ઓળખું છું.

ચાર-પાંચ વર્ષના ગાળા બાદ ઉનાળામાં હું ફરીથી ભારત આવ્યો હતો. મારે મહારાજશ્રીનાં દર્શન કરવાં હતાં, મારા ભાઈ શાંતિસ્વરૂપજી મને લુધિયાણા મહારાજશ્રી પાસે તેડી ગયા. ત્યાં ચાલી રહેલા એક મોટા કાર્યક્રમમાં બોલવા માટે મહારાજશ્રીએ મને કહ્યું. બીજે દિવસે પણ અમારી મુલાકાત થઈ. મેં જોયું કે, તેઓ જે ઉપદેશ આપતાં હતાં તેને પોતાના આચરણમાં મૂકી સિદ્ધ કરી બતાવતાં હતાં. મારા મનમાં એમના પ્રત્યે ખૂબ જ આદરભાવ ઉત્પન્ન થયો. હું મારા ભાઈને ઘણી વાર કહેતો કે, આપણો સમાજ કેટલો બધો ભાગ્યશાળી છે કે, એને દોરવણી આપનાર મહારાજશ્રી મળ્યાં છે. મહારાજશ્રીની મુલાકાત બાદ તેઓ મને દરવાજા સુધી મૂકવા આવ્યાં. એક મહાન આત્માની નમ્રતા મને સ્પર્શી ગઈ!

મહારાજશ્રીને ત્રીજી વાર હું કાલ્કાદેવી પાસે આવેલ કાસોલીમાં મળ્યો. ખૂબ અંધારું થઈ ગયું હતું. તેથી એ ટૂંકી મુલાકાતમાં હું મહારાજશ્રીનાં માત્ર દર્શન કરી શકયો. બીજે દિવસે મારે અમેરિકા તરફ પ્રયાણ કરવાનું હતું. બફેલોમાં સ્ટેટ યુનિવર્સિટી ઑફ ન્યુ યોર્કના ફિઝિકસ ડિપાર્ટમેન્ટમાં હું પ્રાધ્યાપક તરીકે કામ કરું છું ત્યાં મારે ફરજ પર હાજર થવાનું હતું.

૧૯૮૪માં મહારાજશ્રીને દિલ્હીમાં હું છેલ્લી વાર મળ્યો. મુંબઈમાં આયોજિત આંતરરાષ્ટ્રીય કૉન્ફરન્સમાં પ્રવચન આપવા હું ભારત આવ્યો હતો. દિલ્હીનાઆત્મવલ્લભ જૈન સ્મારકમાં ત્યારે એક અગત્યનો કાર્યક્રમ ચાલતો હતો. મહારાજશ્રીએ મને સંદેશો મોકલાવ્યો કે, સ્મારકના કાર્યક્રમમાં ઉપસ્થિત રહી મારે કંઈક કહેવું. મેં એનો સહર્ષ સ્વીકાર કર્યો. બીજે દિવસે હું સ્મારક ખાતે ગયો, છતાં હું ત્યાં એક પણ શબ્દ ન બોલી શકયો. ગળાની ઓચિંતી તકલીફને કારણે મારો અવાજ બેસી ગયો હતો. હું ખૂબ નિરાશ થયો. કાર્યક્રમ બાદ હું મહારાજશ્રીની માફી માગવા

ગયો. મહારાજશ્રી મારી લાગણી સમજી ગયાં અને એમણે મારી પાસેથી વચન લીધું કે, મારી ભારતની આગમી મુલાકાત વખતે મારે વલ્લભ સ્મારકમાં બે કલાક ગાળવા. જેનો મેં સહર્ષ સ્વીકાર કર્યો, પણ ત્યારે હું જાણતો નહોતો કે, મહારાજશ્રીનાં ફરી વાર દર્શન કરવાનું મારા ભાગ્યમાં નથી.

શ્રી રાજકુમાર જૈન મહારાજશ્રીની તબિયતના સમાચાર મને મોકલતા હતા. તેમને સારું થઇ ગયું એવું જાણ્યું ત્યારે ખુશી થઇ હતી. પરંતુ આપણો એ આનંદ ચિરજીંવ ન બન્યો. ફરીથી જૂના દર્દે હુમલો કર્યો અને જુલાઇ ૧૯૮૬માં તેઓ નશ્વર દેહ છોડી ગયાં. આપણા સૌ માટે એ અતિ આઘાતજનક હકીકત હતી.

તીવ્ર બુદ્ધિ પ્રતિભા, અગાધ જ્ઞાન, પૃથ્થકરણ અને તર્કશકિતને કારણે મહારાજશ્રી પોતાની ટૂંકી જિંદગીમાં ઘણી મોટી જવાબદારી ઉપાડી શકયાં હતાં. તેમનું વ્યકિતત્વ બહુમુખી હતું અને તેઓ જૈન સમાજના બહુમૂલ્ય રત્ન હતાં. સમાજના કલ્યાણ માટે એમણે પોતાનું સ્મસ્ત જીવન સમર્પી દીધું હતું. આવું અભૂતપૂર્વ વ્યકિતત્વ આપણને કયાં જોવા મળશે? મને ખાતરી છે કે, એમના સ્વાર્પણના મધુર ફળ આપણા સમાજને જરૂર એક દિવસ મળશે જ.

આ નાનકડો લેખ લખતાં હું વિચારી નથી શકતો કે, એમણે મને શું શું કહ્યું હતું.એમના મનમાં અનેક વાતો ભરેલી હતી. જૈન સમાજના શ્રીમંતો અને ગરીબોનીસમસ્યાઓ, બાળકોનું શિક્ષણ વગેરે અનેક બાબતોને માટે એમણે ખ્યાલ કર્યો હતો. તેઓ જાણતાં હતાં કે, આ યુવાનો ભાવિ જૈન સમાજના સ્તંભ છે. માટે એમનો યોગ્ય વિકાસ થાય. એમને યોગ્ય શિક્ષણ મળે અને શિસ્તના પાઠ શીખવા મળે, જેથી તેઓ સમસ્ત જૈન સમાજને એક ડગલું આગળ લઇ જાય. મહારાજશ્રીની અનુપસ્થિતિમાં આપણા સમાજના દરેક સભ્યે ઘણી ઘણી જવાબદારીઓ ઉપાડવાની છે. એમણે દર્શાવેલા માર્ગ પર આપણે ચાલવાનું છે. એમનું કાર્ય નિરંતર ચાલુ રહેવું જોઇએ. એમના મિશનને પરિપૂર્ણ કરવાનો પડકાર આપણી સામે ઊભો છે.

સમાજના સૌ સભ્યોની જેમ મહારાજશ્રીનું દેહાવસાન મારે માટે પણ એક અંગત ખોટ છે. હું ભારતમાં હોઉં કે પરદેશમાં હોઉં તેથી ફરક નથી પડતો. એમના સદાચરણ માટે હું એમનો હંમેશાં અતિ આદર કરતો રહ્યો છું.

સ્વર્ગમાંથી પૂજ્ય આચાર્ય વલ્લભસૂરિજી અને પૂજ્ય મૃગાવતીજી આપણને નિહાળતાં હશે કે, આ ધરા ઉપર આપણે આપણાં કર્તવ્ય કઇ રીતે બજાવી રહ્યાં છીએ. તેઓ હર હંમેશ આપણી સાથે જ છે અને રહેશે!

# અધ્યાત્મમાતા શ્રી મૃગાવતીજી

**□ શૈલેશ હિંમતલાલ કોઠારી**

હજારો હોઠ જેમની પ્રાર્થના અને કીર્તિગાથામાં ફરફરતા હોય અને હજારો કલમ જેમની જીવનસુષ્માને કાગળ પર ઉતારવામાં વ્યસ્ત રહી હોય એવાં મહાન વિભૂતિ જૈન ભારતી મહત્તરા સાધ્વીશ્રી મૃગાવતીજી મહારાજના જીવન સંબંધી ખ્યાતનામ જૈન શ્રેષ્ઠિઓ, પત્રકારો, પ્રાધ્યાપકો અને ભકતોએ પોતપોતાની રીતે રજુઆત કરી છે. પછી મને થયું કે, હું એમાં વધારે શું લખું? એમના જીવનનું દર્શન તો દરેક લેખમાં વ્યકત થયું જ છે, મારે તે જ પાછું રજૂ કરવું? તેમ નહિ તો શું લખવું? વ્યકિતગત રીતે પૂજયશ્રીની અમીકૃપા મેળવવા હું ભાગ્યશાળી બન્યો છું તેનું બયાન કરવું?

આમ હું અવઢવમાં હતો, ત્યાં તો વિચાર આવ્યો કે, જેમ નવકાર મહામંત્રનો વારંવાર જાપ કરવાથી તે જૂનો થતો નથી. તેમ મહાન વિભૂતિઓના જીવનદર્શનનો વારંવાર ઉલ્લેખ કરવાથી તે જૂનું બની જતું નથી બલકે, એમના પ્રેરણાદાયી જીવનમાંથી આપણને શકિત મળે છે. દઢ નિશ્ચય કરીને મારી (એકલાની જ નહિ અનેકની) અધ્યાત્મમાતા પૂજય શ્રી મૃગાવતીજી મહારાજને અંજલિ આપવા માટે જ લખીશ. અલબત્ત એ પુત્રભાષા જ હશે, છતાં વાચકો એને સ્વીકારી લેશે એવી આશા છે.

મારા આયુષ્યના ધન્ય દિવસોમાં મને મહાન જૈનાચાર્યો પૂજય આત્મારામજી અને પૂજય વિજયવલ્લભસૂરીશ્વરજીનાં જીવન અને કાર્યને સમજવાનો સુયોગ મળ્યો. આ બન્ને મહાત્માઓની સમક્ષ ભૌતિક રીતે ભકિતભાવપૂર્વક ઉપસ્થિત રહેવાનો યોગ ન મળ્યો, પરંતુ તેમનાં જીવનકાર્ય અને ઉપદેશથી અત્યંત પ્રભાવિત થઇ મને એક વિશિષ્ટ બળ મળ્યું અને તે બળમાં ઉતરોત્તર વધારો થતો ગયો, તેનું શ્રેય પૂજય મૃગાવતીજી મહારાજને જ છે. પૂજય વલ્લભસૂરિજીના જીવનકાર્ય અને ઉપદેશને સંપૂર્ણ અને સર્વાંગીણ રીતે અનુસરનારાં મૃગાવતીજીના જીવનનું એક વૈયકિતક પાસું હતું. તે હતું તેમનું અદ્‌ભુત માતૃવાત્સલ્ય.

એમની છત્રછાયામાં જનારને સદાય માતૃવાત્સલ્યની અનુભૂતિ થતી. એમનો સ્વભાવ પુષ્પથી પણ કોમળ હતો. દીવો પ્રગટાવતાં તેનાં અસંખ્ય તેજકણો દ્વારા ચારે બાજુ પ્રકાશ ફેલાઇ જાય છે, અગરબત્તી પ્રગટાવતાં વાતાવરણમાં સુગંધ પ્રસરી જાય છે તે પ્રમાણે મૃગાવતીજીએ પોતાના જીવનકાળની ક્ષણેક્ષણ લોકકલ્યાણ, જ્ઞાનપ્રકાશ અને જનસેવા માટે ખરચી છે.

સંવત ૧૯૮૨ના ચૈત્ર સુદ સાતમના જન્મેલાં આ નારીરત્નની જીવનયાત્રા દુ:ખથી શરૂ થઇ હતી. સાઠ વર્ષ સુધી એમનો જીવનદીપ સદાય પ્રકાશ પાથરતો રહ્યો અને પોતાની ઉજ્જવલ જયોતિથી અનેકનાં જીવનમાં પ્રકાશ પાથરતો રહ્યો. બે વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવી. ત્યાર બાદ બે ભાઇઓ અને એક બહેન પણ ગુમાવ્યાં. હવે કુટુંબમાં ભાનુમતીબહેન (સંસારિક નામ) અને માતા શિવકુંવરબહેન બે જ જણ રહ્યાં. દુ:ખના પહાડ નીચે દિવસો પસાર કરવા લાગ્યાં. પરંતુ માતાએ પુત્રીને ત્યાગ અને વૈરાગ્ય તરફનો માર્ગ પણ બતાવી દીધો.

અંતે વિ.સંવત ૧૯૯૫માં પાલિતાણામાં સિદ્ધગિરિની પવિત્ર છાયામાં મા-દીકરીએ દીક્ષા ગ્રહણ કરી. શિવકુંવરબહેન સાધ્વી શ્રી શીલવતીજી અને ભાનુમતીબહેન સાધ્વી શ્રી મૃગાવતીજીના નામે દીક્ષિત થયાં. માતા ગુરુણી અને પુત્રી શિષ્યા બન્યાં. હવે મૃગાવતીજીએ અક્ષય જ્ઞાનના માર્ગે ગતિ કરી. પંડિત સુખલાલજી, પંડિત બેચરદાસજી અને શ્રી દલસુખભાઇ માલવણિયા પાસેથી વ્યાકરણ, આગમગ્રંથો અને પૂર્વાચાર્યોના મહાન ગ્રંથોનો અને અન્ય ધર્મોના

મહત્ત્વના ગ્રંથોનો અભ્યાસ કર્યો. પરિણામે એમની વિદ્યાપ્રતિભા સોળે કળાએ ખીલી ઊઠી. કલકત્તાના ચાતુર્માસ દરમ્યાન પૂજ્ય વલ્લભસૂરિજી મહારાજની આજ્ઞાથી સૌ પ્રથમ વ્યાખ્યાન આપ્યું.

હજારો લોકો મૃગાવતીજીને સાંભળવા ઉમટતા. એમની વ્યાખ્યાનશકિતની શ્રોતાઓ પર ભારે અસર થતી. પછી તો ગુજરાત, રાજસ્થાન, કર્ણાટક, પંજાબ અને હિમાંચલ પ્રદેશમાં પોતાની શકિતનો ડંકો વગાડયો. એમના ૪૮ વર્ષના દીક્ષાપર્યાયમાં લગભગ ૬૦ હજાર માઇલ જેટલો પગપાળા વિહાર કરી સ્થળે સ્થળે એમણે ધર્મની પ્રભાવના કરી હતી. શાંતિનિકેતનમાં સર્વધર્મપરિષદમાં જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે તથા પાવાપુરીમાં હજારોની મેદનીમાં પોતાની સરળ છતાં પ્રભાવક વાણીથી લોકોનાં હૃદયમાં ઊંચું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. શ્રી ગુલઝારીલાલ નંદા અને શ્રી મોરારજી દેસાઇ એમનાં પ્રવચનોથી ખૂબ પ્રભાવિત થયા હતા.

જયારે જયારે મારું મન દુન્યવી બાબતોથી થાકી જતું, કંઇક ઉજાસ માટે મન વલખાં મારતું, ત્યારે ત્યારે હું એમની પાસે દોડી જતો. એમના પવિત્ર કોમળ હાથથી વાસક્ષેપ લેતો. એમની વાત્સલ્યપૂર્ણ મધુર વાણીથી મારા મનને અપૂર્વ શાંતિબળ મળતું. આ પ્રસન્ન ક્રમ લાંબા સમય સુધી ચાલુ રહ્યો. પરિણામે મારામાં એમની માતૃવાત્સલ્યની આભા પ્રસરતી જ રહી. મારામાં રહેલી સર્વ નબળાઇઓ અને ખામીઓને મેં એમની સમક્ષ કહી સંભળાવી હતી. કોઇ પણ બાબત છુપાવી નહોતી. અને કંઇક અંશે હું એમાં સફળ પણ થયો હતો.

બીજા કોઇ ભાગ્યશાળી ભાવકની જેમ મારી પાસે એમના હસ્તાક્ષરમાં લખાયેલા એમના અનેક કૃપાપત્રો છે. જે મારે માટે એમનું મૂર્ત સ્વરૂપ જ છે.

પૂજય આત્માનંદજી મહારાજ તથા પૂજય વલ્લભસૂરિજી મહારાજના સર્વધર્મસમભાવના.આદર્શ સાથે જૈન ધર્મની ઉચ્ચતમ કોટિએ દોરવણી આપનાર પૂજય મૃગાવતીજી મહારાજ બહુજન સમાજ માટે એક તીર્થરૂપ થઇ ગયાં.


આજીવન બ્રહ્મચર્ય અને સાધ્વીવ્રત ધારણ કરવા છતાં અનેકનાં વાત્સલ્યપૂર્ણ માતા બની ગયાં. દેહની માતા તો ઘરે ઘરે હોય છે,પરંતુ અધ્યાત્મમાતા વિરલ હોય છે. એવાં સમર્થ અધ્યાત્મમાતાની પવિત્ર સ્મૃતિમાં મસ્તક નમાવી આ શ્રદ્ધાંજલિ સમાપ્ત કરું છું.

પૂ. ગુરુદેવની
છબિ નિહાળતા
મહત્તરાજી







પૂ. ગુરુદેવને
વંદન કરતા
મહત્તરાજી



પંજાબ દેશોદ્ધારક પ. પૂ. આચાર્ય
શ્રી વિજયાનંદ સૂરીશ્વરજી મ. સા.

પંજાબ કેશરી પ. પૂ. આચાર્ય
શ્રી વિજય વલ્લભસૂરીશ્વરજી મ. સા.





પૂ. આચાર્યદેવ શ્રીમદ્
**વિજય ઈન્દ્રદિન્નસૂરીશ્વરજી મ. સા.**

જિન શાસનરત્ન પ. પૂ. આચાર્ય
**શ્રી વિજય સમુદ્રસૂરીશ્વરજી મ. સા.**





શિષ્યાઓ
સાથે
મહત્તરાજી



શિશુને
વાસક્ષેપ આપતા
મહત્તરાજી

# જાજવલ્યમાન વિભૂતિ

□વીરેન્દ્રકુમાર જૈન

શાસ્ત્રોમાં કહ્યું છું કે, જે લોકો સાધુ સાધ્વીઓ પાસે પોતાનાં નામ, યશ, પ્રસિદ્ધિ કે પ્રતિષ્ઠાને લીધે જાય છે, તેઓ તેમની પાસેથી એટલો લાભ નથી લઇ શકતા. પરંતુ જે લોકો સાધુ સાધ્વીઓ પાસે તેમના સંયમ અને આચરણને કારણે જાય છે, તેઓ પોતાના આત્માનું કલ્યાણ કરી લે છે.

ખૂબ જ અદ્‌ભુત સંયોગ હતો, મહત્તરાજીના વ્યકિતત્વમાં એ બન્ને વસ્તુઓ એક સાથે મળતી હતી. ભારતભરમાં અનુપમ લોકપ્રિયતા, પ્રતિષ્ઠા, સન્માન અને પ્રસિદ્ધિ, નિરંતર એમના ચરણ પખાળતી રહેતી. બીજી તરફ મનુષ્યજીવનના સર્વશ્રેષ્ઠ ગુણોથી સંપન્ન એમનું પવિત્ર અને પ્રેરણાદાયી વ્યકિતત્વ સમસ્ત જૈન સમાજને પોતાની આભાથી આલોકિત કરતું હતું.

શાસ્ત્રકારો કહે છે, ધર્મતત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કર્યા વગર જેઓ જે કંઇ કરે છે તે માત્ર ક્રિયા છે, ધર્મ નથી. જેઓ ધર્મને જાણી લે છે તેઓ ક્રિયાશૂન્ય બની જાય છે. મહત્તરાજીનાં એક વખત દર્શન કરનાર પણ જાણે છે કે, એમના દર્શનથી આત્મિક શાંતિ પ્રાપ્ત થતી હતી. એ સુખ મળતું હતું જેને શબ્દોમાં વ્યકત ન કરી શકાય. એ સુગંધનો અનુભવ કરે છે, તેઓ બતાવી નથી શકતા પરંતુ વખતોવખત ખેંચાઇ ને પહોંચી જાય છે.

મહત્તરાજી કહેતા, હું જે કંઇ છું તે ગુરુભકિતને લીધે છું. ગુરુ વલ્લભની ભકિત. આજે એમની ભકિત, એમની સાધના, એમની લગન, એમની તન્મયતા, એમનું સાહસ, એમની નિષ્ઠા સમસ્ત જૈન સમાજમાં એક આદર્શ રૂપ માનવામાં આવે છે.

કહે છે કે, જ્ઞાનીઓના જીવનમાં જ્ઞાન મેળવતાં મેળવતાં એવો દિવસ આવે છે, જયારે જ્ઞાનનું પુસ્તક હાથમાંથી સરી જાય છે. ભણવાનું કશું નથી રહેતું. આચરણ જ્ઞાન બની જાય છે, જ્ઞાન આચરણ બની જાય છે. જેમણે મહત્તરાજીને નિકટથી જોયાં છે, તેઓ જાણે છે કે, મહત્તરાજી કઇ રીતે ગુરુભકિતમાં નિમગ્ન હતાં. તેઓ ગુરુભકિત દ્વારા બોલતા, ગુરુભકિત જોતાં અને ગુરુભકિતનો જ ઉપદેશ આપતાં.

એમની ચારે બાજુ એક અદ્‌ભુત અને પવિત્ર વાતાવરણ સર્જાઇ ગયું હતું. એમનાં દર્શનથી તીર્થયાત્રા જેટલો આનંદ પ્રાપ્ત થતો. એમની આંખોમાંથી કરુણા વરસતી હતી. એમના દ્વારા અપાયેલ મંગલ વાસક્ષેપ એમની લોકમંગલની અક્ષયભાવનાના પ્રતીક રૂપ હતી. એમના પ્રખર અને તેજસ્વી જીવનની વૈરાગ્યસરિતા જયાંથી વહેતી ત્યાં ગુરુભકિત અને ધર્મકર્મનો પાક લહેરાઇ ઊઠતો.

એમના જેવી નેતૃત્વની ક્ષમતા બહુ ઓછાં સાધુ-સાધ્વીઓમાં હશે. ભારતમાં આજે જૈન સમાજમાં જેટલી યોજનાઓ આકાર લઇ રહી છે તેમાં 'વલ્લભ સ્મારક' અદ્વિતીય છે. આ સદીની તે સૌથી મોટી નિર્માણ યોજના છે. એનું બધું શ્રેય મહત્તરાજીને જાય છે. કરોડો રૂપિયાના ખર્ચે રાજધાની દિલ્હીની પાસે તૈયાર થતું આ સ્મારક આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ધરાવે છે.

ગત બે દાયકામાં પંજાબનાં અનેક શહેરોમાં જે યાજનાઓ સંપન્ન થઇ તે બધીને મહત્તરાજીનાઆશીર્વાદ પ્રાપ્ત થયા હતા. ધર્મ અને આત્મસાધનાની સાથોસાથ એમણે લોકમંગળ માટે જે પ્રેરણા આપી તેને આજે સૌ કોઇ સંભારે છે.

# સાક્ષાત માતૃત્વ

## ☐ ડૉ. ખુરાના

પૂજ્ય મહારાજજી સાધ્વી મૃગાવતીજીના દેવલોકગમનથી આપણી વચ્ચે એક શૂન્યાવકાશ પેદા થયો છે. મારો સંબંધ તો છેલ્લા થોડા વખતથી થયો, પરંતુ દર્શન માત્રથી એવી પ્રતીતિ થતી કે, એ તો એ જ ચિરપરિચિત મા છે. એક મિલનમાં જ અમારી વચ્ચે માતા અને સંતાનનો સંબંધ બંધાઈ ગયો. એમનામાં અનન્ય માતૃત્વશકિત હતી અને વાણીમાં સહજ ભરપૂર શાંતિ અને આત્મવિશ્વાસ હતાં, જેનાથી અળગાપણાનો ભાવ કયારેય વરતાયો જ નહિ.

મહારાજજી થોડા સમયથી ભયંકર રોગથી ગ્રસ્ત હતાં. પરંતુ એમણે સહજતા, શાંતિ અને હસ્તે મોઢે જ એ રોગને આવકાર્યો હતો. રોગ અને એમના શાંત સ્વભાવ વચ્ચે જાણે હોડ લાગી હતી! અંતકાળ લગી શાંતિમાં ભંગ ન પડયો અને આત્મબળની જીત થઈ.

તેઓ માતૃત્વને સાક્ષાત્ બતાવનાર 'મા' હતાં. એમની પાસે પોતાની દુ:ખભરી કથા લાવનારને જરૂર આશ્વાસન મળતું. એને એવું થતું કે, 'મેં માને કહી દીધું છે. હવે મારું કંઇ નહિ બગડે. હું હવે સુરક્ષિત છું, સમયે સમયે એમણે આપેલ નિર્દેશો બહુ જ મહત્ત્વપૂર્ણ પ્રમાણિત થતા હતા. બધા ભકતોને નવાઇ લાગતી કે, કયાંય ગયા વગર મહત્તરાજીને આ જ્ઞાન કયાંથી પ્રાપ્ત થઇ ગયું હશે!

તપ, સંયમ અને મિતભાષિતા એમના અલંકાર હતા. એમના વિશે કંઇ પણ કહેવા શબ્દો ઓછા પડે એમ છે. જેમ હજારો ડાળીઓવાળું કોઇ વૃક્ષ હોય અને એના છાંયડામાં સુખ પ્રાપ્ત કરનાર યાત્રી જો એનાં પાંદડાં ગણવા બેસે તો એ અસંભવ કાર્ય છે, તેમ એમના વિશે કહેવું એટલું જ મુશ્કેલ છે.

એમણે મને આશીર્વાદ સ્વરૂપ યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીનું એક ચિત્ર આપ્યું, જેમાં આચાર્યશ્રીના શબ્દો લખેલા હતા, 'ન હું જૈન છું, ન બૌદ્ધ, ન વૈષ્ણવ, ન શૈવ, ન હિન્દુ કે ન મુસલમાન છું. હું વીતરાગદેવ પરમાત્માએ બતાવેલા શાંતિના માર્ગ પર ચાલનાર એક પથિક છું. ' મને એ ચિત્ર એટલું ગમે છે કે, હું હમેશાં તેને મારી પાસે રાખુ છું. મહત્તરાજીનું એ જ મહાન જીવનદર્શન હતું.

એ મહાન આત્માને શ્રદ્ધાંજલિ આપવી એટલે એમણે બતાવેલા માર્ગ પર ચાલવા પ્રયત્ન કરવો.

# કર્મયોગિની

## □ વિદ્યાબહેન શાહ

આ જગતમાં ઘણાં જીવો અવતાર ધારણ કરીને વિયોગને પ્રાપ્ત કરે છે. પણ તે જ ભવ્ય જીવને ધન્ય છે, જે જગતમાં પોતાની અમર કીર્તિ મૂકી જાય છે. આવી જ અધ્યાત્મ જગતમાં ઝગમગાતી જ્યોતિ સ્વરૂપ કર્મયોગિની કે જેમણે સ્વયં પોતાનું સ્વરૂપ પ્રગટાવી વિશ્વમાં વિશ્વ-વાત્સલ્યના પવિત્ર પરમાણુઓ ફેલાવ્યા છે એવી દિવ્ય વિભૂતિ બા. બ્ર. પૂજ્ય મૃગાવતીજી મહાસતીજીના દેહવિલયથી ન પૂરાય એવી અસહ્ય ખોટ એકલા જૈન જગતને જ નહિ, પણ સમસ્ત વિશ્વના શાંતિપ્રિય સમાજોને પણ લાગશે.

પૂજ્ય સ્વામીબા સમસ્ત જૈન જગતમાં એક અણમોલ નિગ્રંથ સાધ્વીરત્ન હતાં. તેઓએ જૈન આગમોનો ઊંડો અભ્યાસ કરી, તેના સિદ્ધાંતોના રહસ્યોને હૃદયમાં ઉતારી, તેનો પ્રચાર અને પ્રસાર કર્યો. પૂજ્ય મહાસતીમાં બહુમુખી આધ્યાત્મિક આરોહણ, ક્ષમાભાવ, સરળતા, ઋજુતા, આચારનિષ્ઠા અને શાસન પ્રતિ સમર્પણભાવનાં આશ્ચર્યજનક માત્રામાં દર્શન થતાં હતાં.

સહજાત્માનંદી પૂજ્ય મહાસતીજી શ્રમણ સંસ્કૃતિનાં સંરક્ષક અને સંવર્ધક હતાં. એમની વાણીમાં મધુરતા, આંખોમાં પ્યાર અને જીવનમાં કરુણા ભરેલી પડી હતી. એમના વિચારોમાં વિશ્વ મંગલની ભાવના લહેરાતી હતી. એમનું ચિંતન, મનન સ્વંય માટે જ નહિ, પણ સર્વજન– હિતાયના લક્ષે હતું.

એમના નિવૃત્તિયોગના ઊંડાણેથી ધર્મક્રાંતિના પગલેપગલે પ્રવૃત્તિયોગની ક્રાંતિ રચવાના તેઓ ચેતનવંતા પ્રણેતા હતાં. એમનામાં પ્રગટેલ જ્ઞાનનો પ્રકાશ જગતને તેમ જ શાસનને અજવાળતો હતો. એમના વિચાર સંકીર્ણ કે સાંપ્રદાયિક નહોતા. એમનામાં પૂર્વગ્રહ, અહંતા, મિથ્યાભિમાન કે સ્વખ્યાતિની આકાંક્ષા નહોતાં. મહાન આત્મારૂપે સર્વ ધર્મો પ્રત્યે સમભાવ, સન્માન અને મૈત્રીભાવના અલૌકિક યોગનું મંગળ મિલન હતું. નિકટભવી પૂજ્ય તારક સ્વામીબાનો આત્મા જીવનની અંતિમ પળ સુધી પોતાનો દેહ દર્દથી ઝૂલતો હોવા છતાં આત્મભાવને જરાય ભૂલતો ન હતો. દેહ દર્દને સહન કરતું હતું અને હૃદય પંચ પરમેષ્ઠિને વંદતું હતું. આમ મૃત્યુને પડકાર કરતાં કરતાં સંસારને જ્ઞાનતેજથી ઝળહળાવી સૌરાષ્ટ્રની સંતપ્રસૂતા ભૂમિ ઉપર જન્મેલી કર્મયોગિની પૂજ્ય સતીજીનો મહાદીપક મૃત્યુને મહોત્સવ બનાવી આંતરચક્ષુને ઊજમાળ કરી ચર્મચક્ષુઓ સામેથી સદા સદાને માટે અનંતમાં વિલીન થઇ ગયો છે. ખરેખર આ મહાન આત્માએ જેટલું જીવનથી સમજાવ્યું છે એનાથીય અધિક મૃત્યુથી સમજાયું છે. તેઓ વિશ્વશાંતિનો વડલો અને શાસનની ધ્રુવતારિકા હતાં. પોતાની કુલ ૬૦ વર્ષની આયુમાં એમણે ૪૮ વર્ષની સમુજ્જ્વલ દીક્ષા પર્યાયની સાધના સાધી. જેમને સરસ્વતીમાતા એટલે કે જિનવાણી પ્રસન્ન હતી એવી જ્ઞાનશકિત અને સ્મરણશકિતની સાક્ષાત્ મૂર્તિ સમાં તેઓ સ્વરૂપમાં લીન થઇ ગયાં. આવી મંગળમૂર્તિને શત શત કોટિ કોટિ વંદન કરું છું.

મારી પરમ કૃપાળુ પરમાત્માને નમ્ર પ્રાર્થના છે કે, આધ્યાત્મિક યોગિનીની પ્રેરણાથી ચાલતી વલ્લભ સ્મારક યોજના ઉપરાંત સર્વજન હિતાય પ્રવૃત્તિઓ અવિરત પ્રગતિ કરતી રહે. પૂજ્ય સ્વામીબાએ સાકાર કરેલ સ્વપ્નાંઓને સફળતાપૂર્વક વિશ્વ સમક્ષ રજૂ કરી તેઓશ્રીની સાચી યાદના હકદાર બનવા તેના નિષ્ઠાવાન કર્તવ્યપરાયણ અને નિઃસ્વાર્થ સંચાલકો, કાર્યકર્તાઓને અપૂર્વ બળ પ્રાપ્ત થાઓ એ મંગળ ભાવના દર્શાવું છું.

## ☐ શ્રીમતી નિર્મલા ઉદાણી-મદન

પર્યુષણ પર્વ નિમિત્તે હું મૃગાવતીશ્રીજીનાં દર્શન કરવા પ્રથમ વાર ગઇ હતી, ત્યારે તેઓ 'ધર્મલાભ'શબ્દથી આશીર્વચન દઇ રહ્યાં હતાં. એમની આંખો પરથી મારી નજર અન્યત્ર ગઇ જ નહિ. એ આંખોમાંથી કરુણા વરસી રહી હતી. એ આંખોમાં એક પ્રકારની અનુપમ, અસામાન્ય સાંત્વના ભરપૂર હતી.

મૃગાવતીજી મહારાજનાં પ્રવચનોમાં કદી પણ અન્ય ધર્મની નિંદા સાંભળવા ન મળતી, અન્ય ધર્મ પ્રત્યે હંમેશાં સહિષ્ણુતાનો, સમતાનો ભાવ જોવા મળતો.એવું ઘણી જગ્યાએ જોવા મળે છે કે લોકો સ્વમતના સમર્થન માટે અન્ય મતનું ખંડન કરે છે. પરંતુ મહારાજ સાહેબ કદી કોઇની નિંદા ન કરતાં. આ વાતની મારા મન ઉપર ખૂબ ઊંડી છાપ પડી છે. એમની પાસે બાળક આવે કે વૃદ્ધ આવે, ગરીબ આવે કે અમીર આવે, બધાંને એમના સદ્‌ભાવનો પૂરો લાભ મળતો. આ બાબતથી હું ખૂબ રાજી થઇ છું.

એમની આચાર—સંહિતામાં દઢતા, આજના પરિવર્તનશીલ સમાજમાં બહુ જ નોંધપાત્ર ઘટના છે. શ્રી મહાવીર પ્રભુના શાસનમાં જે આચાર—સંહિતા નિર્ધારિત છે, એમાં કોઇ ફેરફાર કરવાની જરૂર નથી એવું મહતરાજી દઢપણે માનતાં એમનું જીવન પણ એ આચાર—સંહિતાના આદર્શ દષ્ટાંત જેવું હતું. એમના સ્વભાવની સૌમ્યતા, આર્દ્રતા, વિનમ્રતા અને વ્યવહારમાં તેજસ્વિતા એ બધું આચારની દઢતા અને વ્યવહારશુદ્ધિને કારણે પરિપૂર્ણ હતું એમ હું માનું છું.

કોઇ પણ સાધુ કે સાધ્વી સમાજની જરૂરિયાતોથી કયારેય અપિરિચિત ન રહી શકે. જો એમ થાય તો ધર્મનાં મૂળ ઊંડાં નથી જઇ શકતાં. વર્તમાન સમાજની બધી આવશ્યકતાઓ આકાંક્ષાઓ અને અભિલાષાઓને ધ્યાનમાં રાખી વલ્લભ સ્મારકનું નિર્માણ થઇ રહ્યું છે. સ્મારકના કામમાં તો મૃગાવતીજીનું યોગદાન છે જ, ઉપરાંત એમાં પ્રાણ પૂરવામાં પણ મહત્ત્વનો ભાગ મહત્તરાજીએ ભજવ્યો છે. સ્મારક દ્વારા ધર્મ અને ભાવનાનો વિકાસ, જૈન ધર્મનાં અધ્યયન અને શોધકાર્ય માટે સુવિધા, પ્રાચીન જૈન સાહિત્યના સંગ્રહની વ્યવસ્થા અને આસપાસના ગ્રામવિસ્તાર માટે શિક્ષણ, સ્વાસ્થ્ય અને કલ્યાણકારી પ્રવૃત્તિઓનું નિર્માણ કરવું વગેરેમાં એમનો મહત્તમ ફાળો હતો.

બીજી એક વાતનો મારા પર ખૂબ પ્રભાવ પડયો છે. સાધ્વી હોવા છતાં મૃગાવતીજીમાં રાષ્ટ્રીય ભાવના પ્રચુર હતી. એમણે ૧૯૪૨ના સ્વાતંત્ર્ય આંદોલન પછી હમેશાં ખાદી પહેરી. ખાદી પાછળ જે ભાવ છે એનો આદર કર્યો અને સૌથી મોટી વાત તો એ હતી કે જે ખાદી પહેરે તેની પાસેથી જ તેઓ ખાદી વહોરતાં. મારા જેવી મહિલાને એ સૌભાગ્ય પ્રાપ્ત નહોતું થયું.

# વિશ્વવાત્સલ્યમૂર્તિ મૃગાવતીજી

## □ શાંતિલાલ વનમાળી શેઠ

વીતરાગતા એક મહાન આદર્શ છે અને વાત્સલ્ય એનું પ્રગટ રૂપ છે. મહત્તરા મૃગાવતીજીનો આદર્શ વીતરાગતાને જીવનમાં પ્રગટ કરવાનો હતો અને એ સાધ્યની સિદ્ધિ માટે એમણે જૈન શિક્ષણ અને દીક્ષા અંગીકાર કર્યા હતાં. પ્રારંભમાં સાધારણ 'જન'માંથી જ્ઞાન અને ચરિત્રની બે માત્રા અપનાવી 'જૈન'ત્વ પ્રાપ્ત કર્યું. જૈન દીક્ષા ધારણ કરી અહિંસા અને અનેકાન્તના સમન્વય રૂપ વાત્સલ્યમય જીવન બનાવી વીતરાગતાની સાધ્યસિદ્ધિ માટે તેઓ લાગી ગયાં અને જીવનભર ઝઝૂતાં રહ્યાં.

એમણે જૈન દીક્ષા અંગીકાર કરી હતી. જૈન સંપ્રદાયમાં શિક્ષિત અને દીક્ષિત થવા છતાં મહત્તરાજી સાંપ્રદાયિકતા સુધી અટકી ન ગયાં. એમના જીવનમાં સમભાવવૃતિ પ્રબળ હોવાથી સંપ્રદાય, મત, પંથના વ્યામોહથી તેઓ વિરકત હતાં. એ જ એમના જીવનની વિશિષ્ટતા હતી અને એ જ એમની પ્રતિભા હતી, પ્રતિષ્ઠા હતી.

પૂજ્ય મૃગાવતીજી મહારાજ વાસ્તવમાં મહત્તરા હતાં. મહાનથી પણ મહાન હતાં. મહત્તરા યાકિની મહારાજે વીતરાગતાના આચારવિચાર દ્વારા આચાર્યવર્ય શ્રી હરિભદ્રસૂરિ જેવા દિગ્ગજ વિદ્વાનને પોતાના ધર્મપુત્ર બનાવ્યા હતા. આચાર્ય હરિભદ્રસૂરિ પણ પોતાને મહત્તરા યાકિનીસૂનુ કહેવડાવવામાં ગૌરવ અનુભવતા હતા.તે જ પ્રમાણે મૃગાવતીજી મહારાજે પણ વીતરાગવૃત્તિ અને સમભાવવૃત્તિના આચાર- વિચાર અને પ્રચાર દ્વારા દેશના પ્રત્યેક પ્રાંતમાં વિહારયાત્રા કરી જૈન–અજૈન લાખો લોકોને પોતાના વિશ્વવાત્સલ્યના નિષ્કપટ વ્યવહારથી વિશાળ ધર્મની પ્રતીતિ કરાવી હતી.

એમણે પોતાના જીવનકાળમાં જે જે ધાર્મિક કાર્યો કરાવ્યાં અને ધર્મસ્થાનોની નિર્મિતિ કરાવી તે બધાં એમની ધર્મકીર્તિનાં જીવંત સ્મારકો છે. વલ્લભ સ્મારક અને ભો. લ. પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન એમના અંતિમ જીવનમાં સર્વોચ્ચ ધર્મશિખરના કળશ રૂપે સિદ્ધ થશે એમાં શંકા નથી. આચાર્ય હરિભદ્રસૂરિએ વીતરાગતાનો ઉદ્‌ઘોષ કરતાં કહ્યું છે કે, 'શ્વેતામ્બરત્વ કે દિગમ્બરત્વમાં મુકિત નથી, પરંતુ કષાયમુકિત અર્થાત્ વીતરાગતામાં જ વાસ્તવિક મુકિત છે.'

આ વીતરાગમૂલક માર્ગ ને જ મહત્તરાજીએ જીવનમાં મૂર્તરૂપ આપ્યું અને જીવનપર્યંત એમણે વાત્સલ્યપૂર્ણ વ્યવહાર વડે વીતરાગતાનો જ પ્રચાર પ્રસાર કર્યો.

વિશ્વવાત્સલ્ય દ્વારા વીતરાગતાને પ્રગટ કરવી એ એમનો જીવનસંદેશ હતો. આ વિશ્વશાંતિ અને વિશ્વમૈત્રીના જીવનસંદેશને આપણે સૌ જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરીએ, એ જ વીતરાગતની સાધિકા વિશ્વવાત્સલ્યમૂર્તિ મહત્તરા મૃગાવતીજીને સાચી શ્રદ્ધાંજલિ હશે.

# વલ્લભ સ્મારકનો પ્રકાશપુંજ

## ☐ નિર્મલકુમાર જૈન

તીર્થંકર ભગવંતોની દેશનાનો સમસ્ત ભારતમાં અને વિશેષરૂપે પંજાબમાં પ્રચાર અને પ્રસાર કરવા મૃગાવતીજીએ પોતાનું સમસ્ત જીવન સમર્પિત કરી દીધું હતું. ૪૮ વર્ષના દીક્ષા પર્યાયમાં એમણે ૬૦ હજાર માઈલનો પગપાળા વિહાર કર્યો હતો. સર્વત્ર શ્રમણ સંસ્કૃતિના ગુણગાન ગાયાં અને સંકુચિત દીવાલોને દૂર કરી લોકોને નિકટ આણ્યા. સંપ્રદાયવાદ કદી એમની સામે ટકી ન શક્યો.

ઈ. સ. ૧૯૭૯માં એમના વરદ હસ્તે વલ્લભ સ્મારકનો શિલાન્યાસ થયો હતો. કરોડો રૂપિયાની આ યોજનાને એમની પ્રેરણા અને દેખરેખનું સદ્ભાગ્ય પ્રાપ્ત થવાથી એની નિરંતર પ્રગતિ થતી રહી છે. સાધ્વીજીના રોમેરોમમાં ગુરુભક્તિનો સંચાર હતો. તેઓ પોતાના જીવનનાં બધાં કાર્યોનું શ્રેય ગુરુજીને આપતાં હતાં.

એમણે દિલ્હી, મુંબઈ, મદ્રાસ અને સમસ્ત ભારતના સંઘોનો સહયોગ સાધી આ કાર્ય માટે પ્રેરિત કર્યા. એમની વાણીમાં અદ્ભુત શક્તિ હતી. લોકો એમના સંકેત માત્રથી પોતાનું સર્વસ્વ સમર્પિત કરવા તૈયાર રહેતા હતા.

મૃગાવતીજીની આંખોમાંથી વહેતી કરુણા સહજ રીતે જ હૃદયને ભાવવિભોર બનાવી દેતી હતી. એમનાં ચારિત્ર્યની શુદ્ધિ અને સુવાસે એમના સ્વ-રૂપને દિવ્ય બનાવી દીધું હતું. એમનું દર્શન થતાં જ મનમાં ધન્યતા વ્યાપી વળતી હતી.

એમની ત્રણ શિષ્યાઓ શ્રી સુવ્રતાશ્રીજી મહારાજ, શ્રી સુયશાશ્રીજી મહારાજ અને શ્રી સુપ્રજ્ઞાશ્રીજી મહારાજ એમનાં અધૂરાં કાર્યો પૂર્ણ કરવા સમાજને માર્ગદર્શન આપશે એવી પૂરી શ્રદ્ધા છે !

# કંઈક પ્રાપ્ત કરીને જ જવું છે

□ મહેન્દ્રકુમાર મસ્ત

વલ્લભ સ્મારકના રૂપમાં એક વિશુદ્ધ ભારતીય વિદ્યામંદિરના પ્રેરક પૂજ્ય મહત્તરા મૃગાવતીજી મહારાજ હતાં. ભારતીય વિદ્યાઓ, વાઙ્મય, ઇતિહાસ, સંશોધન અને શિક્ષણનું આ ધામ અનન્ય બની રહેશે.

જૈન ધર્મના સિદ્ધાંતો પ્રત્યે પૂર્ણ રૂપે સમર્પિત જીવન, કઠોર સાધના, તપ અને ત્યાગથી મૃગાવતીજીનું વ્યક્તિત્વ એવું પ્રખર અને તેજસ્વી બન્યું હતું કે, એમણે હાથમાં લીધેલ કાર્યોને અચૂક સફળતા મળતી. એમના સ્વભાવમાં નેતૃત્વ અને મનોબળની અદ્‌ભુત ક્ષમતા હતી. તેઓ જૈન શ્વેતામ્બર સમાજનાં સાધ્વી હતાં, છતાં એમના સંપર્કમાં આવનાર સૌ કોઇ એમનાથી ખૂબ જ પ્રભાવિત થતાં હતાં. એમના વરદ આશીર્વાદમાં સૌનાં દુઃખ અને દારિદ્રયને દૂર કરવાની અદ્‌ભુત શક્તિ હતી. તેઓ આબાલવૃદ્ધ સૌમાં અતિ પ્રિય હતાં.

અનેક શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થાઓનાં પ્રણેતા પૂજ્ય મૃગાવતીજી જયાં જયાં ગયાં ત્યાં એમના જીવનની મહાનતા અને પવિત્રતાથી પ્રભાવિત થઇ લોકો સમાજ કલ્યાણાર્થે બધું ન્યોછાવર કરી દેતા હતા. ધાર્મિક અને સામાજિક ક્ષેત્રમાં એમણે રૂઢિવાદને છોડી પારંપરિક માન્યતાઓને વર્તમાન સંદર્ભમાં પ્રસ્તુત કરી હતી. સ્વદેશી આંદોલનના સમર્થનમાં તેઓ જીવનભર ખાદીનાં વસ્ત્રો ધારણ કરતાં હતાં.

તેમણે અનેક લોકોને પ્રતિબોધ આપી ધાર્મિક જીવન જીવવા પ્રેરિત કર્યા હતા. સંગઠન, શિક્ષણ, સેવા, શાકાહારનો પ્રચાર, અહિંસક જીવન, મધ્યમ વર્ગનું ઉત્થાન, સત્‌સાહિત્યનું પ્રકાશન અને પ્રસાર જેવાં અનેક કાર્યો માટે પ્રેરણા આપી એમણે સમાજનાં હિતના પાયા મજબૂત કર્યા છે.

જૈન કૉલેજ, અંબાલા માટે એમણે કાયમી ફંડની સ્થાપના કરવા પ્રેરણા આપી હતી. દિલ્હીનું પદ્‌માવતીદેવીનું મંદિર એમની સૂઝસમજનું આદર્શ ઉદાહરણ બની રહેશે. લહરા ગુરુધામ તીર્થનું નિર્માણ તથા બેંગલોરમાં વલ્લભ જન્મ શતાબ્દીનું આયોજન એમની અનન્ય ગુરુભક્તિનાં જીવંત ઉદાહરણ છે.

સર્વધર્મ કોન્ફરન્સ-કલકત્તા અને રાષ્ટ્રીય સર્વોદય સંમેલન-ઝરિયામાં એમનાં મનનીય વ્યાખ્યાનો થયાં. બેંગલોરની યુનિવર્સિટીમાં અધ્યાત્મ અને ધર્મની આવશ્યકતા અંગેના સેમિનારમાં પ્રવચન આપવા એમને નિમંત્રવામાં આવ્યાં હતાં.

થોડા સમયથી મૃગાવતીજી અને વલ્લભ સ્મારક એકમેકના પર્યાયરૂપ બની ગયાં હતાં. ભવિષ્યમાં એ સંસ્થા પોતાનું મસ્તક ઉન્નત કરી સંસારમાં પોતાની ભવ્યતાની ચરમ સીમાનો સ્પર્શ કરશે અને યુગો સુધી સાધ્વીજીની યશોગાથાનું ગાન કરતી રહેશે.

'જીવનમાં કંઈક મેળવીને, કંઇક પ્રાપ્ત કરીને જ જવું છે'... દિલ્હીના ઉપાશ્રયમાં પૂજ્ય મહત્તરા સાધ્વી મૃગાવતીશ્રીજી દ્વારા ઉચ્ચારાયેલા આ શબ્દો આજ પણ કાનમાં ગુંજે છે. જીવન શું છે? યોગ શું છે? આધ્યાત્મિક વિકાસ શું છે? શરીર અને આત્મા વચ્ચે શો ભેદ છે? આ વિષય પર મહત્તરાજી અસ્ખલિત પ્રવચન આપી રહ્યાં હતાં એ દશ્ય મારી નજર સામે આજે પણ તાજું છે.

કુંડલિની યોગ અને તેને જાગૃત કરવા તથા સાચા સુખની અનુભૂતિ સુધી પહોંચવા વિશે તેઓ અધિકારથી બોલી રહ્યાં હતાં. ભગવાન પાર્શ્વનાથની પ્રતિમા ઉપર નાગની ફેણને પ્રભુની જાગૃત કુંડલિનીના પ્રતીકના રૂપમાં મૃગાવતીજી જોતાં હતાં. પ્રબુદ્ધ શ્રોતાઓને તેઓ પોતાની પાસે જે કંઇ હતું તે બધું સમજાવી રહ્યાં હતાં. પોતે જે પ્રાપ્ત કર્યું હતું તે લૂંટાવી રહ્યાં હતાં.

કાંગડાના ઐતિહાસિક ચાતુર્માસના મંગળ પ્રારંભ (ચોમાસી ચૌદશ) નો દિવસ હતો. લોગસ્સની એક પંક્તિ 'આરુગ્ગ બોહિ લાભં, સમાવિહર મુત્તમં દિંતુ'-સ્વસ્થ શરીર, નિરોગી મન, જ્ઞાનનો બોધ અને સમાધિપૂર્ણ મરણ કઇ રીતે પ્રાપ્ત થઇ શકે. આ વિષય પર એમણે દોઢેક કલાક વ્યાખ્યાન આપ્યું.

પોતાનાં જ્ઞાન અને વકતૃત્વના ગહન ઊંડાણ સાથે તેઓ અત્યંત કુશળતાથી સરળતાનો અનુબંધ કરી રહ્યાં હતાં. દરેક શ્રોતાને પ્રતીતિ થઇ રહી હતી કે, આજે તેઓ પોતાને જ સંભળાવી રહ્યાં છે, પોતે જ વક્તા છે અને પોતે જ શ્રોતા છે.

જે. કૃષ્ણમૂર્તિ કહેતા હતા; 'જીવન જીવવાની કળામાં મોટે ભાગે તો મૃત્યુની કળા સમાવિષ્ટ છે.' મહત્તરાજીએ આ ગૂઢ સત્યને સારી રીતે સમજી લીધું હતું. સમાધિમરણ વિશે તેઓ ખૂબ સૂક્ષ્મતાથી સમજાવી રહ્યાં હતાં. અંતિમ સમયે દેહની કેવી મુદ્રા હોવી જોઇએ, શ્વાસ કયાં સ્થિર થયલો હોવો જોઇએ, કઇ બાજુ ઉપર ઉઠવી જોઇએ, ધ્યાન કયાં હોવું જોઇએ અને આત્મા દ્વારા પરમાત્માને આલિંગનની અનુભૂતિ કેવી હોવી જોઇએ?.... સમાધિમરણ (સમાહિવર મુત્તમં દિંતુ)ના સંદર્ભમાં આ બધી વાતો મહત્તરાજી સમજાવી રહ્યાં હતાં.

સામાના (પંજાબ)માં એક વ્યાખ્યાનમાં તેઓ એક નવી દિશા તરફ પ્રકાશ ફેંકી રહ્યાં હતાં. જન્મમરણ, ચાર ગતિ, મનુષ્યની ઉત્પત્તિ, સંસ્કાર, કર્મબંધ અને કર્મોમાંથી મુક્તિ વગેરે વિષયો પર બોલતાં એમણે આધુનિક વિજ્ઞાનના 'જિન' (Gene) નામના વીર્યાણુની શાસ્ત્રોક્ત વ્યાખ્યા એ રીતે કરી કે, અમે સાંભળનારા સૌ દંગ થઇ ગયા.

સ્વાનુભવોને સર્વ સાધારણ સુધી પહોંચાડવામાં એમને સહજ આનંદ મળતો હતો. યોગની વિભિન્ન મુદ્રાઓનો એમને પૂરતો અભ્યાસ હતો. કેટલાય યોગના આસનો અને પ્રેક્ષાઓ વિશે તેઓ વારંવાર સમજાવતાં હતાં. મનુષ્યના સહજ વિકાસમાં એમને અખૂટ શ્રદ્ધા હતી. સ્વાધ્યાય અને સ્વને ઓળખવાની જરૂરિયાતને તેઓ નરમાંથી નારાયણ બનવાનું પ્રથમ સોપાન સમજતાં હતાં. વ્રત, નિયમ, કે સંકલ્પ આપવાની પણ એમની એક અનોખી રીત હતી. સંકલ્પ કે નિયમ લેનારની સહજ અંતઃપ્રેરણાને જ તેઓ મુખ્ય બાબત સમજતાં હતાં.

એક દિવસ વિહાર કરતાં કરતાં એમણે કુંડલિની યોગ, સમાધિ, સાક્ષીભાવ અને આત્મબોધની ચર્ચામાં કહ્યું કે, 'ખોદતા રહો, ખોદતા રહો, એક દિવસ તો રણમાં પણ પાણી મળી આવે છે.' એમના વિશ્વાસ અને નિશ્ચય આટલા અટલ હતા.

બન્ને હાથની આંગળીઓને જોડી, આઠ આંગળીઓના ચોવીસ અનુભાગ પર ચોવીસ તીર્થંકરોને વંદના કરી તથા સિદ્ધશિલાની કલ્પના કરવાની રીત સમજાવતાં મહત્તરાજી બોલ્યા, 'પૂજય નેમિસૂરિજી મહારાજ આ વિધિને સોનાની ખાણ કહેતા હતા.'

ટ્રુથ ઇઝ એન અવૅરનેસ ઑફ ધ ટોટાલીટી ઑફ એકઝીસ્ટન્સ – કથન અનુસાર મહત્તરાજી વાસ્તવમાં જીવનની સમગ્રતાને સમજયાં હતાં; એનો સાક્ષાત્કાર કર્યો હતો. એમના અર્થપૂર્ણ શબ્દો યાદ આવે છે. 'જીવનમાં જરૂર કંઇક પામીને જવું છે, પ્રાપ્ત કરીને જવું છે.'

## ☐ હીરાલાલ જૈન

ઇ.સ. ૧૯૬૦માં મહત્તરા મૃગાવતીજી મહારાજ જ્યારે લુધિયાણા પધાર્યા ત્યારે સ્થાનકવાસી આચાર્ય પૂજ્ય શ્રી આત્મારામજી મહારાજ પાસે આગમનો અભ્યાસ કરવા આવતાં હતાં. ત્યારે એમની વિલક્ષણ વિદ્વતા અને પ્રતિભા જોઇ આચાર્ય મહારાજ આશ્ચર્યચકિત થઇ જતા હતા. અને મૃગાવતીજી પણ આચાર્યશ્રીનું અગાધ આગમજ્ઞાન જોઇ એમને 'આગમમૂર્તિ' કહેતાં હતાં.

છેલ્લે હું જ્યારે વલ્લભ સ્મારક પર એમના દર્શનાર્થે ગયો ત્યારે પ્રસન્નતાથી એમણે કહ્યું, 'ભાઇ હીરાલાલજી! સારું થયું તમે આવી ગયા. મારે બેચાર વાતો તમને કહેવી છે.'

મેં સાંભળ્યું છે કે, ડૉક્ટરો મારા શરીરમાં લોહી ચડાવવા માગે છે. પરંતુ હું તો આજન્મ બ્રહ્મચારિણી છું. હું મારા શુદ્ધ લોહીમાં કોઇ ભોગીનું અશુદ્ધ લોહી નહિ ભળવા દઉં. સમાજને કહેજો મને લોહી આપવામાં ન આવે.'

ત્યારે પૂજ્ય સુવ્રતાશ્રીજી મહારાજે કહ્યું, 'હું મારું લોહી આપીશ.'

'નહિ સુવ્રતા! સંભવ છે કે તમારા ભાવપરિણામ મારાથી ઊંચા હોય. હું તમારા ભાવમાં અંતરાય બનવા નથી ઇચ્છતી.' આ સાંભળી સુવ્રતાશ્રીજી મહારાજ મૌન થઇ ગયાં.

'હું એમ પણ કહેવા માગું છું કે, મારી વધુ બિમારીમાં હું ભાનમાં ન હોઉં ત્યારે મને હૉસ્પિટલ કે નર્સિંગ હોમમાં લઇ જવા જો કોઇ વાહનનો ઉપયોગ કરવાનું વિચારે તો એવું ન કરતા. હું પાદવિહાર વ્રતનો ભંગ કરવા ઇચ્છતી નથી. થોડાં વર્ષ પહેલાં મારું એક ઑપરેશન થયું હતું. ત્યારે પાંચ વિસામા લઇ હું ઑપરેશન થિયેટર સુધી પહોંચી હતી. હું ત્યાં સુધી કહું છું કે, મને સ્ટ્રેચર ઉપર પણ ન લઇ જવામાં આવે.

મને શરીર પ્રત્યે કોઇ મોહ નથી. શરીર નાશવંત છે. નાશવંતને બચાવવાનો પ્રયાસ કરવો વ્યર્થ છે.'

હું મૃગાવતીજી મહારાજની વાતનો કોઇ જવાબ ન આપી શક્યો. એમના દૃઢ મનોબળ, તપ અને ત્યાગને મનોમન વંદી રહ્યો.

એ મહાન વિભૂતિના ચરણોમાં અખિલ ભારતીય શ્વેતામ્બર સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ તરફથી શ્રધ્ધાંજલિ અર્પણ કરું છું.

# યુગપ્રણેતા મૃગાવતીજી

## □ સત્યપાલ જૈન

દીવો પ્રકાશ આપે છે, વૃક્ષ છાંયડો આપે છે. સરોવર તરસ છીપાવે છે અને જ્ઞાની પુરુષો જ્ઞાન આપે છે અને માર્ગદર્શક બને છે. માત્ર જ્ઞાન વડે જ નહિ પરંતુ પોતાના આચરણ અને મૃદુ વાણી, પવિત્રતા અને ઉચ્ચ ધ્યેયો વડે તેઓ બીજાના પથપ્રદર્શક બને છે.

આજે કથની અને કરણી વચ્ચેનો સુમેળ ઓછી જગ્યાએ જોવા મળે છે. જ્ઞાન જીવનને સ્પર્શી શકે, આદર્શો આચરણમાં મૂકી શકાય ત્યારે બહુમુખી પ્રતિભાયુક્ત જે જ્ઞાનગુણસંપન્ન જીવન તૈયાર થાય છે તેવું મહત્તરાજી જેવામાં જોવા મળ્યું છે.

આત્મકલ્યાણની સાથોસાથ માનવસમાજની સેવાનો સમન્વય મૃગાવતીજીમાં અજોડ રીતે જોવા મળતો હતો.

એમનામાં દાદા ગુરુદેવ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ જેવી નીડરતા, વીરતા અને તેજ હતાં. પંજાબકેસરી યુગવીર આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજના જીવનની પૂર્તિરૂપ મૃગાવતીજીનું જીવન હતું.

મૃગાવતીજીની વિદ્વતા અને આત્મિક શકિતનું માપ કાઢવાનું કાર્ય સરળ નથી. ક્રાંતિની કાંતિ એમના ચહેરા પર દેખાઇ આવતી હતી. સામાજિક કુરિવાજો, આડંબર અને વ્યર્થ ખરચાઓ સામે એમણે સૌને સાવચેત કર્યા હતા. જીવનમાં સાદાઇ અને ત્યાગને સ્થાપિત કરવા એમણે ખાસ આગ્રહ સેવ્યો હતો. મૃગાવતીજી શ્રી આત્મવલ્લભ- સમુદ્ર પરંપરાના તેજસ્વી સાધ્વીરત્ન હતાં. જિનશાસનરત્ન શાંતમૂર્તિ શ્રી વિજયસમુદ્રસૂરિ મહારાજના જીવનમાંથી એમણે સરળતા, ગંભીરતા, અને આત્મચિંતન જેવા ગુણો ગ્રહણ કર્યા હતા. મૃગાવતીજી હમેશાં સૌને સ્વાધ્યાય અને મૌન સાધના માટે પ્રેરણા આપતા હતા.

કુદરતી ઉપચાર અને ભારતીય ઉપચાર પદ્ધતિમાં એમને અટલ વિશ્વાસ હતો. માનસિક રોગોમાં આધ્યાત્મિક રીતથી ઉપચાર કરવાની સલાહ આપતાં હતાં.

મૃગાવતીજીના જીવન ઉપર મહાત્મા ગાંધીજીના વિચારોનો પ્રભાવ પણ જોવા મળતો. પોતાના આલોચકોની વાત તેઓ ધ્યાનપૂર્વક સાંભળતાં, સ્વીકારતાં અને એ અંગે મનન કરતાં.

વર્તમાન આચાર્ય શ્રી વિજયઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજનાં તેઓ આજ્ઞાવર્તિની હતાં. વિનમ્રભાવથી પોતાનાં કાર્યોનો યશ તેઓ આચાર્યશ્રીને અર્પણ કરતાં હતાં.

પૂજ્ય મૃગાવતીજીના ચરણકમળમાં કોટિ કોટિ વંદન કરું છું.

# શ્રી મૃગાવતીજી મહારાજ

## □ નાજરચંદ જૈન

શ્રી શીલવતીજી અને શ્રી મૃગાવતીજીનું ચાતુર્માસ આગરામાં શેઠ લાભચંદજીના ઘરની પાસે રોશન મહોલ્લામાં થયું હતું. ત્યારે મૃગાવતીજીનો કોયલ જેવો અવાજ, અદ્‌ભુત રૂપ અને તેજસ્વિતાથી સૌ દર્શકો-શ્રોતાઓ જોતા જ રહી જતા. આગરાથી તેમણે સીધા કલકત્તા વિહાર કર્યો અને સર્વધર્મ કોન્ફરન્સમાં ભાગ લીધો. પોતાની વાણીથી જનગણના મનના અધિનાયક બની ગયાં.

ગુરુવલ્લભ એવા ઝવેરી પારખુ હતા કે, એમણે આ ઝવેરાતને પારખી લીધા. ગુરુ વલ્લભે એમને પંજાબ પધારવાનો આદેશ આપ્યો.

લુધિયાણા પહોંચી સર્વ પ્રથમ સ્થાનકવાસી આચાર્ય શ્રી આત્મારામજી મહારાજના આશીર્વાદ લીધા.

બેંગલોર અને મૈસૂરમાં તો વિહાર દરમ્યાન ભારે ધર્મપ્રભાવના થઇ. તમિળનાડુમાં પ્રો. સુબ્રહ્મણ્યમ્ દર્શને પધાર્યા અને ખૂબ ખુશી વ્યક્ત કરી. ઈંડિયન એક્સપ્રેસ અખબારે એમને પ્રેમ અને શાંતિના દૂત તરીકે બિરદાવ્યાં.

ચંડીગઢમાં દિગમ્બર જૈન મંદિરમાં ચાતુર્માસ કર્યું. શ્રી લક્ષ્મીનારાયણ મંદિરમાં એક સુંદર વ્યાખ્યાન પ્રવચન આપતાં કહ્યું, મંદિર અને તીર્થ કોમની જાન છે.

મૃગાવતીજીએ હૃદયની વિશાળતાથી કહ્યું હતું, 'મેં સહેતુ શ્રી દિગંબર મંદિરમાં ચાતુર્માસ કર્યું છે. હું બધાંને એક સરખા સમજું છું. અમે આ અગાઉ મુંબઈમાં સ્થાનકમાં ચાતુર્માસ કર્યું હતું.'

મૃગાવતીજી સમસ્ત કોમનાં જાન, આન, શાન અને માન રૂપ હતાં.

# દૈવીશક્તિ મૃગાવતીજી મહારાજ

## ☐ જ્ઞાનચંદ જૈન 'સનખતરવી'

મૃગાવતીજીએ અસંખ્ય લોકોને માંસ, મદિરા, ઈંડા, સિગારેટ વગેરેના વ્યસનમાંથી મુક્તિ અપાવી. જૂના કુરિવાજો દૂર કરવા લોકોને સફળતાપૂર્વક સમજાવી શક્યા. સ્ત્રીઓનું રડવા-કૂટવાનું બંધ કરાવ્યું. યુવાનોને દહેજ ત્યાગની પ્રતિજ્ઞા લેવડાવી. લગ્નમાં ભાંગડાનાચ બંધ કરાવ્યો. સામાજિક ક્ષેત્રમાં મૃગાવતીજી જેવી આધ્યાત્મિક વ્યક્તિના પ્રયત્નોથી ઘણા જ નોંધપાત્ર ફેરફારો થયા.

કાર્યરત શિક્ષણ સંસ્થાઓને પોતાના પ્રભાવક પ્રવચનોથી લોકો પાસેથી અનુદાન અપાવ્યાં. સંસ્થાઓની કાયાપલટ કરી દીધી.

પ્રાકૃત ભાષાના પ્રચાર માટે પોતાની ગુરુણી શીલવતીજી મહારાજની સ્મૃતિમાં 'શ્રી આત્મ-વલ્લભ-શીલ-સૌરભ ટ્રસ્ટ'ની સ્થાપના કરાવી.

મૈસૂરમાં શ્રીમદ્ વિજયવલ્લભસૂરિ મહારાજની સ્મૃતિમાં શિક્ષણ સંસ્થા શરૂ કરાવી.

આ ઉપરાંત અનેક સ્થળે જૈન સ્કૂલ-કોલેજો, પુસ્તકાલય અને ઔષધાલયને વિવિધ પ્રકારે આર્થિક મદદ અપાવીને એ સંસ્થાઓને ઉન્નત બનાવી.

લુધિયાણામાં આદિનાથ ભગવાનનું મંદિર પૂર્ણ કરવાની પ્રેરણા આપી અને તેની પ્રતિષ્ઠા કરાવી.

લુધિયાણાને 'પંચતીર્થી' નું નામ આપી શાંતિનાથ જૈન મંદિરના નિર્માણમાં યોગદાન આપ્યું.

ગુરુધામ લહરા (જીરા)માં કીર્તિસ્તંભની સ્થાપના કરાવી.

પાવાપુરી તીર્થમાં વીજળીકામ માટે પ્રેરણા આપી અને એ કાર્ય થઈ ગયું.

અમ્બાલામાં વલ્લભવિહારની સ્થાપના કરાવી. શ્રી આત્માનંદ જૈન મહાસભા-ઉત્તર ભારતનું પોતાનું મુદ્રણાલય શરૂ કરાવ્યું.

પોતાની યોગ્યતા, વિદ્વતા, પ્રતિભા અને દૂરંદેશી વડે મૃગાવતીજીએ જીવનમાં સર્વ ક્ષેત્રોમાં સર્વશ્રેષ્ઠ કાર્યો માટે અદ્ભુત પ્રેરણા આપી હતી.

# કાંગડા તીર્થોદ્ધારિકા પૂજ્ય મૃગાવતીશ્રીજી મહારાજ

## ☐ ઉમેદમલ હજારીમલ જૈન

પરમ પૂજ્ય ન્યાયાંભોનિધિ આચાર્યશ્રી આત્મારામજી (વિજયાનંદસૂરિજી) મહારાજના સ્વર્ગવાસ પછી તેઓની સ્મૃતિમાં યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી વિ.સં. ૧૯૯૭ ચૈતર સુદ ૧ (સને ૧૯૪૧)માં શ્રી આત્માનંદ જૈન સભા-મુંબઇની સ્થાપના કરવામાં આવી હતી. વિ.સં. ૨૦૨૨ (સને ૧૯૬૬)માં સભાને ૨૫ વર્ષ પૂરાં થતાં હોઇ, આ સંસ્થાનો રજત મહોત્સવ પૂજ્ય સાધ્વીજી શીલવતીશ્રીજી મહારાજ તથા તેમનાં વિનયી અને પ્રભાવશાળી શિષ્યા સાધ્વીજી મૃગાવતીશ્રીજી મહારાજની શુભ નિશ્રામાં ઉજવણી કરવાની રજૂઆત મારા સાથી મંત્રીશ્રી સ્વ. રસિકલાલ નાથાલાલ કોરાએ કરેલ અને સભાની મિટીંગમાં આ વાતને સૌએ સહર્ષ વધાવી લીધી.

બંગાળ, બિહાર, ઓરિસ્સા, ઉત્તરપ્રદેશ, મદ્રાસ, બેંગલોર, પંજાબ અને ગુજરાતમાં પૂજ્ય સાધ્વીજીઓએ બે દાયકા સુધી વિચરીને ધર્મજાગૃતિ અને લોકજાગૃતિનું કાર્ય કરી રહ્યાં હતાં તેનાથી હું વિદિત હતો પણ મારે તેઓનો નિકટનો પરિચય સને ૧૯૬૬ સુધી થયેલો નહિ.

શ્રી આત્માનંદ જૈન સભાના રજત મહોત્સવ પ્રસંગે પૂજ્ય સાધ્વીજીઓને વિનંતી કરવામાં આવી,તે પછી તેઓશ્રી અમદાવાદથી વિહાર કરીને સૌ પ્રથમ મુંબઇમાં ભીવંડી પધાર્યાં ત્યારે અમોએ ભવ્ય સ્વાગતની તૈયારી કરેલ હતી. પૂજ્ય મૃગાવતીશ્રીજીએ સભાના કાર્યકરોને જણાવેલ કે બેન્ડવાજા સિવાય અમે પ્રવેશ કરીશું અને ઉત્સાહના અતિરેકમાં બેન્ડ બોલાવશો તો અમે ભીવંડીથી વિહાર કરીને મુંબઇને બદલે બીજા પ્રદેશમાં વિહાર લંબાવશું! આ વાત જાણ્યા પછી બેન્ડ-વાજા કોઇ સ્થળે અમે રાખેલ નહિ. ભીવંડીમાં દર્શન-વંદન કર્યા, પણ તેઓશ્રીની નિકટમાં આવવાનો લાભ મળ્યો નહિ. એ પછી પૂજ્ય સાધ્વીજી મૃગાવતીશ્રીજી મહારાજના જાહેર પ્રવચનો મુંબઇના ઉપનગરોમાં ગોઠવાવા લાગ્યાં અને શ્રી આત્મવલ્લભ સંદેશવાહક સમિતિના એક અદના સેવક તરીકે પ્રચારાદિ કાર્ય ભક્તિભાવથી મેં સંભાળી લીધુ હતું. પૂજ્ય સાધ્વીજી મહારાજના મનનીય વ્યાખ્યાનો યોજવા માટે ઉપનગરોના સંઘોના આગેવાનોની વિનંતીઓ ઉપરાઉપર આવવા લાગી.

મુંબઇમાં ભાયખલા શેઠ મોતીશા જૈન દેરાસરમાં પૂજ્ય સાધ્વીજી મહારાજનું ચાતુર્માસ નક્કી થતાં, તા. ૨૯-૫-૧૯૬૬ ના રોજ પાયધુની-ગોડીજી દેરાસરથી સ્વાગત સરઘસનું ભવ્ય આયોજન થયેલ અને તેથી પ્રભાવિત થઇને પૂજ્ય મૃગાવતીશ્રીજીએ શ્રી રસિકભાઇ કોરાને બોલાવીને આનંદ વ્યક્ત કરતાં કહ્યું : "તમે એક આચાર્યને શોભે તેવો ચાતુર્માસ પ્રવેશ કરાવ્યો છે."

રસિકભાઇ કોરાએ જવાબમાં કહ્યું : "મહારાજજી આ બધો ઉત્સાહ અને ભક્તિભાવ આ ઉમેદમલજીને આભારી છે." તે વખતે સાધ્વીજીએ પૂછયુ: 'ઉમેદમલજી કોણ? એમનો તો પરિચય કરાવો.' તે દિવસથી પૂજ્ય સાધ્વીજીઓની નિકટમાં આવવાનું સદભાગ્ય મને પ્રાપ્ત થયું હતું.

શ્રી આત્માનંદ જૈન સભાના રજત મહોત્સવની ઉજવણી પ્રસંગે પૂજ્ય સાધ્વીજીની પ્રેરણાથી સવાલાખની રકમ એકત્ર કરવામાં આવેલ અને આ રકમનો ઉપયોગ મુંબઇના જૈનો માટે રહેઠાણ ઊભા કરવામાં વાપરવાનો નિર્ણય સભાની મિટીંગમાં કરેલ.

પૂજ્ય આચાર્યશ્રી વિજયસમુદ્ર સૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી કાંદિવલીમાં ૩૪૪ કુટુંબોને માટે મહાવીરનગર ઊભું કરવામાં આવેલ છે, તે મુજબ એકદમ સાધારણ જૈન કુટુંબોને સારા વાતાવરણમાં વસાવવા માટે પૂજ્ય સાધ્વીજીએ આત્મ-વલ્લભનગર ઊભું કરવા આત્માનંદ જૈન સભાના કાર્યકરોને ૧૯૬૬માં પ્રેરણા કરી હતી અને સવાલાખની રકમ

જમીન મેળવવામાં વાપરવી તેમ નક્કી કર્યું હતું. એ પછી આત્મ-વલ્લભ સમાજ ઉત્કર્ષ સમિતિ નિયુક્ત કરી નાલા સોપારામાં જમીન મેળવી હતી. આજે નાલા સોપારામાં આત્મ-વલ્લભનગર નિર્માણ થઇ રહેલ છે, તેમાં પ્રેરકબળ પૂજ્ય સાધ્વીજી મૃગાવતીશ્રીજી હતાં. તેનો ઉલ્લેખ કરતાં આનંદ અનુભવું છું.

પૂજ્ય સાધ્વીજી મૃગાવતીશ્રીજી મહારાજ સને ૧૯૮૩માં અંબાલામાં ચાતુર્માસ રહેલા ત્યારે કાંગડાતીર્થના વધુ વિકાસ માટે મેં પૂજ્ય સાધ્વીજીને પત્ર લખેલ અને આ પત્રમાં મેં લખેલ કે, આપ પંજાબમાં વિચરો છો પણ કાંગડા તીર્થનો પુનઃરોદ્ધારનું કામ ઘણું બાકી હોઇ, એ પ્રત્યે વિશેષ ધ્યાન આપો. ત્યારે તેમણે મને જે પત્ર લખેલ હતો તે આજે પણ મારી ફાઇલમાં અકબંધ જળવાઇ રહ્યો છે તે રજૂ કરું છું.

"અંબાલા, તા. ૫-૨-૧૯૮૩ પરમ ગુરુભક્ત સુશ્રાવક ભાઇશ્રી ઉમેદમલભાઇ આદિ સપરિવાર યોગ્ય સાદર ધર્મલાભ. આપનો પત્ર મળ્યો. આપે જે કાંઇ લખ્યું છે તે બધી પૂ. ગુરુત્રયીની કૃપા અને વર્તમાન આચાર્ય મહારાજના આશીર્વાદનો પ્રતાપ છે. હું તો કેવળ નિમિત્તમાત્ર બનું છું. આપ તથા સૌની શુભભાવના મારી સાથે છે. તેનો મને આનંદ છે. કાંગડાતીર્થના વિકાસ માટે-નૂતન જિનમંદિરના નિર્માણ માટે લાલા શાંતિસ્વરૂપજી વિગેરેને કહેવામાં ખામી રાખી નથી. પત્રમાં વિશેષ શું લખું? આપ મને જેમ કહો તેમ હજુ પણ હું કાંગડા જવા અને કામ કરવા તૈયાર છું. કાંગડાતીર્થની ભક્તિ મારા હૃદયમાં છે. તીર્થભક્તિ કરતાં મારું કલ્યાણ થાય તેમ હું ઇચ્છું છું. આપની ભક્તિ, સ્નેહ, સ્વાર્પણ અમે કદી ભૂલ્યા નથી. આપના સેવાના ગુણો વિષે મારા હૃદયમાં અનન્ય માન છે અને હંમેશ રહેશે એટલે કાંગડાતીર્થ માટે તમે જેમ કહેશો તેમ કરવા તૈયાર છું.

વધુમાં અંબાલા કૉલેજ માટે કાર્યકરો મુંબઇ આવી રહ્યા છે તો ધ્યાનમાં જરૂર લેશો.

—સાધ્વી મૃગાવતીનાં સાદર ધર્મલાભ

કાંગડા તીર્થના વિકાસ માટેની પૂજ્યશ્રીની જે ભાવના અને તેમના જીવનનું અંતિમ લક્ષ્ય હતું તે આ પત્રનો એકેએક શબ્દ બોલે છે. એટલે મારે વિશેષ લખવું નથી. પણ પૂજ્યશ્રીના મારા ઉપર આવેલા પત્રોની ફાઇલ ખોલીને આજે પુનઃ વાંચું છું ત્યારે તેમનો એકેએક શબ્દ હૃદયને સ્પર્શે છે. જેથી હું મારી જાતને ધન્ય માનું છું.

વલ્લભસ્મારકના કાર્ય માટે એક ભાઇએ સાધ્વીજી મહારાજ પાસે ચેક બુક ધરીને કહ્યું: 'સાહેબ, આપને જે રકમ ભરવી હોય તે લખો.' તે વખતે સાધ્વીજીએ જે જવાબ આપ્યો તે વાત અમે છેલ્લા દિલ્હી ગયેલા ત્યારે જાણીને છક્ક થઇ ગયાં. તેમણે તે ભાઇને હસતાં હસતાં કહ્યું: 'ચેક બુક લખવી જ હોત તો આ ત્યાગ શા માટે? તમે ધર્મને માર્ગે વળો તે માટે ભેખ સ્વીકાર્યો છે."

આમ તેઓએ સમાજઉત્કર્ષના કાર્યો માટે કરોડોના દાનો પ્રેરણા કરી અપાવ્યા છે પણ યાચના કરી નથી.

કાંગડા તીર્થોદ્ધારિકા, મહતરા, જૈન ભારતી મૃગાવતીશ્રીજીના ચરણકમળોમાં વંદન કરી અંજલિ અર્પું છું.

# જૈન શાસનની જ્યોતિને પ્રણામ

## □ ચંદનલાલ 'ચાંદ'

મહત્તરા મહાસતી મૃગાવતીશ્રીજીનાં પ્રથમ દર્શન મેં દિલ્હીમાં સ્વ. શાદીલાલજી જૈન સાથે લગભગ ૧૭-૧૮ વર્ષ પહેલાં કર્યાં હતાં. પ્રથમ દર્શનથી જ એમના બાહ્ય વ્યક્તિત્વની જાદુઇ અસર અનુભવી હતી. એમની મોટી આંખોમાં વાત્સલ્ય અને કરુણાનો સાગર લહેરાઇ રહ્યો હતો. ચમકતો ભાલપ્રદેશ, ભરેલો ચહેરો અને હોઠ પર રમતું સ્મિત દર્શનાર્થીને રોકી રાખે. પ્રથમ પરિચયે જ જાણે શીતળ ચાંદનીમાં, કરુણા અને વાત્સલ્યની ગંગામાં અવગાહન કરી રહ્યો હોઉં એવું અનુભવ્યું છે. બાહ્ય વ્યક્તિત્વની સાથોસાથ અંતરંગ વ્યક્તિત્વનો સાક્ષાત્કાર લગાતાર ઘણી વખત દર્શન, પ્રવચન અને વાર્તાલાપમાં થયો છે.

અહિંસા હૉલ ખાર-મુંબઇમાં મૃગાવતીજીના ચાતુર્માસ વખતે એમનાં દર્શન કરવાનો ઘણી વાર લાભ મળ્યો હતો. અમુક કાર્યક્રમોમાં સંચાલન કરવા, કાવ્યપઠન કરવા અને ભાષણ કરવાના પણ સુઅવસર મને પ્રાપ્ત થયા હતા. મહત્તરા મૃગાવતીજીનું બાહ્ય વ્યક્તિત્વ જેટલું ભવ્ય, આકર્ષક અને પ્રભાવક હતું, એનાથી પણ એમનું અંતરંગ વ્યક્તિત્વ વધારે મોહક અને પ્રેરક હતું. જેમ જેમ એમના નિકટ સંપર્કમાં આવીએ તેમ એમનાં ગુણ, વિશેષતાઓ અને જ્ઞાનનો પરિચય થતો હતો. મૃગાવતીજી ગુણગ્રાહક હતાં. એમનામાં પ્રમોદભાવની પ્રચુરતા હતી. સામાન્ય ગુણોને પણ મહત્ત્વપૂર્ણ બતાવી તેઓ સામેની વ્યક્તિને પ્રોત્સાહિત કરતાં હતાં. તેઓ પ્રત્યેક વ્યક્તિમાં રહેલા ગુણોને જોતાં અને એની અનુમોદના કરતાં.

તેઓ શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયના આચાર્ય વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના શિષ્યા હતાં, છતાં સમસ્ત જૈન સમાજની જ્યોતિરૂપ હતાં. તેઓ સંપ્રદાયવાદથી પર હતાં. સરળ અને ગુણદૃષ્ટિસંપન્ન સ્વભાવને કારણે સૌ કોઇને એ પોતાનાં લાગતાં. તેઓ ખરા અર્થમાં એ ગુરુની શિષ્યા હતાં, જેમણે વખતોવખત કહ્યું છે, 'ન હું જૈન છું, ન બૌદ્ધ, ન વૈષ્ણવ, ન શૈવ, ન હિન્દુ કે ન મુસલમાન છું. હું તો વીતરાગદેવ પરમાત્માના બતાવેલા શાંતિમાર્ગ પર ચાલનાર એક પથિક છું...'

મૃગાવતીજીનું ચિંતન વ્યાપક અને હૃદય વિશાળ હતું. એ કારણે જૈનોની સાથે અજૈનો પણ એમના પ્રત્યે અગાધ શ્રદ્ધાભાવ રાખતા હતા.

સદાય પ્રસન્ન રહેવું એ એમની આગવી વિશેષતા હતી. કેન્સર જેવા વ્યાધિને પણ એમણે હસી હસીને સહન કર્યો. જાણે મીરાંબાઇ ઝેરનો કટોરો અમૃત સમજીને પી રહ્યાં હોય! અનેક વખત દર્શન કરતી વખતે મેં જોયું છે કે એમના ચહેરા પર કયારેય વિષાદની છાયા જોવા જ નહોતી મળતી. જયારે જુઓ ત્યારે બાળકની નિખાલસતા એમની આંખોમાં રમ્યા કરતી જોવા મળે. એમના સ્વર્ગવાસ પહેલાં ભારત જૈન મહામંડળના અધ્યક્ષ શ્રી નૃપરાજ જૈન સાથે હું દર્શનાર્થે સ્મારક પર ગયો હતો. તે દિવસે એમની તબિયત વધુ ખરાબ હતી. થોડા સમય પહેલાં જ સૂતાં હતાં. તેથી અમે દર્શન ન કરી શકયા. બીજી વાર તો એ મહા પ્રસ્થાન કરી ચૂકયા હતાં. મનમાં તો એક ક્ષણ દુઃખ થયું કે અંતિમ દર્શન નહિ કરી શકયો, પછી તરત બીજી ક્ષણે ઉર્દૂ શાયરની પંક્તિઓ યાદ આવી,

'દિલકે આઇનેમેં હૈ તસ્વીરે યાર કી,
જબ ભી ચાહા, ગર્દન ઝુકાઇ દેખ લી.'

તેઓ આપણા હૃદયમાં બિરાજમાન છે. આપણે માથું નમાવી હૃદયમાં નિરખીશું તો અચૂક દર્શન થશે.

અમુક માણસો પોતાના શરીર માટે જીવે છે અને શરીરની ચિંતામાં જ જીવન પૂરું કરે છે. અમુક માણસો એવા હોય છે જે પોતાના દેહની સાથે કુટુંબ અને સમાજના હિત માટે પણ થોડું કંઇક કરે છે; પરંતુ કેટલાક એવા ભવ્યાત્માઓ

હોય છે જે શરીરથી ઉપર ઊઠી આત્મકલ્યાણની સાધનામાં સતત મગ્ન રહે છે અને લોકકલ્યાણની મંગલભાવના કરે છે. મહાસતી મૃગાવતીજી આત્મકલ્યાણમાં જાગૃત રહેનાર અને લોકકલ્યાણ માટે સમર્પિત એવાં જૈનશાસનની જ્યોતિ હતાં. નશ્વર શરીરથી નષ્ટ થવા છતાં સદાય એ દિવ્યજ્યોતિ પ્રજ્જ્વલિત રહેશે. અને આપણા અંધારાં દૂર કરતી રહેશે! એ જ્યોતિને પ્રણામ કરું છું!

# ખુદીનો ખાતમો એટલે ખુદાઈ

## □ પં. રૂપચંદ ભણશાળી

પૂજ્ય મહત્તરાજીના જીવનના અંતિમ વર્ષમાં જ મને એમના સંપર્કમાં આવવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું. એમના વિશે સાંભળ્યું ઘણું હતું, પરંતુ નિકટ આવવાનો અવસર નહોતો આવ્યો.

પરમ સ્નેહી શ્રી શૈલેશભાઇ કોઠારીએ મને દિલ્હી આવવા નિમંત્રણ આપ્યું હતું. મારે મહારાજશ્રીના સ્વાસ્થ્ય અંગે વાતચીત કરવી હતી. એમની શિષ્યાઓ અને નિકટના શ્રાવકો પાસેથી થોડી વિગતો જાણવા મળી. મૃગાવતીશ્રીજી તો પોતાના રોગની પરવા નહોતાં કરતાં. વાતો કરતાં એવું લાગ્યું કે, તેઓ રોગથી ખૂબ જ પીડાય છે. ભાઇશ્રી નરેન્દ્ર પ્રકાશ જૈન પાસે બેઠા હતા. એમણે કહ્યું, 'મહારાજ સાહેબ ! આપની વાતો ઘણા દિવસ સુધી માની. હવે અમે નહિ સાંભળીએ. હવે આપની સારવાર વિશે અમે કહીશું તેમ આપે કરવું પડશે.'

મેં જે ઉપચાર માટે સૂચન કર્યું હતું, તેમાં તાજી વનસ્પતિનો રસ પીવાનો ઉપચાર હતો. મહત્તરાજીએ સહજ ભાવે કહી દીધું, ' આ વાત તો સાધુધર્મની મર્યાદાઓની બહારની છે. હું એવું નહિ કરી શકું.'

એમની આંખો અને વાણી દ્વારા એમની દઢતાની પ્રતીતિ થતી હતી. અંતે વૈધજીને તેડાવવાનો નિર્ણય લેવાયો. બીજે દિવસે શ્રી નરેન્દ્રપ્રકાશ ભારતના પ્રખ્યાત વૈધરાજ શ્રી નાનકચંદને તેડીને આવ્યા. સારી એવી વાતચીત પછી મૃગાવતીજી એ ઔષધિ લેવા તૈયાર થયાં.

આ આખાય વાતાવરણમાં પૂજ્ય મહત્તરાજીનું એક ચિત્ર મારા મનમાં અંકિત થયું હતું. એમની સાથે વાતો કરવા બેઠો. દૃઢ-બે કલાક ઘણાં વિષયો પર વાતો થઇ. અનેક ગૂંચવણ ભરેલા વિષયો વિશે પણ એમના વિચાર સ્પષ્ટ હતા. અને એનું કારણ, એમનું ઊંડું અધ્યયન હતું. પૂજ્ય ગુરુવર્ય વલ્લભસૂરીશ્વરજી મહારાજની પધ્ધતિ હતી કે, 'વાતના મૂળને પકડી લઇ, ચર્ચામાં પડ્યા વગર સમાધાન પ્રસ્તુત કરી દેવું', મૃગાવતીશ્રીજી સાથેના સંવાદમાં એ જ પધ્ધતિ જોવા મળતી હતી.

સૌથી મોટી વાત તો એ હતી કે મૃગાવતીશ્રીજી કદી પોતાને વિશે કશું કહેતાં જ નહોતાં.આટલું જ્ઞાન,આટલા મોટાકાર્યોછતાં નામનું નામોનિશાન નહિ ! બધું જ ગુરુના નામે રજૂ કરતા. ન શિષ્યાઓ વધારવાનો મોહ, ન પ્રતિષ્ઠાનો મોહ કે ન પોતાના માટે કોઇ સ્મારક બનાવવાનો મોહ તેમનામાં હતો. પોતાનાં માતાગુરુણીજી પ્રતિ અગાધ શ્રધ્ધા અને ભક્તિ હતાં, વાતચીતમાં મૃગાવતીશ્રીજી એનો કૃતજ્ઞતાથી ઉલ્લેખ કરતાં, પરંતુ એમનું સ્મારક બનાવવાનો કોઇ વિચાર સરખો પણ એમણે કર્યો નહોતો. જે કંઇ પણ કર્યું, ગુરુ વલ્લભ નામે, પરમાત્માના નામે કર્યું.

એમણે કાંગડા તીર્થનો ઉધ્ધાર કરી અનન્ય કાર્ય કર્યું. જ્યાં એકેય જૈન કુટુંબનું ઘર નહોતું એવા સ્થળે સંપત્તિ અને સાધનોના અભાવને ગણકાર્યા વગર ગુરુવર્યના નામે કાર્ય પાર પાડી દીધું. રામાયણમાં જે સ્થાન રામભક્ત હનુમાનનું છે, તે જ સ્થાન આ ગુરુભક્તાણીનું છે.

ગુરુ વલ્લભના અનંત ઉપકારોની યાદ આપનાર સ્મારકનું કાર્ય પણ મૃગાવતીશ્રીજીએ ઉપાડયું. દેવ, ગુરુ અને ધર્મની ત્રિવેણી ભક્તિનું એ સંગમ સ્થાન છે.

મને તો વારંવાર એ વિચાર આવે છે કે, એ આત્મા કેટલો ઉચ્ચ હતો કે, જેને હુંપદ કે અહંની ભૂખ નહોતી. ઉપાધ્યાય યશોવિજયજીએ પોતાના પ્રસિધ્ધ ગ્રંથ 'જ્ઞાનસાર'માં કહ્યું છે, 'હું અને મારુંના મોહે આ આખા જગતને અંધ બનાવી દીધું છે.'

પૂજ્ય મહત્તરાજીનું હૃદય સદાય જાગૃત હતું. જ્ઞાનચક્ષુ સદાય ખુલ્લાં રહ્યાં અને એમનામાં 'હું' અને 'મારું'નો મોહ કદી પ્રવેશી ન શક્યો. આપવડાઇ એમને કદી આકર્ષી ન શકી.

જેણે ખુદીનો (અહંભાવનો) ખાતમો કરી દીધો હોય તેનામાં ખુદાઇ (ઇશ્વરત્વ) આપોઆપ આવીને વસે છે.

# મહાન તીર્થોધ્ધારિકા

## ☐ શાંતિલાલ નાહર

લુધિયાણા મહાનગર જૈનોમાં જૈન નગરીના નામે પ્રસિધ્ધ છે. લુધિયાણાના સંઘે પૂજય મૃગાવતીજી મહારાજની પ્રેરણાથી આત્મ-વલ્લભ એ બે ગુરુવરોની યાદમાં જૈન હાયર સેકન્ડરી સ્કૂલ શરૂ કરવાનો નિર્ણય કર્યો. જૈન-જૈનેતર સેંકડો શ્રદ્ધાળુ ભાઇઓએ ધનનો વરસાદ વરસાવી દીધો. આજે એ સરસ્વતી મંદિર જૈન શાસનની ગૌરવશાળી સંસ્થા તરીકે શોભાયમાન છે. લુધિયાણામાં મહત્તરાજીની એ પ્રથમ મહત્ત્વપૂર્ણ સફળતા હતી.

જીરાની પાસે લહેરા ગામ ગુરુ વલ્લભના આરાધ્ય ગુરુદેવ શ્રી વિજયાનંદસૂરિજી મહારાજની જન્મભૂમિનું ગામ છે. એ મહાન જૈનાચાર્ય ગુરુદેવની પાવન સ્મૃતિમાં મૃગાવતીજીએ જે આહ્‌વાન આપ્યું તેનો સંઘે સહર્ષ સ્વીકાર કર્યો. આ તીર્થભૂમિ ઉપર ગુરુ આત્મારામજીની અનુપમ યાદ રૂપે, 'વિશાલ આત્મસ્તંભ' ની રચના થતાં ગામની અપૂર્વ શોભા બની ગયેલ છે. દર વર્ષે સેંકડો શ્રદ્ધાળુઓ ગુરુધામની યાત્રાએ આવે છે.

સરહિંદ પંજાબની પ્રાચીન ઐતિહાસિક વીરભૂમિ છે. ગુરુ ગોવિંદસિંહના બે વીર બાળકોનું બલિદાન અહીં જ આપવામાં આવ્યું હતું. બાળકોને દીવાલમાં ચણી દીધા હતા. એ વીર ભૂમિ ઉપર આપણાં શાસનદેવી ચક્રેશ્વરી દેવીનું પ્રાચીન, ચમત્કારી, ઐતિહાસિક મંદિર આવેલું છે. આ આઠસો વર્ષ પ્રાચીન તીર્થસ્થાન પર મૃગાવતીજી એક વખત પધાર્યાં હતાં. થોડા સમય પહેલાં આતંકવાદીઓ આ મંદિરના આભૂષણ ચોરી ગયા હતા. આ સ્થળ સુરક્ષિત ન હતું. કાર્યકર્તાઓએ ના પાડી છતાં નીડર મહારાજશ્રી પોતાની શિષ્યાઓ સાથે ત્રણ દિવસ ત્યાં રોકાયાં. એક રાતે ખૂબ વરસાદ પડયો. વીજળી જતી રહી. બધા યાત્રાળુઓ ભયભીત બની ગયા. પરંતુ મહત્તરાજી હસતાં-હસતાં સૌનો ઉત્સાહ વધારી રહ્યાં હતાં. થોડી વારમાં વાતાવરણ શાંત થઇ ગયું.

ગુરુ વલ્લભના પ્રિય પટ્ટધર, રાષ્ટ્રીય સંત, પરમ ગુરુ ભક્ત જૈનાચાર્ય શ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજની હાર્દિક શુભેચ્છાઓને માન આપી મૃગાવતીજીએ ચક્રેશ્વરી દેવીની આ તીર્થભૂમિ પર ભગવાન આદિનાથના મંદિરના નિર્માણ માટે પ્રેરણા આપી. કાર્યકર્તાઓની વિનંતીને માન આપી અમૃત કુંડમાં મૃગાવતીજીએ વાસક્ષેપ નાખ્યો. એમના આશીર્વાદથી આજે એ મંદિર અનુપમ રીતે શોભી રહ્યું છે.

હિમાચલ પ્રદેશના નગરકોટના પ્રાચીન કિલ્લામાં કટૌચવંશીય મહારાજા સુશર્મચન્દ્ર દ્વારા પાંડવ સમયમાં ભગવાન આદિનાથનું મંદિર બનાવવામાં આવ્યું હતું. 'વિજ્ઞપ્તિ ત્રિવણિ' નામનો આ તીર્થ સંબંધી પત્ર વાંચી વિજયવલ્લભસૂરિજી મહારાજે આ લુપ્ત પ્રાય: તીર્થ શોધી કાઢયું હતું. મૃગાવતીજીએ કાંગડાના આ ઐતિહાસિક મંદિરનો ઉધ્ધાર કર્યો. આવાં મહાન તીર્થોધ્ધારિકા શ્રી મૃગાવતીજીને કોટિ કોટિ વંદના.

# દિવ્ય આત્માના દર્શન

## ☐ ભગવાન રાણા

જ્યારે મહારાજશ્રી દિલ્હીમાં દિવ્ય વાણી અને સદ્‌વ્યવહારના માધ્યમથી અધ્યાત્મજ્ઞાનની લ્હાણી કરી રહ્યાં હતાં ત્યારે એનો લાભ મને પણ મળ્યો હતો. એમનો દિવ્ય પ્રેમ પામીને મને અપાર શક્તિ અને પ્રેરણા મળ્યાં છે. મહારાજશ્રીનું જીવન પવિત્ર અને સાદાઈથી પૂર્ણ હતું. મારી દૃષ્ટિએ મહારાજશ્રી પૂર્ણ યોગી, પૂર્ણ ગુરુ અને પોતાના ગુરુના પૂર્ણ શિષ્ય હતાં. તેઓ બધાંનાં હતાં પરંતુ જેમણે સાચી શ્રધ્ધાથી પોતાની જાતને સમર્પિત કરી તેઓ મહત્તરાજીના જ્ઞાનનો વિશેષ લાભ મેળવી શક્યા.

ધર્મના નામે જુઠાણાં અને બનાવટ આચરનાર લોકો સાથે એમને કોઈ સંબંધ ન હતો. તેઓ કહેતા, 'દેખાડો ન કરો, પણ સત્યનું આચરણ કરો તો જ સાચા શિક્ષિત બની શકશો'. તેઓ મને પ્રેમથી કહેતા, 'રાણા, તમે માન, ઈજ્જતની ચિંતા ન કરજો. પરંતુ સત્યનો પ્રકાશ ફેલાય એ રીતે જાતને તૈયાર કરજો. સૌને સ્નેહ આપજો. સતત સેવા કરજો'.

મારે માટે સરસ દિનચર્યા બતાવી કે જેથી મને ધ્યાન, સ્વાધ્યાય અને નિષ્કામ સેવા માટે સમય મળે.

હું ઘણીવાર જિજ્ઞાસાથી સત્સંગ માટે મહારાજશ્રી પાસે ખેંચાઈને પહોંચી જતો. મારા મિત્રોને વાત કરી તો તેઓ પણ એમનાં દર્શનનો લાભ લઈ શક્યા. એક વખત મિત્રોના આગ્રહ અને મારી પ્રબળ ઈચ્છાથી મહારાજશ્રીને હું વિનંતી કરી બેઠો, 'મારા ગામમાં પધારી ગામવાસી ભાઈબહેનોને લાભ આપો.'

મહારાજશ્રીએ મારી પ્રાર્થનાનો સ્વીકાર કરી લીધો. જે દિવસે તેઓ અમારા ગામમાં પધારવાના હતા તેના થોડા સમય પહેલાં કોઈકે ગામવાસીઓના મનમાં મારી વિરુધ્ધ ભડકાવી દીધા. જ્યાં પ્રવચન થવાનું હતું ત્યાં કોઈ ન પહોંચ્યું અને દૂર ઊભા રહી મારે વિશે કહેવા લાગ્યા કે, હું લાલચુ અને સ્વાર્થી છું. જ્યાં પ્રવચનનું આયોજન થયું હતું તે જગા હું હડપ કરી જવા માગું છું એવું એવું પણ કહ્યું. હું પોતે આવી વાતોથી અજાણ હતો. આ બધું જોઈ મને ખૂબ દુઃખ થયું અને રોષ પણ થયો. મારા એ ભાવને મહારાજશ્રી પામી ગયાં અને કહ્યું, 'રાણા, બધાંને પ્રેમ કરો, તો ક્રોધ ન આવે.'

હું મારી સ્થિતિનો વિચાર કરવા લાગ્યો. મારા ભાઈઓ મારા મનનાં ભાવ સમજી શક્યા હોત તો! થોડી વાર રહીને જોઉં છું તો એક એક કરીને ઘણાં લોકો મહારાજશ્રીના ચરણો પાસે આવીને ઊભા. પ્રવચન થયું અને નાના મહારાજ (સુયશાશ્રીજીના) કંઠે સુંદર ભજન પણ સાંભળવા મળ્યું. ત્યાર બાદ સૌ મહારાજશ્રી પાસેથી જાણે મનોમન ક્ષમા માગી રહ્યા હતા. મહારાજશ્રીએ સૌને આશીર્વાદ આપ્યા. ત્યાર પછી એ લોકો મારી માફી માગવા લાગ્યા કે, મને ગલત સમજી બેઠા હતા. મને ત્યારે થયું આ બધો મહારાજશ્રીનો પ્રભાવ છે. તેઓ બધા પ્રત્યે સમભાવ રાખે છે અને સૌને ધર્મલાભ આપે છે.

મહારાજશ્રીનો સત્સંગ મળ્યો એને અપાર કૃપા જ કહેવી જોઈએ. એમના મુખેથી મધુર અને જીવનોપયોગી ઉપદેશ સાંભળવા મળ્યો. સાચે જ હું કહી નથી શકતો કે મને શું શું પ્રાપ્ત થયું છે! સ્મારક પર જવાથી એવી પ્રતીતિ થતી કે, હવે બીજું કંઈ નથી જોઈતું. હવે હિમાલય જવાની જરૂર નથી કે નથી જરૂર એકાંતમાં મૌન ધારણ કરવાની. હવે હું અનુભવ કરું છું કે, મારા વિચારોમાં મહારાજશ્રીની શક્તિ કામ કરી રહી છે.

ગુરુ વલ્લભના નામથી મહારાજશ્રીએ દિલ્હીમાં એક સ્તંભ રચ્યો છે, જ્યાંથી સતત શાંતિનો નાદ, જ્ઞાનનો પ્રકાશ, દીન દુઃખીઓની સેવા, સાધક સાધ્વીઓની સાર સંભાળનું કર્તવ્ય બજાવનાર એક નહિ પણ હજારોની સંખ્યામાં

મહત્તરાજીના અનુયાયીઓ આવશે. એમનો દિવ્ય સંદેશ સંસારના ખૂણા ખૂણામાં ફેલાવી માનવકલ્યાણ કરશે. આ રીતે મૃગાવતીજી વિદેહ થયાં તો પણ સદાય અમર રહેશે. શંકરાચાર્યે કહ્યું છે, 'કોઇ મહાન આત્માનો સંગ મળવો સૌભાગ્યની વાત છે. મને પણ એ અવસર મળ્યો છે અને હું ધન્ય થઇ ગયો છું.

# મહાન વિભૂતિ

## ☐ રવીન્દ્રકુમાર સહરાવત

૧૯૮૫ના ડિસેમ્બર મહિનામાં મને પૂજ્ય મહત્તરાજીના દર્શનનો લાભ મળ્યો હતો. ત્યારે કંઇક વિશેષ પ્રકારની અનુભૂતિ મને થઇ હતી. એમને જોતાં જ મારા મનમાં એમના પ્રત્યે અગમ્ય શ્રદ્ધા ઊભરાઇ આવી. એનું કારણ શું હતું, તે તો હું પોતે પણ સમજી નથી શક્યો. બસ, મહત્તરાજી સાથે સંપર્ક જાળવી રાખવા ઇચ્છા પ્રબળ થઇ ગઇ. સદાય દર્શન કરવા માટે મન આતુર રહેતું. કામકાજમાં અનેક પ્રકારે વ્યસ્ત હોવા છતાં ક્યાંકથી પણ સમય કાઢી દર્શન કરવા સ્મારક પર હું પહોંચી જતો. મહરાજશ્રીની પાસે બેસી પરમ શાંતિનો અનુભવ કરતો. હું એમનો અસીમ પ્રેમ જોઇ આશ્ચર્યચકિત થઇ જતો અને વિચારતો કે, મહત્તરાજીની નજરમાં જૈન કે અજૈનનાં કોઇ ભેદ નથી. વાસ્તવમાં એ મહાન વિભૂતિને પૂજ્ય સાધ્વીશ્રીજીને ભૂલવાનું કઇ રીતે શક્ય છે?

એમના સ્વર્ગવાસના સમાચાર સાંભળ્યા પણ મારું મન એ વાત માનવા તૈયાર નહોતું. થોડા સમય પહેલાં તો ફૂલની જેમ સ્મિત વરસાવતાં જોયાં હતાં. એ દુઃખદ સમાચારથી મારો તો શ્વાસ ઘૂંટાવા લાગ્યો હતો. આંખોમાંથી આંસુઓની ધારા ચાલી. મોંમાંથી એક શબ્દ ન નીકળે. થોડા સમય પછી અચેતન અવસ્થામાં પડયો રહ્યો. કુટુંબીજનો મારી હાલત જોઇ ગભરાઇ ગયાં. મહત્તરાજીએ રાતે સ્વપ્નમાં દર્શન દીધાં. તેઓ કહેવા લાગ્યાં, 'રવીન્દ્ર, તમે હમેશાં શ્રી ભગવાન રાણા સાથે જ રહેજો. જીવનમાં સદાચાર અને બ્રહ્મચર્ય અપનાવી પ્રભુની આરાધના કરતા રહેજો. કાર્ય કરતાં કરતાં જીવનને શ્રેષ્ઠતા તરફ લઇ જજો. શુભ કાર્યો જ જીવનની સાર્થકતા છે. ગમે તેવી સ્થિતિ આવે પણ ધર્મપથથી વિચલિત ન થતા.' સવારે ઊઠયો ત્યારે શરીરમાં ખૂબ પીડા હતી. શરીરમાં એટલી શકિત ન હતી કે, દિલ્હી જઇ પહોચું.

પૂજ્ય સાધ્વીશ્રીજી સાથેની આરંભની એક નાનકડી મુલાકાતે જ મારા મનમાં એવો માળો રચી આપ્યો હતો કે, જેનું વર્ણન કરવાનું મારે માટે અશક્ય છે. મારો અટલ વિશ્વાસ છે કે, સાધ્વીશ્રીજી ચોકકસ કોઇ મહાન દૈવી શકિત હતાં. એમના કાળધર્મથી મેં આધ્યાત્મિક માતા ગુમાવ્યાનો સતત અનુભવ કર્યો છે.

મહત્તરાજી પાસે આવનાર વ્યકિત એમની બની જતી. એમની વાત સદાય શિરોમાન્ય ગણાતી અને પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરવા તૈયાર થઇ જતી. દિલ્હી સ્મારકના સહાયકો અને શુભેચ્છકો એનું પ્રત્યક્ષ ઉદાહરણ છે.

તેમણે માત્ર પંજાબ માટે જ નહિ સમસ્ત વિશ્વના કલ્યાણ માટે કાર્ય કર્યું છે. સ્મારકના કોઇ કર્મચારી પ્રત્યે કે કોઇ શ્રેષ્ઠિ પ્રત્યે એમનો વ્યવહાર એક સરખો રહેતો. સમભાવ એ એમનો સ્વભાવ હતો.

એમણે પોતાનું જીવન એવું સંયમી બનાવ્યું હતું કે, એ જીવન જ એક દૃષ્ટાંત રૂપ બની ગયું હતું. એમની દિવ્ય જ્યોતિર્મય તસવીર એક ક્ષણ પણ નજરથી દૂર થતી નથી.

મેં સ્મારકની નજીકના ગામ નગલી-પૂનાની સ્ત્રીઓની મુખે સાંભળ્યું છે કે, જયારે આ સ્મારક માટે જમીન ખરીદવામાં આવી ત્યારે ત્યાં રહેવા માટે કોઇ મકાન નહોતું. પરંતુ મહત્તરાજી અને ત્રણ શિષ્યાઓ એક ઝૂંપડીમાં રહેતાં હતાં અને અમારા ગામમાંથી ગોચરી વહોરી જતાં હતાં. એટલે આ બધું એમના દઢ સંકલ્પના પરિણામે જ શક્ય બન્યું હતું.

એવાં પૂજ્ય મહત્તરાજીને શત શત વંદન!

## ☐ શ્રીમતી લાડોરાની જૈન

પૂજ્ય મૃગાવતીજી મહારાજ પાસે એક વાર જનાર વ્યક્તિ કાયમ એમની બની જતી. એમની વાણીમાં કોઇ અદ્દભુત જાદુ હતો.

મહત્તરાજીના દેવલોકગમનના દસ દિવસ પહેલાં હું એકલી એમને મળવા સાંજે ગઇ હતી. પાછા ફરવાની વ્યવસ્થા વિશે એમણે પૂછ્યું. હું બરોબર પાછી જઇ શકું એ માટે બધી પૂછતાછ કરી. સૂચનાઓ આપી. કેવી મમતાથી એ બધાનું ધ્યાન રાખતાં હતાં!

મહત્તરાજી કોઇ પણ શ્રાવક કે શ્રાવિકોને કોઇ નિયમ લેવા આગ્રહ ન કરતાં. કોઇ સરદારજી મળવા આવે તો તેને વાહે ગુરુજીનું નામ લેવાનું કહેતા. એમણે બધા ધર્મો પ્રત્યે ઊંચી ભાવના બતાવી હતી અને આદર કર્યો હતો.

સમારક માટે કરોડો રૂપિયા એકઠા કરવાના હતા, છતાં તેઓ કોઇને પૈસા આપવાનું કહેતાં ન હતાં. આપોઆપ પૈસા આવતા જતા હતા. પદ્દમાવતી માતાના મંદિર માટે પૈસા લખનાર થાકી ગયા, લખાવનાર આવતા જ જતા હતા. મહત્તરાજી કોઇ કાર્ય માટે પ્રેરણા આપતાં, પછી તે કાર્ય થઇ જ ગયું સમજો.

કોઇ પણ સંઘની કોઇ સમસ્યા હોય તો તેઓ પ્રેમથી સમાધાન કરી આપતાં. શ્રી વિજયાનદસૂરિ, શ્રી વલ્લભસૂરિ, શ્રી સમુદ્રસૂરિ મહારાજ એમના રોમેરોમમાં વસેલા હતા.મહત્તરાજીનું એવું કોઇ વ્યાખ્યાન નહિ હોય જેમાં એમણે વર્તમાન આચાર્યભગવંત શ્રી ઇન્દ્રદિન્નસૂરીશ્વરજીનું નામ ન લીધું હોય. બહેનો દરેક ક્ષેત્રમાં આગળ વધે એવી મહારાજસાહેબની ઇચ્છા હતી. દિલ્હીમાં મહિલામંડળની સ્થાપના કરવા એમણે પ્રેરણા આપી હતી. પૂજા ભણાવવાનું શીખવ્યું અને પ્રશ્નોત્તરી વડે બહેનોનું જ્ઞાન વધાર્યું હતું. આજે દિલ્હી મહિલા મંડળનું જે ઊંચું નામ છે તે એમની પ્રેરણાને પ્રતાપે છે.

શ્વેતામ્બર, દિગમ્બર, સ્થાનકવાસી કે તેરાપંથી સૌ એમનાં દર્શને આવતાં.

સૌ શ્રાવક–શ્રાવિકાઓ સ્મારક માટે તન,મન, અને ધનથી કાર્ય કરીએ એ જ મહત્તરાજી પ્રત્યેની સાચી શ્રદ્ધાંજલિ હશે.

# સમતામયી, ક્ષમતામયી

## ☐ શ્રીમતી કમલારાની જૈન

ઇ.સ. ૧૯૮૧ના જૂન માસની ભયંકર ગરમી, તવાની જેમ તપતી પગદંડીઓ, આગ વરસાવતો સૂર્ય, ગાલ દઝાડી દે એવી લૂ આવા આવા કષ્ટદાયી અંતરાયોને સહન કરતાં કરતાં પૂજ્ય મૃગાવતીજી મહારાજ પોતાની શિષ્યાઓ સાથે આગળ વધી રહ્યાં હતાં. પંચ પરમેષ્ઠીનું ધ્યાન ધરતાં પાંચ સાધક સાધ્વીજીઓ સરહિન્દની સીમા સુધી પહોંચી.

૨૭ જૂન ૧૯૮૧ના રોજ મહત્તરાજી સરહિન્દથી વિહાર કરી સંધ્યારતી પહેલાં તીર્થ પર પહોંચી ગયાં. ૨૮ તારીખે સવારે દૂર દૂરથી શ્રદ્ધાળુ ભકતો આવવા લાગ્યા. અનેક મહાનુભાવો પધાર્યા હતા.

પંજાબનું એ પરમ સદ્ભાગ્ય છે કે, પંજાબ કેસરી વિજયવલ્લભસૂરિજી મહારાજ, જિન શાસનરત્ન વિજયસમુદ્રસૂરિજી મહારાજ, વિજયેન્દ્રદિન્નસૂરિજી મહારાજની અનુકંપાથી જૈન ભારતી મહત્તરા મૃગાવતીજી મહારાજ પંજાબ પધાર્યાં હતાં. એમની વાણીમાં સરસ્વતીનો વાસ હતો. તેઓ જ્યાં જતાં ત્યાંના સ્થાનનો ઉદ્ધાર થઇ જતો.

સરહિંદના ચકેશ્વરી દેવીના મંદિરના જીર્ણોદ્ધાર માટે મૃગાવતીજીની પ્રેરણાથી સાઠ હજાર રૂપિયા એકત્ર થઇ ગયા.

મૃગાવતીજી નારી જાતિનું ગૌરવ હતાં.એમણે તપ, ત્યાગ, સંયમ, અધ્યયન અને મધુર વાણીથી પોતાની શ્રેષ્ઠતાનો અનુપમ પુરાવો આપ્યો હતો.

એમનાં મન, વચન અને વાણીમાં સમતાની મંદાકિની પ્રવાહિત હતી. એમણે ન કોઇને ઉચ્ચ ગણ્યાં કે ન કોઇને નીચ ગણ્યાં. અનેકાન્તની ભાવનાની તેઓ સાક્ષાત મૂર્તિ હતાં.

મહિમામયી, મમતામયી, મૈત્રીમયી, શ્રી મૃગાવતી ! સમતામયી, ક્ષમતામયી, મહત્તરા શ્રી મૃગાવતી !

# ચંદન વિષ વ્યાપ્ત નહિ

## ☐ સુરેશાબહેન મહેતા

પ્રાણી માત્ર પર પોતાની નૈસર્ગિક કરુણાની અમૃતવર્ષા કરનાર જૈન ભારતી મહત્તરા મૃગાવતીજી મહારાજનું વ્યક્તિત્વ મહાન હતું.

ઇ.સ. ૧૯૬૧ની વાત છે. મહારાજશ્રીએ આગમ અભ્યાસ માટે ગુજરાત તરફ વિહાર કરતી વખતે ગુરુવર્ય સમુદ્રવિજયજી મહારાજની જન્મભૂમિ પાલી મારવાડના ખોડ ગામે તેઓ પધાર્યાં હતાં. ત્યાંના શ્રાવકોની વિનંતીથી ત્યાંના ઉપાશ્રયમાં પ્રવચન આપવા એમણે સંમતિ આપી હતી.

બપોરનો બે વાગ્યાનો સમય હતો. વિશાળ શ્રોતાવર્ગ સામે અસ્ખલિત વાણીથી મહારાજશ્રી પ્રવચન આપી રહ્યાં હતાં. વચ્ચે મહારાજશ્રીને એવો ભાસ થયો કે, શ્રાવક વર્ગનું ધ્યાન કયાંક બીજે છે. તેઓ ભાવાભિભૂત નથી લાગતા. છતાં આવા વિકલ્પની ઉપેક્ષા કરી એમણે પોતાના પ્રવચનનું સાતત્ય જાળવી રાખ્યું.

વસ્તુસ્થિતિ એ હતી કે, સિમેન્ટ, કોંક્રિટના એ સુંદર, વિશાળ ભવનમાં કોણ જાણે કયાંથી એક મોટો ઝેરી સાપ આવીને મહારાજશ્રીની બાજુમાં પડેલા ઓઘાને વીંટળાઇને બેઠો હતો. એમના ઘૂંટણ પર ફેણ મારવા પ્રયત્ન કરતો હતો. આખી સભા કિંકર્તવ્ય વિમૂઢ બની ગઇ હતી. હવે શું થશે? ભયની લહેર ચાલી ગઇ. સુજયેષ્ઠાશ્રી મહારાજનું ધ્યાન જયારે એમના તરફ ગયું તો તેઓ ગભરાઇને એકદમ ચીસ પાડી ઉઠયા, 'મહારાજજી! સાપ... સાપ...'.

મૃગાવતીજી થોડું ઓછું સાંભળતાં હતાં. તેઓ સમજયાં કે, સુજયેષ્ઠાશ્રીજીને કંઇક જોઇએ છે. પૂછયું,'શું જોઇએ છે?' ત્યારે એમનું ધ્યાન પોતાની ગોદમાં આવી ગયેલા સાપ પર ગયું. તેઓ તરત જ શાંત ભાવથી સમાધિસ્થ થઇ ગયાં. જેથી સર્પને એમના તરફથી કોઇ પીડા ન પહોંચે.

બસ, થોડી જ વારમાં એ ભયંકર ઝેરી સાપ બીજી બાજુથી નીચે ઊતરી ચૂપચાપ જવા લાગ્યો. મહારાજશ્રીને સુરક્ષિત જોઇ બધાં ઊભાં થઇ ગયાં. એક જણે સાપની ઉપર રજાઇ નાખી દીધી.

પૂજય મૃગાવતીજી હજી ધ્યાનસ્થ સ્થિતિમાં હતાં. ત્યારે માતાગુરુ પૂજય શીલવતીજી મહારાજે કહ્યું, 'એ મૃગાવતી! ઊઠ, ઊઠ, કયાં સુધી બેઠી રહેશે? સાપ તો ચાલ્યો ગયો.' મૃગાવતીજી સમાધિમાંથી ઊઠયાં, લોકોને દૂર કરી સાપ પાસે ગયાં અને શાંતિ મંત્ર સંભળાવ્યો. લોકોને કહ્યું, 'એને હેરાન ન કરતા. એને એના રસ્તે જવા દો.' થોડીવારમાં સાપ ચાલ્યો ગયો.

ત્યાર બાદ કોઇકે કહ્યું કે, આટલો મોટો નાગ હતો, તો નાગણ પણ જરૂર આટલામાં જ કયાંક હશે. બીજા બધા રાતે સુખે સૂઇ ન શકયા. પૂજય મૃગાવતીજી મહારાજ તો સહજ ભાવથી નિદ્રામગ્ન થઇ ગયાં. જાણે કાંઇ બન્યું જ નથી. આવો અપૂર્વ પ્રભાવ જોઇ મને પંક્તિ યાદ આવી ગઇ. 'સંત ન છોડે સંતઇ, કોટિક મિલે અસંત, ચંદન વિષ વ્યાપત નહિ, લિપટે રહત ભુજંગ.'

જેનાં જીવનમાં અહિંસા પ્રતિષ્ઠિત થયેલી છે, તે સત્પુરુષની સંગાથમાં ક્રૂર અને હિંસક પ્રકૃતિનો જીવ પણ વેરભાવ છોડી દે છે. મહર્ષિ પતંજલિના આ શબ્દોનું પ્રત્યક્ષ દર્શન મહત્તરાજીના જીવનમાં જોવા મળે છે.

ખોડ ગામથી વિહાર કરી સંઘ અન્યત્ર જઇ રહ્યો હતો. રસ્તો સાંકડો હતો અને રસ્તાની બન્ને બાજુ ખાડા હતા. સામેથી એક વિફરેલો પાડો દોડતો આવતો હતો. સૌ લોકો ભયભીત થઇ આમતેમ દોડી ગયા. પરંતુ મૃગાવતીજી શાંત અને ગંભીર મુદ્રામાં ઊભા રહ્યાં. માતાગુરુ શીલવતીજીએ કહ્યું, 'મૃગાવતી! દૂર થઇ જા. એ ભડકેલું પ્રાણી તારી શાંતિ અને કરુણાને નહિ સમજે.'

'પરંતુ મૃગાવતીજીને પોતાના તપોબળ ઉપર પૂરો ભરોસો હતો. બધાં જોતાં જ રહી ગયાં. તે મદોન્મત્ત પાડો ગરીબ ગાય બનીને માથું નમાવી મહારાજશ્રીની સામે આવીને ઊભો રહી ગયો.

શીલવતીજી બોલી ઉઠયાં, 'મૃગાવતી! અમે તો ગભરાઇ ગયાં હતાં. બેટા! તેં તો કમાલ કરી. મેં મારા આયખામાં આવું કદી જોયું નથી.'

મહત્તરાજી કહેતાં હતાં કે, દયા, કરુણા, અહિંસા, પ્રેમ અને મૈત્રી પોતાના જીવનમાં શરૂ કરો. એમની કથનીમાં કરણીનો રણકો હતો. તેથી એનો પ્રભાવ અનેરો હતો. તેઓ કહેતાં, પ્રેમથી બધાને જીતો. અને એમણે સાક્ષાત એમ કરી બતાવ્યું હતું.

એક નહિ, બે નહિ, અનેક પ્રસંગ એમના જીવનમાં એવા બન્યા છે કે, જે દ્વારા દયા, અહિંસા, આત્મસંયમ અને મૈત્રીના અલૌકિક દૃષ્ટાંતો જીવંત બન્યાં.'એમનું સમગ્ર જીવન આપણને ઉપદેશની જગ્યાએ આચરણમાં આસ્થા રાખવાનું સૂચવી જાય છે.

# જયાં જયાં નજર મારી ફરે

## □ નિર્મળાબહેન કાંતિલાલ હરગોવિંદ શાહ

પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય ગુરુણી માટે કયા શબ્દોમાં કયા ભાવ લખવા એ જ સૂઝતું નથી. મારાં રોમેરોમમાં એમનું નામ કોતરાયેલું છે. વાત્સલ્ય ઝરતી વાણી, સૌમ્ય, સુરેખ અને અમી ઝરતું મુખડું તથા અડોલ આસન નાખીને બેઠેલ યોગિની પ્રેરણા આપી રહેલ છે કે, સંસારમાં તો ઝંઝાવાત સાથે દુઃખ અને સંકટ આવે છે. સંસારમાં રહેવા છતાં વિરક્ત ભાવથી રહીએ તો જીવન સફળ થઇ જાય. આવા પ્રેરણાદાયક ઉદ્ગારો હજી સંભળાયા કરે છે.

મુલુંડનિવાસી મારા સસરા પૂજ્ય હરગોવિંદદાસ બાપાને પૂજ્ય શીલવતીજી મહારાજ સાથે નિકટનો પરિચય હતો. પૂ. મૃગાવતીજી ત્યારે નાનાં હતાં. પૂજ્ય પંડિત બેચરદાસજી પાસે ભણાવવાનો પ્રબંધ કર્યો હતો. ચાતુર્માસ પ્રવેશનું મૂહુર્ત બાપાને પૂછીને નક્કી કરતાં.

મુંબઇથી વિહાર કરીને દહાણું ચાતુર્માસ કર્યું. પાલઘર સુધી ગોચરીપાણી હાઇવે પર ઝૂંપડામાં બેસીને વાપરતા ત્યારે હાઇવે પર વસતિ ખાસ ન હતી.

બેંગલોરથી ઉગ્ર વિહાર કરી મુલુંડમાં ત્રણ દિવસ અમારા નિવાસસ્થાને રોકાયાં હતા. એ વખતની મધુર વાણી હજી યાદ આવે છે.

દિલ્હીમાં એમને અમે હૉસ્પિટલમાં મળવા ગયાં હતાં એ પ્રેમ નીતરતો ચહેરો જોઇને ઊઠવાનું મન ન થાય, હૉસ્પિટલનો ઘંટ વાગે ત્યારે ન છૂટકે ઊઠવું પડે.

છેલ્લો મેળાપ ૧-૬-૮૬ના સ્મારક પર થયો. ગુરુણી શંખેશ્વર પાર્શ્વનાથ અને આત્મવલ્લભના રટણમાં મગ્ન હતાં. દર્શન કરી અમે વિદાય લેતા હતાં ત્યારે કહ્યું 'બહેન રડવું નહિ. સમય આવે ત્યારે પુદ્ગલ સાથેનો સંબંધ બધાંએ છોડવાનો છે. તમે ગુરુવલ્લભનું સ્મરણ શ્રદ્ધાપૂર્વક કરતાં રહેજો. ગુરુદેવના આશિષ તમારી સાથે છે'

તેઓ આજે પ્રત્યક્ષ રૂપે ભલે સામે નથી, પણ પરોક્ષ રૂપે તો મનની સામે જ ઊભાં છે.

જયાં જયાં નજર મારી ઠરે
ત્યાં ગુરુ વલ્લભ દેખાય છે
જયાં જયાં નજર મારી ફરે
ત્યાં મૃગાવતીજી દેખાય છે.

# યુગો સુધી યાદ રહેશે

□ કુ. અરુણા આનંદ

જન્મ અને મૃત્યુ જીવનના બે અંતિમો છે. જીવનધારાની સાર્થકતા ત્યારે છે જ્યારે એ કોઇ તરસ્યાની તરસ સંતોષી શકે. મૃત્યુ પણ એ મનુષ્યનું સાર્થક કહેવાય છે, જે સ્વ અને પરનો ભેદ ભૂંસી આત્મલીન થઇ જાય. મૃગાવતીજી મહારાજનો આત્મા એવો મહાન હતો કે એમનાં જન્મ અને મૃત્યુ સાર્થક થઇ ગયાં.

મહત્તરાજીનું સંપૂર્ણ જીવન શાસનસેવા, સમાજસેવા અને રાષ્ટ્રસેવામાં વીત્યું. તપ, સંયમ, અને વિશિષ્ટ અધ્યયનમાં પરિપક્વતા પ્રાપ્ત કરી એમણે ધર્મપ્રચારનું કાર્ય કર્યું.

એમણે સમસ્ત ભારતનો પગપાળો વિહાર કરી વિવિધ પ્રદેશોમાં પોતાની મધુર વાણીથી જનજીવનમાં નૈતિક જાગરણ, ધર્મભાવના અને સંસ્કૃતિનો પ્રચાર કર્યો. સમાજમાં ફેલાયેલ દહેજ જેવા કુરિવાજો સામે અવાજ ઉઠાવ્યો અને મદ્યનિષેધ, શાકાહાર અને અહિંસાના તત્ત્વો પર વિશેષ ભાર આપ્યો. એમણે અનેક શૈક્ષણિક સંસ્થાઓના નિર્માણ માટે લોકોને પ્રેરિત કર્યાં. સંપૂર્ણ ભારતભૂમિ એમની કાર્યક્ષેત્ર હતી, પરંતુ પંજાબને એમની વિશેષ કૃપાદૃષ્ટિ મળી. કાંગડા, લુધિયાણા, અંબાલા, લહરા વગેરે અનેક ક્ષેત્રોનાં અધૂરાં કાર્યો એમની પ્રેરણાથી પૂર્ણ થયાં છે.

પૂજ્ય ગુરુવર્ય વિજયસમુદ્રસૂરિજી મહારાજના આદેશથી મહત્તરાજીએ વલ્લભ સ્મારકનો કાર્યભાર સંભાળ્યો અને પોતાના જીવનના અંતિમ શ્વાસ સુધી એ યોજનાને પૂર્ણ કરવા કાળજી લીધી.

તેઓ જે નિષ્ઠાથી શ્રમણ પરંપરાને અનુરૂપ આધ્યાત્મિક જીવન જીવ્યાં અને સંઘ, સમાજ તથા રાષ્ટ્રની સેવામાં તેમણે જે ફાળો આપ્યો તે અમૂલ્ય છે. સમસ્ત જૈન સમાજ યુગો સુધી એમને યાદ કરતો રહેશે.

એમના પ્રત્યે આપણી સાચી શ્રદ્ધાંજલિ એ હશે કે, આપણે બધા એમના જીવનમાંથી પ્રેરણા લઇ એમના સદ્ગુણોને આપણા જીવનમાં અપનાવવા પ્રયત્ન કરીએ.

# અંતરદીપના અજવાળામાં

## ☐ દામજી કુંવરજી છેડા

આર્ષદષ્ટા પ. પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ અને તેમના સમગ્ર સમુદાય દ્વારા થયેલાં લોક કલ્યાણના કાર્યોએ જૈન શાસનમાં ઇતિહાસ સર્જ્યો છે. જ્ઞાન, તપ, ત્યાગ ઇત્યાદિ અનેક સંપદાઓથી જેમનું જીવન સમૃદ્ધ હતું એવા દિવંગત સાધ્વી મૃગાવતીશ્રીજી એ જ પરંપરાના વિશિષ્ટ ગુણો ધરાવતાં પ્રજ્ઞાવંત સાધ્વી હતાં.

પંજાબના જૈનોનું એક પરમ સદ્ભાગ્ય છે કે પૂ. સાધ્વીજીએ તેમની જ્ઞાનની પિપાસાને સંતોષી, તપ અને ત્યાગની ભાવનાને પુષ્ટિ આપી, સેવા અને કરુણા નિતર્યા અભિગમ વડે માતાતુલ્ય લાગણી વહાવી.

પૂ. મૃગાવતીજીના કાળધર્મના એક મહિના પહેલાં તેમના વંદનાર્થે દિલ્હી જવાનું થયું. પૂ. સાધ્વીજી હંમેશા ખાદી પહેરતાં, પહેરવાનો આગ્રહ રાખતાં અને ખાદીનો ઉપયોગ કરનાર પાસેથી કપડું વહોરતાં. પૂજ્યશ્રીને ખાદી વહોરાવવાની મારા અંતરની ઇચ્છા હતી. આગ્રહપૂર્વક સાધ્વીજીને વિનંતી કરી કે, સેવાપૂજા વખતે જરૂર ખાદીનો ઉપયોગ કરું છું તો વહોરાવવાનો લાભ આપો. સરળતાથી પ્રેમભાવે મારા આગ્રહ અને લાગણીને સમજી, કાપડનો સ્વીકાર કરી, વહોરાવેલી ખાદીને સ્વહસ્તે પોતાના શિરે અડાડી તેમણે મંદ સ્મિત દ્વારા આશીર્વાદ આપ્યા. હું આનંદ વિભોર બની રહ્યો.
બીજે દિવસે સવારે ફરી તેમના દર્શનની ધન્ય વેળા આવી. વિનમ્રભાવે મને કહે 'દામજીભાઇ તમે જે ખાદી લાવ્યા છો તે અમારા ખપ કરતાં ઘણી વધારે છે વળી, પોત કંઇક વિશેષ ઝીણું હોવાથી સાધ્વીજીઓને વાપરવામાં સંકોચ થશે. તો એમ કરો, મારા પૂરતી ખાદી હું સ્વીકારું છું અને વધારાની ખાદી, આકોલામાં બિરાજમાન પૂ. આ. ભગવંત શ્રી વિજય ઇન્દ્રદિન્નસૂરિજી મ.સા.ને વહોરાવજો મને આનંદ થશે. તમને લાભ મળશે.'

સામી વ્યકિતના આગ્રહનો પ્રેમભાવે સ્વીકાર કરવો પણ, વસ્તુના ઉપયોગની મર્યાદાને સમજી આચારવિચારમાં વિવેક ન ચૂકવો એ તેમના હૃદયના ગુણને સમજી એક માતાના સ્નેહની સરવાણીમાં હું ઝબકોળાઇ ગયો.

લગભગ મહિના પછી તેમના કથળતા જતા સ્વાસ્થ્યના સમાચાર જાણી, સતત છેલ્લા ત્રણેક દિવસ સુધી જિનભકિતનાદની સાથે તેમની સન્મુખ બેસી રહેવાનું બન્યું. શ્વાસની સરગમના ઘૂંટાતાં લયમાં જાણે ખોવાઇ જવાયું. અંતિમ ઘડી આવી પહોંચી.

માનવમહેરામણના ઘૂઘવતા નાદમાં ૧૮મી જુલાઇ ૧૯૮૬ના દિને તેમના દેહાંત પછીની પાલખીયાત્રામાં શિરે અડાડીને પોતે વહોરેલી ખાદી તેમના નશ્વર દેહનું આવરણ બની તેમની સાથે અગ્નિમાં લપેટાઇ જતી હતી. તેજરેખાની એક દિવ્ય જ્યોત જાણે તેમના સમગ્ર દેહને વીંટળાઇ, ઉર્ધ્વગતિને આંબી જતી હતી.

પૂ. સાધ્વી સુવ્રતાશ્રીજી મ. સા. સાથેની એક વિચારયાત્રામાં મને આ વાતનું સ્મરણ તેમણે કરાવ્યું. હેતના તાંતણે વણાયેલી ખાદીનો એક એકતાંતણો મારા અંતરદીપને જાણે અજવાળી રહ્યો.

# સાધ્વી સંઘના શિરોમણિ

## □ નગીનદાસ જે. શાહ-વાવડીકર

ભૂતકાળનું સ્મરણ કરું છું, તો મહત્તરા સાધ્વીજી મૃગાવતીશ્રીજી મહારાજના પરિચયમાં આવવાનો સુઅવસર મને મળ્યો, એ વાતને વીસેક વર્ષનો સમય થયો.

પૂજયશ્રીનાં માતા-ગુરુ પૂજય સાધ્વીજી મહારાજ શ્રી શીલવતીશ્રીજી તથા તેમનાં બે શિષ્યાઓ પૂજય સુજયેષ્ઠાશ્રીજી અને પૂજય સુવ્રતાશ્રીજી સાથે અમદાવાદથી વિહાર કરીને સને ૧૯૬૬માં મુંબઇ પધારતાં, ભીંવડીમાં સૌ પ્રથમ પ્રવેશ હતો. તે દિવસે મારા મિત્ર અને શ્રી આત્માનંદ જૈન સભાના માનદ મંત્રી સ્વ. શ્રી રસિકલાલ નાથાલાલ કોરાએ મને તેઓનો પરિચય કરાવ્યો હતો.

પૂજય સાધ્વીજી મૃગાવતીશ્રીજી મહારાજ મુંબઈમાં ચાતુર્માસ રહેવાના હોઇ, ગુરુભકતોએ "શ્રી આત્મ-વલ્લભ સંદેશવાહક સમિતિ"ની સ્થાપના કરી હતી. પૂજયશ્રીનાં દર રવિવારે જુદા જુદા સ્થળોએ જાહેર પ્રવચનો યોજાતા અને તે પ્રવચનો લખીને ભાવનગરથી પ્રસિદ્ધ થતા" જૈન " સાપ્તાહિકમાં પ્રસિદ્ધ થાય તે કાર્ય પરમ ગુરુભકત શ્રી ઉમેદમલજી હજારીમલજી જૈને મને સોંપ્યું હતું. તેથી દર રવિવારે પૂજયશ્રી પાસે જવાનું થતું. આમ, એમની નિકટ પરિચયમાં આવ્યા પછી એમની અનેક આંતરિક શકિતઓના અને સાધ્વીજીવનનાં શોભારૂપ અનેક સદ્‌ગુણોનાં દર્શન કરવાનું સદ્‌ભાગ્ય હું પ્રાપ્ત કરી શકયો હતો.

એક પ્રસંગ મારી સ્મૃતિમાં બરાબર કોતરાઇ ગયો છે. પૂજયશ્રીનું સને ૧૯૬૭ના વર્ષનું ચાતુર્માસ મુંબઈમાં પાયધુની ખાતેના શ્રીનેમિનાથજી ઉપાશ્રયમાં હતું. તે સમયે તેઓ પાટ ઉપર બેસીને વ્યાખ્યાનો આપતાં હતાં. ભાઇ-બહેનોની વ્યાખ્યાન સમયે ખૂબ સારી હાજરીથી એક વર્ગે સાધ્વીજી પુરુષો સામે વ્યાખયાન આપી ન શકે એમ કહી વિરોધનો વંટોળ ઊભો કર્યો હતો અને તે માટે એક આવેશભરી નનામી પત્રિકા પણ પ્રગટ થઇ હતી. આથી શ્રી રસિકભાઇ કોરાએ 'ભગવાન મહાવીરે પ્રવર્તાવેલ સંસ્કૃતિના ખમીરના બળે જ સાધ્વી સમુદાય પોતાના અસ્તિત્વને ટકાવી શક્યો છે, અને સાધ્વી શકિતઓ જૈન ધર્મના પ્રચાર માટે વ્યાખ્યાન આપે' તે મતલબનું લખાણ શાસ્ત્રીય પુરાવા સાથે મને આપેલ અને મેં આ લખાણને વ્યવસ્થિત કરી છપાવવા આપતાં પહેલાં પૂજયશ્રીને વાંચવા આપ્યું હતું.

આ લખાણ વાંચીને પૂજયશ્રીએ મને કહ્યું, "નગીનભાઇ લખાણમાં વિવેક જાળવવા સાથે શાસ્ત્રીય વાતો મૂકી છે તે બરાબર છે, પણ આ વાતના વિરોધીઓ આ પત્રિકાથી શાંત બેસી નહિં રહે. શ્રી રસિકભાઇ ખૂબ જ સંવેદનશીલ અને ભકિતસંપન્ન છે, એટલે તેઓ પ્રત્યુત્તર આપવા માટે આ પત્રિકા તરત તૈયાર કરવાનું કહે, પણ મને તો લાગે છે કે, આ બાબતોનો કશો જ જવાબ આપવાની જરૂર નથી. આપણે આપણી શકિતનો, સમયનો સદુપયોગ કરવાનો છે. આજે સમાજની એકતા માટે ઘણું ઘણું કરવાનું છે. તમારા જેવી યુવાશકિત આ જ વાત પર ધ્યાન આપે. વિરોધીઓ એની મેળે શાંત થઇ જશે. અને ન થાય તો પણ તેની ચિંતા કરવાની જરૂર નથી. આપણે તો નચિંતપણે આનંદથી આપણું કાર્ય કર્યે જવાનું.જીવનમાં સુખી થવાનો એક ઉપાય છે કે કોઇ પણ વિવાદથી દૂર રહેવું અને મન પર કોઇ પણ પ્રકારનો ભાર ન રાખવો. સત્યકાર્યોની અનુમોદના અને તનાવમુકત જીવન જ આત્માને તારી શકશે. પૂજય મૃગાવતીશ્રીજીની આ અમૃતવાણી સાંભળીને મારું મસ્તક તેમની આવી સમયોચિત ઉદાત ભાવના સામે નમી પડયું. તેમનો આ પ્રસંગ લખવા બેઠો ત્યારે મને થયું કે ભારતવર્ષ અને જૈન ધર્મ કેવા ઉન્નત અને ગૌરવભર્યાં છે કે જયાં જીવનને સ્પર્શતી આવી નાની છતાં મહત્ત્વની વાતને પણ મૃગાવતીશ્રીજી જેવાં સાધ્વીજી મહારાજ કેવો સુંદર વળાંક આપીને રચનાત્મક રાહ બતાવી શકે છે.

સને ૧૯૭૯માં વલ્લભસ્મારક દિલ્હીના સ્થળ પર શિલાન્યાસના પ્રસંગ સાથે અખિલ ભારતીય જૈન શ્વેતામ્બર

કોન્ફરન્સનું ૨૪મું અધિવેશન રાખેલ . આ કાર્ય માટે કોન્ફરન્સના માનદ મંત્રીશ્રી જયંતભાઇ એમ. શાહ, શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મહામંત્રિ શ્રી કાંતિલાલ ડી. કોરાની સાથે હું પણ ત્રણેક દિવસ પહેલાં દિલ્હી પહોંચેલો. સ્મારક સ્થળ પર પૂજ્યશ્રીએ સ્થિરતા કરેલી. એ પ્રસંગે જીવનની વિશ્વમૈત્રીગામી સાધનાને બળે એમનાં વિચાર –વાણી– વર્તનમાં વ્યાપી ગયેલી વત્સલતા જોવા મળી.

મુંબઇથી સ્પેશ્યલ ટ્રેનમાં મારાં પત્ની ઉષા, મારા માતુશ્રી,મારા નાના ભાઇનાં પત્ની જયોતિ અને તેનાં બાળકો પૌમિલ અને શ્રેણિકને લઇને તા. ૨૮-૧૧-૭૯ ના સંધ્યાકાળે પૂજ્યશ્રીનાંવંદનાર્થે ગયો. પણ ભકિતશીલ અને જિજ્ઞાસુ ભાઇ -બહેનોનું જૂથ સાધ્વીજી મહારાજ પાસે બેઠેલું જોઇ, દૂરથી દર્શન કરી, પછી આવીએ તેમ નકકી કરી અમે ચાલવા માંડયું એટલે સાધ્વીજી સુયશાશ્રીજીએ મને બૂમ મારી કહ્યું "નગીનભાઇ, મહારાજશ્રી આપને બોલાવે છે.અમે તરત જ પાછા ફર્યા અને પૂ. મૃગાવતીજીશ્રીજી મહારાજે વાસક્ષેપ આપ્યો. ઠંડીના દિવસો હોઇ, મારો ભત્રીજો પૌમિલ ધ્રુજતો હતો તે જોઇને પૂજ્યશ્રીએ પૂછયું:દિલ્હીમાં ઠંડી વધુ હોય છે. તમે આ બાબા માટે ગરમ પહેરવાનું કંઇ લાવ્યા છો? હું જવાબ આપવામાં અચકાયો એટલે તરતજ બાજુમાં બેઠેલા એક પંજાબીબહેનનેકહ્યું:યહ મેરા ભાઈ હૈ, ઇસ બચ્ચેકે લીયે એક ગરમ સ્વેટર શીઘ્ર લાનેકા પ્રબંન્ધ કિજિયે મારાં પત્ની ઉષાએ કહ્યું :સાહેબજી કાંઇ જરૂર નથી... પૂજ્યશ્રીએ ખૂબ જ લાગણીભર્યા શબ્દોમાં કહ્યું: "મોટી વ્યકિતઓનું ધ્યાન રાખનારા ઘણાં છે. આવા સમયે મારે તમારું ધ્યાન રાખવાનું છે. " એ પછી રાત્રિના નવેક વાગે અમે જે સ્થળે રહેલાં ત્યાં એક બહેન તથા ભાઇ આવ્યાં અને બન્ને બાબા માટે તથા મારા માટે ગરમ સ્વેટર, મફલર ભેટ તરીકે સ્વીકારવાનો અત્યંત આગ્રહ કર્યો, ત્યારે તેમનાં પ્રેમ અને લાગણીની ભાવનાનો અસ્વીકાર ન કરી શકયો. મારા માટે આ પ્રસંગ નવો હતો. અનેક જૈન અગ્રણીઓની હાજરી અને સ્મારક સ્થળ માટે દાન એકત્ર કરવાના, પ્રેરણા આપવાના સમયે મારા જેવી નાની વ્યકિત માટે જે વાત્સલ્યભાવ પૂ. સાધ્વીજી મૃગાવતીશ્રીજીએ બતાવ્યો તે મારા જીવનની સૌથી પ્રેરક અને યાદગાર ઘટના છે.

છેલ્લે પૂજ્યશ્રીની બિમારીની જાણ થતાં દિલ્હી જઇ દર્શન કરવાની ખૂબ ઇચ્છા હતી, પણ સંજોગવશાત હું જઇ ન શકયો તેનો મને અફસોસ છે. તો બીજી બાજુ ૪૮ વર્ષના દીર્ઘ સંયમજીવનનો ઉદાત્ત અને પ્રેરક જીવનનો પરિચય લખવાની શ્રી ઉમેદમલજી જૈન તથા (સ્વ.) શ્રી રસિકભાઇ કોરાએ મને જે તક આપી અને મેં તૈયાર કરેલ પૂજ્યશ્રીનો પરિચય શ્રી આત્માનંદ જૈન સભામાં છપાવીને મુંબઇમાં મળેલ દિવંગત સાધ્વીજી મ.સા.ને શ્રદ્ધાંજલિ સભામાં હાજર રહેલા સૌને પહોંચાડવાની વ્યવસ્થા કરી તે પણ મારા જીવનનું મોટું સદ્‌ભાગ્ય છે.

મારા ઉપર તેઓશ્રીનો વાત્સલ્યભાવ ખૂબ હતો. અવારનવાર પત્રો લખી શાસન પ્રવૃતિના સમાચાર સાથે તેઓ ખબર- અંતર પૂછાવતા અને તેમના પરિચયમાં આવેલા મારા કુટુંબના દરેકનો નામોલ્લેખ પત્રમાં કરતાં હતાં.

અંતમાં આત્મસાધક શ્રમણીને શોભે તેવી વિવેકશીલતા અને તેજસ્વી વ્યકિતત્વ ધરાવનાર પૂજ્યશ્રીને આ તકે મારી ભાવભરી અંજલિ અર્પિત કરું છું.

# એક અનોખું અદ્‌ભુત વ્યકિતત્વ

**☐ રવીન્દ્ર એચ. મહેતા.**

પરમ વંદનીય જૈન ભારતી મહત્તરા સાધ્વીશ્રી મૃગાવતીજીનાં દર્શન કરવાનું અહોભાગ્ય આજથી પાંચેક વર્ષ પહેલા મને માલેરકોટલા ખાતે પ્રાપ્ત થયેલું.

આ અગાઉ કોઇ સાધુ—સાધ્વીનાં સંપર્કમાં હું આવ્યો નહોતો, બલકે એવી ઇચ્છા થઇ નહોતી. પરંતુ મૃગાવતીજીને હું મળ્યો ન હોત તો સાધુ-સાધ્વી જગતની એ મહાન વિદુષીને ન મળવાનો રંજ સદાય રહી જાત.

શુદ્ધ જાડી ખાદીના વસ્ત્રોમાં ધીરગંભીર છતાંય બાળ-સહજ નિર્મળ હાસ્ય, આંખોમાં અપાર કરુણા, સામાન્ય કદની આ અસામાન્ય વાત્સલ્યમૂર્તિના ચહેરા પરનું પ્રખર તેજ, વાણીમાં નીતરતી સૌમ્યતા અને પ્રજ્ઞા-પ્રતિભા જોઇ મને મારી પ્રેરણા-શકિત સાક્ષાત મળી ગઇ. ત્યાર બાદ જયારે જયારે હું તેમને મળ્યો છું તે પ્રસંગના સંભારણાં મારા જીવનની અણમોલ મૂડી રૂપ બની ગયાં છે.

તે પછી ચારેક માસ બાદ દિલ્હીના રૂપનગર ઉપાશ્રયમાં તેમનાં દર્શન માટે હું ગયો હતો. ત્યારે તેમને વધુ નિરાંતે મળી શકાયું. તે વખતે ધર્મની આરાધના, સ્વાધ્યાય, અને ગૃહસ્થજીવનની તેમની વાતોથી હું ખૂબજ પ્રભાવિત થયો હતો. અમે બાર જણ ત્યાં ગયાં હતાં. સૌના નામ તેમણે પૂછી લીધાં. એ નામ પછી કદી તેઓ ભૂલ્યાં ન હતાં. એમની યાદશકિત અદ્‌ભુત હતી.

તેઓ કોઇ વ્રત કે બાધા માટે આગ્રહ કરતાં ન હતાં. અમે જયારે ત્યાંથી પાછા ફરી રહ્યા હતા ત્યારે અમારા ઉપર ગૅલેરીમાંથી તેઓ જાણે કરુણા વરસાવતાં હોય, તેમ તેમની હથેળીમાંથી અમી કિરણો વરસતાં હતાં. આ દશ્ય મારા માનસપટ પર હજી પણ અકબંધ છવાયેલું પડયું છે. એ અણમોલ સંભારણું છે.

તેમને હું ફરી જયારે જયારે મળ્યો છું ત્યારે મારું હૃદય આપોઆપ ગદ્‌ગદિત થઇ જતું. તેમની કરુણાદષ્ટિ માટે હું હંમેશાં તરસતો.

પ્રત્યેક મુલાકાતમાં તેમનાં વ્યકિતત્વનાં જુદા જુદા પાસા હું જોઇ શકયો છું. દરેક વખતે મારી શ્રદ્ધા વધુ ને વધુ દઢ થતી ગઇ છે. મળવાનો સંતોષ અને ફરી મળવાની અદમ્ય ઇચ્છા સાથે હું ત્યાંથી પ્રત્યેક વખત આવ્યો છું.

પારદર્શક દષ્ટિ, સૌ પ્રત્યે અનન્ય પ્રેમભાવ, અપાર કરુણા, સામેની વ્યકિતના વ્યકિતત્વને અને સુખદુઃખ વાંચી શકવાની અદ્‌ભુત શકિત અને સૌમ્ય વાણીમાં જ્ઞાન અને કરુણામય આત્મભાવનો નકકર રણકો સંભળાતો. એક આત્મીયજન હૃદયના ઊંડાણે ઊતરી વાત કરતું હોય તેવી રીતે હૃદયને ભીંજવી દે એવું વ્યકિતત્વ એ મહત્તરાજીની વિશેષતા હતી.

જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યની તેઓ સાક્ષાત પ્રતિમા હતાં. એમના દર્શનથી જીવન ધન્ય થઇ જતું. જૈન સમાજ ઉપર મહત્તરાજીના અનંત ઉપકાર છે. એમની રગેરગમાં ધર્મપરાયણતા અને સેવાતત્પરતા વણાયેલાં હતાં. બીજાનાં પ્રશ્નો અને દુઃખોને પોતાની ઝોળીમાં વહોરીને સામી વ્યકિત માટે સાંત્વન અને હૂંફનો આધાર બની જતાં. તેમનો એક એક બોલ સમાજ માટે શિરોમાન્ય હતો. મૃગાવતીજીએ ચીંધેલો માર્ગ આત્મકલ્યાણની કેડી તરફ દોરી જતો હતો.

સર્વ જીવના સુખનો વિચાર અને સર્વધર્મ સમભાવનો મંગલભાવ એમણે કેળવ્યો હતો. તેમની નિશ્રામાં સેંકડો લોકોપયોગી કાર્યો, વિવિધલક્ષી યોજનાઓ, સરસ્વતી મંદિરો, ધર્મશાળાઓ, તીર્થક્ષેત્રો, સંસ્કારધામ, જ્ઞાનશિબિરો, પાઠશાળાઓ અને જીવદયાના ક્ષેત્રોમાં અનેક યાદગાર કાર્યો થયાં છે. એમનાં દૂરંદેશીપણાથી અને યોગ્ય માર્ગદર્શનથી સર્વકાર્યોમાં સફળતા મળી છે.

વલ્લભ સ્મારક એક અદ્ભુત અને અજોડ કાર્ય છે. એનો જોટો ભારતભરમાં જડવો મુશ્કેલ છે. એ સ્મારકને વિકસતું જેમણે જોયું છે, તે સૌને ખબર છે કે, મૃગાવતીજીએ પ્રતિપળ સ્મારક માટે ચિંતા અને કાળજી રાખ્યાં હતાં.

મૃગાવતીશ્રીજીના અંતિમ દિવસોનો હું સાક્ષી છું. અસહય વેદના વચ્ચે પણ તેઓ અજબનું આત્મબળ ધરાવતાં હતાં. સ્મારક ખાતેના નિવાસ દરમ્યાન તેઓ અપાર જનસમુદાયને મળતાં રહ્યાં છે, સૌને તેઓ રોજિંદી આવશ્યક ધર્મક્રિયાઓ, માર્ગદર્શન આપતાં રહ્યાં છે. ધર્મધ્યાન કે સ્વાધ્યાયના નિયમોમાં જરા પણ શિથિલતા આવવા નહોતી દીધી. તેમનો ચહેરો અંતિમ ક્ષણ સુધી પ્રખર તેજ અને સમતાથી ઝળહળતો હતો. અંતિમ સંધ્યાએ તેમણે લીધેલ સમાધિનું દૃશ્ય જોનારા સૌ માટે અદ્વિતીય હતું. તેમના ચહેરાના તેજને દર્શને આવેલ કોઇ પણ કદી ભૂલી નહિ શકે. કેવું અદ્ભુત એ દૃશ્ય હતું.

તેમને નિયતિનો ખ્યાલ હતો એટલે સ્મારકનાં કાર્યો બને એટલી ત્વરાથી પૂર્ણ થાય એવી અદમ્ય ઇચ્છા સૌ કાર્યકરો સમક્ષ દર્શાવી હતી.

અંતિમ સંધ્યાએ સંપૂર્ણ સભાનપણે સમાજના અગ્રણીઓ અને સંઘના અધિપતિઓને બોલાવીને એમણે ક્ષમાપના કરી લીધી હતી.

સદેહે તેમણે જે કાર્યો કરાવ્યાં છે તે બેમિસાલ છે. વિદેહે પણ તેઓ સંસ્થાને અદૃશ્ય મદદ કરશે એવો કૉલ તેમણે પોતાની શિષ્યા પૂજ્ય સાધ્વીશ્રી સુવ્રતાશ્રીજીને આપેલ છે તે વાત સૌ કોઇ જાણે છે. વલ્લભ સ્મારકની પૂર્ણતા અને તેમણે દર્શાવેલ માર્ગને અનુસરવું એ જ એમને સાચી શ્રદ્ધાંજલિ અર્પી કહેવાશે.

શત શત વંદન હજો એ અજરઅમર માતા મૃગાવતીશ્રીજીના ભવ્ય આત્માને.

# ધર્મનિષ્ઠ માતા

## ☐ સુધાબહેન શેઠ

મા શબ્દના ઉચ્ચારણ માત્રથી હૃદય આનંદથી છલકાઈ જાય છે. માતાની સરખામણી ધરતીમાતા સાથે કરવામાં આવે છે. જનની અને જન્મભૂમિને સ્વર્ગથી પણ મહાન માનવામાં આવે છે. નારી દરેક રૂપમાં સંસારને કંઈક ને કંઈક પ્રદાન કરે છે. જૈન ધર્મમાં પણ માતાનું સ્થાન મુઠ્ઠી ઊંચેરું છે.

સૂર્ય જેવા તેજસ્વી પુત્રને પૂર્વ દિશા ધારણ કરે છે. તે રીતે ધર્મ અનેઆત્મકલ્યાણના પથ પર અગ્રેસર બનનાર સંતાનને સર્વગુણસંપન્ન અને ધર્મનિષ્ઠ માતા જ જન્મ આપે છે.

જ્યારે ગુરુ આત્મારામજી મહારાજ દીક્ષા લેવાની આજ્ઞા લેવા પોતાની મા પાસે ગયા તો માતાએ નાનકડા પુત્ર દીત્તાને પૂછયું; 'બેટા, તું જૈન ધર્મના કઠિન નિયમોનું પાલન કઈ રીતે કરી શકીશ?'

ત્યારે દીત્તાએ જવાબ આપ્યો, 'મા, હું તો ક્ષત્રિય બચ્ચો છું. હું એવા નાનકડા નિયમોથી ગભરાતો નથી. હું તો અહિંસારૂપી તલવારથી આંતરિક શત્રુ રાગદ્વેષ ઉપર વિજય પ્રાપ્ત કરીશ.'

પોતાના પુત્રની આવી દઢતા જોઇ માતાએ પુત્રને આશીર્વાદ આપ્યા. માએ તો પુત્રની પરીક્ષા લેવી હતી. રૂપા માતાના આધ્યાત્મિક સંસ્કારોનો એ ચમત્કાર હતો.

ગુરુ વલ્લભની માતા જ્યારે અંતિમ શય્યા પર હતી ત્યારે ચારેય ભાઇઓ માતાના બિછાનાની આસપાસ આંસુનાં તોરણ બાંધી બેઠા હતા. ગુરુ વલ્લભનું સંસારી નામ છગન હતું.

માતાએ પૂછયું, 'બેટા છગન, કેમ ઉદાસ છે? શા માટે રડે છે?'

છગને માતાને સામો પ્રશ્ન પૂછયો, 'મા, તમે મને કોના ભરોસે છોડી જાઓ છો?'

માતાએ કહ્યું, 'બેટા છગન, હું તને વીતરાગ પ્રભુના ભરોસે છોડી જઇ રહી છું.' માતાના આ શબ્દોને છગને જીવનમાં આત્મસાત કરી લીધા. સમય પાકતાં ગુરુ આત્મારામજી મહારાજ પાસે આત્મધન પ્રાપ્ત કરીને છગનમાંથી જગવલ્લભ બની ગયા. આ પણ ઈચ્છામાનો ચમત્કાર હતો.

પૂજ્ય મૃગાવતીજી મહારાજને મહત્તરા બનાવનાર એમનાં માતા પૂજ્ય શીલવતીજી મહારાજનો ચમત્કાર આપણે સૌ જાણીએ છીએ.

આજની માતાઓ પણ પોતાના સંતાનોમાં એવા સંસ્કારોનું સિંચન કરે કે, આત્મ-વલ્લભ અને મહત્તરાજી જેવાં અમૂલ્ય રત્નો પાકે.

આજની માતાઓ વિનય, ત્યાગ અને સાદાઇને જીવનમાં અપનાવે એવી પૂજ્ય મહત્તરાજીની ભાવના હતી. એટલા માટે તેઓ દરેકને સ્વાધ્યાયના પચ્ચક્ખાણ આપતાં હતાં.

આજે મહત્તરાજી મહારાજ આપણી વચ્ચે નથી, પરંતુ આપણને શ્રદ્ધા છે કે, એ માતા મહત્તરાજી જયાં હશે ત્યાંથી આપણા સૌ પર આર્શીવાદ વરસાવતાં રહેશે. મા કદી પોતાના સંતાનોને ભૂલી શકે, ભલા?

# પ્રેરણા અને આશીર્વાદનો ધોધ

## ☐ અભયકુમાર ઓસવાલ

પૂજ્ય મૃગાવતીશ્રીજી મહારાજ મારા માતાના સ્થાને હતાં. જ્યારે જ્યારે હું મનથી અશાંત થઇ જતો ત્યારે એમના ચરણોમાં જઇને બેસતો. તેઓ મને આશીર્વાદ આપતાં હતાં. સુખ કે દુ:ખના કોઇ પણ પ્રસંગે તેઓ સદાય પ્રેરણા આપતાં હતાં.

મને યાદ છે કે, ૧૯૮૨માં જ્યારે હું વ્યવસાયમાં એકલતાનો અનુભવ કરવા લાગ્યો ત્યારે મહારાજજીએમને ખૂબ જ આશીર્વાદ દીધાં હતા. એમના નિર્મળ વાત્સલ્યપૂર્ણ શબ્દો હજી મનમાં ગૂંજે છે, 'બેટા! હમેશાં તારું ભલું થશે.' એ સમયે એમણે બે કલાક લગાતાર પ્રેરણા આપી જેથી હું ઉત્સાહિત થયો, મારામાં આત્મવિશ્વાસ બંધાતો ગયો અને એનાથી હું આટલા મોટા કારોબારને સ્વસ્થતાથી સંભાળી શક્યો.

પૂજ્ય મૃગાવતીશ્રીજી મહારાજે મારા ઉપર કરેલા ઉપકારો હું ગણાવી શકું એમ નથી. તેઓ મારા માટે પ્રેરણા અને આશીર્વાદના ધોધ સમાન હતાં.

હું મારા દિલ્હીના શ્રાવકભાઇઓ અને પૂજ્ય સુવ્રતાશ્રીજી મહારાજને એ જ કહીશ કે,પૂજ્ય મૃગાવતીજી મહારાજ માટે અહીં વલ્લભ સ્મારક પર બધું જ કરવા હું તૈયાર છું. મારી સર્વ પ્રકારે સેવા આપવા તેયાર છું.

# વિચારોની ઉદાત્તતા

## ☐ ટી. યુ. મહેતા

જ્યારે હું હિમાચલ પ્રદેશની હાઈકૉર્ટના મુખ્ય ન્યાયાધીશના પદે સિમલામાં હતો ત્યારે એક સવારે એક પત્ર મને મળ્યો. પત્રમાં મને 'ભાઈ' તરીકે સંબોધવામાં આવ્યો હતો. કાંગડાના કિલ્લામાં શ્રી આદિનાથજીની પ્રતિમાની સ્થાપનાના સમારંભમાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ આપતો એ પત્ર હતો, એ પત્ર મહાસતી મૃગાવતીજી મહારાજે લખ્યો હતો. એ સમારંભમાં હાજર રહેવામાં થોડી પ્રતિકૂળતા હતી. પરંતુ પત્રમાં જે ઉષ્મા હતી તેને લીધે મેં પ્રતિકૂળતાને અનુકૂળતામાં ફેરવી લીધી. હું કાંગડા પહોંચી ગયો.

પૂજ્ય મૃગાવતીજી મહારાજને મળવાનો આ મારે માટે પ્રથમ પ્રસંગ હતો. મહાસતીજીનું મૂળ વતન રાજકોટ પાસે આવેલું છે હું અને મારાં પત્ની પણ ત્યાંના છીએ. ઉત્તર ભારતના જૈન અને અજૈનોના હૃદયમાં મૃગાવતીજીનું જે માનભર્યું સ્થાન છે. તે જાણી ખૂબ જ સુખદ આશ્ચર્ય થાય એવું છે.

હું જેમ જેમ મહત્તરાજીના વિશેષ પરિચયમાં આવતો ગયો તેમ તેમ મને પ્રતીતિ થતી ગઈ કે, જે કોઈ એમના પરિચયમાં આવે તે એમને અનહદ આદર અને સન્માન આપે છે. એમની મુક્ત ઉદાર વિચારસરણીને કારણે તેઓ સાંપ્રદાયિકતાની મર્યાદાઓ ઓળંગી ગયાં હતાં. સ્યાદ્‌વાદ જૈન તત્ત્વજ્ઞાનનું ઝળહળતું શિખર છે. એ સ્યાદ્‌વાદને મહાસતીજીએ સહજ અને કુદરતી રીતે આત્મસાત કર્યો હતો. જૈન ધર્મના પાયાના સિધ્ધાંતોના જ્ઞાન અને સમજદારીને લીધે સાદાઈ અને કરુણાનો ઉદય એમના જીવનમાં થયો હતો. અન્ય ધર્મોના સદ્‌ગુણોની તેઓ સરાહના કરતા. જ્યારે જ્યારે એમની સાથે મેં તત્ત્વજ્ઞાન અંગે ચર્ચા કરી છે ત્યારે ત્યારે મને હમેશાં એમના વિચારોની ઉદાત્તતાનાં દર્શન થયાં છે. સાથો સાથ એમની નજર જૈન સંતોએ દર્શાવેલ સંયમની કડક આચારસંહિતા પર પણ રહેતી. તેઓ પ્રખર વક્તા હતાં, પણ એમના વક્તૃત્વનું મુખ્ય આકર્ષણ એમના ચારિત્ર્યનો પ્રભાવ હતો. સંશોધન કાર્યમાં એમણે જે રસ લીધો અને કાર્ય કર્યું તે ખરેખર પ્રશંસનીય છે.

શ્રી આત્મવલ્લભ જૈન સ્મારક-દિલ્હી જેવી અજોડ સંસ્થાનું નિર્માણ એમની પ્રેરણાથી થયું, એ સદાય સ્મરણીય રહેશે.

એમણે દર્શાવેલ પથ પર પગલાં પાડીએ એ એમને માટે ઉત્તમ શ્રદ્ધાંજલિ કહેવાશે.

# સાધ્વી સમુદાયનું ઉજ્જવળ રત્ન

## ☐ પ્રો. તારાબહેન ર. શાહ

અઢી હજાર વર્ષ પહેલાં તીર્થંકર ભગવાન મહાવીરે આત્માની શુદ્ધિનો અને સમાજની સર્વાંગીણ સુખાકારીનો વિચાર કર્યો. એમણે સ્ત્રીશક્તિને પિછાણી. એ શક્તિનો વિકાસ થાય અને સ્ત્રી પણ મોક્ષની અધિકારી બની શકે એ ભાવનાથી તેમણે જ્યારે ચતુર્વિધ સંઘની સ્થાપના કરી ત્યારે તેમાં સાધુ જેટલું જ સાધ્વીને અને શ્રાવક જેટલું જ શ્રાવિકાને ગૌરવભર્યું સ્થાન આપ્યું. ભગવાને સંઘની સ્થાપના કરતી વખતે જૈન સાધ્વી પાસેથી જે પ્રકારનાં કાર્યોની અપેક્ષા રાખી હશે, શીલસુવાસિત જીવન જીવતી મોક્ષાર્થી સાધ્વી કેવી હોય તેની કલ્પના કરી હશે, એ અપેક્ષા અને એ કલ્પના મહત્તરા મૃગાવતીજીમાં આ વિષમ કાળમાં આપણને જોવા મળી. એક સાધ્વી નિર્ધાર કરે અને પુરુષાર્થ કરે તો કેવું ભગીરથ કામ કરી શકે તેનું ઉજ્જવળ દૃષ્ટાંત તેમણે પૂરું પાડયું. ધર્મ અને સમાજજીવનના ક્ષેત્રે પૂ. મૃગાવતીજીનું ભગીરથ કાર્ય, તેમની અનુપમ સિદ્ધિ અને આત્મોન્નતિ જોતાં એમ લાગે કે એમનું જીવન જૈનધર્મના ઇતિહાસનું એક ઉજ્જવળ પ્રકરણ બની રહેશે! સમગ્ર સાધ્વી સમુદાયમાં તેઓ સીમાસ્તંભ બની રહ્યાં હતાં!

પૂ. મૃગાવતીજી અત્યંત પુણ્યશાળી આત્મા હતાં. પૂ. વલ્લભસૂરિ મહારાજના સમુદાયમાં તેમણે દીક્ષા લીધી, પોતાના સંસારી માતા સાધ્વી શીલવતીજીની તેમને પ્રેરણા મળી, પ્રાતઃસ્મરણીય આગમપ્રભાકર પુણ્યવિજયજી મહારાજ અને પૂ. પંડિત સુખલાલજી જેવા વિદ્યાગુરુ તેમને મળ્યા. નિજી પ્રતિભા તો તેમની પાસે હતી જ આ બધાંને લીધે તેમની શક્તિ વિવિધ ક્ષેત્રે ખીલી.

સાધ્વી સંઘનો વિકાસ થાય એ હેતુથી યુગદર્શી અને સમયજ્ઞ આચાર્ય વલ્લભસૂરિ મહારાજે પોતાના આજ્ઞાવર્તી સાધ્વી-સમુદાયને શાસ્ત્રોનું અધ્યયન કરવા અને ધર્મપ્રવચન કરવા અનુજ્ઞા આપી હતી. તેમની આ સમયાનુસારી દીર્ઘદૃષ્ટિને કારણે સાધ્વીસમુદાયમાંનાં અનેક તેજસ્વી સાધ્વીઓને ઘણો લાભ થયો. પૂ. મૃગાવતીજીમાં શીલ, સામર્થ્ય, વિદ્યાભ્યાસ અને લોકમાનસ ઘડવાની ધગશ ઇત્યાદિ હતાં. તેમને આ અનુજ્ઞાનો પણ લાભ મળ્યો. સંસ્કારી, ગૌરવપૂર્ણ, પ્રેરક અને ધીરગંભીર વાણી વડે તેમણે પ્રવચનો દ્વારા જૈનધર્મનો પ્રચાર કર્યો.

નારી પાસે, પછી ભલે એ ગમે તે સ્વરૂપે હોય, સંસારી હોય કે સાધ્વી, વાત્સલ્યની અમોઘ શક્તિ હોય છે અને તેને કારણે પ્રેમથી લોકોને ઉપદેશ આપી, તેમની ત્રૂટિઓ દૂર કરી, તે તેમને સંસ્કારી બનાવે છે. પૂ. મૃગાવતીજી જૈન સાધ્વી હોવાને કારણે આત્મોન્નતિ એ તેમનું મુખ્ય ધ્યેય હતું, છતાં સમાજને એ કેમ ભૂલી શકે! તેમણે અનેક વ્યક્તિઓની મૂંઝવણો દૂર કરી છે અને તેમને સન્માર્ગે વાળી છે. તેમના ઉપદેશથી કશુંક પ્રાપ્ત કરનારી વ્યક્તિઓ તેમને આદરપૂર્વક કૃતજ્ઞભાવે યાદ કરે છે.

તેમના જીવનની એક અનોખી ઐતિહાસિક ઘટના તે હિમાલયમાં કાંગડા તીર્થમાં તેમણે ચાતુર્માસ કર્યું તે છે. પૂ. વલ્લભસૂરિ મહારાજે હિમાલયમાં ખંડિયેર બની ગયેલા અતિ પ્રાચીન જૈન કાંગડા તીર્થનો જિર્ણોદ્ધાર કરવાની ઇચ્છા સેવી હતી. આ બહુ કપરું કામ હતું. પોતાના ગુરુની ઇચ્છા પૂર્ણ કરવા પૂ. મૃગાવતીજીએ પુરુષાર્થ આદર્યો. તેમણે જંગલમાં વેરાન અને કેટલેક અંશે જોખમી ભૂમિમાં ચાતુર્માસ કરવાનો નિર્ણય કર્યો. પોતાની ચાર સાધ્વી શિષ્યાઓ સાથે તેમણે ત્યાં ચાતુર્માસ કર્યું. પંજાબ અને દિલ્હીના જૈન સંઘોએ ખૂબ પ્રેમથી તેમની સેવાભક્તિ કરી. કેટલાક કુટુંબો તો ચાતુર્માસ દરમિયાન ત્યાં જ રહ્યાં હતાં. શ્રી આત્માનંદ જૈન સભાએ આયોજિત કરેલી યાત્રામાં મારા પતિ ડૉ. રમણલાલ શાહ અને અમારી પુત્રી ચિ. શૈલજા સાથે કાંગડા તીર્થની યાત્રાએ જવાની મને તક સાંપડી હતી. આજે પણ એ મંગળ અવસર નજર સામે તરવરે છે. સાધ્વીજી મૃગાવતીનાં ચાતુર્માસ પ્રવેશનો અવસર હતો.

ઈશ્વરની કૃપા વરસતી હોય તેમ વર્ષાની ધારા વરસી રહી હતી. ભીંજાવાની પરવા કર્યા વિના પૂ. મૃગાવતીજીનું પ્રવચન બધાં જ એક ચિત્તે સાંભળી રહ્યાં હતાં. શ્રોતાઓમાં માત્ર જૈનો જ નહિ, જૈનેતરો પણ હતા. ઊંચા રાજદ્વારી હોદ્દા ધરાવનાર મહાનુભાવો પણ હતા. જંગલમાં જાણે મંગલ વર્ત્યું હોય એવો અનુભવ થયો હતો. એક અનોખો યાદગાર પુનિત એ અવસર હતો.

ગુરુશ્રી વલ્લભસૂરિ મહારાજ પ્રત્યેની તેમની ભક્તિ અનન્ય હતી. વલ્લભ સ્મારકનું નિર્માણ એ ગુરુભક્તિનું ઉજ્જવળ પ્રતીક છે. વલ્લભસ્મારકની તસુએ તસુ ભૂમિ ધર્મ અર્થે વપરાય, લોકો એનો લાભ લઈ સર્વાંગીણ વિકાસ સાધે તેવી તેમની પ્રબળ ઈચ્છા હતી. અમે સદ્‌ભાગી હતાં કે વલ્લભસ્મારકનું ખાત મુહૂર્ત થયું એ પ્રસંગે પણ હાજર રહી શક્યાં હતાં. વલ્લભસ્મારક માટે જોઈતા નાણાં માટે તેમણે પોતાની મધુર પ્રેરક વાણી વહાવી અને લોકોએ મન મૂકીને ધન આપ્યું અને તન, મન, ધનથી સાથ આપ્યો. કેટલાંક કુટુંબોએ એ કાર્યને પોતાના જીવનનું મુખ્ય કર્તવ્ય બનાવ્યું. ગુરુ વલ્લભસૂરિનું પુણ્ય, પૂ. મૃગાવતીજીનો પુરુષાર્થ અને અનેક શ્રદ્ધાળુ મહાનુભાવોની સેવાને કારણે વલ્લભસ્મારક સંશોધન અને ધર્મ આરાધનાનું અનેરું ધામ બની રહેશે, એક આંતરરાષ્ટ્રીય આકર્ષક કેન્દ્ર બની રહેશે એવી પૂરી શ્રદ્ધા છે.

પૂ. મૃગાવતીજીની સિદ્ધિઓ, વિદ્વતા અને ચારિત્ર્યશીલતાને કારણે તેમને 'જૈન ભારતી', 'સાધ્વીરત્ન', 'શાસન પ્રભાવિકા', 'મહત્તરા' વગેરે બિરુદોથી સમાજે બહુ ઉચિત રીતે સન્માન્યાં છે. અમે જ્યારે જ્યારે તેમનાં દર્શને ગયાં છીએ ત્યારે પવિત્ર જંગમ્ તીર્થની યાત્રાએ જઈને પાવન થયાં હોઈએ તેવો ભાવ અનુભવ્યો છે. પૂ. મૃગાવતીજી સંસ્કૃતભાષા પર પ્રભુત્વ ધરાવતા અને સંસ્કૃતમાં વ્યાખ્યાનો પણ આપી શકતાં. અમારી પુત્રી ચિ. શૈલજા સંસ્કૃત ભાષામાં બોલી શકે છે એ જાણી તેમને અત્યંત આનંદ થયો હતો. તેઓ 'પંડિતા શૈલજા' કહીને બોલાવતાં. પત્રોમાં પણ તેને યાદ કરતાં અને મળીએ ત્યારે અમારા સંતાનો ચિ. અમિતાભ અને ચિ. શૈલજાને નામ દઈને અચૂક યાદ કરતાં. પૂ. મૃગાવતીજીના આશીર્વાદ અને અમીદૃષ્ટિ એ અમારી અણમોલ મૂડી છે.

પૂ. મૃગાવતીજીનું પ્રેરક અને પવિત્ર જીવન જોતાં બધાં જ ફિરકાના જૈન સંઘોને વિનંતી કરવાનું મન થાય છે કે સમસ્ત સાધ્વી સંઘને તેજસ્વી બનાવવો હોય તો જ્ઞાનોપાસના માટે યોગ્ય વ્યવસ્થા કરી આપવામાં આવે, તેમને પુસ્તકો, પંડિતો, અભ્યાસી વિદ્વાન વ્યક્તિઓનાં લાભ મળે તેવો પ્રબંધ કરી આપવામાં આવે કે જેથી તેમનો વિકાસ થઈ શકે. સાથે સાથે સમાજના ઉત્કર્ષ માટે લેખન કે વ્યાખ્યાનો દ્વારા કામ કરવાની તેમને અનુકૂળતા કરી આપવામાં આવે. એમ થશે તો સાધ્વી સંસ્થામાં વધુ તેજ આવશે. અને તે દ્વારા તેમની તથા સમાજની ઉન્નતિ સધાશે. વળી એથી પૂ. મૃગાવતીજીનું યોગ્ય તર્પણ કરવાની કૃતાર્થતા પણ આપણે અનુભવી શકીશું.

પૂ. મહત્તરા મૃગાવતીજીને અમારા કોટિ કોટિ વંદન!

# તેરી તૂ હી જાને

## □ શાન્તિલાલ જૈન (ખિલૌનેવાલા)

કહેવાય છે કે, હરણોનું ઝુંડ જે ખેતરમાં જઇ ઊભા પાકને ખાઇ જાય, ત્યાં એ છોડવાં પર દશગણો પાક આપે છે. કારણ કે, હરણોની જીભમાં, લાળમાં કુદરતી રીતે એવી કોઇ અલૌકિક શક્તિ હોય છે.

મહાપુરુષો, સંતો અને મહાત્માઓની વાણીમાં એનાથી પણ વધુ શક્તિ હોય છે. જે વચન સહજ રીતે ઉચ્ચારવામાં આવે તે સાચે જ પૂર્ણ થઈને જ રહે છે.

મારા જીવનની પણ એક અદ્‌ભુત કથા છે દિલ્હીની સદર બજારમાં આગ ભભૂકી ઉઠી. પ્લાસ્ટિક તો અગ્નિદેવતાનું પ્રિય ભોજન છે. ત્રણ માળની ચાર દુકાનો અને બે મોટા ગોદામ પ્લાસ્ટિકના રમકડાંથી ભરેલાં હતાં. એ જ દિવસે ત્રણ લાખ રૂપિયાનો માલ પરદેશથી આવ્યો હતો.

વૈદ્ય કે હકીમ જડીબુટીનો અર્ક નાનકડી શીશીમાં ભરી દે છે. બસ, એ જ પ્રમાણે અગ્નિદેવતાએ વીસ દુકાનોનો સાર-અર્ક-વીસ મુઠ્ઠ રાખમાં અર્ધા કલાકમાં કાઢી દીધો. દશ ફાયર બ્રિગેડવાળા જોતા જ રહી ગયા.

એ ભયાનક દૃશ્ય જોઇ હું પાગલ જેવો હતપ્રભ થઇ ગયો. મારું એક જ સદ્‌ભાગ્ય હતું કે, એ દિવસોમાં પૂજ્ય મૃગાવતીજી મહારાજ રૂપનગરના ઉપાશ્રયમાં વિરાજમાન હતાં. મારા મિત્રસંબંધીઓ મને સાધ્વીજીની પાસે તેડી ગયા. હું ખૂબ રડયો, કલ્પાંત કરતો રહ્યો, હું જયારે શાંત થયો ત્યારે મૃગાવતીજી મહારાજ બોલ્યાં, 'સુંદરમ્! અતિ સુંદરમ્! બૂધું ઠીક થઇ જશે. ગભરાઓ નહિ ગુરુ વલ્લભની જરૂર કૃપા થશે. બધું ઠીક થઇ જશે.' .

મન વિહ્વળ હતું. ચારે બાજુ માત્ર અંધકારનો જ ભાસ થતો હતો. વ્યથા અવર્ણનીય હતી.

બીજે કે ત્રીજે દિવસે સદર બજારની સળગી ગયેલી દુકાનો દિલ્હી મ્યુનિસિપાલિટીએ અમારા નામ પર કરી દીધી. શ્વસુર પક્ષ અને સગાસંબંધીઓએ ખૂબ મદદ કરી અને આશ્વાસન આપ્યું. સારાંશ એ કે, બાલબ્રહ્મચારિણી મહત્તરાજીની જિહ્વા પર શ્રી અને સરસ્વતીનો વાસ હતો. એમના પર ગુરુ વિજયવલ્લભસૂરિજી અને ગુરુ સમુદ્રસૂરિજીનો વરદ હાથ હતો. વચન સિદ્ધ થયું. સ્થિતિ ગઇ કાલ કરતાં આજે કંઇક જુદી જ છે. હરણાં ચરી ગયાં હોય એવાં ખેતરો જેવી દશા થઇ. વીસ ગણો વધુ વ્યાપાર થવા લાગ્યો. કેમ થયું! શું થયું! હું શું જાણું!

માં! તેરી તૂ હી જાને,
સુંદરમ્! અતિ સુંદરમ્!
દુર્લભ હૈં દર્શન આપકે,
સંત કિસકો નસીબ હોતે હૈં.
સંત જિન કે કરીબ હોતે હૈં,
'સાબર' વે ખુશ નસીબ હોતે હૈં.

પૂજય મહત્તરાજીની પાસે જયારે પણ કોઇ આવે ત્યારે પહેલી નજરે જ તેઓ આવનારને ઓળખી લેતાં હતાં. સ્નેહપૂર્વક બેસાડે, એની વ્યથાકથા સાંભળે, સાંત્વના આપે, બસ, એ જ એમની દીર્ઘદૃષ્ટિ, સહાનુભૂતિ અને અમોઘ વશીકરણ શક્તિ હતી. મન, વચન અને કર્મમાં મહાત્માઓ એક સરખો વ્યવહાર રાખે છે.

પૂજય મૃગાવતીશ્રીજીનું જીવન સાધકનું જીવન હતું. આડંબર, માયા, મમતા, કપટને એમાં સ્થાન નહોતું. જ્ઞાન હતું પણ જ્ઞાનનું અભિમાન નહોતું. ત્યાગ હતો પણ ત્યાગનો દેખાવ નહોતો.

સૌમ્ય શાન્ત મૂર્તિ થી - સાગર સમ ગંભીર થીં,
મેરુ સી અકંપ થીં - ધરતી સી ધીર થીં.

રવિ સમ તેજસ્વિની - શીતલ ચંદ્ર સમાન થીં,
સાધન મહાન થીં - વો સાધક મહાન થીં.

અતિ કઠોર જીવન અનાસકત, ઔર હૃદય મેં સરલતા,
પ્રશાંત મુખમંડલ, દુખિયોં કે લિયે મક્ખન સી મૃદુતા.
જિન શાસન કી કોમલ કલી,
ગુરુવચન નિભાને મેં બજરંગ બલી.

## ☐ નરેન્દ્ર પ્રકાશ જૈન

પરમ પૂજ્ય મહત્તરા શ્રી મૃગાવતીશ્રીજી સાથે મારો અને અમારા સમસ્ત પરિવારનો સંબંધ અત્યંત આત્મીય હતો. હું એમની પાસે સ્મારક ઉપર વારંવાર જતો અને જૈન ધર્મના ઘણા વિષયોની તેમની સાથે ચર્ચાવિચારણા થતી. પરમ પૂજ્ય શ્રી જંબુવિજયજી મહારાજના હું સતત સંપર્કમાં છું અને એમનો એક ગ્રંથ અમે છાપ્યો છે. તે જાણી પૂજ્ય મહત્તરાજી જ્યારે પણ હું પૂ. જંબુવિજયજી મહારાજ પાસે જાઉં ત્યારે પોતાની વંદના કહેડાવતા. અને તેમની પાસેથી વાસક્ષેપ લાવવાનું ખાસ કહેતા.

પૂજ્ય મૃગાવતીશ્રીજીને આગમજ્ઞાતા પૂજ્ય પુણ્યવિજયજીની જેમ પૂજ્ય જંબુવિજયજી પ્રત્યે અપાર આદરભાવ હતો.

અમારા પરિવારનાં સભ્યો પૂજ્ય પિતાશ્રી, પૂજ્ય ચાઈજી, મારાં પત્ની સૌ. અનુરાધા વગેરે પણ તેમનાં સતત સંપર્કમાં રહેતાં અને યથાશક્તિ તેમની સેવાભક્તિ કરતાં.

પૂજ્ય મહારાજ સાહેબની સેવા કરવાનો મને અદ્ભુત અવસર પ્રાપ્ત થયો હતો. જે જન્મોજન્મની તપસ્યા પછી પણ કદાચ ન મળત. છેલ્લા ત્રણ માસમાં સવાર-સાંજ જે વાતો એમની પાસેથી સાંભળવા મળી એ અવર્ણનીય છે.

પૂજ્ય મૃગાવતીશ્રીજીના અંતિમ સમયે એમની પાસે બેસીને હું ચાર કલાક સુધી લોગસ્સનો જાપ કરતો રહ્યો. બીજાં સાધ્વીજી મહારાજ ૐ હ્રીં શ્રીં નો જાપ કરતાં હતાં. એ રીતે પૂજ્ય મૃગાવતીશ્રીજીએ અંતિમ શ્વાસ લીધાં. એ ભવ્યાત્માના અંતિમ પ્રયાણ વખતે અમને એમની બાજુમાં ઉપસ્થિત રહેવાનું મળ્યું એ અમારું પરમ સદ્ભાગ્ય છે.

એ અંતિમ સમયનું અવર્ણનીય દિવ્ય દશ્ય મારા ચિત્તપટ ઉપર સદાયને માટે અંકિત થઈ ગયું છે.

# વાત્સલ્યમૂર્તિ મહત્તરાજી

## ☐ જયંતીલાલ એમ. શાહ

પરમ વંદનીય મહત્તરા સાધ્વી શ્રી મૃગાવતીશ્રીજી મહારાજસાહેબના ચરણોમાં કોટિ કોટિ વંદન કરું છું.

પૂજ્ય મહત્તરાશ્રીજી જ્યારે મુંબઇમાં ભાયખલા, પાયધુની શ્રી નેમિનાથ ઉપાશ્રયમાં અને ખાર અહિંસા હૉલમાં ચાતુર્માસ માટે પધાર્યાં હતાં ત્યારે એમના વ્યક્તિત્વનો પરિચય થયો હતો. તેમની સાથે તેમનાં માતા ગુરુણી પૂજ્ય શીલવતીશ્રીજી મહારાજ સાહેબ પણ હતાં. હું દરરોજ વ્યાખ્યાનમાં જતો હતો પણ વિશેષ કંઇ પરિચય નહોતો. આત્માનંદ જૈન સભાના કાર્યકર્તાના નાતે કંઇ કામસેવા કોય તો પૂછીને આવી જઇએ. ત્યાર બાદ તેઓશ્રી વિહાર કરી દહાણુ પધાર્યાં ત્યાં પણ તેમના દર્શન વંદનનો લાભ મળ્યો હતો.

તેઓશ્રીનું વ્યક્તિત્વ એવું પ્રભાવક હતું કે, કોઇ પણ વ્યક્તિ જો એક વખત એમનાં પરિચયમાં આવે તો તેના જીવનમાં ચોક્કસ પરિવર્તન આવી જાય.

છેલ્લાં કેટલાંક વર્ષોથી મહારાજશ્રી પંજાબમાં વિચરતાં હતાં. કાંગડાતીર્થના ચાતુર્માસ પ્રવેશ વખતે ઉપસ્થિત રહેવાનો અમને લાભ મળ્યો હતો.

અમે વખતોવખત વિચાર કરતા કે, મહારાજશ્રીનાં દર્શને જઇએ પણ સંજોગોવશ નહોતું જઇ શકાતું.

૧૯૮૫ના માર્ચ મહિનાની તારીખ આઠમીએ હું સપરિવાર સાધ્વીજી મહારાજનાં દર્શન કરવા સ્મારક પર ગયો હતો. થોડો સમય રોકાઇ અંબાલા જવું હતું એટલે મહારાજશ્રીની રજા લીધી. ત્યારે એમણે મધુર સ્વરે વાત્સલ્યભાવે કહ્યું કે, 'ભાઇ, આટલા વખતે આવ્યા છો અને આમ ઝડપથી ચાલ્યા જાઓ છો?' એમણે સંભારણા રૂપે મને એક પુસ્તક, મારાં પત્નીને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની ધાતુની પ્રતિમા તેમ જ મારા પૌત્રને નોટબુક અને પેન્સિલ ભેટ આપ્યાં. આશીર્વાદ આપી, માંગલિક સંભળાવી રજા આપી. આ સહજ સ્નેહભાવ આગળ અમે ગદ્‌ગદ્ થઇ ગયાં હતાં.

મહત્તરાશ્રીએ પૂછયું કે, શ્રાવિકાને હવે કેમ રહે છે? મહારાજશ્રી મુંબઇ હતાં ત્યારે મારાં પત્નીની તબિયત સારી રહેતી નહોતી, અને તે બાર-પંદર વર્ષ સુધી ખરાબ રહી હતી. આ વાતને આટલાં વર્ષો વીતીગયાં છતાં યાદ કરીને મહારાજશ્રીએ ખબર પૂછી હતી. કેવો અનન્ય વાતસલ્યભાવ હતો!

તેઓશ્રી કાળધર્મ પામ્યાં તેના એક મહિના પહેલાં એટલે ૧૫ જૂન ૧૯૮૬ના રોજ શ્રી આત્માનંદ જૈન સભાના ત્રણ મંત્રીઓ શ્રી ઉમેદમલજી, શ્રી રસિકભાઇ કોરા શ્રી દામજીભાઇ છેડા અને હું, અમે બધા સપરિવાર સ્મારક પર ચાર દિવસ સુધી રહ્યા હતા. ત્યારે મહત્તરાશ્રીનું સ્વાસ્થ્ય સારું નહોતું. અમારી સાથે સવાર, બપોર અને સાંજ બબ્બે કલાક સુધી વાર્તાલાપ કર્યો. સોને યાદ કર્યા. એ વાત્સલ્યનું વર્ણન કરવા શબ્દ નથી સૂઝતા. તેઓ વારંવાર અતિ નમ્રભાવે કહેતાં કે, અમે તો ભાઇ અમારા શ્રાવકોથી ઉજળા છીએ. સૌ અમારું કેટલું બધું ધ્યાન રાખો છો. કેટલે દૂરદૂરથી પરિશ્રમ વેઠીને અહીં આવો છો.

અમને સૂચના આપી કે, શ્રી ઉમેદમલજી વડીલ છે, સંસ્થાના પ્રાણ છે, એમણે અમારાં ચાતુર્માસ સફળ રીતે મુંબઇમાં કરાવ્યાં છે. તમારી ફરજ છે કે, એમનો આદર કરજો.

તેમના સ્વભાવની વિશિષ્ટતા એ હતી કે, દરેકને એ પોતાનાં લાગતાં. સામેની વ્યક્તિને જીતી લેવાની એમની

કળા અનન્ય હતી.

અમે જ્યારે વિદાય લીધી ત્યારે અમને થયું કે, આપણે મહારાજશ્રીનાં દર્શન કરવા વર્ષમાં એક વખત તો આવવું જોઇતું હતું. પણ ન આવી શક્યા તેનો રંજ છે. પરંતુ ચાર દિવસ મહત્તરાશ્રીનાં સાંનિધ્યમાં રહેવા મળ્યું એ સદ્ભાગ્ય જ કહેવાય! તેમના મનમાં કોઇના પ્રત્યે રાગ કે દ્વેષનો ભાવ ન હતો. એટલે ચહેરા પર સદાય નિર્દોષ હાસ્ય જોવા મળતું હતું.

છેલ્લે જ્યારે તેઓશ્રી કાળધર્મ પામ્યા તેના બે દિવસ અગાઉ મને તેમની નિકટ રહેવાનો લાભ મળ્યો હતો. તેનો યશ શ્રી શૈલેશભાઇ કોઠારીને જાય છે. તેઓ મને પરાણે લઇ ગયા હતા. આટલા દુ:ખની વચ્ચે પણ મૃગાવતીશ્રીજી વીતરાગ પરમાત્મા પ્રત્યે અતૂટ ભક્તિ ધરાવતા હતા. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનું ધ્યાન ધરતાં ધરતાં ધ્યાનાવસ્થામાં દેહત્યાગ કર્યો.

એ દુ:ખદ સમાચાર સાંભળી ભારતભરમાંથી જે ભક્તો દોડી આવ્યા, તેમને સૌને એક જ લાગણી થઇ કે, અમે અમારી મા ગુમાવી છે.

અપાર વાત્સલ્યમૂર્તિ મહત્તરાજીના ચરણોમાં કોટિ કોટિ વંદના.



શ્રી શીલવતીજી મહારાજ

શ્રી સુજ્યેષ્ઠાશ્રીજી મહારાજ — શ્રી મૃગાવતીજી મહારાજ

મહત્તરા સાધ્વીશ્રી મૃગાવતીજી મહારાજના દેવલોકગમન નિમિત્તે અહીં એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નવકારમંત્રનો જાપ કરવામાં આવ્યો અને શ્રીસંઘના નેતાગણે દિવંગત આત્માને શ્રદ્ધાંજલિ અર્પિત કરી. શ્રેષ્ઠિવર્ય શ્રી મનસુખલાલ દોશી તરફથી અંતરાય કર્મની પૂજા ભણાવવામાં આવી હતી.

વિદુષી સાધ્વીશ્રી સુવ્રતાશ્રીજી આદિ ઠાણાને અમારા તરફથી સાંત્વના આપજો. ધૈર્ય ધારણ કરવા સિવાય કોઇ માર્ગ નથી.

મહત્તરાજીના સ્વર્ગવાસથી સમસ્ત સંઘને એક ન પુરાય એવી ખોટ પડી છે. મહત્તરાજીએ બાલવયમાં દીક્ષા લઇ જે રીતે સંયમ, સાધના, સમાજ સેવા સંઘોન્નતિ અને વલ્લભ સ્મારક જેવી આંતરરાષ્ટ્રીય યોજનામાં જે સમર્પણભાવથી કાર્ય કર્યું છે તે પ્રશંસનીય અને અનુમોદનીય છે.

**□ આચાર્ય વિજય જનકચન્દ્રસૂરિજી મહારાજ**

**પુણે (મહારાષ્ટ્ર)**

તમને કયા શબ્દોમાં સાંત્વના આપું! મૃગાવતીજી મહારાજ સાહેબ કેવળ તમારાં જ નહિ, પરંતુ સમસ્ત જૈન સમાજના પ્રાણ હતાં. એમના જવાથી તમે જ અનાથ નથી થયાં. ખરેખર તો આપણે સૌ અનાથતાનો અનુભવ કરીએ છીએ.

અમે એક દિવસ વલ્લભ સ્મારક પર રોકાયાં હતાં એ બનાવ જીવનભર અવિસ્મરણીય બની રહેશે. એમણે કેટલો સ્નેહ અને કેટલી મમતા અમારા પ્રત્યે બતાવ્યાં હતાં! માતા પોતાની દીકરીને કદાચ આટલો પ્રેમ નથી આપી શકતી! એમણે મને તો પોતાની નાની બહેન માની હતી.

જિનશાસનનું અણમોલ ઘરેણું છિનવાઇ ગયું છે. આજે આપણે કંગાળ થઇ ગયાં છીએ. મહાસતીજી મહારાજની મંજુલ મૂર્તિ રહી રહીને મનમાં ઝબકી જાય છે. અતીતના ઊંડાણમાં ડૂબકી મારતાં ખ્યાલ આવે છે કે, આચાર્ય દેવનાં ચરણોમાં પૂજ્ય ગુરુણીજીને બેઠેલાં જોઉં છું. શું એમની નમ્રતા! શું એમની જિજ્ઞાસા! શું એમની નિર્ભીકતા! બધું આજે યાદ આવે છે.

આજે આપણી પાસે એમના આદર્શ મોજુદ છે જે સદાય આપણને માર્ગદર્શન આપ્યા કરશે.

**□ સાધ્વીશ્રી મહેન્દ્રાશ્રીજી મહારાજ**

**જૈન ભારતી મહત્તરા** સાધ્વી શ્રી મૃગાવતીજી મહારાજના કાળધર્મના સમાચાર સાંભળીને દુઃખ થયું છે.

વિદુષી સાધ્વીજીનું વ્યક્તિત્વ બહુમુખી હતું. એમનું ગહન અધ્યયન અને પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વ જૈન સમાજ માટે ગૌરવનો વિષય હતાં.

પંજાબ કેસરી યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના ચિંતનથી પ્રભાવિ થઇ મૃગાવતીજી એમનાં આજ્ઞાવર્તિની બન્યાં અને એમના વિચારોના પ્રચાર માટે એમણે સમસ્ત દેશમાં વિહાર કર્યો. ગામેગામ અને નગર-નગરમાં વ્યાખ્યાન આપી ભારતીય સંસ્કૃતિની પરંપરાઓને અક્ષુણ્ણ રાખવા માટે એમણે યુવાશક્તિને પ્રેરણા આપી હતી.

સામાજિક સંગઠને મજબૂત બનાવી અને દહેજ પ્રથા સામે અવાજ ઉઠાવી દેશની નૈતિક જાગૃતિમાં એમણે ફાળો આપ્યો હતો.

દિલ્હીમાં નિર્માણાધીન 'વલ્લભસ્મારક' માટે તેઓ સમર્પિત હતાં. જૈન સમાજનું આ મહાન સ્મારક સૌ કોઇના આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. આ સ્મારક વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની પુણ્યસ્મૃતિમા બની રહ્યું છે. મૃગાવતીજીએ સ્મારકના સ્થળે રહી સ્મારક માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું.

કાંગડા તીર્થના ઉધ્ધારમાં પણ અગ્રણી રહી પ્રાચીન તીર્થના પુનરુધ્ધાર માટે તેમણે પ્રેરણા આપી હતી. એમના જવાથી સમગ્ર જૈન સમાજને ઊંડો આઘાત લાગ્યો છે. એમની ખોટ પુરાય એવી નથી.

વલ્લભ સ્મારક પરિપૂર્ણ થાય એ એમની અંતિમ ભાવના હતી, સૌ ભાઇબહેનો એ કાર્ય પૂર્ણ કરવા સહયોગ આપે એ એમના પ્રત્યે સાચી શ્રધ્ધાંજલિ છે.

પૂજ્ય આચાર્ય શ્રી વિજય ઇન્દ્રદિન્નશ્રીની પ્રેરણાથી શ્રધ્ધાંજલિના પુષ્પ રૂપે અકોલાના શ્રીસંઘે એમના અધૂરા કાર્યને ગતિ આપવા દેવદ્રવ્યમાંથી રૂપિયા ૨૧ હજાર આપવાનું નક્કી કર્યું છે.

□ **સાધ્વીશ્રી સુમતિશ્રીજી મહારાજ અને શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ અકોલા.**

**સાધ્વી મહત્તરાશ્રી** મૃગાવતીજીના આકસ્મિક કાળધર્મ પામ્યાના સમાચાર સાંભળી અમને દુઃખ પહોંચ્યું છે. એમણે આપણને જે માર્ગ બતાવ્યો છે, એને અનુસરીએ એ જ એમના પ્રત્યે સાચી શ્રધ્ધાંજલિ બનશે. એમણે ગુરુદેવના મિશનને પૂર્ણ કરવા પોતાની જાતને સમર્પી દીધી. વલ્લભ સ્મારક એમની કીર્તિને અક્ષુણ્ણ બનાવી રાખશે.

**સાધ્વીશ્રી સુમંગલાશ્રી મહારાજ નાગૌર.**

પૂજ્ય મૃગાવતીજીના નિધનના સમાચાર સાંભળી અમને ખૂબ દુ:ખ થયું છે. એ પુણ્યાત્મા પ્રતિ અમે ભક્તિભાવપૂર્વક ગુણાનુવાદ કરીએ છીએ અને પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે, એમના આત્માને શાંતિ પ્રદાન કરે. એમનો આત્મા ભક્તજનોને માટે સદાય પથપ્રદર્શક બની રહો!

**— અમર મુનિ**
**તથા**
**વીરાયતન પરિવાર**
**(રાજગૃહી-બિહાર)**

સાધ્વીશ્રી મૃગાવતીજી જૈન ઇતિહાસનાં એક અમર સાધ્વી તરીકે સદાય યાદ રહેશે. એમણે જૈન સંઘ અને માનવ કલ્યાણ માટે જે મહાન કાર્ય કર્યું છે તે ચિરસ્મરણીય રહેશે.

**—મુનિશ્રી નગરાજજી.**

વિદુષી સાધ્વી શ્રી મૃગાવતીજી મહારાજના સ્વર્ગવાસના દુ:ખદ સમાચાર જાણ્યા. તેઓ એક શાસન-પ્રભાવિ અને પરમ વિદુષી સાધ્વી હતાં. એમના જવાથી જૈન શાસનને અને વિશેષ રૂપે પંજાબના જૈન સમાજને ખૂબ જ મોટી ખોટ પડી છે.

જિનશાસન દેવને એ જ પ્રાર્થના છે કે, એમના આત્માને પરમ શાંતિ અને સમાધિ પ્રાપ્ત થાઓ!

**આચાર્યશ્રી પદ્મસાગરસૂરિજી મહારાજ**

સાધ્વીશ્રી મૃગાવતીજી મહારજના સ્વર્ગવાસના સમાચાર સાંભળી ખૂબ દુ:ખ થયું છે. પૂજ્ય ગુરુદેવના સમુદાયમાં તેઓ એક સિંહણ હતાં. ગુરુદેવનાં કાર્યો જે હિમ્મતથી એમણે કર્યાં છે તે અનુમોદનીય છે. એમના સ્વર્ગવાસથી સ્મારકના કામમાં ખૂબ જ ખોટ વરતાય છે. પરંતુ બહેન! તમે પણ સિંહણની પુત્રી છો, એ જ ઉત્સાહથી કાર્ય કરો. બધાને ગુરુદેવ સહાયતા કરશે. હિમ્મત હાર્યા વગર સ્મારકના કાર્યમાં મંડયા રહેજો.

**☐ પન્યાસ શ્રી પદ્મવિજયજી મહારાજ**
**ઋષિકેશ (ઉ. પ્ર.)**

પરમપૂજ્ય મૃગાવતીજી મહારાજ સ્થૂળ રૂપે ભલે ભૂતકાળમાં વિલીન થઇ ગયાં પરંતુ સૂક્ષ્મ જ્યોતિ રૂપે અનેક સંસ્થાઓના પ્રાણ અને પ્રેરક હતાં. સામાજિક અને રાષ્ટ્રીય ચેતનાના પ્રેરક આધારસ્થંભ હતાં.

પોતાના ગુરુદેવના સમાજકલ્યાણના આદર્શો ઘેરઘેર પહોંચાડવા માટે છેલ્લાં ૪૮ વર્ષથી મહત્તરાજીએ સંયમયાત્રા સ્વીકારી અનન્ય નિષ્ઠા અને ભકિતપૂર્વક ધર્મ તથા સમાજોત્કર્ષનો પ્રસાર કર્યો હતો.

તીવ્ર જિજ્ઞાસા, મધુર કંઠ, કોમળ હૃદય, સૌમ્ય પ્રતિભા, નિખાલસતા અને સ્વતંત્ર ચિંતન વૈભવ જેવી લાક્ષણિકતા મૃગાવતીજી મહારાજમાં જોવા મળતી હતી.

એમના પવિત્ર આત્માને શતઃ શતઃ વંદન કરી પરમ શાંતિ ઇચ્છીએ છીએ.

**જે.આર. શાહ**
**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**
**(મુંબઇ)**

પૂજ્ય મૃગાવતીજી મહારાજનું અહિંસા ભવનમાં ચાતુર્માસ હતું. સાદગી અને સૌમ્ય વ્યવહારથી એમણે સૌનાં દિલ જીતી લીધાં હતાં. તેઓ સંપ્રદાયવાદથી ઉપર ઊઠી જૈનત્વ તરફ આગળ વધ્યાં હતાં. જૈનોની એકતા માટે આપણે કાર્યરત રહીએ. એમણે દર્શાવેલા કાર્યો દ્વારા શ્રધ્ધાંજલિ અર્પીએ.

**નૃપરાજ જૈન**
**ભારત જૈન મહામંડળ**

જૈનાચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજના પગલે સાધ્વીજી મૃગાવતીજીએ સાધર્મિક ઉત્કર્ષના કાર્યો ઉપાડી લીધેલાં.હજારો ભકતોના હૃદયમાં તેઓશ્રીનું અનોખું સ્થાન હતું.

**માણેકલાલ વી. સવાણી**
**આત્માનંદ જૈન સભા-(મુંબઇ)**

મહત્તરા સાધ્વીશ્રી મૃગાવતીના નિધનના સમાચાર સાંભળીને અમે ખૂબ વ્યથિત થયા છીએ. ભારે હૈયે અમે નત મસ્તક થઇ એમને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ. એમણે જે માર્ગ આપણને બતાવ્યો છે એ જ આપણો આધાર બનશે.

**જયંત એમ. શાહ—મહામંત્રી**
**જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ—(મુંબઇ)**

આજે એ વાત માનવા મન તૈયાર નથી કે, મહત્તરા સાધ્વી મૃગાવતીજી મહારાજ આપણી વચ્ચે નથી. એ મહાન વિભૂતિના દર્શન કરનાર દરેક વ્યકિતને થતું કે, મહારાજ સાહેબ પોતાના પ્રત્યે ખૂબ સ્નેહ, ખૂબ વાત્સલ્ય બતાવે છે. જેને પૂછો તે એક જ વાત કહેશે, મહારાજ સાહેબ પોતાની ખૂબ નજીક હતાં. જેમ આપણે એક ફોટોગ્રાફને જોઇને કહીએ કે, એ મારી તરફ જુએ છે. પરંતું આજે એ હકીકતનો સ્વીકાર કરવો પડશે કે, તેઓ અનેક સ્મૃતિઓ પોતાની પાછળ છોડીને ગયાં છે.

મહારાજ સાહેબ પ્રત્યે આપણી સાચી શ્રદ્ધાંજલિ બે શબ્દ કે બે આંસુથી નહિ પૂર્ણ થાય, આપણે એમનાં અધૂરાં કાર્યો પૂર્ણ કરવાનો સંકલ્પ કરવાનો છે. એ જ એમને સાચી શ્રદ્ધાંજલિ છે!

**ખૈરાયતીલાલ જૈન**
**પ્રધાન શ્રી જૈન શ્વેતામ્બર મહાસભા** (ઉત્તર પ્રદેશ)

શ્રમણ સંસ્કૃતિના અમર ગાયિકા મહત્તરામહાસાધ્વી મૃગાવતીજી મહારાજ ભગવાન મહાવીરની પરંપરામાં યશસ્વી સાધ્વી થઇ ગયાં છે. વલ્લભ સ્મારકના રૂપમાં જે પુણ્યતીર્થ એમણે સમાજને આપેલ છે તે યુગો સુધી એમની દૂરદર્શિતા અને ઉપકારની ગાથા ગાતું રહેશે. ભલે પરંપરાથી તેઓ મૂર્તિપૂજક સમાજનું પ્રતિનિધિત્વ કરતાં હતાં, પરંતુ એમનાં કાર્યો, એમનો ઉપદેશ અને એમનો વ્યવહાર સર્વ માટે હતાં, જે કોઇ એમની પાસે જતું તે એમના આર્શીવાદ અને સ્નેહ મેળવતું.

**રતનચંદ જૈન**
**મહાસચિવ-જૈન મહાસભા (દિલ્હી)**

પરમ વિદુષી મહત્તરા સાધ્વીરત્ન શ્રી મૃગાવતીજી મહારાજનો ૧૮મી જુલાઇ ૧૯૮૬ ના રોજ સ્વર્ગવાસ થતાં સમસ્ત જૈન સમાજને, વિશેષ રૂપે ઉત્તર ભારતનાં જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજને ભારે ખોટ પડી છે. ઉત્તર ભારતની અનેક જૈન સંસ્થાઓ એમની પ્રેરણાથી વિકસી હતી. શ્રી આત્માનંદ જૈન કોલેજ, અંબાલા ઉપર એમણે વિશેષ કૃપા વરસાવી હતી. કોલેજને આર્થિક સંકટમાંથી બહાર લાવવા એમણે 'શ્રી આત્મવલ્લભ જૈન એજ્યુકેશન ફાઉન્ડેશન' સ્થાપવા માટે પ્રેરણા આપી હતી એમના વ્યકિતત્વમાં વાત્સલ્ય અને આત્મીયતાનો પ્રવાહ સૌને ભીંજવી જતો. સંપર્કમાં આવનાર પ્રત્યેક વ્યકિત એમને પોતના માનતી હતી. પ્રત્યેક વ્યકિત એમ જ કહેતી, 'મારાં મહારાજશ્રી ખૂબ સ્નેહાળ છે.'

આ સ્થાનના ખાલીપણાને ભરવા કોઇ ઉપાય નથી.

એમના ચરણોમાં મારા તરફથી, શ્રી આત્માનંદ જૈન કોલેજ ટ્રસ્ટ અને મેનેજમેન્ટ સોસાયટી તથા શ્રી આત્મવલ્લભ જૈન એજ્યુકેશનલ ફાઉન્ડેશન તરફથી શ્રદ્ધાંજલિ અર્પિત કરતાં ભગવાનને પ્રાર્થના કરું છું કે, આપણને એમના બતાવેલા માર્ગ પર ચાલવા, એમનાં અધૂરાં કાર્યો પૂર્ણ કરવા અને એમની પ્રેરિત સંસ્થાઓની પ્રગતિમાં સહાયરૂપ થવા શકિત પ્રદાન કરે.

**રાજકુમાર જૈન (અંબાલાવાલા)**
**મંત્રી, શ્રી આત્માનંદ જૈન કોલેજ પ્રબંધક કમિટી અંબાલા**
**શ્રી આત્મવલ્લભ જૈન એજયુકેશનલ ફાઉન્ડેશન**
**(અંબાલા)**

પૂજ્ય સાધ્વી મૃગાવતીજી સ્વર્ગવાસના સમાચાર જાણી દુઃખની લાગણી અનુભવી છે એમનાં કાર્યોને આગળ.વધારીએ એ જ યોગ્ય શ્રદ્ધાંજલિ હશે.

શ્રી આત્મવલ્લભ જૈન સ્મારક શિક્ષણનિધિ શાંતિ અને માનવીય સંબંધોના વિકાસ માટે કાર્ય ચાલુ રાખે અને માનવકલ્યાણ તથા જ્ઞાન પ્રચાર માટે જાગૃત રહે.
પૂજ્ય મૃગાવતીજીના આત્માને ચિર શાંતિ મળો એ જ પ્રાર્થના.

**વિમલા** સિધ્ધાર્થ કે. લાલભાઇ
(અતુલ-વલસાડ)

પૂજ્ય મૃગાવતીજી મહારાજ એક એવો પ્રકાશ પુંજ હતાં કે એમણે અનેક આત્માઓમાં 'જૈન જયોત' જગાવી છે. આપણે સૌ એમના મિશનને સમર્પિત થઈએ અને પ્રભુ મહાવીરને એવી પ્રાર્થના કરીએ કે, આપણામાં એવી હિમ્મત અને વિશ્વાસ આપે કે, આપણે સાધ્વીજીના અક્ષય વારસાને જાળવી રાખીએ.

**રતિલાલ પી. ચંદરયા**
**(લંડન)**

પૂજ્ય મૃગાવતીજી મહારાજે સ્મારક માટે પોતાનું તન ન્યોછાવર કરી દીધું. અધૂરું કાર્ય પૂરું કરવાનો સંકલ્પ કરીએ, એમની પહેલી ઇચ્છા હતી કે, સાધ્વી શ્રી સુવ્રતાશ્રીજીમાં મારું રૂપ જોજો. આપણે એમની બન્ને ઇચ્છાઓ પૂર્ણ કરવા પ્રયત્ન કરીએ. શાસનદેવને પ્રાર્થના કરું છું કે, એમનું માર્ગદર્શન આપણને મળતું રહો.

**રામલાલ જૈન**
**(દિલ્હી)**

જૈનભારતી સાધ્વીરત્ન પૂજ્ય મૃગાવતીજી મહારાજના દેહવિલયથી ઊંડા આઘાતની લાગણી અનુભવી છે. એ ભવ્ય આત્માને ચિર શાંતિ પ્રાપ્ત થાઓ એવી પ્રાર્થના કરીએ છીએ.

**શ્રી આત્માનંદ જૈન સભા**
(માલેરકોટલા-પંજાબ)

પૂજ્ય સાધ્વી શ્રી મૃગાવતીજી મહારાજ વિશાળ દૃષ્ટિકોણ ધરાવતાં હતાં. વલ્લભ સ્મારક માટે એમણે અભિગ્રહ કર્યો હતો અને દૂધનો ત્યાગ કર્યો હતો. એમણે પોતાની સર્વ કાર્યશકિત સ્મારક માટે લગાડી હતી. એમની વાણીમાં એવી તાકાત હતી કે, એનો અનાદર કરવાનું સરળ ન હતું.

વલ્લભ સ્મારક સમાજને આપેલ એમની સર્વશ્રેષ્ઠ ભેટ છે. એમનાં અપૂર્ણ કાર્યોને પૂર્ણ કરવા આપણે સૌએ પ્રયત્ન કરવો જોઇએ.

**રતનલાલ જૈન**
**(ભૂતપૂર્વ ધારાસભ્ય)**

પૂજ્ય મહારાજશ્રીજીએ ભગવાન મહાવીરના 'જીવો અને જીવવા દો' સંદેશને ધાર્મિક ક્રિયાકાંડ સુધી સીમિત ન રાખતાં એને વ્યાવહારિક રૂપ આપ્યું. સમાજના લોકોની મુશ્કેલીઓ અને આપણી સમસ્યાઓનું સમાધાન કરી ધર્મનો પ્રચાર કર્યો. વાસ્તવમાં એમણે આપણને સાચા જૈન બનાવવા પૂર્ણ કોશિશ કરી. હું કહું છું કે, ધર્મની સાથોસાથ એક વ્યાવહારિક વ્યકિત બનાવવાની એમની શકિત અનન્ય હતી. તેઓ સમન્વયવાદી અને સમતાવાદી હતાં. સૌ પ્રત્યે સદ્‌ભાવના રાખતાં હતાં. તેઓ પોતે જ એક મોટું સ્મારક હતા. તેઓ એક સંસ્થા હતાં. આપણે જે સ્મારક બનાવીએ તેની સાથે 'સમાજમાં એકતા સાધો' ને યાદ કરી ભગવાન મહાવીરના એક નેજા હેઠળ એકઠા થઇ, અસલી સ્મારક સ્થાપીએ.

માનવસેવા, સૌની સેવા અને સૌ પ્રત્યે સ્નેહ એ આપણું ધ્યેય બનવું જોઇએ. આ શબ્દો સાથે પૂજ્ય મહત્તરાજીના ચરણોમાં શ્રદ્ધાંજલિ અપર્ણ કરું છું.

**ધર્મપાલજી ઓસવાલ**
**(લુધિયાણા)**

મૃગાવતીજી પૂર્ણ રૂપે જૈન ધર્મ અને જૈન તત્ત્વજ્ઞાનને સમર્પિત હતા. એમની વિદાયથી જૈન ધર્મને મોટી ખોટ પડી છે. એમના આત્માને પરમ શાંતિ મળે અને એમના ઉચ્ચ આદર્શો વલ્લભ સ્મારક દ્વારા સાકાર થાય એવી પ્રાર્થના કરું છું.

**ડો. બંસીલાલ ભટ્ટ**
**(પશ્ચિમ જર્મની)**

પૂજ્ય સાધ્વી મૃગાવતીજીનું જીવન અને કાર્ય વિશ્વના સૌ જૈનો માટે આદર્શ રૂપ હતું. વલ્લભ સ્મારકનું એમનું કાર્ય અનન્ય હતું. સમસ્ત જૈન સમાજને ન પુરાય એવી ખોટ પડી છે.

એમનાં અધૂરાં કાર્યો પૂરાં કરી સાચી શ્રધ્ધાંજલિ અર્પીએ.

**ડો. નટુભાઇ શાહ અને સભ્યો**
જૈન સમાજ, લેસ્ટર (યુરોપ)

પૂજ્ય સાધ્વીશ્રી મૃગાવતીજીના અચાનક નિધનના સમચાર સાંભળી દુ:ખ થયું છે. સાધ્વીશ્રી જૈન સમાજના ઉજ્જવળ નક્ષત્ર હતાં. તેઓ જેટલાં સાધના અને તપશ્ચર્યા માટે પ્રસિધ્ધ હતાં એટલાં જ જ્ઞાન અને શોધકાર્ય માટે પ્રસિધ્ધ હતાં. બી. એલ. ઇન્સ્ટીટયૂટ માટે તો તેઓ પાયાના આધારસ્તંભ હતાં. એમના નિધનથી જૈન વિદ્વત્ સમાજ અને સાધુસમાજને ન પુરાય એવી ખોટ ગઇ છે.

એમની પરમ ગતિ માટે પ્રાર્થના કરીએ છીએ.

**ડો. પ્રેમ સુમન જૈન**
જૈન વિદ્યા અને પ્રાકૃત વિભાગ
સુખડિયા વિશ્વવિદ્યાલય (ઉદયપુર)

અંબાલાના ચાતુર્માસ દરમ્યાન વલ્લભવિહાર તથા આત્માનંદ જૈન ડિગ્રી કોલેજની સ્થાપના માટે મૃગાવતીજીએ પ્રેરણા આપી હતી . એ કોલેજના દીક્ષાન્ત સમારોહમાં પૂજ્ય મહત્તરાજીનું પ્રવચન સાંભળી શ્રી મોરારજીભાઇ દેસાઇ ખૂબ પ્રસન્ન થયા હતા. બીજું ચાતુર્માસ લુધિયાણામાં કર્યું. ત્યારે કુરિવાજોના નિવારણ માટે ઉપદેશ આપ્યો. યુવાનોએ એને સારો પ્રતિસાદ આપ્યો. શ્રી આત્માનંદ જૈન હાયર સેકન્ડરી સ્કૂલ બનાવવાની પ્રેરણા આપી તો બહેનોએ પોતાના આભૂષણો ઉતારીને દાનમાં આપી દીધાં. મૃગાવતીજીની પ્રેરણાથી ઇ.સ. ૧૯૬૦માં અધિવેશનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય વિજયસમુદ્રસૂરિજી મહારાજની પ્રેરણાથી મૃગાવતીજીની નિશ્રામાં સાધ્વી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. પચ્ચીસોમા મહાવીર નિર્વાણ વર્ષની ઉજવણી માટે બધા જૈન સમુદાયોને એક મંચ ઉપર લાવવા એમણે પ્રશંસનીય કાર્ય કર્યું હતું. એમની પ્રેરણાથી અનેક કાર્યોને અણધારી સફળતા મળતી હતી.

એમના ભવ્ય આત્માને હાર્દિક શ્રધ્ધાંજલિ અર્પણ કરું છું.

**તિલકધર શાસ્ત્રી**

પરમ પૂજ્ય મહારાજ મૃગાવતીજીના સ્વર્ગારોહણના સમાચાર જાણી મને રોમેરોમ દુઃખ થયું છે. એમના હૃદયમાં કેટલો સ્નેહ અને કેટલો સેવાભાવ હતો !

મહારાજજી અમર છે, માત્ર ભૌતિક શરીર બદલાયું છે. પ્રભુ આપને આ દુઃખ સહન કરવાની શકિત પ્રદાન કરે.

**ડૉ. રામજી સિંહ**
**(વિભાગાધ્યક્ષ, ગાંધીવિચાર વિભાગ,**
**ભાગલપુર વિશ્વવિદ્યાલય.-ભાગલપુર)**

ભારતનાં મહાનં વિભૂતિ, આદર્શ સંયમી જૈન ભારતી, મહત્તરા શ્રી મૃગાવતીજી મહારાજનું સમસ્ત જીવન અનુકરણીય હતું. દેવલોકવાસી ગુરુદેવો પ્રત્યે એમની શ્રધ્ધા અનુપમ હતી. ગુરુ વલ્લભનું નામ એમનાં રોમેરોમમાં હતું. એમની પ્રેરણાથી થયેલાં કાર્યો યુગો સુધી સ્મરણીય રહેશે. એમના સ્વર્ગવાસથી સમાજને ન પૂરાય એવી ખોટ પડી છે. એમનાં અધૂરાં કાર્યોને તન,મન અને ધનથી પૂરાં કરીએ. શાસન દેવ એમના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના છે.

**શાંતિલાલ જૈન ખિલૌનેવાલાં**
**(દિલ્હી)**

મહત્તરાજીનો જે વિદ્યાપ્રેમ અને જૈન ધર્મ વિશે અધ્યયન કરવાની જે તીવ્ર ઇચ્છા હતી તેની શી વાત કરવી?એટલા માટે તો ગુરુણી શીલવતીજી સાથે અમદાવાદ પધાર્યાં હતાં. કોઇ પંડિતની વ્યવસ્થા કરવાની વાત થઇ. શીલવતીજીએ કહ્યું કે, અમે પંડિત શ્રી બેચરદાસજી પાસે જ ભણવા માટે અમદાવાદ આવ્યાં છીએ.

એક દિવસ પંડિતજી ખૂબ આનંદિત થઇ ગયા. ઘરના સભ્યોએ પૂછયું શું વાત છે? એમણે કહ્યું, 'મૃગાવતીજીએ તો આટલા થોડા દિવસોમાં ભગવતીસૂત્રનો અભ્યાસ કરી લીધો છે. એમની જ્ઞાન જિજ્ઞાસા અનન્ય હતી.

મૃગાવતીજી અમારા બધા તરફ માતાની જેમ વાત્સલ્ય, પ્રેમ અને કરુણા વરસાવતાં હતાં.

વલ્લભસ્મારક પૂર્ણ થશે એ મૃગાવતીજીને સાચી શ્રધ્ધાંજલિ હશે!

**લલિતાબહેન**
**(મહત્તરાજીના વિદ્યાગુરુ પં. બેચરદાસ દોશીનાં જયેષ્ઠ પુત્રી)**

જૈન સમાજનો પાયો મજબૂત કરનાર, અનેક સંસ્થાઓનાં પ્રેરક, ગુરુ વલ્લભના બાગને સીંચનાર મમતામૂર્તિ મહત્તરા મૃગાવતીજી મહારાજના જવાથી મન શૂન્ય બની ગયું છે.

એમનું ધ્યેય હતું વલ્લભ સ્મારક અનન્ય બને. પોતાનું સર્વસ્વ એની પાછળ લગાડી દીધું. એમના મોંમાંથી જે વચનો બહાર પડે તે પૂર્ણ થઇ જતાં. જયાં જયાં તેઓ ગયાં ત્યાંના મહિલા મંડળોને જાગૃત કરી દીધાં. એમનો વિચાર હતો કે, ભાવિ સંતાનને આધ્યાત્મિક બનાવવા માતા શિક્ષિત અને ધર્મપરાયણ હોવી જોઇએ. શ્રી આત્મવલ્લભ જૈન મહિલા મંડળ અંબાલાની સ્થાપના માટે એમણે પ્રેરણા આપી હતી.

મધુર વાણી, હસતો ચહેરો, મુખ પરનું તેજ આ બધું સૌને આકર્ષી લેતું હતું. તેઓ ગુણની ખાણ હતાં.

પ્રભુ એમના આત્માને શાંતિ આપે અને સાધ્વીગણને તથા જૈન સમાજને એ વિયોગ સહન કરવાની શકિત આપે.

**શ્રીમતી શિમલા જૈન**
**(અંબાલા)**

ગુરુ વલ્લભે મૃગાવતીજીના રૂપમાં આપણને એક જયોતિ આપી. મેં ગુરુ વલ્લભને નથી જોયા, પરંતુ એમના વિશે વડીલો પાસેથી વાતો સાંભળી છે અને પુસ્તકોમાં તે વાંચી છે, મૃગાવતીજી જયારે વ્યાખ્યાન આપતાં ત્યારે એવો અનુભવ થતો કે જાણે ગુરુ વલ્લભનું એ રૂપ આપણી સમક્ષ છે. તેજસ્વી મુખ, વિલક્ષણ બુધ્ધિ, મમતાપૂર્ણ હૃદય, દયાદ્રવિત-મન અને બીજાનાં દુ:ખ જોઇ ઊભરાઇ જતી આંખો-એ રૂપ હવે કયાં જોવા મળશે? જયારે ક્રોધ, માન, માયા જેવા કષાયોનો ત્યાગ કરી આપણે એકતા સાધીશું ત્યારે મહત્તરાજીને સાચી શ્રધ્ધાંજલિ આપી કહેવાશે.

**નીલમ જૈન**

પૂજય સાધ્વી શ્રી મૃગાવતીજીના દેહાવસાનથી સૌએ દુ:ખનો અનુભવ કર્યો છે. વલ્લભ સ્મારકની નોંધ ભારતીય ઇતિહાસમાં સાંસ્કૃતિક વારસા તરીકે સુવર્ણાક્ષરે લેવાશે. અરિહંત દેવને પ્રાર્થના કરીએ છીએ કે એમના પવિત્ર આત્માને ચિર શાંતિ આપો.

**સુશીલકુમાર જૈન**
**મહાવીર ઇન્ટરનેશનલ (દિલ્હી)**

મહત્તરાજીના સ્વર્ગવાસથી આજનો દિવસ જૈન સમાજના ઇતિહાસમાં અત્યંત શોકપૂર્ણ દિવસ માનવામાં આવશે. એમના અધૂરાં સ્વપનો પૂરાં કરવા સર્વસ્વ સમર્પી દઇએ.

**શ્રી જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ**
**(બડૌત મેરઠ)**

પૂજ્ય મહત્તરાજીના સ્વર્ગવાસના સમાચાર જાણી દુઃખની લાગણી અનુભવી છે. મહત્તરાજીએ પોતાનું સમસ્ત જીવન લોકોની સેવામાં સમર્પી દીધું હતું. એ સેવાભાવ એમને જરૂર પરમ પદ અપાવશે.

**હકુભાઇ કાપડિયા (મુંબઇ)**

પરમપૂજ્ય મૃગાવતીજી મહારાજના સ્વર્ગવાસના સમાચાર સાંભળી અમારું કુટુંબ દુઃખમાં ડૂબી ગયું. એમના આત્માની શાંતિ માટે જપતપધ્યાન કરેલ છે. મહત્તરાજીના આત્માને ચિર શાંતિ મળો.

**કુંદનમલ સંઘવી**
**(બેંગલોર)**

પૂ. મૃગાવતીજીના સ્વર્ગવાસથી માત્ર જૈનોને જ નહિ પરંતુ સમસ્ત રાષ્ટ્રને ખોટ પડી છે. આવી વ્યકિતઓ ઇતિહાસમાં સીમાચિહ્ન રૂપ બની જાય છે. એમના આત્માને ચિર શાંતિ મળો.

**આત્મારામ ભોગીલાલ સુતરિયા**
**(અમદાવાદ)**

પરમ પૂજ્ય મૃગાવતીશ્રીજી મહારાજ સાહેબના કાળધર્મ પામવાથી અમે ખૂબ શોકમગ્ન થયા છીએ. આવી પ્રતિભા વખતોવખત જન્મતી નથી. વાસ્તવમાં આપણે સૌ રાંક થઇ ગયા છીએ.

**અમૃતલાલ મુ. ત્રિવેદી**
**ચંદુલાલ પી. ત્રિવેદી**
**(અમદાવાદ)**

પૂ. મૃગાવતીજી મહારાજના નિધનના સમાચાર સાંભળી અધ્યાપકગણ અને છાત્રો શોકસાગરમાં ડૂબી ગયા છે.

સાધ્વીશ્રી સમસ્ત જૈન જગતના બાળકોના હૃદયમાં સમાયેલા હતા. એમના આશીર્વાદથી અમારું વિદ્યાલય આજે હરિયાણા પ્રાન્તની સર્વોચ્ચ અને અગ્રગણ્ય વિદ્યાલયોમાં સ્થાન પામ્યું છે.

**દિવંગત પુણ્યાત્માને શ્રધ્ધાંજલિ અર્પીએ છીએ.**

**એસ. એ. જૈન હાઈસ્કૂલ (અંબાલા)**

પરમ પૂજ્ય સાધ્વી મહત્તરા મૃગાવતીશ્રીજી મહારાજસાહેબના કાળધર્મના સમાચારથી દુ:ખની લાગણી અનુભવી છે. અંબાલા શહેર અને શૈક્ષણિક સંસ્થાઓ ઉપર એમના અનેક ઉપકાર છે.

એમને ચિર શાંતિ મળો એવી પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

**આત્માનંદ જૈન કન્યા ઉચ્ચ વિદ્યાલય**
(અંબાલા)

પૂજ્ય મૃગાવતીજી મહારાજ જૈન સમાજનાં અનન્ય પ્રેરક અને માર્ગદર્શક હતાં. જૈન સંસ્થાઓએ મોટો આધાર ગુમાવ્યો છે. તેઓ જૈન ફિલસૂફીના ઊંડા અભ્યાસી હતાં. તેમની સેવાઓ ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.

એમના પવિત્ર આત્માની શાંતિ માટે પ્રાર્થના કરીએ છીએ.

**એસ. એ. જૈન કોલેજ**
**(અંબાલા)**

મૃગાવતીજી જૈન સમાજના કોઇ એક સંપ્રદાયના ન હતા પરંતુ સમાજના એક આદર્શ તપસ્વિની, હિતદૃષ્ટા, કલ્યાણસાધિકા અને સન્માર્ગપ્રેરિકા હતાં. તેઓ ઘણાં વર્ષોથી જૈન શાસનની પ્રભાવના અને જૈન તીર્થંકરોની વાણીના પ્રચાર-પ્રસારમાં કાર્યરત હતાં. ત્યાગ, તપસ્યાની સાથોસાથ વિદ્વતાનો અપૂર્વ સમન્વય મૃગાવતીજીમાં જોવા મળતો હતો.

સાધ્વીજીની પ્રેરણાથી વલ્લભ સ્મારક નિર્માણનું કાર્ય ઉચ્ચ કોટિએ ચાલી રહ્યું હતું.આવાં પરમ પ્રભાવક સંપ ન્ન સાધ્વીજીનો વિયોગ એ આપણા સૌ માટે અતિ દુ:ખદાયક ઘટના છે.

અખિલ ભારતવર્ષીય શ્વેતાંબર સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ પરિવાર દિવંગતા સાધ્વીજીને શ્રધ્ધાંજલિ અપર્ણ કરે છે. એમના આત્માની શાંતિ અને સદ્‌ગતિ માટે પ્રાર્થના કરે છે. જૈન સમાજને અખીલ કરે છે કે, પૂજ્ય સાધ્વીજીના આદર્શોનું અનુકરણ કરી એમને સાચી શ્રધ્ધાંજલિ અપર્ણ કરે.

**અખિલ ભારતવર્ષીય શ્વેતાંબર સ્થા. જૈન કોન્ફરન્સ**

પરમ પૂજ્ય-મૃગાવતીજી મહારાજના નિધનથી શોકમગ્ન બન્યા છીએ. શાસનદેવને પ્રાર્થના કરીએ છીએ કે, દિવંગત આત્માને શાંતિ આપો.

**શ્રી બીકાનેર જૈન સંઘ**

મહત્તરાજી માત્ર જૈન સમાજનાં જ નહિ સમસ્ત વિશ્વની મહાન વિભૂતિ હતાં. પોતાની આત્મિક શકિતથી તેઓ સૌને આકર્ષિત કરતાં હતાં, એમણે મહિલાઓના ઉત્કર્ષ માટે ઉત્કૃષ્ટ કાર્ય કર્યું છે. ધર્મ અને સમાજ સેવા માટે યુવાનોમાં નવી ચેતના જગાડી. માનવસેવા અને મધ્યમ વર્ગના ઉત્કર્ષ માટે એમણે અનેક કાર્યો કર્યાં. ગુરુ વલ્લભના મિશનને પૂર્ણ કરવું એ જ એમનો સંકલ્પ હતો એમને ચિર શાંતિ મળો એવી પ્રાર્થના કરીએ છીએ.

**રોટરી કલબ ઓફ અંબાલા સિટી**

પૂજ્ય મહત્તરાજીએ જૈન ધર્મની અપૂર્વ સેવા કરી છે. વલ્લભ સ્મારક માટે અથાગ પ્રયત્ન કર્યો છે. સાધ્વી મૃગાવતીશ્રીજીને હાર્દિક ભાવાંજલિ અર્પીએ છીએ.

**શ્રી અર્બુદ ગિરિરાજ જૈન શ્વેતામ્બર તપાગચ્છ**
**ઉપાશ્રય ટ્રસ્ટ**
**ઇન્દોર**

પરમ પૂજય મૃગાવતીજી એક અત્યંત સૌમ્ય અને દઢપ્રતિજ્ઞ વલ્લભ સૈનિક હતાં. એમના દેહવિલયથી શૂન્યવકાશ સર્જાયો છે. જિનેશ્વરદેવ આપણને સૌને પાર ઊતરવા શકિત આપે.

**શ્રી આત્મવલ્લભ જૈન સેવા મંડળ**
સાદડી-રાણકપુર (રાજ.)

શ્રી મૃગાવતીજી મહારાજની જયોતિ વિલીન થઇ જવાથી જૈન સમાજને ન પુરાય એવી ખોટ પડી છે. એમના ઉપદેશથી સમાજને લાભ થતો હતો. અમને વિશ્વાસ છે કે, એમના જીવન કાર્ય અને સંદેશથી આવનાર પેઢીઓને માર્ગદર્શન મળતું રહેશે!

**સેવા ભારતી (નવી દિલ્હી)**

પૂજય મૃગાવતી એક દેદીપ્યમાન સૂર્ય સમાન હતાં. પ્રભુ સૌને આ આઘાત સહન કરવાની શકિત આપે. પૂજય સાધ્વીજીના અમારા ઉપર જે આર્શીવાદ હતા તે સદાય કાયમ રહો.

**મરુધર મહિલા શિક્ષણ સંઘ**
(વિદ્યાવાડી–રાજસ્થાન)

પરમ પૂજય મૃગાવતીજી મહારાજના નિધનથી અત્યંત દુઃખની લાગણી અનુભવી છે. એમના આત્માને ચિર શાંતિ મળો. આપણે એમના પગલે ચાલી શકીએ એ જ સાચી શ્રદ્ધાંજલિ હશે.

**શ્રી આદિનાથ જૈન શ્વેતામ્બર સંઘ**
(બેંગલોર)

મહત્તરા સાધ્વીજી શ્રી મૃગાવતીજીના સ્વર્ગવાસથી સમસ્ત જૈન સંઘે આઘાતની લાગણી અનુભવી છે. ઇ.સ. ૧૯૬૭ ના અહીંના એમના ચાતુર્માસને સૌ યાદ કરે છે. એમના આત્માને શાંતિ મળો.

**શ્રી જૈન સંઘ (મૈસૂર)**

પ.પૂ. સાધ્વી મૃગાવતીજીના સ્વર્ગવાસના સમાચારથી સમસ્ત સરધના સંઘમાં શોક વ્યાપી ગયો છે. એમણે સરધના જેવા નાનકડા સ્થાન પર ચાતુર્માસ કરી અનેક ઉપકાર કર્યા હતા. એમના આત્માને શાંતિ મળો એવી પ્રાર્થના છે.

**શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ**
**(સરધના મેરઠ ઉ. પ્ર.)**

'સૌની સેવા-સૌને પ્રેમ' એ મહત્તરાજીનો જીવનમંત્ર હતો. એમણે નારીશકિતનો અનુપમ પરિચય આપ્યો હતો. અમે સૌ ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ અર્પીએ છીએ.

**શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ**
**(અંબાલા)**

માતૃરૂપ અને વાત્સલ્યરૂપ શ્રમણીરત્નના સ્વર્ગવાસથી ન પૂરાય એવી ખોટ પડી છે. એમના આત્માને અખંડ આનંદ અને શાંતિ મળો એવી પ્રાર્થના કરીએ છીએ.

**શ્રી બાબા ગજ્જા જૈન સભા**
(તિલક નગર-લુધિયાણા)

પરમવિદુષી મહત્તરાજીના સ્વર્ગવાસના દુઃખદ સમાચાર સાભળી આઘાતની લાગણી અનુભવી છે. જેમની પાસેથી માર્ગદર્શન મેળવી જીવન સજાવ્યું હતું. એમના જવાથી દિશાહીન હતપ્રભ બની ગયા છીએ.

**શ્રી મહાવીર જૈન સભા**
**(કુલ્લૂ હિમાચલ પ્રદેશ)**

જૈનભારતી મહત્તરાજીના સ્વર્ગવાસથી દુઃખની લાગણી અનુભવી છે. વલ્લભ સ્મારક સદીઓ સુધી એમનું સ્મરણ કરાવતું રહેશે. એમના આદર્શોને અનુસરીએ એ જ સાચી શ્રધ્ધાંજલિ કહેવાશે.

**જૈન સોશ્યલ ગ્રુપ (દિલ્હી)**

પૂજ્ય મૃગાવતીજી મહારાજે યુવાનોમાં સેવાભાવના અને જૈન ધર્મના પ્રચારની ભાવના નિર્માણ કરી હતી. યુવાનોને હમેશાં એમની પાસેથી માર્ગદર્શન અને વાત્સલ્ય મળતાં. એમને પરમ શાંતિ મળો એ જ પ્રાર્થના.

**શ્રી આત્મવલ્લભ જૈન સેવા મંડળ**
**(અંબાલા)**

મહત્તરાજી જૈન એકતાના વિશેષ પ્રેરિકા હતાં.વલ્લભ સ્મારક માટે એમણે કરેલ કાર્ય અનન્ય છે. એમની વિદાયનો વજ્રાઘાત એમની સુશિષ્યા સહન કરી શકે એવી પ્રભુ શકિત આપજો.

આપણે સૌ ધર્મકાર્યમાં વિશેષ રુચિ વધારીએ.

**ઉષા જૈન**
**તરુણી મહિલા મંડળ**
**(આગરા)**

પૂજ્ય સાધ્વી શ્રી મૃગાવતીજીએ જૈન સમાજની પ્રગતિ અને ઉત્થાન માટે જીવનભર કાર્ય કર્યું નગર-નગરમાં અહિંસા, સંયમ, તપરૂપી સદ્ધર્મનો પ્રચાર કર્યો. એમના કાળધર્મથી જૈન સમાજે એક અમૂલ્ય રત્ન ગુમાવ્યું છે. મહત્તરાજીને પરમ શાંતિ મળો એ જ પ્રાર્થના.

**શ્રી આત્માનંદ જૈન સભા**
**('જમ્મૂતવી)**

મહત્તરા સાધ્વીરત્ન મૃગાવતીજી મહારાજ અમરજ્યોતિમાં વિલીન થઇ ગયાં. એમણે સાધર્મી ભાઇઓને ધર્મનો સાચો માર્ગ બતાવ્યો હતો. તેઓ જૈન સમાજ અને ભારતદેશ માટે જ્ઞાનની વિભૂતિ હતાં.

**શ્રી આત્માનંદ જૈન સભા**
**(અંબાલા)**

મૃત્યુ મહોત્સવ ત્યારે બને જ્યારે જીવનને ધર્મ, સમાજ અને રાષ્ટ્ર માટે સમર્પિત કરેલ હોય. પૂ. મૃગાવતીજી એક ઝળહળતી જ્યોતિ બની પુણ્યપ્રકાશ પાથરી ગયાં.

તેમની સ્મૃતિ અમારા સૌનાં હૃદયમાં સદાય રહેશે, એમનાં કાર્યો કદિ ભુલાય એવાં નથી.

**શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ**

પૂજ્ય મૃગાવતીજીના દેવલોકગમનથી સમસ્ત જૈન સમાજને ખોટ પડી છે. વલ્લભ સ્મારકની એક-એક ઇંટ એમની યશોગાથા ગાતી રહેશે. આગરા મંદિરના નિર્માણમાં પણ એમનું યોગદાન પ્રશંસનીય હતું. અમે બધા નત મસ્તક થઇ એમને શ્રધ્ધાસુમન અર્પિત કરીએ છીએ.

**શ્રી આત્મવલ્લભ જૈન પંજાબી સંઘ, (આગરા)**
**આચાર્ય વલ્લભ યંગ સોસાયટી, આગરા**

**પૂજ્ય મૃગાવતીજી મહારાજે પોતાના સંયમી જીવન** દ્વારા જીવનનો ઉચ્ચ આદર્શ પૂરો પાડયો હતો. ભાવિ પેઢીઓ એમની સેવાઓ અને ધર્મપ્રચારને યાદ કરતી રહેશે. આત્મવલ્લભ સ્મારક નિધિ એમના ધર્મપ્રસારનું જીવંત દૃષ્ટાંત છે.

શોધ સંસ્થાન, જૈન કલા સંગ્રહસ્થાન અને પબ્લિક સ્કૂલ માટેની એમની સેવાઓ ચિરસ્મરણીય રહેશે.

એમણે અચૂક રીતે પરમ પદ પ્રાપ્ત કર્યું હશે, પરંતુ જૈન સમાજને મોટી ખોટ પડી છે. આપણે રંક બની ગયાં છીએ.

સુમતિપ્રકાશ જૈન-સુરેન્દ્ર મોહન જૈન
મહાવીર સિનીયર મૉડેલ સ્કૂલ
(દિલ્હી)

પરિશિષ્ટ: ૧

મહત્તરા શ્રી મૃગાવતીશ્રીજી વિશે
કેટલીક વિશેષ માહિતી

પરિશિષ્ટ: ૨

પરિશિષ્ટ: ૩

મહત્તરા શ્રી મૃગાવતીશ્રીનો
અક્ષરદેહ

પરિશિષ્ટ: ૪

પત્રો
(આવેલા તથા લખેલા)

પરિશિષ્ટ: ૫

કેટલાંક શ્રદ્ધાંજલિ કાવ્યો

પૂજ્ય

# મહત્તરાજી મહારાજની પોતાની વિશેષ નિયમાવલી

## □ પૂ. સાધ્વીશ્રી સુવ્રતાશ્રીજી મહારાજ

● આજીવન ખાદી પહેરવી. જે ખાદી પહેરતા હોય તેમની પાસેથી જ ખાદી વહોરાવવી.

● ગૃહસ્થના ઘરે ગોચરી માટે દિવસમાં એક વખત જ જવું.

● ચાતુર્માસના સ્થળેથી સંયમનિર્વાહની આવશ્યક વસ્તુઓ ન વહોરાવવી. જો ક્યારેક લેવી જ પડે તો અલ્પમાત્રામાં લેવી.

● પ્રતિક્રમણ કરતી વખતે છ આવશ્યક પૂર્ણ થઇ જાય ત્યાં સુધી મૌન રહવું.

● રાતે પ્રતિક્રમણ પછી ભાઇઓને ન મળવું.

● સવારે નવકારસી સુધી અને બપોરે ૧૨થી ૩ વાગ્યા સુધી મૌન ધારણ કરવું.

● રાતે વ્યાખ્યાન ન આપવું. રાતના સમયે આયોજિત કોઇ પણ સમારોહમાં ભાગ ન લેવો.

● સાંજે પ્રતિક્રમણ શ્રમણી મંડળ સાથે મળીને કરવું. દરરોજ એક સો ગાથાઓનો સ્વાધ્યાય જરૂર કરવો.

● હમેશાં ગોચરી સામૂહિક રૂપે જ કરવી.

● પોતાના સમાચાર પોતે ન લખવા, પોતાની નાની સાધ્વીઓ પાસેથી ન લખાવવા અને શ્રાવક-શ્રાવિકાઓ પાસે પણ ન લખાવવાં.

● દાન કે પચ્ચક્ખાણ માટે કોઇને બળપૂર્વક આગ્રહ ન કરવો. પ્રેમપૂર્વક સમજાવવું. કારણ કે, મનથી લીધેલ પચ્ચક્ખાણ અને ભાવપૂર્વક આપેલું દાન જ સ્થાયી હોય છે. ધર્મ સ્થાપી નથી શકાતો, સહજ ઉત્પન્ન કરી શકાય છે.

● પત્રવ્યવહાર અતિઅલ્પ રાખવો.

● નવ દીક્ષિત સાધ્વીઓને ૧૦ વર્ષ સુધી ગોચરી માટે જવા ન દેવી. એમને જ્ઞાન, ધ્યાન, સ્વાધ્યાય, મૌન, વિનય, વિવેક વગેરે શીખવવાં.

● પચાસ વર્ષની ઉંમર સુધી એકલાનો ફોટો ન પડાવવો. કોઈ શહેર કે ગામમાં પ્રવેશ વખતે બેંડવાજાં ન વગડાવવા દેવાં. (ઇ. સ. ૧૯૫૨માં પ્રવેશ વખતે લુધિયાણા શ્રીસંઘ દ્વારા બેંડનો ઉપયોગ થયેલો જોઇ જ્યારે નાના ગામના લોકો પણ બેંડના ઉપયોગ માટે તૈયાર થયા ત્યારે આ વ્યર્થ ખર્ચને રોકવા આ નિયમ લીધો.)

● વિહાર વખતે શ્રીસંઘને કોઇ નકામો ખર્ચ ન કરાવવો.

● પોતાના નામના કોઇ લૅટરપૅડ, આંતરદેશીય પત્ર કે પોસ્ટકાર્ડ વગેરે ન છપાવવાં. ક્ષમાપના કાર્ડ, દીપાવલી કાર્ડ વગેરે કોઇ પણ ધાર્મિક ઉત્સવના કાર્ડ ન છપાવવાં. બિનજરૂરી ખર્ચ બંધ કરવો.

● બજારની બધી વસ્તુઓનો આજીવન ત્યાગ. મીઠાઇ, આટો, મેંદો, સોજી, બેસન વગેરે નિમિત્તે બજારુ ખાદ્ય પદાર્થોનો ત્યાગ.

● પોસ્ટથી પાર્સલ મંગાવવા નહિં અને મોકલવા પણ નહિ.

● સાધના, આરાધના વગેરે ક્રિયાઓ સમયસર જ કરવી. સવારની માળાનો જાપ સવારે જ કરવો. સાંજની માળાનો જાપ સાંજે જ કરવો. સવારે વિહાર હોય તો પણ બધું કરીને જ વિહાર કરવો.

● સવારે ચાર વાગે ઊઠવું, રાતે દશ વાગે સૂઈ જવું.

● જયારે પણ કોઈ નવો પાઠ લેવો હોય ત્યારે ગુરુ મહારાજની છબી સામે લઘુ શિષ્ય બની વિનયપૂર્વક પાઠ લેવો.

● ૧૮ વર્ષની વયે એમણેપચ્ચક્ખાણ લીધા હતા કે, મારે બે જ શિષ્યાઓ બનાવવી છે. જો એમણે ઈચ્છયું હોય તો એમની ૪૦ જેટલી શિષ્યાઓ એમ.એ., પી.એચ.ડી. જેટલું ભણેલ શિક્ષિત બહેનો દીક્ષા લેવા તૈયાર હતી. પરંતુ એમને બીજા ગુરુ મહારાજ પાસે દીક્ષા લેવા સૂચવ્યું. જેને પણ દીક્ષા આપવાની હોય તેને પહેલાં પાંચ વર્ષ પોતાની પાસે રાખીને પચ્ચક્ખાણ આપતાં કે, તદ્દન સાધુવૃત્તિથી રહેવું રૂપિયાને હાથ ન લગાડવો, કોઇ ગૃહસ્થને ઘરે જમવા જાય તો શ્રાવક કોઇ વસ્તુ કે પૈસા આપે તો તેનો સ્વીકાર ન કરવો.

● ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ વર્ષના ઉપલક્ષમાં બજારની બધી વસ્તુઓનો આજીવન ત્યાગ કર્યો હતો.

# મહત્તરા સાધ્વીશ્રી મૃગાવતીજી મહારાજનાં એ કાર્યો કે જે સાધ્વી સંઘના ઈતિહાસમાં પહેલી વાર થયાં

## □ પૂ. સાધ્વીશ્રી સુયશાશ્રીજી મહારાજ

● ૧૯૪૩માં વીરમગામમાં 'શ્રી કલ્પસૂત્ર સુબોધિકા' અને બારસાસૂત્રનું વ્યાખ્યાન.

● ૧૯૪૮માં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના સ્વર્ગવાસ નિમિત્તે માણસા (તા. વિજાપુર)ની બજારમાં જાહેર વ્યાખ્યાન.

● ૧૯૫૨માં સમેતશિખર પહાડ ઉપરના જલમંદિરમાં રાત્રિનિવાસ. ત્યાં સિંહ, ચિત્તા વગેરે જંગલી પશુઓના ભયથી અગાઉ કોઇ પણ સાધુ-સાધ્વીએ રાત્રિનિવાસ કર્યો ન હતો.

● કલકત્તા હરિસન રોડ, વિવેકાનંદ રોડ અને મનોહરલાલ કટલા સ્થળોમાં તેરાપંથીઓની ૭૦૦ દુકાનો છે. જ્યાં સાધ્વી તો શું કોઇ સાધુમહારાજનું પણ વ્યાખ્યાન થયું ન હતું, ત્યાં ૧૯૫૩માં વ્યાખ્યાન આપ્યું. પાવાપુરીમાં સર્વધર્મ સંમેલન શ્રી ગુલઝારીલાલ નંદાનીઅધ્યક્ષતામાં મળ્યું હતું, તેમાં એંસી હજાર શ્રોતાઓની હાજરીમાં જૈન ધર્મનું પ્રતિનિધિત્વ કર્યું.

● ૧૯૫૩માં કલકત્તામાં યુગદ્દષ્ટા આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી ખરતરગચ્છના કલ્પસૂત્ર વિશે વ્યાખ્યાન આપ્યું.

● ૧૯૫૪માં અંબાલા કૉલેજમાં શ્રી મોરારજી દેસાઇની હાજરીમાં સંસ્કૃત પ્રવચન આપ્યું અને અંબાલામાં ગુરુ વલ્લભની સમાધિનું નિર્માણ કર્યું.

● ૧૯૫૭માં લુધિયાણામાં એમની પ્રેરણાથી હાઇસ્કૂલ બાંધવા માટે જૈનજૈનેતરોએ ઘરેણાં ઉતારીને દાનમાં આપી દીધાં.

● ૧૯૫૬-૫૭માં કીર્તિસ્તંભ લહરાનું નિર્માણ.

● ૧૯૬૦-૬૧-૬૨માં અમદાવાદમાં શેઠ કસ્તૂરભાઇ લાલભાઇના સહકારથી શાંતિસાગર ઉપાશ્રયમાં રહી આગમ પ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજ, પં. સુખલાલજી, પં. બેચરદાસ દોશી અને શ્રી દલસુખભાઇ માલવણિયા પાસે આગમોનો અભ્યાસ કર્યો.

● ૧૯૬૬માં મુંબઇમાં ગોડીજી ઉપાશ્રય, વાલકેશ્વર, વિલેપાર્લે, અંધેરી, સાંતાક્રુઝ, વરસોવા, ખાર, કુરલા, મુલુન્ડ, ભાંડુપ, મલાડ, કાંદિવલી, કાંદાવાડી, ભાયખલા, વિઠ્ઠલવાડી, ગોલવાડ, ચોપાટી, મરીન ડ્રાઇવ, ફોર્ટ, અણુવ્રત સમાસાર વગેરે સ્થળોએ જાહેર વ્યાખ્યાનો આપ્યાં. પાટણવાલા બિલ્ડીંગના વ્યાખ્યાનમાં કસ્તૂરભાઇ લાલભાઇ ઉપસ્થિત રહ્યા હતા.

# મહત્તરાજીના સ્વભાવની વિશેષતાઓ

## ☐ પૂ. સાધ્વી શ્રી સુપ્રજ્ઞાશ્રીજી મહારાજ

● વિદ્વાનો, કલાકારો, સાહિત્યકારો, સંસ્કૃતજ્ઞોનું બહુમાન કરવું. વિદ્યાર્થીઓને ભણાવવું તથા અન્ય પ્રકારે સહાયતા આપવી. દીન, દુ:ખી, રોગી, અસહાયને મદદ કરવી.

● સદાય પ્રસન્ન રહેવું અને સદ્કાર્યોમાં મંડયા રહેવું. વાતો, ગપ્પાં કે મજાકમાં કોઇનો પણ સમય ન બગાડવો.

● અંધવિશ્વાસ, વહેમ, કુરિવાજોથી દૂર રહેવું. સંઘ અને સમાજને ખોટા ખરચમાં ન પડવા દેવો.

● પક્ષપાત ન કરતાં મધ્યસ્થ ભાવમાં રહેવું.

● દરેક કાર્યને ખરા દિલથી કરવું. હાથમાં લીધેલ કાર્ય પૂરું થાય ત્યારે જ છોડવું.

● ધર્મના ઊંડાણ સુધી જવું. સત્યનો પક્ષ લેવો.

● સામી વ્યક્તિના વિચારો, તર્ક અને વાતો સાંભળવાની ધીરજ રાખવી અને યોગ્ય સમાધાન કરવું.

● જરૂરિયાતો ઘટાડવી.

● તેજસ્વી જીવન વિતાવવું. તેજ ન ગુમાવવું. પ્રાણ દઇને પણ પ્રતિજ્ઞાનું પાલન કરવું.

● દવાઓને બદલે પ્રભુ પ્રાર્થના, લોકોની શુભકામનાઓ અને આશીર્વાદ ઉપર વધુ વિશ્વાસ રાખવો.

● કોઇની પણ એકદમ પ્રશંસા કે એકદમ નિંદા ન કરવી.

● જ્ઞાન, સફળતાઅને કીર્તિ હોવા છતાં પણ નિરાભિમાન વૃત્તિ, સરળતા, સમતા અને સ્વાભાવિકતાના તાણાવાણાથી ગુંથાયેલું જીવન જીવવું.

● વ્યક્તિને તરત પારખી લેવી, શીઘ્ર નિર્ણયશક્તિ, દૃઢ સંકલ્પ શક્તિ, ઝિંદાદિલી અને આશાવાદી દૃષ્ટિકોણ પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ રહેવું.

● અસત્ય કે અન્યાયના પ્રતિકાર માટે પુણ્ય પ્રકોપ પણ બતાવવો પડે તો બતાવવો. અહિંસક પ્રતિકાર માટે ગાંધીજીને સંભારવા.

● કોઇ પણ દેશ,પ્રાન્ત, જાતિ, લિંગ, વય કે સ્વભાવની વ્યક્તિ સામે આવે કે, ગુણના દરવાજેથી એના મનમાં પહોંચી જવું અને એને પોતાની બનાવી લેવી.બીજાઓ માટે સહિષ્ણુ બનવું અને તેમને પ્રેમ, સહૃદયતા અને આત્મીયતા આપવાં.

# મુંબઈમાં પૂજ્ય મૃગાવતીશ્રીજી મહારાજનાં

## જાહેર પ્રવચનો

| | તારીખ<br>સ્થળ | વિષય<br>આયોજક |
|---|---|---|
| (૧) | ૨૭-૪-૧૯૬૬<br>શ્રી આત્મવલ્લભ હૉલ<br>ટેંબી નાકા, થાણા | 'મનુષ્ય જીવનનું કર્તવ્ય'<br>શ્રી થાણા જૈન સંઘ |
| (૨) | ૨૮-૪-૧૯૬૬<br>શ્રી આત્મવલ્લભ હૉલ<br>ટેંબી નાકા, થાણા | 'ભારતીય સંસ્કૃતિ'<br>શ્રી થાણા જૈન સંઘ |
| (૩) | ૧૬-૫-૧૯૬૬<br>જૈન ભુવન,<br>જૈન સોસાયટી, સાયન | 'અહિંસા દર્શન'<br>સ્વ. કપૂરચંદ જાદવજી બદાણી<br>પરિવાર |
| (૪) | ૧૭-૫-૧૯૬૬<br>'વિશ્રાંતિ'<br>બ્રાહ્મણવાડા રોડ, માટુંગા | 'માનવધર્મ'<br>સ્વ. કપૂરચંદ જાદવજી બદાણી<br>પરિવાર |
| (૫) | ૨૫-૫-૧૯૬૬<br>શ્રી પાટણ જૈન મંડળનો<br>હૉલ<br>મરીન ડ્રાઈવ | 'યુગ સંદેશ'<br>મરીન ડ્રાઈવના ભાઈ બહેનો<br>અને શ્રી આત્મવલ્લભ<br>સંદેશવાહક સમિતિ |
| (૬) | ૨૬-૫-૧૯૬૬<br>શ્રી મહાવીર જૈન<br>વિદ્યાલય સભાગૃહ<br>ગોવાલિયા ટેન્ક | 'શિક્ષાનું મહત્ત્વ'<br>શ્રી મહાવીર જૈન વિદ્યાલય |
| (૭) | ૨૮-૫-૧૯૬૬<br>શ્રી ચોપાટી જૈન<br>ઉપાશ્રય<br>ચોપાટી | 'ધર્મનો મર્મ'<br>શ્રી ચોપાટી જૈન સંઘ<br>શ્રી આતમવલ્લભ સંદેશવાહક<br>સમિતિ |
| (૮) | ૨૯-૫-૧૯૬૬<br>શ્રી મોતીશા જૈન દેરાસર<br>ભાયખલા | 'શાસન પ્રભાવના'<br>શ્રી આત્મવલ્લભ સંદેશવાહક<br>સમિતિ |

| | | |
|---|---|---|
| (૯) | ૧૦-૭-૧૯૬૬<br>શ્રી મોતીશા જૈન દેરાસર<br>ભાયખલા | 'આજની પરિસ્થિતિ'<br>શ્રી આત્મવલ્લભ સંદેશવાહક<br>સમિતિ |
| (૧૦) | ૧૭-૭-૧૯૬૬<br>શ્રી મોતીશા જૈન દેરાસર<br>ભાયખલા | 'માતૃભક્તિ'<br>શ્રી આત્મલ્લભ સંદેશવાહક<br>સમિતિ |
| (૧૧) | ૭-૮-૧૯૬૬<br>શ્રી મેઘજી થોભણ જૈન<br>ધર્મ સ્થાનક કાંદાવાડી | 'ધર્મ અને સમાજ'<br>શ્રી વર્ધ. સ્થા. જૈન સંઘ<br>કાંદાવાડી<br>શ્રી આત્મવલ્લભ સંદેશવાહક<br>સમિતિ<br>શ્રી ભાયખલા જૈન સંઘ |

[પૂજ્ય મૃગાવતીશ્રીજી અને પૂજ્ય પ્રમોદસુધાજી મહાસતીજીનું એક જ મંચ પરથી આ જાહેર પ્રવચન થયું હતું.]

| | | |
|---|---|---|
| (૧૨) | ૧૪-૮-૧૯૬૬ | 'સમાજોત્કર્ષ' |
| (૧૩) | ૧૫-૮-૧૯૬૬<br>શ્રી મોતીશા જૈન દેરાસર<br>ભાયખલા | 'રાષ્ટ્રીય ભાવના'<br>શ્રી આત્મવલ્લભ સંદેશવાહક<br>સમિતિ<br>શ્રી ભાયખલા જૈન સંઘ<br>શ્રી આત્માનંદ જૈન સભા |
| (૧૪) | ૨૧-૮-૧૯૬૬<br>શ્રી મોતીશા જૈન દેરાસર<br>ભાયખલા | 'જીવનમાં સાદાઇનું મહત્ત્વ'<br>શ્રી આત્મવલ્ભ સંદેશવાહક<br>સમિતિ<br>શ્રી ભાયખલા જૈન સંઘ |
| (૧૫) | ૩૦-૧૦-૧૯૬૬<br>વિઠ્ઠલવાડીના જાહેર<br>રસ્તા પર<br>કાલબાદેવી રોડ | 'આજનો યુગધર્મ'<br>શ્રી વિઠ્ઠલવાડીના ભાઇ બહેનો |
| (૧૬) | ૨૦-૧૧-૧૯૬૬ | 'નિભર્યતા શેમાં?' |
| (૧૭) | ૧૧-૧૨-૧૯૬૬<br>ભાયખલાનો રંગ મંડપ | 'અનેકાન્તવાદ'<br>શ્રી ભાયખલા જૈન સંઘ<br>શ્રી આત્મવલ્ભ સંદેશવાહક<br>સમિતિ |

| | | |
|---|---|---|
| (૧૮) | ૨૫-૧૨-૧૯૬૬ | 'સત્યની ઉપાસના' |
| | ભાંગવાડી- કાલબાદેવી | ભાંગવાડીના રહેવાસીઓ |
| (૧૯) | ૧-૧-૧૯૬૭ | 'શાસનની પ્રભાવના' |
| | 'ગિરિકુંજ' | શ્રી આત્મવલ્લભ સંદેશવાહક |
| | મરીન ડ્રાઇવ | સમિતિ |

[આ પ્રવચન પૂ. રાકેશ મુનિ, પૂ. મૃગાવતીશ્રીજી અને પૂ. પ્રમોદસુધાજીનું સંયુક્ત રીતે યોજાયું હતું.]

| | | |
|---|---|---|
| (૨૦) | ૨૨-૧-૧૯૬૭ | 'ગુનેગાર ગુણવાન બની શકે?' |
| (૨૧) | ૨૩-૧-૧૯૬૭ | 'જીવનમાં ધર્મની આવશ્યકતા' |
| | લાલવાડી જૈન દેરાસર | |
| | ઉપાશ્રય-લાલવાડી | શ્રી લાલવાડી જૈન સંઘ |
| (૨૨) | ૨૬-૧-૧૯૬૭ | 'સાચી સ્વતંત્રતા ક્યારે?' |
| | રામજી અંદરજીની વાડી | શ્રી જૈન યુવક મંડળ |
| | માટુંગા | માટુંગા |
| (૨૩) | ૨-૨-૧૯૬૭ | 'જીવનની સાર્થકતા' |
| | શ્રી માહિમ જૈન | |
| | ઉપાશ્રય | શ્રી આદેશ્વરજી મહારાજ-માહિમ |
| | કેડલ રોડ, માહિમ | તળ |
| | | શ્રી મારવાડી સંઘ અને ચેરિટિઝ |
| (૨૪) | ૫-૨-૧૯૬૭ | 'જીવનમાં ધર્મનું સ્થાન' |
| | અહિંસા હૉલ | શ્રી પંજાબ ભાતૃ સભા |
| | ખાર | |
| (૨૫) | ૫-૩-૧૯૬૭ | 'જૈન ધર્મની ઉન્નતિ' |
| | શ્રી મલાડ જૈન ઉપાશ્રય | શ્રી મલાડ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ |
| | આનંદ રોડ, મલાડ | |
| (૨૬) | ૨૦-૮-૧૯૬૭ | 'તપનો મહિમા' |
| | શ્રી નમિનાથજી જૈન | |
| | દેરાસર | શ્રી નમિનાથજી જૈન દેરાસર |
| | ઉપાશ્રય, પાયધુની | ટ્રસ્ટ |

# પૂજ્ય મહત્તરાજીનાં ચાતુર્માસ

| ક્રમ | સ્થળ | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૧ | વેરાવળ | ૧૯૯૫ | ૧૯૩૯ |
| ૨ | જૂનાગઢ | ૧૯૯૬ | ૧૯૪૦ |
| ૩ | પાલિતાણા | ૧૯૯૭ | ૧૯૪૧ |
| ૪ | પાલિતાણા | ૧૯૯૮ | ૧૯૪૨ |
| ૫ | વીરમગામ | ૧૯૯૯ | ૧૯૪૩ |
| ૬ | રાધનપુર | ૨૦૦૦ | ૧૯૪૪ |
| ૭ | પાથાવાડા | ૨૦૦૧ | ૧૯૪૫ |
| ૮ | સીપોર | ૨૦૦૨ | ૧૯૪૬ |
| ૯ | હિંમતનગર | ૨૦૦૩ | ૧૯૪૭ |
| ૧૦ | કપડવંજ | ૨૦૦૪ | ૧૯૪૮ |
| ૧૧ | ઘાણેરાવ | ૨૦૦૫ | ૧૯૪૯ |
| ૧૨ | નાગોર | ૨૦૦૬ | ૧૯૫૦ |
| ૧૩ | આગરા | ૨૦૦૭ | ૧૯૫૧ |
| ૧૪ | જરિયા | ૨૦૦૮ | ૧૯૫૨ |
| ૧૫ | કલકત્તા | ૨૦૦૯ | ૧૯૫૩ |
| ૧૬ | અંબાલા | ૨૦૧૦ | ૧૯૫૪ |
| ૧૭ | માલેરકોટલા | ૨૦૧૧ | ૧૯૫૫ |
| ૧૮ | અમૃતસર | ૨૦૧૨ | ૧૯૫૬ |
| ૧૯ | લુધિયાણા | ૨૦૧૩ | ૧૯૫૭ |
| ૨૦ | અંબાલા | ૨૦૧૪ | ૧૯૫૮ |
| ૨૧ | કિનારી બજાર-દિલ્હી | ૨૦૧૫ | ૧૯૫૯ |
| ૨૨ | સઢૌરા | ૨૦૧૬ | ૧૯૬૦ |
| ૨૩ | અમદાવાદ | ૨૦૧૭ | ૧૯૬૧ |
| ૨૪ | અમદાવાદ | ૨૦૧૮ | ૧૯૬૨ |
| ૨૫ | અમદાવાદ | ૨૦૧૯ | ૧૯૬૩ |
| ૨૬ | પોરબંદર | ૨૦૨૦ | ૧૯૬૪ |
| ૨૭ | સરધાર | ૨૦૨૧ | ૧૯૬૫ |
| ૨૮ | ભાયખલા-મુંબઈ | ૨૦૨૨ | ૧૯૬૬ |
| ૨૯ | પાયધુની-મુંબઈ | ૨૦૨૩ | ૧૯૬૭ |
| ૩૦ | દહાણુ | ૨૦૨૪ | ૧૯૬૮ |
| ૩૧ | મૈસૂર | ૨૦૨૫ | ૧૯૬૯ |

| | | | |
|---|---|---|---|
| ૩૨ | બેંગલોર | ૨૦૨૬ | ૧૯૭૦ |
| ૩૩ | ખાર-મુંબઇ | ૨૦૨૭ | ૧૯૭૧ |
| ૩૪ | અમદાવાદ | ૨૦૨૮ | ૧૯૭૨ |
| ૩૫ | દિલ્હી | ૨૦૨૯ | ૧૯૭૩ |
| ૩૬ | દિલ્હી | ૨૦૩૦ | ૧૯૭૪ |
| ૩૭ | સરધના | ૨૦૩૧ | ૧૯૭૫ |
| ૩૮ | દિલ્હી | ૨૦૩૨ | ૧૯૭૬ |
| ૩૯ | લુધિયાણા | ૨૦૩૩ | ૧૯૭૭ |
| ૪૦ | કાંગડા | ૨૦૩૪ | ૧૯૭૮ |
| ૪૧ | દિલ્હી | ૨૦૩૫ | ૧૯૭૯ |
| ૪૨ | દિલ્હી | ૨૦૩૬ | ૧૯૮૦ |
| ૪૩ | અંબાલા | ૨૦૩૭ | ૧૯૮૧ |
| ૪૪ | ચંડીગઢ | ૨૦૩૮ | ૧૯૮૨ |
| ૪૫ | દિલ્હી | ૨૦૩૯ | ૧૯૮૩ |
| ૪૬ | સ્મારક-દિલ્હી | ૨૦૪૦ | ૧૯૮૪ |
| ૪૭ | સ્મારક-દિલ્હી | ૨૦૪૧ | ૧૯૮૫ |

[આષાઢ સુદ બારસ, ૧૮ જુલાઈ ૧૯૮૬ના રોજ વલ્લભસ્મારકમાં દેવલોકગમન થયું.]

# વિદુષી સાધ્વી શ્રી શીલવતીજીનો સ્વર્ગવાસ અને આપણું કર્તવ્ય

### ☐ સ્વ. અગરચંદજી નહાટા

સંસારમાં પ્રતિપળે અસંખ્ય પ્રાણીઓ જન્મ લે છે અને મૃત્યુ પામે છે. જન્મની સાથે મરણને અવિછિન્ન સંબંધ છે. જેણે જન્મ ધારણ કર્યો છે તે એક દિવસ તો જરૂર અવસાન પામશે જ. પરંતુ મરવું એનું સાર્થક છે જેને ફરીથી જન્મવું ન પડે, અથવા તો ઓછામાં ઓછું અનંત સંસારની લાંબી સફરને ટૂંકી કરી શકે. જેણે સમ્યક્ દર્શન પ્રાપ્ત કર્યું છે તે સીમિત ભવમાં મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. આગળ વધીને કહેવું હોય તો સમ્યક્ ચારિત્રના પાલન કરનારની ભવભ્રમણની પરંપરા ઘટી જાય છે.

જૈન સાધુ-સાધ્વીઓનું જીવન સંયમ અને તપથી પવિત્ર બની જાય છે. પંચ મહાવ્રતોથી બાહ્ય કર્મો આત્મામાં પ્રવેશ નથી કરી શકતાં. પૂર્વનાં કર્મોની તપ વડે નિર્જરા થાય છે. આ રીતે પાપરૂપ આશ્રવ સંયમ વડે અટકી જાય છે. નવા કર્મો સાથે સંબંધ ગાઢ થતો નથી. આવા આત્માઓ મોક્ષની નિકટ પહોંચવા સમર્થ બને છે.

જૈન તીર્થંકરોએ પ્રાણી માત્રને ધર્મના અધિકારી માન્યા છે. માનવોમાં પુરુષ સ્ત્રીના ભેદ માન્યા નથી, કારણકે, મોક્ષ આત્માનો થાય છે, શરીરનો નહિ. આત્મામાં પરમ વિકાસની શક્તિ સ્ત્રી કે પુરુષ બન્નેમાં સમાન રૂપે જોવા મળે છે.

શ્વેતામ્બર સંપ્રદાયે સ્ત્રીઓને પણ મોક્ષની અધિકારી માની. પરંતુ મધ્યકાળમાં પુરુષ પ્રધાન ધર્મની માન્યતા એટલી રૂઢ થઇ ગઇ કે, સાધ્વીઓને ઘણાં અધિકારોથી વંચિત રહેવું પડયું. મુનિ અને આચાર્યોનું વર્ચસ્વ એટલું વધી ગયું કે સાધ્વીઓની શક્તિનો સમુચિત વિકાસ ન થઇ શક્યો.

સાધ્વી શીલવતીજી જૂની પરંપરાના સાધ્વી હતાં. પરંતુ એમનાં શિષ્યા મૃગાવતીજી આધુનિક વાતાવરણથી ઘણાં પ્રભાવિત છે. મેં બન્ને-ગુરુણી અને શિષ્યાનાં ઘણી વાર દર્શન કર્યાં છે. શીલવતીજીમાં અનેક વિશેષતાઓ જોવા મળી છે. તેઓ ગંભીર હતાં પોતાની શિષ્યાઓને વધુમાં વધુ યોગ્ય બનાવવા સદા પ્રયત્નશીલ રહેતાં. એનું પરિણામ એ આવ્યું કે, મૃગાવતીજી એમની છત્રછાયામાં ઘણો વિકાસ કરી શક્યાં. શીલવતીજી થાડો વધુ સમય હયાત રહ્યા હોત તો એમની શિષ્યાઓને આથી પણ વધુ લાભ અવશ્ય થાત.

થોડા મહિના પહેલાં હું મુંબઇ ગયો હતો ત્યારે ખબર પડી કે, શીલવતીશ્રીજી બીમાર છે અને હૉસ્પિટલમાં છે ત્યારે તો હું એમનાં દર્શન ન કરી શક્યો. પરંતુ ત્યાર બાદ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સુવર્ણ જયંતી મહોત્સવ વખતે વિદ્યાલયના ભવનમાં એમને થોડા સ્વસ્થ જોઇ ઘણી પ્રસન્નતા થઇ. ત્યારે એ અંદાજ નહોતો કે, તેઓ આટલાં જલદી સ્વર્ગવાસી થઇ જશે! એ દુ:ખદ સમાચાર જાણી ઘણો આઘાત લાગ્યો.

સાધ્વી સંમેલન ભરવાની મારી ઉત્કટ ઇચ્છા હતી અને વિદ્યાલયમાં મૃગાવતીશ્રીજીને એ અંગે વાત પણ કરી હતી. પાર્શ્વચન્દ્ર ગચ્છની અન્ય સાધ્વીજીઓ સાથે પણ મારે વાતચીત થઇ હતી. સાહિત્ય અને કલાપ્રેમી મુનિવર શ્રી યશોવિજયજી મહારાજને પણ સહયોગ આપવા મેં વિનંતી કરી હતી. આપણા આચાર્યો અને મુનિમહારાજો અત્યાર સુધી સાધ્વીઓની મહાન શક્તિને વિકસિત કરી સાચી દિશામાં ઉપયોગ કરવામાં વિશેષ સહયોગ નથી આપતા. હું બધાને વિનમ્ર પ્રાર્થના કરું છું કે, તેઓ યુગધર્મને ઓળખે અને ભાવિ મહાન લાભને નજર સામે રાખી સાધ્વીજીઓના ઉત્કર્ષમાં સાથ આપે.

-આચાર્ય તુલસીના નેતૃત્વમાં તેરાપંથી સાધ્વીજીઓ પ્રગતિ અને શાસનસેવા કરી રહી છે. એ જ રીતે મૂર્તિપૂજક સંપ્રદાયની સાધ્વીજીઓ પણ અધિકાધિક શાસનસેવા કરવા સમર્થ થાઓ.

સાધુઓ કરતાં સાધ્વીઓની સંખ્યા વધુ છે. તેઓ બધી રીતે યોગ્ય બને તો વધુમાં ધર્મપ્રચાર અને શાસનસેવા થઇ શકે.

મૂર્તિપૂજક સંપ્રદાયમાં ખરતર ગચ્છ, પાર્શ્વચન્દ્ર ગચ્છ અને અચલ ગચ્છની સાધ્વીઓ તો સ્વતંત્ર રીતે વ્યાખ્યાન આપે છે. તપાગચ્છમાં મહાન આચાર્ય વલ્લભસૂરિજીએ પોતાની આજ્ઞાવર્તી અને અન્ય ગચ્છની સાધ્વીઓને ઘણું પ્રોત્સાહન આપ્યું. તે પ્રમાણે અન્ય આચાર્ય અને મુનિગણ પણ સાધ્વીઓની મહાન શક્તિને વધુ ને વધુ લાભદાયી બનાવે. એમના શિક્ષણ માટે ઉત્તમ વ્યવસ્થા કરે. જેથી સાધ્વીઓ સારી લેખિકાઓ અને વક્તા તરીકે બહાર આવે.

સમાજને સ્ત્રી પણ બહુ આગળ લઇ જઇ શકે છે. બાળકોનો વિકાસ માતા ઉપર જ નિર્ભર હોય છે. આજે શ્રાવક અને શ્રાવિકાઓ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યાં છે ત્યારે સાધ્વીઓને પણ અધિક યોગ્ય બનાવવાની આવશ્યકતા છે. નવા યુગની નવી સમસ્યાઓનું સમાધાન કરવાની શક્તિ આપણાં સાધ્વીજીઓમાં હોવી જોઇએ. એમના સર્વાંગી વિકાસ માટે પૂર્ણ સુવિધાઓ અને પ્રોત્સાહન આપવું જોઇએ.

વર્તમાન યુગમાં સ્ત્રી શક્તિનો વિકાસ કરી એનો યોગ્ય ઉપયોગ મહાત્મા ગાંધીજીએ કર્યો તેનાં પરિણામ આપણી સામે છે. આજે રાષ્ટ્રનાં વિવિધ સેવાક્ષેત્રોમાં સ્ત્રીઓ પ્રવૃત્ત છે. આચાર્ય વિનોબા ભાવેએ પણ કહ્યું છે, સ્ત્રીઓ દેશસેવા અને શાંતિ કાર્યમાં વિશેષ સફળ થઇ શકે છે, કારણ કે સેવા એમને ગળથૂથીમાં મળે છે. ઘરમાં તો તેઓ સેવા કરતી જ રહે છે. જો એમનો દૃષ્ટિકોણ ઉદાર અને વિશાળ થઇ જાય તો દેશની સેવા અનેક રીતે ઘણી સારી થઇ શકે.

વર્તમાન યુગ નવી અને જૂની વિચારધારાઓનો સંધિ યુગ છે. આપણે આપણી પરંપરાને સુરક્ષિત રાખી વર્તમાન યુગની વિશેષતાઓને અપનાવતા જવાનું છે. એમ નહીં કરીએ તો આપણે પાછળ રહી જઇશું, જમાનાને સાથ નહીં દઇ શકીએ તો ભાવિ પેઢીના નિમાર્ણમા આપણે અસફળ અને અયોગ્ય ઠરીશું.

પૂજ્ય સાધ્વી શ્રી શીલવતીશ્રીજીનું જીવન આપણને ઘણી પ્રેરણા આપે છે. જે રીતે એમણે સ્થળે સ્થળે ફરીને પોતાની શિષ્યાઓના સહયોગથી વિશિષ્ટ ધર્મ પ્રચાર કર્યો અને પોતાની શિષ્યાઓને અધિકાધિક યોગ્ય બનવામાં સહયોગ આપ્યો. એ રીતે આપણે સૌ સાધ્વી સમાજના ઉત્થાનમાં પૂર્ણ સહયોગ આપીએ.

('સેવા સમાજ' સાપ્તાહિકના 'પૂ. શીલવતીજી પુણ્ય સ્મૃતિ અંક'માંથી સાભાર)

# સ્વ. પૂજ્ય સાધ્વીજી શ્રી શીલવતીશ્રીજી

## ☐ સ્વ. રતિલાલ દીપચંદ દેસાઈ

ભગવાન મહાવીરે અહિંસાની સાધનાના બળે નારીશક્તિને પિછાની લીધી અને સમાજમાં નારીવર્ગની પ્રતિષ્ઠા કરવા પોતાના ધર્મસંઘમાં શ્રાવિકાઓ અને ભિક્ષુણીઓને આદરભર્યું સ્થાન આપ્યું. નારીપ્રતિષ્ઠા અને નારીઉત્થાન એ ભગવાન તીર્થંકરે પ્રવર્તાવેલ ધર્મસંસ્કૃતિ દ્વારા વિશ્વને મળેલી અણમોલ ભેટ છે.

ભિક્ષુઓના સંઘની જેમ ભિક્ષુણીઓનો સંઘ પણ, પોતાની આત્મસાધનાની સાથે સાથે, જનસમાજને ધર્મભાવનાના અમૃતનું પાન કરાવવા સતત પ્રયત્નશીલ રહેવા સાથે, દેશભરમાં વિચરતો રહ્યો છે. જૈનધર્મના સાધ્વી-સંઘમાં સમયે સમયે સાધ્વીરત્નો પેદા થતાં જ રહ્યાં છે, અને સંસ્કૃતિને અજવાળતાં જ રહ્યાં છે.

પણ ભગવાને સમાજમાં નારીવર્ગની આટલી પ્રતિષ્ઠા કરવા છતાં, નારીવર્ગથી પોતે ચડિયાતો હોવાના ગુમાનને પુરુષવર્ગ ન જીતી શક્યો; પરિણામે નારીવર્ગના અને સાધ્વીસમુદાયના વિકાસની સામે, ધર્મને નામે, સાધુસમુદાયે વળી પાછા નવા અવરોધો ખડા કરી દીધા, અને એ રીતે સાધ્વીસમુદાયનું તેજ અને હીર રૂંધાવા લાગ્યું. અને છતાં આજ સુધી આ સાધ્વીસમુદાય પોતાના અસ્તિત્વને ટકાવી રાખી શક્યો, તે ભગવાન મહાવીરે પ્રવર્તાવેલ સંસ્કૃતિના ખમીરના બળે જ.

આ સંસ્કૃતિના ખમીર ઉપરાંત યુગે યુગે, ભલે બહુ ઓછા પણ, એવા યુગદ્રષ્ટા જ્યોતિર્ધરો આપણે ત્યાં થતા જ રહ્યા છે કે જેઓ, અહિંસાની સાચી ભાવનાને પિછાનીને, નારીસમુદાયના ગૌરવની પુનઃપ્રતિષ્ઠા કરતા રહ્યા છે, અને સાધ્વીસમુદાયના ઉત્કર્ષ સામેના અવરોધોનું નિવારણ કરીને એને વિકાસની પ્રેરણા આપતા રહ્યા છે.

આ યુગમાં આવા જ એક સમર્થ યુગપુરુષ થઈ ગયા સ્વર્ગસ્થ પૂજ્ય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ. તેઓશ્રી સમાજકલ્યાણના ચાહક અને પ્રગતિવાંછુ પ્રભાવક પુરુષ હતા; અને તેઓએ, પોતાની આજ્ઞામાં રહેતા સાધ્વીસમુદાયના વિકાસને માટે પૂરી અનુકૂળતા કરી આપવાની દીર્ઘદૃષ્ટિ અને ઉદારતા દર્શાવી હતી.

પૂજ્ય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજની આવી ઉદારતા અને દીર્ઘદૃષ્ટિનો લાભ લઈને પોતાનો તથા પોતાના નાનાસરખા સાધ્વીસમુદાયનો વિકાસ સાધવા સદા પ્રયત્નશીલ રહેનાર પૂજ્ય સાધ્વીજી મહારાજ શ્રી શીલવતીશ્રીજી એક વ્યવહારદક્ષ, સદાજાગ્રત અને શાસનભક્તિપરાયણ ધર્મગુરુણી થઈ ગયાં.

સંતો, સતીઓ, શૂરાઓ અને સાહસિકોની ભૂમિ સૌરાષ્ટ્ર પૂજ્ય શીલવતીશ્રીજીનું વતન. રાણપરડા ગામમાં તેઓનો જન્મ. એમનું નામ શિવકુંવરબહેન. ત્રણેક પચીશી પહેલાંના એ સમયમાં કન્યાકેળવણીના તો હજી શ્રીગણેશ જ મંડાયા હતા; પણ ત્યારે વ્યવહારકુશળતા, ખડતલપણું અને કાર્યસૂઝના સંસ્કાર તો બાળકોને માતાના ધાવણ સાથે પારણે ઝૂલતાં ઝૂલતાં જ મળતા હતા. ધર્મભાવનાનું ભાતું પણ ઘરમાં રમતાં રમતાં જ મળી રહેતું હતું. એટલે વિદ્યાનું ભણતર નહિ જેવું મળવા છતાં સંસ્કારઘડતર તો સહેજે થઈ જતું હતું.

ઉંમર થઈ અને શિવકુંવરબહેનનો ઘરસંસાર શરૂ થયો. એમના પતિ સરધારનિવાસી ડુંગરશીભાઈ સંઘવી કાપડના વેપારી હતા; અને મુંબઈમાં મૂળજી જેઠા મારકિટમાં એમની પેઢી હતી. શિવકુંવરબહેનનો સંસાર સુખિયો હતો અને સંસારીઓના સુખના સારરૂપ ચાર સંતાનો ઘરઆંગણાને કિલ્લોલમય બનાવતાં હતા. બે પુત્રોએ કુટુંબના વારસની માતા-પિતાની આશા પૂરી હતી; અને બે પુત્રીઓએ માતાના હેતને વરસવાનું ઠેકાણું પૂરું પાડયું હતું. ઘરમાં સંપત્તિ હતી, લાડકોડમાં ઊછરતાં સંતાનો હતાં અને ડુંગરશીભાઈ અને શિવકુંવરબહેનના જીવ મળેલા હતા. સંસારી

માનવીઓ જે સુખની વાંછા કરે એ સુખ આ દંપતીને સાંપડયું હતું.

શિવકુંવરબહેને સંસારનો સાર જાણી લીધો અને માણી પણ લીધો અને જાણે એ સુખમય સમયની કાળઅવધિ પૂરી થઈ, અને જીવનનો સાર શોધવાની પ્રેરણા આપવા માટે, સંસારની આકરામાં આકરી અસારતાનો કડવો અનુભવ કરવાનો કપરો સમય પણ આવી પહોંચ્યો!

વિ. સં. ૧૯૮૪માં શ્રી ડુંગરશીભાઈનો સ્વર્ગવાસ થયો. આખા ઘરમાં અને શિવકુંવરબહેનના અંતરમાં સૂનકાર વ્યાપી ગયો. ચાર સંતાનની માતા ઉપર આભ અને નીચે ધરતી જેવી અસહાયતા અનુભવી રહી. પણ હતાશ થયે ચાલે એમ ન હતું; દુઃખને અંતરમાં સમાવીને અને ચિત્તને સ્વસ્થ રાખીને ધીરજપૂર્વક સંસારની મજલ કાપવાની હતી. છેવટે, બીજું કંઈ નહિ તો, કાળજાની કોર જેવાં ચાર બાળકોને ઉછેરવા માટે પણ જીવનને ટકાવી રાખ્યા વગર છૂટકો ન હતો; પોતાની કમનશીબીના તાપની ઝાળ સંતાનોને ન લાગે એની ખેવના રાખવાની હતી.

જીવતર ખારું ખારું થઈ જાય એવા કારમા સંકટ વખતે શિવકુંવરબહેને શાણપણ અને સમતાથી કામ લીધું. મુંબઈનો મોહ છોડીને તેઓ સરધાર આવીને રહ્યાં; અને પોતાનાં લાડકવાયાં દીકરા-દીકરીઓને ઉછેરવામાં જીવ પરોવીને પોતાના દુઃખને વિસારે પાડવા લાગ્યાં.

દુનિયાંએ તો કહ્યું છે કે "દુઃખનું ઓસડ દા'ડા"—જેમ જેમ દિવસો વીતતા જાય તેમ તેમ દુઃખનો ભાર ઓછો થતો જાય. પણ શિવકુંવરબહેનને માટે તો જાણે દિવસો પોતે જ દુઃખનો ભાર લઈને આવતા હતા,' ત્યાં પછી અંતરનું દુઃખ ઓછું થવાની તો આશા જ શી રાખવી?

વૈધવ્યના આઘાતની કળ વળી ન વળી અને એક પુત્ર અને એક પુત્રી સદાને માટે વિદાય થઈ ગયાં! આટલાથી પણ જાણે ભવિતવ્યતાનો રોષ શાંત ન થયો હોય એમ, કુટુંબના એકમાત્ર આધાર સમો સોળ વર્ષનો જુવાન પુત્ર ટાયફૉઈડની બીમારીમાં ગુજરી ગયો! દુખિયારી માતાના દુઃખની અવધિ આવી ગઈ! દુખિયારી માતા મમતા અને વાત્સલનાં આંસુ વહાવી રહી! ઘર વેરાન બની ગયું, જીવન ઉદાસ અને અકારું બની ગયું. એક વખતના સુખી અને ભર્યા કુટુંબમાં બાકી રહ્યા દુઃખના જીવતા અવશેષ સમાં એક વિધવા માતા અને એની ભલીભોળી નાની દીકરી! કાળ પણ જ્યારે કોપે છે, ત્યારે પાછું વાળીને જોતો નથી!

શિવકુંવરબહેનને સંસારની અસારતાનું, સુખની અસ્થિરતાનું અને જિંદગીની ચંચળતાનું ખરેખરું ભાન થયું! મમતાના આધારરૂપ સંતાનોને સગી આંખે મરતાં જોવા એના કરતાં આ જિંદગી જ સંકેલાઈ જાય તો શું ખોટું? માતા વિમાસી રહી. પણ બીજી જ પળે જાણે અંતરમાંથી અવાજ આવ્યો: હું તો મરીને આ દુઃખશોકભર્યા જીવનથી છુટકારો મેળવી લઉં; પણ મારી જિંદગીના છેલ્લા અવશેષ સમી આ પુત્રીનું શું? અને એ પુત્રી તરફનું મમતાનું બંધન જ માતાની જિંદગીનો આધાર બની ગયું. એ બડભાગી પુત્રીનું નામ કુમારી ભાનુમતી, એ જ અત્યારનાં વિદુષી, સુવક્તા, વાત્સલ્ય, સૌજન્ય અને વિનમ્રતાની મૂર્તિ સમાં સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજી.

શિવકુંવરબહેનના દુઃખનો અને એમની અસહાયતાનો કોઈ આરો ન હતો. પણ સોનું અગ્નિમાં તપીને વધારે તેજસ્વી બને છે, એમ દુઃખના તાપમાં માનવીનું હીર વધારે પ્રકાશી ઊઠે છે. અણીને વખતે શિવકુંવરબહેને પોતાના મનને દૃઢ બનાવી દીધું; એમનાં રોમરોમમાં સૌરાષ્ટ્રની ધરતીનું ખમીર અને અંતરમાં ધર્મભાવનાનું તેજ ભર્યું હતું. વિમાસણ કે હતાશામાં વધુ અટવાયા વગર એમણે ઉત્કૃષ્ટ મંગલત્રય ધર્મનું શરણ સ્વીકારીને જીવનને ધર્મમંગલમય બનાવવાનો સંકલ્પ કરી લીધો. અને રખેને એ સંકલ્પ ઢીલો પડી જાય કે એ સંકલ્પના અમલમાં મોડું થઈ જાય

એટલા માટે, વિ. સં. ૧૯૯૫માં તીર્થાધિરાજ શત્રુંજયગિરિની પવિત્ર છાયામાં, શિવકુંવરબહેને પોતાની નાની પુત્રી ભાનુમતિ સાથે, દીક્ષા ગ્રહણ કરી. એમનું નામ સાધ્વી શીલવતીશ્રીજી; એમનાં પુત્રીનું નામ સાધ્વી મૃગાવતીશ્રીજી.

જીવનમાં જાગી ઊઠેલો સંકટોનો ઝંઝાવાત શમી ગયો અને માતા અને પુત્રી ભગવાન મહાવીરના સાધ્વીસંઘમાં ભળીને આત્મકલ્યાણ માટે સંયમમાર્ગના પુણ્યયાત્રિકો બની ગયાં!

સાધ્વીજી શ્રી શીલવતીશ્રીનો શાસ્ત્રીય અભ્યાસ તો ઓછો હતો, પણ એમનું પ્રકરણાદિ પ્રાથમિક ધર્મગ્રંથોનું, સુગમ ધાર્મિક પુસ્તકોનું, રાસાઓ, સ્તવનો, સજ્ઝાયો વગેરેનું અને બોધદાયક ઈતર પુસ્તકોનું વાચન બહોળું હતું; અને એમનું વાચન જેટલું વિશાળ હતું, એટલી જ એમની સ્મરણશક્તિ સતેજ હતી. એમની પાસે બેઠા હોઈએ તો કથા-વાર્તાઓ, દુહા-ચોપાઈ, રમૂજી ટુચકાઓનો જાણે ભંડાર ખૂલી ગયો હોય એમ જ લાગે, અને આનંદ-વિનોદ અને ધર્મકથામાં વખત ક્યાં પસાર થઈ જાય, એની ખબર જ ન પડે.

સાધ્વીજી મહારાજની હૈયાઉકલત, વ્યવહારદક્ષતા અને માણસને પારખવાની ચકોરદૃષ્ટિ પણ નવાઈ પમાડે એવી હતી. વખત આવ્યે નિર્ભય બનીને સામી વ્યક્તિને વિવેકપૂર્વક કડવું સત્ય કહી દેવાની ટેવ કેળવીને તો તેઓએ ગુરુ વલ્લભના આશીર્વાદ અને એમની આજ્ઞાને શોભાવી જાણ્યાં હતાં.

તેઓની (અને એમનાં શિષ્યા-પ્રશિષ્યાની પણ) ગુરુ વલ્લભ પ્રત્યેની ભક્તિનું માપ નીકળી શકે એમ નથી; એમનું રોમ રોમ પોતાના ઉપકારી ગુરુદેવ પ્રત્યેની ભક્તિથી ધબકતું હોય છે. તેઓની આવી ગુરુભક્તિ જોઈને સહેજે ખ્યાલ આવે છે કે એ ગુરુવર્યનું પોતાની આજ્ઞામાં રહેતાં સાધુ-સાધ્વીઓ ઉપર કેટલું અપાર વાત્સલ્ય હતું અને તેઓ એમની કેટલી બધી હિતચિંતા કરતા હોવા જોઈએ! આ બધાં ઉપરથી સહેજે એમ લાગે છે કે ગુરુ વલ્લભ તો ગુરુ વલ્લભ જ હતા! એમના જેવા સમસ્ત શ્રીસંઘના સુખ-દુઃખના સાથી અને સૌને પ્રગતિને માર્ગે આગળ વધવાની પ્રેરણા આપનારા અને શ્રીસંઘની પ્રગતિ નીરખીને રાજી થનારા ગુરુ વિરલ-અતિવિરલ જ હોય છે.

સાધ્વીજી શ્રી શીલવતીશ્રીજીએ, જાણે સાધુજીવનનો આહ્લાદ અનુભવતાં હોય એમ, મુક્ત મને, બેએક દાયકાઓ સુધી બંગાળ, ઓરિસા, બિહાર, ઉત્તરપ્રદેશ, પંજાબ, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં વિહાર કરીને પોતાના આત્મતત્ત્વને અજવાળવા સાથે ધર્મની પ્રભાવના કરી હતી, અને એક કુશળ, કલ્યાણવાંછુ અને ભાવનાશીલ સાધ્વીજી તરીકે સર્વત્ર સુવાસ પ્રસરાવી હતી.

તેઓ જ્યાં જતાં ત્યાં ભગવાન મહાવીરનો વિશ્વવાત્સલ્યનો સંદેશો લઈને જતાં, અને મારા-તારાપણાનો કે જૈન-જૈનેતરનો ભેદ વીસરીને સૌને ધર્મની વાણી સંભળાવતાં. ઉદારતા અને સર્વજન-વત્સલતાનો આ વારસો તેઓને ગુરુપ્રસાદી તરીકે જ મળ્યો હતો, એમ કહેવું જોઈએ. બાળકો અને સ્ત્રીઓનાં તો તેઓ સાચા હિતચિંતક હતાં. એમની આસપાસ બહેનો અને બાળકો ટોળે વળીને બેઠાં જ હોય, અને તેઓ સૌને કંઈક ને કંઈક હિત-શિખામણ આપતાં જ હોય—એ દૃશ્ય તો આજે પણ સૌની નજર સામે તરવરે છે.

તેઓનું સંઘના ઉત્થાનમાં મોટામાં મોટું ચિરંજીવ અર્પણ તે એમનાં પુત્રી-શિષ્યા પૂજ્ય સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજી જેવાં તેજસ્વી, નિખાલસ, સ્વતંત્ર ચિંતક, પ્રભાવક અને વિદુષી સાધ્વીરત્નની ભેટ. પોતાની સાધ્વી-પુત્રીના અભ્યુદય માટે તેઓ જીવનભર તપ કરતાં રહ્યાં. અને જ્ઞાન-ચારિત્રની નિર્મળ આરાધના અને વ્યાપક અને મર્મસ્પર્શી જ્ઞાનોપાસના દ્વારા શ્રી મૃગાવતીશ્રીજીનો શતદળકમળની જેમ વિકાસ થાય, એ માટે તેઓ જીવંત રા: બનીને એમની સદા સંભાળ રાખતાં રહ્યાં, એમ વિના અતિશયોક્તિએ કહી શકાય.

શિષ્યો પોતાના ગુરુને સર્વસ્વ માનીને એમનામાં જ પોતાની જાત અને પોતાના સર્વસ્વને સમાવી દે એવા ગુરુભક્તિના વિરલ દાખલા તો શાસ્ત્રોમાંય નોંધાયા છે, અને નજર સામે પણ જોવા મળે છે; પણ પોતાના શિષ્યના અભ્યુદય માટે ગુરુ પોતાની જાતને અર્પણ કરી દે, પોતાનું સર્વસ્વ એમાં જ સમાવી દે અને પોતે જાણે શિષ્યમય જ બની ગયા હોય એ રીતે જ પોતાની સાધનાની અને જીવનની બધી પ્રક્રિયા ગોઠવે, એવું તો ક્યારેક જ બને છે. આ દૃષ્ટિએ વિચારતાં કહેવું જોઈએ કે સાધ્વીજી શ્રી શીલવતીશ્રીજી, સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજીમય જ બની ગયાં હતાં અને પોતાની શિષ્યા-પુત્રીના વ્યક્તિત્વમાં જ પોતાનું સમગ્ર વ્યક્તિત્વ એમણે સમાવી દીધું હતું. ગુરુપદે બિરાજતાં સાધ્વી માતાએ પોતાની પુત્રી-શિષ્યાના જીવનઘડતરમાં આ રીતે જે ફાળો આપ્યો છે, તેનું મૂલ્ય આંકી શકાય એમ નથી. આ બધો ગુરુવર્ય આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીની ઉદારતા, દીર્ઘદૃષ્ટિ અને પ્રગતિપ્રિયતાનો જ પ્રતાપ. આ માટે આપણે એ ગુરુવર્યનો અને સાધ્વી-માતા તેમ જ પુત્રી-શિષ્યાનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે.

સાધ્વી માતા-પુત્રી વચ્ચેના આવા ધર્મવાત્સલ્યની સુભગ અસર એ સમુદાયનાં બે સાધ્વીજીઓ સુજ્યેષ્ઠાશ્રીજી તથા સુવ્રતાજીશ્રીજી ઉપર પણ જોવા મળે છે. એમના વિનય, વિવેક, મિતભાષિતા, અધ્યયન પ્રત્યેની રુચિ, સેવાપરાયણતા, નિખાલસતા વગેરે ગુણો જોઈ અંતર ઠરે છે, ચિત્ત આહ્લાદ અનુભવે છે.

સાધ્વીજી શ્રી શીલવતીશ્રીજી જેમ એક હેતાળ માતા જેવા મમતાળુ હતાં, એવાં જ વખત આવ્યે તેઓ સંતાનના ભલાની ખાતર કડવું ઓસડ પાનાર કઠોર માતાનું રૂપ પણ ધારણ કરી શકતાં હતાં. તેઓ મમતા વરસાવતાં હોય કે કઠોરતા દર્શાવતાં હોય, એ બન્નેની પાછળ એમની એકમાત્ર મનોવૃત્તિ લાકોનું હિત કરવાની જ રહેતી.

પંજાબનો પ્રદેશ તો એમને હૈયે જ વસેલો હતો; અને પંજાબીઓ પણ આ સાધ્વીરત્નો પ્રત્યે અપાર ભક્તિ ધરાવે છે. પંજાબમાં તેઓએ ખૂબ લોકચાહના મેળવી હતી.

અને, જેવી લોકપ્રીતિ તેઓએ પંજાબમાં મેળવી હતી, એવી જ મુંબઈનાં છેલ્લાં બે ચાતુર્માસ દરમ્યાન મુંબઈમાં મેળવી હતી. મુંબઈમાં તો એમની એક જ ઝંખના હતી કે ગરીબ અને મધ્યમ વર્ગના ઉત્કર્ષની અમારા ગુરુદેવની ભાવના કેવી રીતે સફળ થાય? અને આ માટે એમણે યથાશક્તિ પ્રયત્ન પણ કર્યો હતો.

છેલ્લે છેલ્લે, પોતાના ગુરુદેવે સ્થાપેલ શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો સુવર્ણ મહોત્સવ ખૂબ શાનદાર રીતે ઊજવાય એ જોવાની એમની ઝંખના પૂરી થઈ, અને એમનો આત્મા પૂર્ણ સંતોષ અનુભવી રહ્યો. અને વિદ્યાલયની શાખાઓમાં એની ઉજવણી ચાલુ હતી તે દરમ્યાન જ તેઓ વિ. સં. ૨૦૨૪ના મહા વદિ ૪, તા. ૧૭-૨-૬૮ને શનિવારના રોજ સાંજના સવા છ વાગતાં, મુંબઈમાં શ્રી મહાવીરસ્વામીના દેરાસરના ઉપાશ્રયમાં, ૭૪ વર્ષની વયે, ૩૦ વર્ષનો દીક્ષાપર્યાય પાળી, સમાધિપૂર્વક સ્વર્ગવાસી થયાં.

(શ્રી જયભિખ્ખુના 'જલ અને કમલ' પુસ્તકની પ્રસ્તાવના)

# ગુરુ ચરણોમાં સમર્પિત સાધ્વી શ્રી સુજ્યેષ્ઠાશ્રીજી

## ☐ પૂજ્ય સાધ્વી શ્રી સુવ્રતાશ્રીજી મ. સા.

જ્યારે બીજ પોતાના અસ્તિત્વને માટીમાં વિલીન કરી દેવા તૈયાર થાય છે, ત્યારે જ લહેરાતાં ખેતરો, સુંદર ઉપવન અને વસંતનો પ્રકૃતિ વૈભવ જોવા મળે છે. નદી સમુદ્રમાં પોતાની જાતને લીન કરી દેવા તૈયાર થાય છે ત્યારે તે પોતે સમુદ્ર બની જાય છે. બિન્દુ સિન્ધુમાં મળી પોતે સિન્ધુ બની જાય છે.

અગરબત્તીની જેમ અંતિમ ક્ષણ સુધી સેવા, સાધના અને સમર્પણની સુવાસ જેમણે ચોપાસ ફેલાવી એવાં સર્વભાવથી ગુરુચરણોમાં સમર્પિત આદર્શ શિષ્યારત્ન સાધ્વી શ્રી સુજયેષ્ઠાશ્રીજી મહારાજ આજે આપણી વચ્ચે નથી, પરંતુ એમનો અમર આત્મા સદાય આપણી સાથે જ છે. એમના ગુણોની સુગંધ સદાય માનવીને સાધના, સેવા અને સમર્પણનો માર્ગ ચીંધતી રહેશે. ગુરુચરણોમાં સમર્પિત અનન્યભાવથી સેવાભક્તિની મશાલ આધુનિક યુગમાં શિષ્યો માટે એક જ્વલંત ઉદાહરણ બની રહેશે.

સેવાભાવી, સરળ સ્વભાવી, સૌનું હિત જોનાર સાધ્વી શ્રી સુજયેષ્ઠાશ્રીજી મહારાજનો જન્મ ખેરાલુ-તારંગાની પાસે આવેલ સીપોર ગામમાં થયો હતો. માતાનું નામ હીરાબહેન અને પિતાનું નામ મણિલાલ પટવા હતું. એમના પિતાજી બાર વ્રતધારી ધર્મનિષ્ઠ સુશ્રાવક હતા. ગામમાં તેઓ ભગતને નામે જાણીતા હતા. સુજયેષ્ઠાશ્રીજીનું ગૃહસ્થ નામ શાંતાબહેન હતું અને તેઓ પિતાજીનાં લાડકાં હતાં. ૧૬ વર્ષની ઉંમરે એમણે ઉપધાન તપ કર્યું હતું. એમની ૧૯ વર્ષની ઉંમરે એમના ગામ સીપોરમાં ઇ. સ. ૧૯૪૬માં સાધ્વી શ્રી શીલવતીજી અને સાધ્વી શ્રી મૃગાવતીજી મહારાજનું ચાતુર્માસ થયું. એમને જોતાં જ શાંતાબહેનને ધર્મની લગની લાગી અને ચાતુર્માસની પૂર્ણાહુતિ પછી તરત જ એમણે ભાગવતી દીક્ષા અંગીકાર કરી. ઇ. સ. ૧૯૪૭ના એપ્રિલ મહિનામાં પૂજ્ય પંજાબી આચાર્ય વિજય ઉમંગસૂરિજી મહારાજના હસ્તે એમની વડી દીક્ષા થઇ. એમણે પ્રથમ ચાતુર્માસ આચાર્ય મહારાજની નિશ્રામાં કર્યું. ચાતુર્માસમાં સુજયેષ્ઠાશ્રીજી મહારાજે અઠ્ઠાઇ તપની આરાધના કરી. બીજું ચાતુર્માસ પૂજ્ય પ્રવર્તિની સાધ્વી શ્રી દેવશ્રીજી મહારાજનાં પ્રથમ શિષ્યા પૂજ્ય શ્રી દાનશ્રીજી મહારાજની સાથે કપડવંજમાં કર્યું.

પ્રભુ પંથમાં આગળ વધવા એમણે પૂજ્ય ગુરુચરણોમાં રહી જ્ઞાનાભ્યાસ કર્યો. જીવવિચાર, નવતત્ત્વ, દંડક, લઘુ સંગ્રહણી, ત્રણ ભાષ્ય, કર્મ ગ્રંથ, બૃહત સંગ્રહણી, દશવૈકાલિક સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર, સંસ્કૃત-હિન્દી લઘુ કૌમુદી વગેરે ધર્મ ગ્રંથોનો એમણે અભ્યાસ કર્યો. અંતિમ દિવસોમાં શ્રી રતિલાલ દીપચંદ દેસાઇ લિખિત 'મંગળમૂર્તિ' પુસ્તકનો સ્વાધ્યાય કરતાં હતાં, એનું વાંચન અધૂરું રહી ગયું.

દીક્ષા લીધા પછી એમણે અઠ્ઠાઇ, નવ ઉપવાસ, વીસ સ્થાનકની ઓળી, નવપદજીની ઓળી, જ્ઞાન પંચમી પોષ દશમી, છઠ્ઠ, આઠમ વગેરે અનેક તપશ્ચર્યાઓ કરી. વસ્તુત એમનું જીવન જ તપ રૂપ હતું. વિનય, વેયાવચ્ચ, સ્વાધ્યાય વગેરે આભ્યંતર તપ એમના જીવનમાં તાણાવાણાની જેમ વણાઇ ગયાં હતાં.

વયોવૃધ્ધ, તપોમૂર્તિ, માતા ગુરુણી શ્રી શીલવતીજી મહારાજની તથા ગુરુણી પૂજ્ય મૃગાવતીશ્રીજીની એમણે કુલ ચાળીસ વર્ષ બે માસ સુધી અવિરતપણે સેવા કરી.

સૌરાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, પંજાબ, હિમાચલ પ્રદેશ, જમ્મુ, બંગાળ, બિહાર, મહારાષ્ટ્ર, કર્ણાટક વગેરે બધા પ્રદેશોની એમણે યાત્રા કરી. ઉગ્ર વિહાર કર્યા, વિહાર દરમ્યાન ઘણાં કષ્ટ સહન કર્યાં. જ્યાં જ્યાં પગલાં પડયા ત્યાં ત્યાં લોકોના મન પર પોતાના ગુણની અમીટ છાપ પાડી.

મુંબઈ, મૈસૂર, બેંગલોર, પંજાબ, ઉત્તર પ્રદેશ કે દિલ્હીની ગુરુ વલ્લભની સંસ્થાઓનું કાર્ય હોય કે સ્મારકનું કાર્ય હોય, સાધર્મિક બંધુઓના ઉત્કર્ષનું કાર્ય હોય કે શિક્ષણ સંસ્થાઓનું કાર્ય હોય, દીન દુઃખીઓને સહાયતાનું કાર્ય હોય કે બિમાર દર્દીઓ માટે હૉસ્પિટલની ઋહ તનું કાર્ય હોય એ બધામાં પોતાના ગુરુ મહારાજની સાથે એમનો સહયોગ સદાય રહેતો. અનેક ગુરુભક્તોને એમણે પ્રેરણા આપી. ગુરુ મહારાજે સાધક બની જે સાધના કરી અને સફળતાઓ મેળવી તેમાં તેઓ તેમનાં ઉત્તરસાધક બની રહ્યાં.

કાંગડા તીર્થ પર પણ એમણે ઘણાં જાપ કર્યા હતા. વલ્લભ સ્મારકમાં પણ એમણે નવકાર મંત્ર અને શંખેશ્વર દાદાના જાપની સંખ્યા લાખથીય વધુ પહોંચાડી દીધી હતી. બહુ ઓછું બોલવું અને આખો દિવસ પાઠ, પ્રાર્થના, માળા અને જાપમાં નિમગ્ન રહેવું તથા ગુરુ સેવા અને સદ્વાંચન એ એમના દિનચર્યાનાં મુખ્ય અંગ હતાં. સાધના, સેવા અને સમર્પણ એમનો જીવનમંત્ર હતો, જે અંતિમ ક્ષણ સુધી અખંડ ચાલતો રહ્યો.

પૂજય સુજયેષ્ઠાશ્રીજી મહારાજે પોતાના ગુરુ મહારાજ પૂ. શ્રી મૃગાવતીશ્રીજીમાં જ બધું મેળવી લીધું હતું. ગુરુ મહારાજને પાણી પાઈને પછી પીવું, ગોચરી કરાવી પછી પોતે ગોચરી વાપરવી, એમની દવા અને સર્વ બાબતોનું લક્ષ રાખવું એ એમનો સ્વભાવ હતો.

તેઓ સદાય સ્વસ્થ અને પ્રસન્ન રહેતાં. અંતિમ સમયે પણ એ જ ભાવ રહ્યો હતો. આખો દિવસ બધા કાર્ય સ્વસ્થતાથી કર્યાં. સાંજે પ્રતિક્રમણ, કલ્યાણમંદિર, માળા, જાપ, સંથારા પોરસી જેવી સાધુની બધી ક્રિ યાઓ સ્વસ્થપણે કરી.

અચાનક શ્વાસ ચડયો અને ત્રણ વખત બોલ્યા, 'મારા મહારાજની સંભાળ રાખજો! મારા મહારાજની સંભાળ રાખજો! મારા મહારાજની સંભાળ રાખજો!'

મોટા મહારાજ પૂજય શ્રી મૃગાવતીશ્રીએ એમને કહ્યું, 'મહારાજ, મહારાજ શું કરે છે! છોડ મહારાજને. બોલ, અરિહંત, શંખેશ્વર દાદા, શ્રી આત્મ વલ્લભ સદ્ગુરુભ્યોનમઃ' પોતાનાં ગુરુજીની સૂચનાનુસાર એમ બોલતાં રહ્યાં, પણ પછી થાક લાગતાં કહ્યું 'હવે નથી બોલાતું.'

એ જોઈ મોટા મહારાજે કહ્યું, 'તું હવે ન બોલ. હુ તને નવકારમંત્ર સંભળાવું છું.' મોટા મહારાજે ત્રણ નવકાર સંભળાવ્યા અને સુજયેષ્ઠાશ્રીજી મહારાજે કહ્યું, 'હવે મારામાં કંઈ રહ્યું નથી.'

બસ, એટલું કહેતા જ એમણે માથું ઢાળી દીધું અને એમનો આત્મા અનંતમાં લીન થઈ ગયો.

અંતિમ ક્ષણ સુધી એમને સારી શુધ્ધિ રહી. આઠ-દશ મિનિટમાં બધું બની ગયું. સૌ સ્તબ્ધ બની ગયાં. જેવું જીવન હતું તેવું જ તેમનું દેવતાઈ મૃત્યુ થયું.

તેમનું જીવન ધન્ય ધન્ય બની ગયું ગુરુ-ચરણોમાં એમને સ્થાન મળયું. એમની યાદમાં એમની ભાવનાનુરૂપ ગુરુવલ્લભસ્મારકને પૂર્તિ રૂપ ટ્રસ્ટ સ્થાપિત કરવામાં આવ્યું. એ એમની ભક્તિનું જ ફળ હતું.

માતૃતુલ્ય સ્નેહ આપનાર હે સુજયેષ્ઠાશ્રીજી મહારાજ! અમને સહાય કરજો. અમને ભક્તિ આપજો. જેથી ગુરુ મહારાજ અને જિન શાસનની સેવા કરી શકીએ.

આપની મધુર યાદોમાં ખોવાયેલી આપની નાની બહેન સુવ્રતાનાં કોટિ કોટિ વંદન.



# પ. પૂ. શ્રી મૃગાવતીજીનાં વચનામૃતો

☐ હાથમાંથી કોઇ લઇ જશે, ભાગ્યમાંથી કોઇ લઇ નથી શકતું.

☐ બે હાથ, સચ્ચાઇ અને ભગવાન જેની પાંસે છે તે કદી ભૂખ્યો નથી રહેતા.

☐ જીવનની અવસ્થાને જેવી બનાવવી હોય તેવી બનાવી શકાય છે. આપણે પોતે નક્કી કરી શકીએ છીએ કે આપણને કેવા બનવું છે.

☐ રથ તો બીજી વાર મળી જશે, પરંતુ સારથિ માર્ગથી ચલિત થઇ ગયો તો મુશ્કેલી થઇ જશે.

☐ તે વિદ્યાર્થી જ્ઞાન મેળવી શકે છે, જેની બાજુમાંથી ચક્રવર્તી રાજાની સેના પસાર થઇ જાય તો પણ તેની તેને ખબર ન રહે.

☐ આપણા હૃદયમાં અહિંસા હશે તો સાધનોમાં પણ આવશે, બાકી એકલા અહિંસાના સાધનોથી કંઇ નહિ વળે.

☐ ગુરુમહારાજ આપણને પ્રકાશ આપશે, પરંતુ ચાલવું તો આપણે જ પડશે.

☐ આપણે હળીમળીને રહીશું, વહેંચીને ખાઇશું.

☐ વક્તૃત્વકળા અથવા વિદ્વતા એ સાધુતાનો માપદંડ નથી. આચારવિચારની શુદ્ધિ અને બ્રહ્મચર્ય સાધુતાના ગુણ છે. વધારામાં વિદ્વતા હોય તો સોનામાં સુગંધ ભળી સમજો.

☐ ભાષા મનુષ્યની ઊંચાઇનો માપદંડ (થર્મોમીટર) છે.

☐ જો ગૃહસ્થાશ્રમ પ્રેમપૂર્ણ, શાંતિપૂર્ણ અને આનંદ ભર્યો ન હોય તો આપણે બાકીના ત્રણ આશ્રમોને સારા કેમ બનાવી શકીશું?

☐ જે બહારનું ધન નથી વહેંચી શકતો તે જીવનનો મહિમા શું વહેંચશે?

☐ જીવનમાં આચરણ નહિ હોય તો આપણું માથું બે પગની અલમારી બની જશે.

☐ પ્રથમ ગુરુના પ્રેમપાત્ર બનો; પછી વિશ્વાસપાત્ર બનશો, પછી કૃપાપાત્ર બનશો,
પ્રેમ હશે તો વિશ્વાસ આવશે જ અને વિશ્વાસ હશે તો કૃપા આપમેળે વરસશે.

☐ વ્યાખ્યાન આપવું સાધુનો વ્યવસાય નહીં, સ્વાધ્યાય છે.

☐ સહજ મળવું પ્રકૃતિ છે.
માગવું વિકૃતિ છે.
વહેંચવું સંસ્કૃતિ છે.

☐ આપણે બધાએ ફાયર બ્રિગેડની જેમ ઉપશમજલથી ઝગડાઓનો અંત લાવવો છે.

☐ લોભી વ્યક્તિ કદી પ્રેમ ન કરી શકે, પ્રેમ તો ગમતાનો ગુલાલ કરવાનું, લ્હાણી કરવાનું શીખવે છે.

☐ જે સર્વસ્વ આપી દેવા તૈયાર છે તે બધું મેળવી લે છે. બીજ જયારે પોતાનું અસ્તિત્વ ઓગાળી દે છે ત્યારે બાગ હર્યોભર્યો બને છે.

☐ જે દે છે તેને મળે છે.
જે લૂંટાવે છે તેના પર વરસે છે

☐ જગતને સદાય આપવાનું શીખો,
ક્યારેય માગવાનું ન શીખો.

☐ સમતા, સરળતા અને સ્વાભાવિકતા એ ભગવાન મહાવીરસ્વામીના ધર્મનો સાર છે.

☐ દાન દેનારનું જીવન ફળ-ફૂલથી લચેલા વૃક્ષ જેવું પ્રફુલ્લ હોય છે. અનેક થાકેલા મુસાફરોને તે વિશ્રાંતિ આપી શકે છે.

## સંક્રાંતિ ભજન

શ્રી વલ્લભગુરુ કે ચરણો મેં
મૈં નિત ઉઠ શીશ નમાતા હૂં
મેરે મનકી કલી ખીલ જાતી હૈ
જબ દર્શ તુમ્હારા પાતા હૂં
મુજે 'વલ્લભ' નામ હી પ્યારા હૈ
ઈસહી કા મુજે સહારા હૈ
ઈસ નામ મેં ઐસી બરકત હૈ
જો ચાહતા હૂં સો પાતા હૂં
જબ યાદ તેરે ગુણ આતે હૈં
દુ:ખ દર્દ સભી મીટ જાતે હૈં
મૈં બનકર મસ્ત દિવાના ફિર
ગીત તેરે હી ગાતા હૂં
ગુરુ રાજ તપસ્વી મહામુનિ
સરતાજ થે તુમ મહારાજો કે
મૈં એક છોટાસા સેવક હૂં
કુછ કહેતા હુઆ શરમાતા હૂં
ગુરુ ચરણોં મેં હૈ અર્જ યહી
બઢતી દિનરાત રહે ભક્તિ
મેરા મનુષ્ય જન્મ સફલ હોવે
યહી ભક્તિ કા ફલ ચાહતા હૂં

# જીવનમાં, સાદાઈનું મહત્ત્વ

## □ પૂ. સાધ્વીજીશ્રી મૃગાવતીજી

સાચું સુખ ભોગમાં નથી, ત્યાગમાં છે એ આપણે મહાપુરુષોના જીવનમાંથી શીખવું જોઈએ. અધ્યાત્મયોગી આનંદઘનજી મહારાજ તથા ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ ત્યાગી હતા. બાહ્ય સુખની આશા તો બકરાની દાઢીમાંથી દૂધ દોહવા જેવી મિથ્યા આશા છે. યશોવિજયજી મહારાજે કહ્યું છે કે, 'બાહ્ય સુખ ભોગવી જે હૃષ્ટપુષ્ટતા આવે છે એ હકીકતમાં તંદુરસ્તી નથી, એ શરીરે ચડેલા સોજા છે.'

સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, 'એક અંશ બાહ્ય સુખ, વીસ ટન દુઃખ લાવે છે.' ઉપદેશ પ્રાસાદમાં ફરમાવ્યું છે કે, બાહ્ય સુખનો આનંદ મેળવનારા અને માનનારા ગંદા નાળાનાં વાસવાળા પાણીમાંથી પ્યાસ બુઝાવવાનો મિથ્યા પ્રયાસ કરનારા છે. એના થકી પ્યાસ બુઝાતી નથી, સુખ સાંપડતું નથી.'

રાજા પુંડરીકે ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં ત્યાગમાં જ સાચું સુખ છે એની અનુમોદના કરતાં કરતાં આખરે દીક્ષા લઈને, મૃત્યુ બાદ સર્વથા સિદ્ધ વિમાનમાં દેવપણે જન્મ લીધો અને તેત્રીસ સાગરોપમનું આયુષ્ય ભોગવ્યું. એ જ પુંડરીક રાજાના ભાઈ, જેઓ પહેલાં મહાન ત્યાગી સાધુ હતા, પરંતુ મનની, બાહ્ય સુખની લાલસાને વશ થઈ ભાઈ પાસેથી રાજગાદી લઈ પોતે રાજા બન્યા અને વિષયોમાં ફસાઈને પોતાનું જીવન તેમ જ પૂર્વેના સંયમનો નાશ કરી, મરણ પામી સાતમી નરકમાં તેત્રીસ સાગરોપમનું આયુષ્ય પામ્યા.

સાદાઈથી જીવનમાં સુસંસ્કાર અને સત્સંગ મળે છે. ધર્મધ્યાન કરવાની ભાવના જાગૃત થાય છે. જૈનશાસનમાં જિનબિમ્બ અને જિનાગમ ધર્મનાં આધાર છે.

આજે આપણે પૂજા ઇત્યાદિ કાર્યોમાં પણ આડંબર બહુ વધારી દીધો છે. એને લીધે સ્થાનકવાસી અને તેરાપંથી સમાજના જૈનો, જિનપૂજાથી વેગળા થતા જાય છે. વાસ્તવમાં તો તેમના મહાન આચાર્યો, જિનમૂર્તિ આરાધનાને માટે પ્રાથમિક આલંબન છે એની કબૂલાત રાખે છે.

શ્રી ભગવતીસૂત્રમાં વર્ણવ્યા પ્રમાણે પ્રભુ મહાવીર જ્યારે ધ્યાન પ્રારંભ કરતા હતા ત્યારે તેઓ એક પુદ્‌ગલ ઉપર દૃષ્ટિ સ્થિર કરવા સાથે ધ્યાન કરીને પછી નિરાકારનું ધ્યાન ધરતા હતા.

આપણા ઘરમાં સાદાઈ, શુધ્ધતા, સાત્ત્વિક વિચારો અને શુધ્ધ ખાનપાન જેવું વાતાવરણ હોવું જોઈએ. તો જ તે બાળકોનાં જીવનમાં ઊતરે. બાળકોના લોહીમાં જ્યાં સુધી સંસ્કાર ન રેડાય ત્યાં સુધી બધું વ્યર્થ છે. અને આવા સંસ્કાર લોહીમાં રેડવા માટે માતામાં સાત્ત્વિકતા, સદાચાર અને સંસ્કાર જોઈએ. માતા જ બાળકને સાચું શિક્ષણ આપી શકે છે.

સૌ પ્રથમ સંસ્કાર કેળવવા માતાએ લાયક બનવું જોઈએ. આજની માતા આભૂષણ-ફેશનમાં એટલી બધી ઓતપ્રોત થઈ ગઈ છે કે, એ એની જાતનું જ ભાન ભૂલી બેઠી છે. પરંતુ એ સાચો શણગાર નથી. સ્ત્રીનાં સાચા આભૂષણ તો છે શીલ, સદાચાર, સેવા અને સંસ્કાર. જે સ્ત્રીમાં આ ચારેય આભૂષણ હોય તે જ સ્ત્રી પોતાનાં બાળકમાં લોહીના સંસ્કાર રેડી શકે.

પૂજ્ય વિનોબાજીએ લખ્યું છે કે, 'પહેલાનાં જમાનામાં પુરુષોએ સ્ત્રીઓને વશ કરવા જ નાક વિંધાવી એને શણગાર્યું, કાન વિંધાવ્યા, હાથ અને પગ આભૂષણોથી લાદી દીધા. એને ઝવેરાતનાં આભૂષણોથી એવી લાદી દીધી કે એ લથબથ બની ગઈ.'

સ્ત્રીનું જીવન ઘરમાં સ્વચ્છતા, પતિભક્તિ અને બાળકોમાં સંસ્કાર માટે છે, અહીં તહીં ભટકવા માટે નહિ. કપડાં કે ઝવેરાતનો મોહ બંધ કરો. રૂપ અને રૂપિયા દેખાડવાની ચીજ નથી. કોઇ ધનવાન પોતાના ઘરના આંગણમાં હજારો રૂપિયાની થેલી કે નોટો ટીંગાળી રાખે છે, એવું કદી તમે જોયું છે?

આપણા શાસ્ત્રોમાં શૃંગારનું જે વર્ણન છે એનો સાર શું છે એ કોઇએ વાંચ્યું છે? સ્ત્રીનો શૃંગાર શા માટે છે? પતિ માટે કે દુનિયાને દેખાડવા માટે? બાહ્ય દેખાવથી સુખ નથી મળતું. જો ઉચ્ચ આચાર-વિચાર, સાદું જીવન અને સંસ્કાર હશે તો આપણી પ્રગતિ થશે. ભોગનું આકર્ષણ ઓછું કરીને બાહ્ય ભોગ બંધ કરવા જોઇએ. એમાં સ્ત્રીનું સાચું સુખ છે.

આપણા સમાજના ભાઇઓ ભૂખ્યાતરસ્યા હોય, રહેઠાણ વગર જ્યાં ત્યાં ભટકતા હોય ત્યારે લગ્ન કે બીજા ઉત્સવોમાં આડંબર કે ખોટા ખરચા બંધ કરીને સાધર્મિક સેવા કરવી જોઇએ.

પરંતુ આજનો માનવી ભોગ, ધન અને લાલસામાં જ રચ્યોપચ્યો રહે છે. જ્યાં જુઓ ત્યાં એ જ આડંબર! ધનની જ આજે બોલબાલા છે.

આજના જગતમાં કોઇ યુગમાં નથી બન્યું એવું બન્યું છે. સ્વાધ્યાય, ઉપદેશ કે ધર્મ કરતાં ધન, વૈભવ અને ભોગનું અને વિલાસનું પ્રભુત્વ વધ્યું છે.

મારું તો નમ્ર સૂચન છે કે, ખોટો ખર્ચ અને આડંબર બંધ કરીને, વધુ નહિ તો થોડી સાદગી લાવો. જીવનમાં સાદાઇ આવશે તો સારાં વિચારો આવશે. સ્વાધ્યાય વધશે. ધ્યાન-યોગ વધશે. આધ્યાત્મિક વાચન વધશે. બાહ્ય સુખનો મોહ તજી આંતર સુખ, આત્માનું સુખ પ્રાપ્ત થશે.

(તા. ૨૦-૮-૧૯૬૬ના પ્રવચનનો સાર)

# સાધ્વી સંઘ અંગે વિનંતી

## □સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજી

ભગવાન મહાવીરસ્વામીનો સાધ્વીસંઘ ત્યારે અને આજે કેટલો વિશાળ હતો અને છે! આજે તો સાધ્વીસંઘમાં નાની નાની ઉંમરના સાધ્વીજી મહારાજોને જોઈ, તેઓનો ત્યાગ જોઈ લોકોનાં મસ્તક નમી જાય છે. નાની ઉંમરમાં, યુવાવસ્થામાં અને તે પણ આજના ભૌતિક યુગમાં ત્યાગ કરવો એ કાંઈ નાનીસૂની વાત નથી. સાધુપણું લેવું ત્યાગ કરવો તેમાં મુખ્ય આશય તો આત્મકલ્યાણનો જ છે. આત્મકલ્યાણ કરવા માટે સમતા, સંયમ, સરળતા, નમ્રતા, વિવેક, અકિંચનતા, આચારવિચાર આ બધા જ ગુણોની આવશ્યકતા છે. આત્માર્થી સાધુતાની કસોટી પણ એ જ છે. વિદ્વતા અને વક્તૃત્વ એ કાંઈ આત્માર્થી સાધુતાની કસોટી નથી આ હકીકત છે. આવી આત્માર્થી સાધુતામાં સ્વકલ્યાણ રહેલું છે. આવા સ્વકલ્યાણેચ્છુઓનાં હાથથી જ સંઘ, સમાજ, દેશ અને સૌનું કલ્યાણ થવાનું છે એ નિર્વિવાદ છે. પરંતુ આવો વર્ગ શિક્ષિત હોય તો કાર્ય ઘણી આસાનીથી થઈ શકે!

આજે સમય એવો આવ્યો છે કે, લોકોમાં વ્યાવહારિક શિક્ષણ વધી રહ્યું છે. શૈક્ષણિક ક્ષેત્રમાં, જ્ઞાન અને વિજ્ઞાનનાં ક્ષેત્રમાં દુનિયા ખૂબ જ આગળ જઈ રહી છે. લોકોને આજના વિલાસી વાતાવરણમાં આધ્યાત્મિક ભૂખ પણ જાગી છે. ભાઈ-બહેનોમાં પણ ઊંડે ઊંડે આસ્તિકતા રહેલી છે. ધાર્મિક ભાવના પણ જોવામાં આવે છે. 'ઝુકાનેવાલા કોઈ હો તો ઝુકનેવાલી દુનિયા હૈ' આ કથનાનુસાર લોકોને ધર્મમાર્ગમાં રુચિ ઉત્પન્ન કરવી, વ્યસનોથી મુક્ત કરવા, આચારવિચારની તથા ખાનપાનની શુદ્ધિ તરફ વાળવા, સાદાઈ અને શ્રમની પ્રતિષ્ઠા સમજાવવી, આદર્શ ગૃહસ્થાશ્રમ રચવા પ્રેરવા, સમાજને નબળો બનાવતી કુપ્રથાઓ અને બાહ્યાડંબરો ઓછા કરી, સંઘ સમાજ અને દેશની ઉન્નતિમાં પોતાનો ફાળો આપવાની ભાવના જગાડવી. ત્યાગને અપનાવી આધ્યાત્મિક ઉન્નતિ તરફ જવાની પ્રેરણા આપવી. સાંપ્રદાયિક સંકુચિતતાનો ત્યાગ કરી વ્યાપક, વિશાળ, ઉદાર ભાવના કેળવવાનું મહત્ત્વ સમજાવવું અને એ રીતે પ્રભુના શાસનની સાચી સેવા કરવાનું પ્રેમપૂર્વક સમજાવવામાં આવે તો એથી વ્યક્તિ અને સમાજ બન્નેને ઘણો લાભ થાય. આ કાર્ય માતૃશક્તિ દ્વારા સરલતાપૂર્વક થઈ શકે છે.

પૂજ્ય પંજાબકેસરી યુગવીર આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ ઘણી વાર કહેતા કે, 'આજ સુધી ધર્મની રક્ષા બહેનોએ કરી છે. અને બહેનો જ કરશે.' મહાત્મા ગાંધીજીએ પણ કહ્યું છે કે, 'જીવનમાં જે કાંઈ પવિત્ર કે ધાર્મિક જેવું છે, તેનું બહેનોએ વિશેષ સંરક્ષણ કર્યું છે.' આ ઉપર્યુક્ત વાતો વિચારતાં સહેજે ખ્યાલ આવે છે કે તેમાં પણ ત્યાગની મૂર્તિઓ સતી સાધ્વીઓ કેટલું બધું કાર્ય કરી શકે!

આ સાધ્વીવર્ગ જ્યારે વિદ્યા અને જ્ઞાનના ક્ષેત્રમાં ખૂબ આગળ વધે, ચારિત્રબળ સાથે એમને જ્ઞાન-વિદ્યાનું બળ મળે તો એમનામાં કેવું તેજ પ્રગટે! સાધ્વીઓમાં અભ્યાસ વધશે તો લોકોપકારનું કાર્ય, સંઘ અને સમાજની ઉન્નતિનું કાર્ય તેઓ ઘણું ઘણું કરી શકશે. સમાજના મોવડીઓ, સંઘના આગેવાનોએ આ દિશામાં ખૂબ વિચારવાનું છે, ઘણું કરવાનું છે, ઘણું કરી શકે તેમ છે. પૂજ્ય આચાર્ય ભગવંતોનાં ચરણોમાં નમ્ર વિનંતી છે કે, તેઓ ઉદારતાપૂર્વક આ

માટે આજ્ઞા આપે. પૂજ્ય સાધ્વી ગુરુણીજી મહારાજો પણ પોતાનાં શિષ્યા-પ્રશિષ્યા સાધ્વીજી મહારાજોને આગળ વધારવા, અભ્યાસી બનાવવા નિશ્ચય કરે. તેજસ્વી સાધ્વીજી મહારાજો પણ સ્વકલ્યાણાર્થે પૂજ્ય ગુરુદેવો અને ગુરુણીજી મહારાજોના ચરણોમાં નમ્રભાવે આ માટે વિજ્ઞપ્તિ કરે અને સાધ્વીસંઘ સ્વયંમેવ સ્વોન્નતિના શિખરે પહોંચવાની હિંમત અને ભાવના કેળવે!

આપણા સાધ્વીસંઘમાં તેજસ્વી અને વિદુષી સાધ્વીઓ સેંકડોની સંખ્યામાં તૈયાર થાય તેવી શકયતા છે. જરૂર ફક્ત તે દિશામાં સમજણપૂર્વક પ્રયત્ન કરવાની છે.

અમુક સાધ્વીજી મહારાજોમાં તો અભ્યાસની, વિદ્યાપ્રાપ્તિની લગન અને શાસ્ત્રાભ્યાસની તીવ્ર ઇચ્છા પણ જોવામાં આવે છે, પરંતુ તેઓને તે માટે અનુકૂળતા મળતી નથી. આ માટે શ્રી સંઘે ખાસ વ્યવસ્થા, વિશેષ સગવડ વહેલી તકે ઊભી કરવાની અતિ આવશ્યકતા છે.

ભારતની રાજધાની દિલ્હીની નજીક શહેરથી દૂર પ્રશાન્ત વાતાવરણમાં ખેતરોની હરિયાળી વચ્ચે, પ્રકૃતિના સાન્નિધ્યમાં પૂજ્ય યુગદષ્ટા અજ્ઞાનતિમિરતરણી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનું મહાપાવન સ્મારક બની રહ્યું છે. એમાં શ્રી ભોગીલાલ લહેરચંદ નામથી એક શોધપીઠ પણ ચાલે છે. તેમાં ઉચ્ચ અભ્યાસીઓ સંશોધન સંપાદનનું કાર્ય કરી શકે, બાકી નાનાં નાનાં સાધ્વીજી તથા દીક્ષાર્થી બહેનો માટે સંસ્કૃત, પ્રાકૃત, વ્યાકરણ, કાવ્ય, સાહિત્ય, ન્યાય વગેરેના ધાર્મિક અભ્યાસની પૂર્ણ સગવડતા કરવામાં આવી છે. દીક્ષાર્થી બહેનો માટે ઓછામાં ઓછા ત્રણ વર્ષ અને વિશેષ અભ્યાસ માટે પાંચ વર્ષનો અભ્યાસક્રમ નિયત કરવામાં આવે. આગમોના અભ્યાસમાં શ્રી દશવૈકાલિકસૂત્ર, નંદીસૂત્ર, અનુયોગદ્વારસૂત્ર, શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર તેમ જ આચારાંગસૂત્ર આદિ અંગોના, દર્શન શાસ્ત્રોના, યોગના ગ્રંથોનો, કાવ્ય, સાહિત્ય, વ્યાકરણનો, સંસ્કૃત-પ્રાકૃત આદિ વિષયોનો તે તે વિષયના નિષ્ણાત પંડિતોને રાખીને અભ્યાસની વ્યવસ્થા થાય તો ન ધારેલું એવું સુંદર પરિણામ આવે. આ માટે વિદ્વાન શ્રાવકોની એક કમિટી બનાવવી જોઇએ જે સાધ્વીજી મહારાજો સંયમયાત્રા સાથે સ્વસ્થતાપૂર્વક જ્ઞાનાભ્યાસ કરી શકે તે વિશે જરૂરી વ્યવસ્થા કરે.

આપણે ત્યાં પૈસાની કમી નથી, ઉત્સવો અને બીજાં કાર્યોમાં ઉદારતાથી દ્રવ્ય વપરાય છે. ધર્મકાર્યો યોગ્ય કાળે યોગ્ય ક્ષેત્રે ભલે થતાં રહે, પરંતુ આ કાર્ય અતિ મહત્ત્વનું છે. આ દિશામાં સ્થાનકવાસી શ્રી સંઘે ઘાટકોપરમાં શ્રમણી વિદ્યાપીઠની સ્થાપવાનું ઘણું સુંદર કાર્ય કર્યું છે. તે સરાહનીય, અભિનંદનીય છે.

ગૃહસ્થો પોતાનાં વહાલાં બાળકોને ભણાવવા માટે બોર્ડિંગમાં, પાઠશાળામાં અને વિદ્યાલયોમાં છેક પરદેશ સુધી મોકલી શકે તો પૂજ્ય સાધ્વીજી મહારાજો પોતાની શિષ્યાઓને વિદુષીઓ બનાવવા ૨૦-૨૫ કે ૫૦-૧૦૦ માઇલ કેમ ન મોકલે? જરૂર મોકલે. જેથી તેઓનું જીવન મહાન બને અને સંઘનું હિત સધાય. દેશને ધર્મપ્રચારના ઉપકારનો લાભ મળે, અભ્યાસાર્થી સાધ્વીસંઘના ગુરુણીજી મહારાજોને આથી વધુ શું વિનંતી કરું?

૨૫-૫-૧૯૭૦

વિદુષી સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજી, સુજયેષ્ઠાશ્રીજી સુવ્રતાશ્રીજી આદિ યોગ્ય, સુખશાતા,

અમો જગડીઆથી વિહાર કરી સુરત આદિ થઇ વલસાડમાં સંક્રાન્તિ કરી ગઇ કાલે દહાણું આવ્યા. પૂનમચંદભાઇ આદિ શ્રીસંઘે સુંદર સ્વાગત કર્યું. મુંબઇથી પધારેલા ભાગ્યશાલીઓનું સુંદર બહુમાન કર્યું.તમારો પહેલો પત્ર જગડીઆમાં મળ્યો હતો એની પહોંચ વિહાર આદિના કારણે આપી શકયા નથી તો તે તરફ જરા પણ લક્ષ આપશો નહિ. તમારો ધર્મસ્નેહ અને ભાવભકિત અમોને વારંવાર યાદ આવી જાય છે. ગઇ કાલે સૌનો લખેલ પત્ર આજે વાનગાંવ આવીને વાંચ્યો. વાંચીને ઘણો જ આનંદ થયો. તમો એવા કઠણ પ્રદેશમાં અને ગરમીમાં વિચરીને જે ઉપકાર કરી રહ્યા છો એ ચિરસ્મરણીય રહેશે એમાં સંદેહ નથી. હજુ ૧૫૦ માઇલનો વિહાર બાકી છે. તે શાન્તિપૂર્વક પૂરો કરી બેંગ્લોર પહોંચી જૈન શાસનનો અને ગુરુદેવના શુભ નામનો જયજયકાર કરો એજ અમારી શુભકામના છે. દહાણુ સંઘ તમારા ચાતુર્માસના લીધેલ લાભ અંગે બીકાનેરમાં ઘાસ તથા રોકડ નાણું સહાયતા રૂપે જે મોકલાવ્યું તેનો ઉલ્લેખ કરી વ્યાખ્યાનમાં ધન્યવાદ આપવામાં આવ્યા. જમ્મુમાં નવું દેરાસર બંધાય છે. એમાં લગભગ લાખ સવાલાખનો ખર્ચ થઇ ગયો છે. અને હજુ લાખ સવા લાખનો ખર્ચ થશે તો તમો આ વાતનો ખ્યાલ રાખશો. બધા ભાગ્યશાલીઓને ધર્મલાભ જણાવશો. અમો અહિ ૨૫ સાધુઓ છીએ. મુંબઇ ચાતુર્માસમાં લગભગ ત્રીસેક સાધુ થઇ જશું તમો અમે પધાર્યા હોત તો બહુ સારું થાત. આજકાલ વ્યાખ્યાતાઓની ખાસ જરૂરત છે. ગુરુ મહારાજની કૃપાથી જે કાર્ય માટે મુંબઇ જઇ રહ્યા છીએ તે કાર્ય સાંગોપાંગ પાર ઉતરે અને ગુરુદેવનો જયજયકાર થાય અને આનંદથી વિહાર થાય એજ ભાવના રાખીએ છીએ. મુમુક્ષણી ભારતીબેનને ઘણાં ઘણાં ધર્મલાભ જણાવશો અને હવે એ મુમુક્ષણી કયાં સુધી રહેશે. ધર્મસ્નેહ રાખશો. આનંદ સમાચાર આપશો. અમો આવતા રવિવારે આગસી પહોંચવાના છીએ અને ત્યાંથી વિહાર કરી જેઠ સુદી ૬ના મુંબઇ પહોંચવાની ભાવના છે.

દ. સમુદ્રવિજયના સુખશાતા

૪-૩-૬૩
સાધ્વી મૃગાવતીજી,

આપને વિદિત થાય છે, ભારતીય સંસ્કૃતિનાં પ્રખર અભ્યાસી, સંસ્કૃત, પ્રાકૃત અને હિન્દી ભાષાઓનાં જાણકાર તથા ફ્રાન્સની લીયો વિદ્યાપીઠના ભારતીય સંસ્કૃતિને લગતી વિદ્યાશાખાનાં અધ્યક્ષ મદામ કોલે સોમવાર અને મંગળવાર,માર્ચ તા. ૧૧ અને તા. ૧૨, ૧૯૬૩ના બે દિવસો દરમ્યાન અમદાવાદની મુલાકાતે પધારવાનાં છે.

આ ફ્રેન્ચ વિદુષી મહિલાને ભારતની સરકારે ખાસ આમંત્રણથી ભારતની મુલાકાતે બોલાવ્યાં છે. બે દિવસના અમદાવાદના તેમના નિવાસ દરમ્યાન તેઓ અમદાવાદના વિદ્વાનોને મળે તથા અગ્રગણ્ય સંસ્થાઓની મુલાકાત લે તેવી તેમની ઇચ્છા છે.

આ અંગે આપની સાથેની તેઓશ્રીની મુલાકાત મંગળવાર માર્ચ તા.૧૨, ૧૯૬૩ ના રોજ સવારે ૯-૦૦ વાગે શાંતિસાગરનાં ઉપાશ્રયમાં યોજવામાં આવી છે. આપને આ મુલાકાતમાં સમય અને સ્થળ અનુકૂળ હશે એવી અપેક્ષા રાખવામાં આવે છે.

આ અંગે આપની સંમતિ દર્શાવતો પત્ર ઉપરનાં સરનામે વળતી ટપાલે લખવાની કૃપા કરશો.

આપનો વિશ્વાસુ

: નરહરિ ભટ્ટ :
નાયબ માહિતી સંચાલક, માહિતી ખાતું ગુજરાત રાજ્ય

માહ. શુ. ૧૫ તા. ૧૪-૨-૬૮
વિનયાદિગુણવંત સાધ્વીજીશ્રી જી,
સપરિવાર જોગ સુખશાંતા વાંચશો. અહીં ગુરુ પસાયે શાંતિ છે. મારા પગે પણ પહેલા કરતાં
સુધારો છે. શાસન દેવના પસાયે ધીમે ધીમે આરામ આવી જશે.

આજે શ્રી યશોવિજયજીના પત્રથી તમારા ધર્મમાતા ગુરુણીજી શીલવતીશ્રીજીને લકવાની અસર થયાનું જાણી ચિંતા થાય છે. તેમને મારા તરફથી સુખશાતા પૂછશો દવા-ઉપચાર સાથે સુંદર આરાધના ચાલુ રાખશો. શાસન દેવની કૃપાથી તેમને શીઘ્ર સારું થાય. અને હજુ વર્ષો સુધી પોતાની આરાધના સાથે અનેક આત્માઓને આરાધનામાં સહાયક થાય એ જ શુભભાવના. મારાલાયક કામકાજ જણાવશો.
દ. ધર્મવિજયની સુખશાતા
જૈન મંદિર, ચેમ્બુર   મુંબઇ ૪૦૦ ૦૭૧

૧૯-૨-૧૯૭૧

ૐ મૈયા

સૌથી પહેલાં તો આ દીક્ષા સંદેશમાં કાર્યકુશળ અને દીર્ઘ દૃષ્ટિવંત વિદુષી સાધ્વી શ્રી મૃગાવતીજી સાધ્વી વગેરેને હું અભિનંદન આપીશ કે, 'જ્યારે આજે ચોમેર દીક્ષાની ઉતાવળમાં સાધુ સાધ્વીઓ પોતાનાં દીક્ષાર્થી ભાઈ બહેનોને ઘડવામાં કચાશ સહી લે છે, ત્યારે બહેન જયભારતીને ઘડવામાં સાધ્વીજીએ ઘણો સારો સમય આપ્યો છે.

કુમારી બહેન જયભારતીની આ દીક્ષા વખતે અમારા પરમ પૂજ્ય ગુરુદેવનાં નિષ્ઠવાન સાધ્વીઓ દમયંતીબાઈ સાધ્વી, કલાબાઈ સ્વામી તથા વિદુષી વિનોદિનીબાઈ સાધ્વી ઠાણા અગિયારની હાજરી પણ દેરાવાસી સ્થાનકવાસીની એકતાનો ઐતિહાસિક નમૂનો પૂરો પાડશે. જૈનધર્મની વિશ્વધર્મ બનવાની યોગ્યતા આવા નમૂનાઓ પૂરા પાડીને જ સિદ્ધ કરી શકાશે, તે કહેવાની જરૂર નથી

પૂજ્ય આચાર્યશ્રી સમુદ્રવિજયસૂરિ, પૂજ્ય આગમપ્રભાકર પુણ્યવિજયજી મહારાજ આદિ ઠાણા ૩૦ અને સાથોસાથ સાધ્વી શ્રી કુસુમશ્રીજી, શ્રી પ્રભાશ્રીજી, શ્રી ઓંકારશ્રીજી તથા સાધ્વી મૃગાવતીબાઈ સાધ્વી વગેરે ઠાણા ૫૫, તેમજ દમયંતીબાઈ સાધ્વી વગેરે ઠાણા ૧૧ મળી સોએક જેટલો સાધુસાધ્વીઓ આ મંગળ અને પવિત્ર પ્રસંગે હાજર છે. તે સૌના આશીર્વાદ પામી નવદીક્ષિત બહેન જયભારતી એવાં આદર્શ સાધ્વી બને કે જેમ જૈન ધર્મમાં નાતજાતને અવકાશ નથી તેમ જુદા જુદા ગચ્છ કે સંપ્રદાયમાં રહેલાં સાધુસાધ્વીઓ વચ્ચે ભેદભાવ ન રાખતાં, એક જ ભગવાન મહાવીરને માનનારાં ચારેય ફિરકાઓનાં સાધુ સાધ્વીઓ સાથે મિલનસાર સ્વભાવ શ્રી વિજયવલ્લભસૂરિજીનું તે સ્વપ્ન સાકાર કરે.

બીજી બાજુ માત્ર નારી દેહને કારણે આજે દીક્ષા લેવા છતાં નરનારીનો ભેદ જે જૈનધર્મ જેવા વિશ્વધર્મમાં પેસી ગયો છે, તેને પણ દૂર કરવામાં સાધ્વી મૃગાવતી જેવાં પોતાનાં પૂજનીય ગોરાણીને સાથ આપે. એમ થવાથી જૈનતર વર્ગમાં પણ દારુમાંસ જેવાં મહાવ્યસનો તજાવી નૈતિક ગ્રામસંગઠનોને સર્વાંગી રચનાત્મક કાર્યકરોની સંસ્થાઓ દ્વારા દેશની સર્વ પ્રકારની નૈતિક આધ્યાત્મિક ઉચ્ચતા માટે સાધુઓની જેમ ધર્મક્રાંતિપ્રિય સાધ્વીઓ પણ મહાન કાર્યો કરી શકે છે તે અમુક કક્ષાએ સાધ્વીશ્રી મૃગાવતીજીએ બતાવી આપ્યું છે, તે સર્વ કક્ષાએ બતાવવામાં તેઓએ મદદગાર નીવડે !

આ રીતે પણ પ્રમોદસુધા સાધ્વીજીની જેમ સાધ્વી દમયંતીબાઈ સાથે આજે સાધ્વીસાધ્વી વચ્ચેની જે સ્નેહગાંઠ શરૂ થઈ છે, તેને સક્રિય રૂપ આપી સદ્‌ગત આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ તથા અમારા ગુરુદેવ સદ્‌ગત પૂજ્ય કવિવર્ય પંડિત શ્રી નાનચંદ્રજી મહારાજના આત્માને સાચી અંજલિ આપી તૃપ્ત બનાવે એ જ શાસનદેવને પ્રાર્થના.

આ પુણ્ય પ્રસંગની આ રીતે હું સફળતા ચાહું છું.

લિ. સંતબાલ

મહાવીર નગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર, ચિંચણી, તા. દહાણુ- જિ. થાણા- મહારાષ્ટ્ર.

પરમ પૂજ્ય સાધ્વીજી શ્રી મૃગાવતીજીની સેવામાં,

આપનો ૧૯-૬-૭૨નો કાગળ મુંબઇ થઇને અહીં કાલે મળ્યો છે.

બા બીમાર છે. દેવગુરુકૃપાથી માંડ બચ્યાં છે. આપને યાદ કર્યાં હતાં. પરંતુ પત્ર નહીં એટલે કયાં વિચરો છો તે ખ્યાલ નહી.

જેણે રાગ છોડયો છે, તે પત્ર મોડો લખે તે ગુણ કહેવાય એટલે આપને તે બાબત મારે કાંઇ કહેવાનું હોય નહીં. આપના મોડા મોડા પણ કયાંકથી ખબર મળતા હતા. છેલ્લે મુનિ શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે લખેલું કે, મહાસતીજી દર્શને પધાર્યાં હતાં. તમારો સાધનાનો પ્રયાસ તેમને ગમ્યો છે. તેઓ પણ સાધના માટે રાણકપુર જેવા સ્થળને ચાતુર્માસ માટે પસંદ કરી રહ્યા છે. તેમનો શ્રુત વિશે બોધ ઘણો સારો છે, પણ તેના ગૂઢ કોયડા ઉકેલવાની શકિત તેઓ સાધનામાંથી મેળવે છે.

મુનિ શ્રી અભયસાગરજી મહારાજ સાહેબ અહીં છે. તેઓ પણ સાધના કરી રહ્યા છે. તમે ત્રણેય જુદેજુદે રસ્તે એક જ સાધ્ય માટે પ્રયાસ કરી રહ્યાં છો.

સૌ શાતામાં છો તે જાણી આનંદ થયો. બે શિષ્યાઓ અભ્યાસ કરે છે તે જાણી વિશેષ આનંદ થયો. આપના બન્ને કાન શાતામાં છે કે ઉદ્વેગ કરાવી રહ્યા છે?

બાએ અને ચારુએ વંદના લખાવી છે. કામસેવા લખશો.

લિ. અમૃતલાલ કાલિદાસની વંદના અવધારશોજી.

આદરણીય મહારાજજી,

વંદના. કુશળ હશો. પંજાબ શ્રી સંઘની પંજાબ પધારવાની વિનંતિનો આપે સ્વીકાર કર્યો છે તે માટે પંજાબ શ્રી સંઘની તરફથી અમે સૌ પ્રતિનિધિઓ આપના આભારી છીએ. સમયનો અભાવ, ગરમીના દિવસો અને લાંબા વિહારને કારણે આપને જે અડચણ પડશે તેનો ખ્યાલ સહેજે આવી જાય છે. છતાં પણ ગુરુદેવના આર્શીવાદથી આ દુર્ગમ માર્ગ સુગમ થઇ જશે અને તમે તમારા નિશ્ચય તથા દ્રઢ સંકલ્પથી સમયસર દિલ્હી પધારી શકશો એ વાતમાં લેશમાત્ર સંદેહ નથી.

આપના વિહાર દરમ્યાન કેસરિયાજી, નાથદ્વારા, રાણકપુર, અજમેર વગેરે સ્થળના તીર્થોની યાત્રાનો લાભ પણ મળશે. માર્ગમાં વ્યવસ્થાનો જે પ્રબંધ જોઇએ તે નિ:સંકોચ જણાવશો.

ભગવાન મહાવીરના ૨૫૦૦માં નિર્વાણ મહોત્સવ નિમિત્તે માનવસેવાના કાર્ય કરવા માટે અમને માર્ગદર્શન મળી શકે માટે દિલ્હી પધારવા આપને અમે આગ્રહ કર્યો છે.

તમારા વિચારમાં જે પ્રકારનો કાર્યક્રમ પંજાબ શ્રીસંઘે હાથમાં લેવો જોઇએ તે પૂર્વ ચિંતન કરી જરૂર જણાવશો. વડોદરાથી જે સમયે અમે વિદાય લઇ રહ્યા હતા ત્યારે આપે વિશેષમાં કહ્યું હતું કે, આ દિશામાં કાર્ય કરવા જેવું છે. પંજાબ શ્રીસંઘે આ દિશામાં જરૂર ગંભીરતાથી કાર્ય કરશે. થોડા દિવસો પછી આપને ફરીથી મળવા પ્રયાસ કરીશું.

આપ સુખશાતામાં હશો.

આપના આર્શીવાદનો અભિલાષી,

રતનલાલ જૈન

(દિલ્હી)

તા. ૩૦- ૯- ૧૯૭૩

**સાધ્વીશ્રી મૃગાવતીજી આદિ સમસ્ત**

**સાદર વંદન, આ પત્ર સુંદરલાલજી મારફત લખુ છું. તમારું ચોક્કસ ઠેકાણું માલુમ નથી. અને તમે દિલ્હી પહોંચ્યા છો કે નહિ ? તે પણ જાણતો નથી. એટલે આ પત્ર વહેલો મોડો મળશે જ. તેનો જવાબ ઉપરના ઠેકાણે તમે તમારી અનુકૂળતાએ લખજો છતાં પહોંચ પૂરતું કાર્ડ તો તબિયત સારી હોય તો તરતમાં લખી શકો. બધાં સાધ્વીજીઓ પ્રસન્ન હશે. વિહારમાં પહેલાં પગ** દુઃખતો હતો તેથી કાંઇ અડચણ આવી ? તમે વારંવાર કહેતા કે મારા કથન ઉપર ધ્યાન આપતા નથી. આ વખતે તમારા કથન ઉપર તમે ધ્યાન આપ્યું તેથી જ લખું છું. અહીં એક મારવાડી અંધ વિદ્યાર્થી ભણતો. તે મેટ્રિકમાં ૭૫ ટકા મેળવી પાસ થયો છે. સેન્ટ ઝેવીયર કૉલેજ અંગ્રેજી સાથે શીખી શકાય તેથી ત્યાં દાખલ થયો છે.અને સરકારી સ્કોલરશીપ મળશે તે એના ફી પેટે અને ત્યાંની હોસ્ટેલમાં રહે તો હોસ્ટેલના ચાર્જ પેટે કોલેજવાળા વસુલ કરશે. પણ સવાલ એના ખાનપાનનો છે. ત્યાં બોર્ડીંગમાં મહિને લગભગ રૂા. ૭૦ ખર્ચ આવે છે. પણ મારો વિચાર એવો છે કે જો બંદોબસ્ત થઇ શકે તો મહિનાના રૂા ૫૦ લેખે રૂા. ૬૦૦ મદદના આપવા. બાકીના ખૂટે તે એ પોતે પ્રયત્ન કરી મેળવી લે. અથવા બીજી કોઇ સાદી બોર્ડીંગમાં રહે. જેથી આપપ્રયત્ન કરવાનો અવકાશ રહે. અને સાદગી પણ પોષાય.

જ્યારે પણ આપને અનુકૂળ તક મળે ત્યારે એ વાર્ષિક રકમ રૂા. ૬૦૦ની એક સાથે અથવા કકડે કકડે મોકલાવી શકાય. એ રકમ રતિભાઇ પાસે રહેશે અને તે વિદ્યાર્થી દર મહિને કે બે મહિનાની સાથે લઇ આવશે. અત્યારે તો આ યોજના ચાલુ એક વર્ષ પૂરતી છે. આગળ ઉપર આવતી સાલ પરિસ્થિતિ જોઇ વિચાર કરાશે.

જ્યારે પણ આપની પાસે કોઇ દાતા આવે ત્યારે એની શકિત અને રુચિ જોઇ ગોઠવણ કરી શકો. પણ મન ઉપર ભાર વેઢારશો નહિ. જો સરલતાથી સગવડ થતી હોય તો જ ધ્યાન રાખવું, બધાં સાધ્વીઓની બરાબર સગવડ થાય એ પ્રથમ જોવું. તબિયત સંભાળે અને ભણે.

જ્યારે કોઇ મદદ આપનાર નીકળે ત્યારે ઉપરના ઠેકાણે મારા નામે એ રકમ ઈન્સયૉડ કરીને મોકલે .જેથી મને એ રકમ સીધી મળી જાય અને મોકલનારને તેમજ આપને પહોંચ લખીશ.

અહીં મોતીબેન અને સુશીલા આપ બધાંને સાદર વંદન લખાવે છે. હું ઠીક છું. તમે ચોમાસામાં ગોઠવાવ અને બધી રીતે સ્વસ્થ બનો, ત્યારે અવારનવાર પત્ર લખી શકો. હમણાં તો વરસાદના અભાવે ખેતી સુકાય છે. અને માણસોના મન બહુ ચિંતિત છે. મેં જે પૈસાનું સૂચવ્યું તે માટે મનમાં ભાર ન રાખતા. જ્યારે અનુકૂળ તક મળે ત્યારે વિચારવું.

લિ. પં. સુખલાલજી.

**અનેકાન્ત વિહાર, સરદાર પટેલ સ્ટેડિયમની સામે, પો. નવરંગ પુરા**
**અમદાવાદ - ૯.**

૨૯-૧૦-૭૭

ધર્મનિષ્ઠ દેવગુરુધર્મોપાસક સુશ્રાવક ભાઈ શ્રી ઉમેદમલભાઇ તથા શ્રી રસિકભાઇ કોરા તથા શ્રી દામજીભાઇ છેડા આદિ સપરિવાર.

સાદર ધર્મલાભ

શ્રી ઉમેદમલભાઇ તથા શ્રી દામજીભાઇના હાથના પત્રો મળ્યા છે. વાંચી અત્યંત આનંદ થયો છે. ગુરુવલ્લભની કૃપાનું ફળ છે. પૂજ્ય ગુરુદેવના આશીર્વાદથી આપ સૌની યોજના તૈયાર થઇ છે અને એને પહેલે તબકકે ઘણી સફળતા મળી છે. એ જાણી અત્યંત આનંદ થયો છે. અમારી સૌની પ્રભુ પાસે એ જ પ્રાર્થના છે કે, આપ સૌ કાર્યકર્તાઓને આ શુભ કાર્યમાં પૂર્ણ સફળતા મળો.

ગુરુ વલ્લભની ભાવના દુ:ખી શ્રાવકો, ગરીબ દીન ભાઇઓ, દરેકને રોટી, કપડાં, મકાન, શિક્ષણ, ઔષધ વગેરે સારી રીતે મળે અને ધર્મભાવનામાં સ્થિરતા મેળવી શાસનરસિક બને એવી હતી. એક મહાન ત્યાગી સમર્થ યોગીની ભાવના કદિ ખાલી જતી નથી. વર્ષો પછી પણ ફળે છે.

આપ સૌ કોઇ કાર્યકર્તાઓને જેટલા ધન્યવાદ આપું તેટલા ઓછા છે. પત્ર વાંચી તથા શ્રી કિશોરભાઇ પાસે વાત સાંભળીને હૈયું ગદ્‌ગદ્‌ થઇ રહ્યું છે. ઘણું જ ગમ્યુ છે. હવે ૫૦૦ રહેઠાણ જો જલદી બને તો પછી આપને પૈસા દેવાવાળા સામેથી આવશે. શ્રી. જે. આર. શાહ આપણા શ્રાવકરત્ન છે. તેઓ આ પ્રમાણે ધગશથી લાગ્યા રહે. બીજા શ્રાવકરત્ન મૂક સેવક શ્રી ઉમેદમલભાઇ અને તેમના બે હાથ શ્રી દામજીભાઇ અને શ્રી રસિકભાઇ ઉપર મને વિશ્વાસ છે. આ કાર્ય જલદી થશે. આપને સફળતા મળો. પૂજ્ય ગુરુદેવના આર્શીવાદ આપની સાથે છે અને રહેશે. શુભ સમાચાર મોકલતા રહેશો. ઘરમાં, પરિવારમાં તથા સૌ ગુરુભકતોને અમારા સાદર ધર્મલાભ કહેશો.'

સુજયેષ્ઠાશ્રીજી મહારાજ, સુવ્રતાશ્રીજી મહારાજ અને સુયશાશ્રીજી મહારાજ બધાં સુખશાતામાં છે. ધર્મલાભ લખાવે છે.

પૂજ્ય શ્રી અરુણવિજયજી મહારાજ તથા તેઓના ગુરુદેવ સૌને અમારી સવિનય વંદના કહેશો.

લિ. સાધ્વી મૃગાવતીજીના સાદર ધર્મલાભ.

લુધિયાણા

૨૮-૧૦-૧૯૭૯

જૈન ભારતી કાંગડા તીર્થોધ્ધારિકા મહત્તરા સાધ્વી શ્રી મૃગાવતીજી

આપનો ૨૭-૧૦-'૭૯નો પત્ર આજે મળ્યો, આપની શુભ નિશ્રામાં સ્વર્ગવાસી ગુરુદેવોની પરમ કૃપાથી દિનાંક ૨૮, ૨૯ અને ૩૦ નવેમ્બર ૧૯૭૯ના અખિલ ભારતીય સ્તર પર દિલ્હીમાં વલ્લભ સ્મારકના શિલાન્યાસનો કાર્યક્રમ થનાર છે, એ જાણી અમને ખૂબ જ પ્રસન્નતા થઇ. એની સાથે અખિલ ભારતીય જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું અધિવેશન થનાર છે જે સોનામાં સુગંધ ભળ્યા બરાબર છે. આપનો દિલ્હી ચાતુર્માસ ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત કરવામાં આવશે. આપની 'મહતરા', 'જૈન ભારતી' વગેરે પદવીઓ આપના મહાન કાર્યોની સામે અત્યંત સ્વલ્પ લાગે છે. મનુસ્મૃતિમાં કહેવાયું છે.

'યત્રનાર્યસ્તુ પૂજયન્તે, રમન્તે તત્ર દેવતા:' । શ્લોક પ્રમાણે નારીની પૂજા કરવી એ પ્રત્યેક મનુષ્યનું કર્તવ્ય છે. નીતિકારોએ કહ્યું છે કે, 'અપૂજ્યા : યત્ર પૂજયન્તે, પૂજયાનાં ચવ્યતિક્રમ: ભવન્તિ તત્ર ત્રીણ્યે વ, દુભિક્ષં, મરણંભયમ્'. આ શ્લોક અનુસાર જે વ્યકિત પૂજનીય છે, એની પૂજા અવશ્ય કરવી જોઇએ. આપે આપના મહાન કાર્યો વડે જિનશાસનની સેવા કરી છે, તે સદાય અવિસ્મરણીય રહેશે.

દિલ્હી શ્રીસંઘે વલ્લભ સ્મારક યોજનાને સાકાર રૂપ દેવામાં જે અથાગ પરિશ્રમ અને તન, મન અને ધનથી જે સહયોગ આપ્યો છે તે અત્યંત પ્રશંસનીય છે. આ મહોત્સવની પૂર્ણ સફળતા માટે હું મારી હાર્દિક શુભ કામનાઓ પાઠવું છું. અને આશા રાખું છું કે, આપની શુભ નિશ્રામાં બધા ગુરુભકતો મળીને વલ્લભ સ્મારક યોજનાને પૂર્ણ રૂપ આપવા કોઇ કસર નહીં રાખે અને સ્વર્ગસ્થ ગુરુદેવના સ્વપ્નને શીઘ્ર સાકાર કરશે.

|વિજયેન્દ્રદિન્નસૂરિની અનુવંદના. (બીકાનેર)

૧૩-૬-૧૯૮૦.

પરમ પૂજ્ય સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજી મહારાજ-ચરણકમળમાં વંદના.

આપના સ્વાસ્થ્ય સમાચાર જાણી ચિંતા થઇ છે. રાજકોટ-સરધારના ચાતુર્માસ દરમ્યાન અહીં ડૉ. શિવાનંદ અધ્વર્યુ (વીરનગર) દ્વારા આપનો પરિચય થયેલ. આપે મને પ.પૂ. પંન્યાસજી ભદ્રંકરવિજયજીનો પરિચય કરવા પ્રેરણા આપેલ. તે ઉપકાર હું જિંદગીભર નહિ ભૂલી શકું.

પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજ સાથે તેર-ચૌદ વર્ષના સતત સમાગમથી જીવનમાં પરિવર્તન આવ્યું છે અને નમસ્કાર મહામંત્રની આરાધના ખૂબ જ પ્રસન્નતાથી ચાલી રહી છે.

આપ હવે આપની જન્મભૂમિ સરધાર-રાજકોટ જરૂર વહેલાં પધારો એવી વિનંતિ છે.

આપનું સ્વાસ્થ્ય સારું બની રહો એજ પ્રાર્થના મારા લાયક કામસેવા જરૂર ફરમાવશો.

આપની નિશ્રાવર્તી સાધ્વીજીઓ સુખશાતામાં હશે. સર્વેને વંદના. સુખશાતા પૂછશોજી.

શશિકાન્ત મહેતાના વંદન.
૩૪, કરણપારા, રાજકોટ-૧.

૩૧-૧-૧૯૮૫.

ધર્મનિષ્ઠ, દેવગુરુધર્મોપાસક, શિક્ષણપ્રેમી, સાહિત્યકાર, સુશ્રાવક ભાઇ શ્રી પ્રો. રમણલાલભાઇ, આદિ સપરિવાર સાદર ધર્મલાભ.

પૂજ્ય ગુરુદેવની કૃપાથી અમે બધાં સુખશાતામાં છીએ. તમે પણ સપરિવાર આનંદમાં હશો. તમે મોકલાવેલ પુસ્તકો ભાઇશ્રી શૈલેશભાઇએ આપ્યાં છે. તમે રચેલ સાહિત્ય ખૂબ જ રસિક, બોધપ્રદ અને જનકલ્યાણોપયોગી હોય છે. આપે પહેલાં પણ 'પ્રદેશે જયવિજયના' અને 'ધન્નાશાલિભદ્ર ચોપાઇ' પુસ્તકો મોકલ્યાં છે. 'પ્રદેશે જયવિજયના' પુસ્તક અમને ખૂબ ગમ્યું છે. એ પુસ્તકની શૈલી રોચક છે. 'એવરેસ્ટનું આરોહણ', 'ઉત્તરધ્રુવની શોધસફર' અને 'પાસપોર્ટની પાંખે' આ પુસ્તકો પણ શૈલશભાઇ સાથે મોકલશો.

અમારાં શ્રાવિકા શ્રીમતી તારાબહેન, ચિ. બહેન શૈલજા અને ભાઇ શ્રી અમિતાભને અમારા ધર્મલાભ કહેશો. તમારું નાનકડું કુટુંબ સંસ્કારી અને શિક્ષિત પરિવાર છે.

બાળકોને મળવાની અમારી ખૂબ જ ઇચ્છા છે. કયારેક તક મળે તો જરૂર તેડી લાવશો. તમારા ગુણો માટે અમારા મનમાં વિશેષ માન છે. તમને સૌને અમે ખૂબ યાદ કરીએ છીએ. ધર્મકાર્યોમાં આદર રાખજો. સ્નેહસદ્ભાવમાં વૃદ્ધિ કરજો.

તમારાં બધા પુસ્તકો સ્મારકની લાયબ્રેરીમાં મૂકી દીધાં છે. બધા લાભ લેશે.

લિ: મૃગાવતીના સાદર ધર્મલાભ.
શ્રી વલ્લભસ્મારક

૨૯- ૭- ૧૯૮૬

સાધ્વી સુવ્રતાશ્રીજી, સુયશાશ્રીજી, સુપ્રજ્ઞાશ્રીજી યોગ અનુવંદના. દેવગુરુની કૃપાએ સુખશાતામાં હશો.

તમારો પત્ર લાલાશ્રી શાંતિલાલજી સાથે મળ્યો. તમારા ગુરુણીજીના સ્વર્ગવાસના આઘાતજનક સમાચાર અહીંના સ્થાનિક વર્તમાન પત્રમાં વાંચવામાં આવતાં મેં તરત જ પત્ર લખ્યો હતો. તેમજ ટેલેક્ષ કરવા સૂચના કરી હતી. તમને તો અતિશય વેદના અને મુંઝવણ થાય તે સમજી શકાય એવી ચીજ છે. જ્યારે મારા પિતાશ્રીનો શંખેશ્વરજીમાં સ્વર્ગવાસ થયો ત્યારે ઉપર આભ અને નીચે ધરતી જેવી મારી સ્થિતિ થઇ ગઇ હતી. માત્ર ભગવાનનો જ એક આધાર હતો. તે વખતે કેવી અત્યંત વિહ્વલતા થાય છે. તેઓ મને અનુભવ છે એટલે તમારી સ્થિતિની કલ્પના બરાબર થઇ શકે છે.

આટલું મોટું સ્મારકનું પ્રચંડ કામ, દિલ્હી જેવું સાધુ-સાધ્વીસંઘથી દૂરવર્તી સ્થાન, કાર્યોની વ્યવસ્થા અને આયોજન-આ બધી સમસ્યાઓ છે. ભગવાનનું તથા તમારા ગુરુણીજીનું સ્મરણ-શરણ કરીને કાર્ય કરશો. એ અદ્રશ્ય રહીને પણ સહાય કરશે તથા માર્ગદર્શન આપશે.

લાલાજીનું સમગ્ર કુટુંબ અને પંજાબી સંઘ તમારા પ્રત્યે અત્યંત પૂજ્યભાવ ધરાવે છે. તમને બધી રીતે સહાયક થાય તેવાં છે.

તમે મોકલેલી વસ્તુઓ મારી પાસે પણ, જરૂર કરતાં ઘણી વધારે છે. છતાં તમારા સ્વ. ગુરુણીજીએ સદ્ભાવથી ખાસ મોકલેલી છે તેમ લીલાવતીબેને કહ્યું છે એટલે બધી વસ્તુઓ આનંદથી સ્વીકારી લીધી છે.

બીજી જે વસ્તુ મોકલી છે તેનો ઉપયોગ જીવદયા કે સહાય માટે જ ખાસ કરીને (અવસરે) કરવામાં આવશે.

ગ્રંથના સંશોધનની બાબતમાં જ્યારે તમારું ચિત્ત બરાબર સ્વસ્થ થાય ત્યારે કરશો. ઉદ્વાઈ સૂત્ર પણ ખાસ કરવા જેવું છે. એ અત્યંત ઉપયોગી પણ સંશોધનમાં અમુક દૃષ્ટિએ થાય તેમ છે. તમને જે કરવામાં સરળતા રહે ઉલ્લાસ આવે તે કરશો.

તમારા ગુરુણીજીએ ઘણી આરાધના કરી છે અને કરાવી છે. પંજાબના સંઘને તો આધારભૂત-સ્તંભ જેવાં હતાં. પ્રભુ તેમના આત્માને પરમશાંતિ આપો.

દ. જંબૂની અનુવંદના.

(પૂ. જંબૂવિજયજી મહારાજ સાહેબ)

(રાજકોટ)

॥ जयन्तु वीतरागा ॥

સંવત ૨૦૨૦, ફાગણ સુદ ૮

શાંત્યાદિગુણોપેત વહાલાં માજી યોગ્ય તથા બહેનો શ્રી મૃગાવતીશ્રીજી, શ્રી સુજયેષ્ઠાશ્રીજી, શ્રી સુવ્રતાશ્રીજી યોગ્ય સસ્નેહ સબહુમાન વંદનાનુવંદના સુખશાતા. અહીં ધર્મપસાયે અને માજીની આશિષથી હું સુખશાતામાં છું.

આગમો કે ધર્મકથાઓ વગેરે વાંચતા રહેજો. બધું કદાચ ન સમજાય તો પણ દરેક શાસ્ત્રમાં બુદ્ધિશાળીને ઘણું જાતે જ સમજાય એવું હોય છે. માટે શાસ્ત્રાવગાહનનો વ્યાસંગ છોડશો નહિ અને દરેક જાતના ગ્રંથો વાંચતાં રહેજો. ખાસ કરીને હરિભદ્રસૂરિ અને યશોવિજયજીના ગ્રંથો વાંચતાં રહેશો. તર્કગ્રંથો પોતાની મેળે વાંચવા ન ફાવે પણ બીજા ગ્રંથો તો વાંચી જ શકાય. તો જ્ઞાનાદિમાં ઉદ્યમવંત રહેશો. ધર્મસ્નેહમાં વૃદ્ધિ કરશો. માજીને ઘણી ઘણી શાતા કહેજો.

લિ. મુનિ પુણ્યવિજય તરફથી સસ્નેહ સબહુમાન વંદના. (અમદાવાદ).

૨૨-૨-૮૬

શાસનપ્રભાવિકા સાધ્વીજીશ્રી મૃગાવતીશ્રીજી આદિ યોગ અનુવંદના દેવ-ગુરુકૃપાએ સુખશાતામાં હશો. તમારો પત્ર લાલા નરેન્દ્ર પ્રકાશજીએ આપ્યો. અંતગડસૂત્રની બાબતમાં મને ચોક્કસ ખ્યાલ નથી, પણ પં. અમૃતભાઇ ભોજકે ઉપાસક દશાંગ આદિનું કામ કરીને રાખેલું છે. આવી ઘણીવાર વાત થઇ છે. તો તેમને પહેલાં પૂછાવી જોશો વળી જેસલમેર તથા ખંભાતમાં અંતગડની ઘણી પ્રતિઓ છે. એટલે બધી પ્રતિઓના ફોટાઓ લેવામાં કેટલીક મુશ્કેલીઓ છે.

એક કામ કરો. ત્યાં જે કાગળની પ્રતિઓ છે તેમાંથી અંતગડસૂત્ર મૂળ તથા ટીકાની જે પ્રાચીન પ્રતિઓ હોય તે શોધી કાઢો અને તેના આધારે અંતગડને તૈયાર કરો. પછી મારા ઉપર મોકલી આપો. તેમાં જે સંસ્કાર કરવા જેવા હશે. તે હું ફિલ્મને મશીન ઉપર ચડાવીને જોવી હશે તો જોઇને પણ કરી લઇશ. ટીકામાં જે નોંધ કરવાની હોય તે પણ કરશો. પ્રારંભમાં બે- ચાર પાનાં તૈયાર કરીને મોકલશો તો ય ચાલશે. જેથી તેના આધારે તમારી પધ્ધતિનો ખ્યાલ આવી જશે, સૂચના કરવા જેવું જણાવાશે. ઉપરાંત બીજા કોઇ ગ્રંથને તૈયાર કરવા ભાવના હોય તો હરિભદ્રસૂરિજી મહારાજના ગ્રંથો અષ્ટક ષોડશક- યોગબિંદુ વગેરે આધુનિક પદ્ધતિથી કરવા જેવા છે. હેમચંદ્રસૂરિજીના મહારાજના ગ્રંથો પણ ઘણાં સંસ્કાર માગે છે. તમારું કયા વિષય ઉપર કેટલું પ્રભુત્વ છે તે હું જાણતો નથી. મારા સંપાદિત કરેલા યોગશાસ્ત્ર (સટીક)ના ભાગો તમારી પાસે છે કે કેમ ? તે જોવાથી સંપાદન પદ્ધતિનો કેટલોક ખ્યાલ આવશે.

તમારી તબિયત સારી હશે. મસા માટે આધુનિક ઘણી સરળ પદ્ધતિઓ નીકળી છે. નરેન્દ્રપ્રકાશજીને મેં કહ્યું છે.

અહીંથી લોલાડા જવા ભાવના છે. બે - ત્રણ મહિના સુધી ત્યાં પત્રવ્યવહાર કરશો તો ચાલશે.

દ. જંબૂની અનુવંદના (જંબૂવિજયજી મહારાજ સાહેબ)
(શંખેશ્વર)

તા. ૯-૯-૧૯૭૩

આદરણીય સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજી,

આપ સૌ કુશળ હશો. આપને મળ્યાને લગભગ મહિનો થવા આવ્યો. મુનિ શ્રી રાકેશજીએ આપેલ સરનામું અને મહારાજશ્રી સંતબાલની ભલામણથી આપનાં દર્શનનો લાભ મળેલ. આપનાં સૌજન્ય અને નિખાલસતાથી હું ઘણો પ્રભાવિત થયો હતો.

સાધુસંતોના આચરવિચાર અને યુગધર્મની માંગની વાતોમાં બાપુજી (મહાત્મા ગાંધી)ની વાતો આવી. ત્યારે ત્યાં બેઠેલા આપની સાથેના ભાઇબહેનોના ભાવો ઊંડી છાપ પાડનારા હતા. ટૂંકમાં અસરકારક રીતે આપે બધા ધર્મોનું પૃથ્થકરણ કરી બતાવેલ અને બધા જીવોને એકસરખા જણાવેલ ત્યારે સૌ હાજર શ્રોતાજનો સ્તબ્ધ બની ગયેલા, તે પ્રસંગને યાદ કરું છું અને તેને હું એક ધન્ય ઘડી માનું છું.

પછી આપે એક સજ્જન પાસે શ્રી રાજકુમારજી ઉપર ચિઠ્ઠી લખાવી આપી જે મુનિ શ્રી જનકવિજયજી પાસે પહોંચવામાં ભારે ઉપયોગી બની. તે માટે હું આપ સૌનો આભાર માનું છું. આપ તથા એ સૌ મિત્રોની સેવામાં મારા પ્રણામ પાઠવું છું.

લિ. ગુલામ રસૂલ કુરેશીના પ્રણામ

ઇમામ મંઝિલ, હરિજન આશ્રમ, અમદાવાદ

॥ શ્રી આત્મવલ્લભ સદગુરુભ્યોનમ ॥

ધર્મનિષ્ઠ, દેવગુરુધર્મોપાસક, ગુરુ વલ્લભના પરમ ઉપાસક શ્રી શૈલેશભાઇ કોઠારી,આપ અઠવાડિયામાં બે સામાયિક, સ્વાધ્યાય, સદ્‌વાચન જરૂર કરશો. ધર્મકાર્યમાં આદર રાખશો. ત્રણે બાળકોને તથા બહેન પ્રતિભાને સાથે લઇને અઠવાડિયામાં એક વાર કોઇ પણ મંદિરે જશો. બાળકોમાં સંસ્કાર પડે. ધર્મભાવનામાં વૃધ્ધિ થાય. મહિનામાં એક વાર ભાયખલા પૂ. ગુરુદેવના સમાધિમંદિરે પણ જશો

બાળકોની સાથે રાતે હમેશાં ૧૦-૧૫ મિનિટ બેસવું. તેઓને અભ્યાસની પ્રગતિ વિશે પૂછવું વળી બીજી કોઇ ફરિયાદ હોય તો સાંભળવી તેઓની સાથે મનોરંજન કરવું. બાળકો પ્રત્યે પિતાનું કર્તવ્ય પાલન ખૂબ જરૂરી છે. હજી નાનાં છે, બે વર્ષ આપનું સાંભળશે. માટે તેઓના મનની બધી વાતો જાણવી- સાંભળવી જરૂરી છે. બાની પાસે પણ ૫- ૧૦ મિનિટ બેસવું

જેણે જિનવાણીનું અમૃતપાન કર્યું હોય તેને પછી ખારું પાણી ન જ ગમે. તે તરફ વધુ વળવાનો પ્રયત્ન કરશો, સાચું તે જ છે. ધર્મનું શરણ સાચું છે. આ અમૂલ્ય જીવન આધ્યાત્મિક ઉત્થાન માટે જ છે. આપનામાં જે સરળતા, ઉદારતા, બીજાનાં માટે ઘસાવું, વીતરાગ પ્રભુ પ્રત્યેની શ્રધ્ધા વગેરે ગુણો સરાહનીય છે. તે માટે મને માન છે.

ભાઇ, આપને જે શકિત સૂઝબૂઝ મળ્યાં છે. તેનો આપ રચનાત્મક શુભ કાર્યોમાં ઉપયોગ કરશો. પ્રભુએ આપને ઘણું ઘણું આપ્યું છે, પૂરી અનુકૂળતા છે. આવો રૂડો રે મઝાનો અવસર નહીં રે મળે !
લિ. સાધ્વી મૃગાવતીના સાદર ધર્મલાભ.

૪-૪-૧૯૭૬
પરમપૂજય, જીવનસાધક, લોકોપકારક સાધ્વીજી મહારાજ,

મારી તથા અમારા આખા કુટુંબની સાદર વંદના સાથે લખતાં ખૂબ જ આનંદ થાય છે કે, તારીખ પ્રમાણે આજે આપના ઉજજવળ, પવિત્ર અને યશનામી જીવનનાં ૫૦ વર્ષ પૂરાં થાય છે. અને આપ એકાવનમા વર્ષમાં મંગળ પ્રવેશ કરો છો. ત્યારે નમ્રતા, સરળતા, વિવેકશીલતા, કરુણાપરાયણતા અને સહૃદયતા આદિ આપના અનેકાનેક ગુણોનું તેમ જ જીવનસ્પર્શી વિદ્વતા, હૃદયસ્પર્શી વકતૃત્વકળા અને પ્રશાંત નિર્ભયતા આદિ અનેક શકિતઓનું સ્મરણ કરીને આપનું અંતરથી અભિવાદન તથા અભિનંદન કરીએ છીએ અને સમાજના ભલા માટે આપ આંતરિક શાંતિ, સમતા અને તંદુરસ્તીભર્યું દીર્ઘજીવન ભોગવીને અધિકાધિક યશના ભાગી બનો એવી પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ.

ચાર અઠવાડિયાં પહેલાં આપના સુખવર્તીના સમાચાર શ્રી લાલાસુંદરલાલજીએ અહીં આપ્યા હતા. વિશેષમાં એમણે પણ જણાવ્યું હતું કે, આપ પૂજય આચાર્ય મહારાજનું સ્મારક રચવાના કર્મયોગમાં પૂર્ણ યોગથી લાગી ગયાં છો અને એમાં ઊંઘ તથા આરામને પણ વિસરી ગયાં છો.
લિ. રતિલાલ દીપચંદ દેસાઇની સાદર વંદના (અમદાવાદ)

૩૦- ૮- ૧૯૭૭

સાધ્વીરત્ન શ્રી મૃગાવતીશ્રીજી

ખરેખર તો આપના નામની અંદર જ જૈન ઇતિહાસની એક પ્રાચીન જ્યોતિર્મયી ગરિમા રહેલી છે.

શાન્ત, શુચિ, સૌમ્ય જીવન, મૃદુ વાણી અને વ્યવહાર, હૃદયના ઊંડાણને સ્પર્શી જનાર પ્રવચન ધારા, વિખરાયેલા મનને જોડી આપનાર સ્નેહભીનું ચિંતન, સંપ્રદાય વિશેષમાં રહીને પણ સાંપ્રદાયિક દુરાગ્રહોથી મુક્ત એવાં આદરણીય સાધ્વીજી ! આપનું વ્યક્તિત્વ અદ્‌ભુત છે!

જૈન સંઘ, કોઇ પણ પ્રકારની સાંપ્રદાયિક ભેદબુધ્ધિ વગર આ જ્યોતિર્મય સાધ્વી માટે યુગયુગ સુધી ગૌરવ અનુભવશે.

યશસ્વી ચિરજીવન માટે હાર્દિક શુભકામના.

-ઉપાધ્યાય અમર મુનિ.

(વીરાયતન, રાજગૃહી, બિહાર)

જય ગુરુદેવ

સૌજન્યમૂર્તિ, શાંત સ્વભાવી, વાત્સલ્ય વારિધી, શાસનદીપિકા, સદા આનંદી, શાસન ચંદ્રિકા, પ્યારી બહેનજી શ્રી મૃગાવતીજી અને તમારી શાંત, દાંત અને ગુણગંભીર શિષ્ય મંડળીને સ્નેહસ્મરણ.

આજે અચાનક આ અક્ષરો વાંચી તમારે તમારી સ્મૃતિને થોડી તકલીફ આપવી પડશે કારણ કે, આપણાં સ્નેહમિલનને ઘણાં વર્ષો વીતી ગયાં છે. આપે હજારો માઇલના વિસ્તારને આપના ચરણારવિંદથી પાવન કરેલ છે. અનેક ભકતોને પાવન કરેલ છે. અનેક સમાજોપયોગી કાર્યો કરી ભકતોના હૃદયમાં અજોડ સ્થાન પ્રાપ્ત કરી ચૂકયાં છો! અનેક ગુરુભકિતનો કેવો અદ્‌ભુત મહિમા છે ! અનેક ગુરુભકતોના મનમાં આપે ચમત્કાર સર્જી દીધો છે. આપના સ્વભાવની મધુરતા, કાર્યદક્ષતા, ઉદારતા, વાણીની સૌમ્યતા ખરેખર એક આદર્શરૂપ છે. વર્ષો વીતી ગયાં છે, છતાં અમે તમને ભૂલી નથી શકયાં.

આપના સમાચાર સૌજન્યમૂર્તિ ભાઇ શ્રી વજુભાઇ બદાણી મારફત મળતા રહે છે.

તમારા સમાચાર સાંભળી મન ખુશીથી ભરાઇ જાય છે. વ્યકત કરવું મુશ્કેલ છે! અનુભવની વાત છે. આપણું મિલન એ ખરેખર અદ્‌ભુત યોગ હતો. જે સદાયને માટે યાદ રહી જશે. અત્યારે સાક્ષાત મળવાનું તો શકય લાગતું નથી, છતાં જયારે જયારે તમારું સ્મરણ થાય છે. ત્યારે પાસે પાસે બેઠાં હોઇએ એવી લાગણી થાય છે.

તમારું સ્વાસ્થ્ય સર્વદા કુશળ રહે એવી અંતરની મંગલકામના છે. તમારી શિષ્યમંડળી પણ આનંદમાં હશે. થોડા સમય પહેલાં આપની નાદુરસ્ત તબિયતના સમાચાર વર્તમાનપત્રમાં વાંચ્યા હતા. ખૂબ જ ચિંતા થાય છે.

શાસનદેવની કૃપાથી ગુરુભગવંતોની અનંત દયાથી આપનું સ્વાસ્થ્ય પુનઃ સારું થઇ જાય એવી પ્રાર્થના છે.

સમય સમય પર તમને યાદ કરનાર તમારી બહેન,

સાધ્વી પ્રમોદ સુધા.

૯-૧-૧૯૮૪

ચિ. પ્રિય ભાઈ અનીશ,

સાદર ધર્મલાભ

ભાઈ, તમને જોયા નથી છતાં પત્ર લખવાનો ભાવ થયો છે. મેં છેલ્લા પત્રમાં શ્રી શૈલેશભાઈને લખેલ કે ત્રણે બાળકોને લેતાં આવશો. આ વખતે મેં મમ્મી અને પાપાને કહ્યું છે. તમને સૌને જોવાનું ખૂબ જ મન છે. જે પ્રભુની કૃપાથી અંજળે પૂરું થશે. દૂર બેઠાં મને તારું તેજસ્વી જીવન, તેજસ્વી વાતો સાંભળી આનંદ થાય છે. તમો તથા બેન સેજલ બન્ને બે દિવસ આવી જશો. ખૂબ જ આનંદ થશે. વિશેષ વાતો રૂબરૂમાં.

તમો ત્રણે ભાઈબહેન ભણવામાં ખૂબ ધ્યાન રાખશો. ખૂબ જ મહાન બનો એ જ મારા હાર્દિક આર્શીવાદ છે. પ્રાતઃ નવકારમંત્ર હમેશાં ગણવા અને ઉપર જે નામ લખેલ છે તે નવ વાર નામ લેવું. ખૂબજ ભણો. હોશિયાર થાઓ. શુભાશિષ સાથે.

લિ. સાધ્વી મૃગાવતીના સાદર ધર્મલાભ

શ્રી વલ્લભ સ્મારક, દિલ્હી

૧૨- ૧- ૮૬

ચિ. પ્રિય બેન સેજલ

સાદર પ્રણામ

બેન, હવે તું સાસરે જઈ રહી છો. હવે બાળપણના દિવસો ખૂબ જ લાડમાં વિતાવીને એક નવી ગૃહસ્થાશ્રમની અજાણભૂમિમાં પ્રવેશ કરી રહી છો. તારો આ મંગળમય સાનંદ સફળ હો ! હર પ્રકારે સુખી રહો ! મમ્મી અને પપ્પાને ખૂબ જ લાગશે, પણ તું ડાહી છો. તેઓ ફિકર ન કરે તેમ કહેજે. પપ્પાની ઈજ્જત આબરુને ચાર ચાંદ લગાડજે. તારાં સાસુ- સસરા એ જ સાચાં માતા પિતા છે. ચિ. ભાઈ અમિત પણ ખૂબ સમજુ છે, તેના માર્ગદર્શન પ્રમાણે ચાલજે. ખૂબ જ ગંભીર, સહનશીલ બનજે, વિનય વિવેક, ગુણોને તારા જીવનમાં વણી લેજે. મારા આર્શીવાદ હમેશાં તારી સાથે છે અને રહેશે. પૂ. ગુરુદેવજીનું નામ. અને નવકારમંત્ર ગણતી રહેજે. એજ તને સફળતા આપશે. તારી રક્ષા કરશે. પત્ર લખતાં મારું દિલ ભરાઈ જાય છે. ખૂબ ડાહી છો અને વધુ થજે. ધર્મની ભાવના હમેશાં રાખજે. જે વ્યકિત ધર્મની રક્ષા કરે છે, તેની ધર્મ પણ રક્ષા કરે છે. ભાઈ અમિતને અમારા સાદર ધર્મલાભ કહેજે.

લિ. સાધ્વી મૃગાવતીના સાદર ધર્મલાભ

(શ્રી શૈલેશભાઈ કોઠારીની સુપુત્રી ચિ. સેજલના શ્રી અમિત સાથે લગ્ન થયાં તે પ્રસંગે લખેલો પત્ર.)

# नारी शक्ति का प्रतीक

**□ मुनि श्री नवीन चन्द्र विजय जी**

नारी शक्ति की वह पताका,
जब तक जीवन है प्रवहमान।
रहेगी फहरती, इठलाती,
नीचा न कर सके युग प्रवाह॥

नारी का अर्चन होता जहाँ,
सुख, चैन बसर होता वहाँ।
जहां प्रताड़न होता उसका,
सुख का न लवलेष वहाँ॥

नारी को न आंको अबला,
वह महाशक्ति महा चेतना।
वह निर्मात्री इस जग की
लाती इस भू पर महा प्रेरणा॥

निखिल जगत में शाश्वत वही,
आवृत्त है ब्रह्माण्ड उसी से।
कुसुमों से कोमल, वज्र भी,
कण-कण है अभिसिक्त उसी से॥

प्रेम की गंगा, दिव्य ज्योति वह,
थी 'महत्तरा' उसकी प्रतीक।
साध्वी चंदना की स्वर्ण परम्परा,
करा दिया पुनः जागरण प्रतीत॥

# श्री मृगावतीजी म. की संस्तावना (प्राकृतमां)

## ❑ श्री भंवर लाल नाहटा

★ गुणगण मणि सुनिहाणा जणणी जस्स सीलवई अज्जा।
वेरग्ग रंग रंजिय किसोर वये चारित्त गहणत्थ॥
★ जुगवीरो आयरिओ सव्व गच्छ समभाव धर पवरो।
गहिय सह पवज्जा गुरु वल्लह सूरि कर कमले॥
★ कलिकाया महाणयरे पज्जोसवण पवयणो सुकओ।
सुविहिय संधाराहण कारविय सुकित्ति वित्थारो॥
★ जाओ महप्पभावो संविग्ग रंग, पवड्ढमाण पच्चक्खो।
कंगड़ कोट्टुद्धरिओ सुसम्म निव कय नेमि जिण काले॥
★ ढिल्लयां वल्लह भुवणं बहु वित्थर आरंभिओ जेण।
चण्डीगढ़े मेरुसमो जिणाल्लयो सुह रायहाणीसु॥
★ जसवंतराय विज्जो कहिय मिणं संथवण कज्जे।
हा! खेय, पत्त पंचत्त अनिसुणिय गाहा पंचगा एसा॥

१. गुणों के समूह रूप रत्नों की निधान, आर्या श्री शीलवती जिनकी जननी थीं, ऐसी किशोर वयस्का (मृगावती श्री जी) चारित्र ग्रहण के हेतु वैराग्य रंग में रंजित हो गईं।

२. सर्व गच्छों के प्रति समभाव धारण करने वाले, युगवीर आचार्य श्री विजय वल्लभ सूरि जी गुरु महाराज के कर कमलों से माताजी के साथ ही आपने भगवती प्रव्रज्या ग्रहण कर ली।

३. कलकत्ता महानगर में जिन्होंने (गुरु महाराज के आदेश से) सुविहित खरतर संघ को पर्युषण पर्वाराधन प्रवचनादि देकर कराया, जिससे कीर्ति का विस्तार हुआ।

४. आर्या श्री का संवेग रंग प्रत्यक्ष बढ़ा और महान प्रभावशालिनी हुईं। आपने नेमिनाथ तीर्थंकर के समय में नरेश्वर सुशर्मा के स्थापित किए तीर्थ, नगरकोट कांगड़ा का उद्धार किया।

५. आपने दिल्ली में गुरु महाराज श्री विजय वल्लभ सूरि के स्मृति भवन का भागीरथ कार्य प्रारम्भ किया और पंजाब की राजधानी चण्डीगढ़ में भी शुभ जिनालय मेरु पर्वत की भांति खडा किया।

६. राज वैद्य जसवंत राय जैन ने यह स्तवना करने के लिए निर्देश किया, किन्तु खेद है कि वे इन ५ गाथाओं को सुने बिना ही पंचत्व को प्राप्त हो गए।

# श्री महत्तरा मृगावती जी की याद

**□ स्व. प्रो. राम जैन, दिल्ली**

श्री मृगावती जी प्रवर्तिनी, शुभ वन्दना सौ बार हो।
चारित्र का सत्कार हो, अति निकट भव निस्तार हो॥

चारित्र-धनु और ज्ञान-शर ले धर्म-रथ आसीन थी।
थी शील पुत्री, शील शिष्या, शील राज्याधीन थी॥

थी कल्पतरु की कल्पछाया प्राप्त कर शीतल बनी।
ले भक्ति-वारि समुद्र का, वे स्फटिक सम निर्मल बनी॥

आतमपुरी के इन्द्र का वरदान उनको था मिला।
था कांगड़ा के भक्ति-सर में यश-कमल उनका खिला॥

गुरुदेव धर्म-महारथी, स्यन्दन बना निर्वाण का।
श्री संघ है शुभ सारथी, है अस्त्र आगमज्ञान का॥

इस तरह से धर्मरथ का है प्रवर्तन हो गया।
प्रवर्तिनी का पद तुम्हें गुरुदेव द्वारा मिल गया॥

आज्ञा हुई गुरुराज की, स्मारक को सब अर्पण किया।
क्या क्या करिश्मे कर दिखाये, भीष्म जैसा प्रण किया॥

इतिहास में स्वर्णक्षरों में जब लिखा वह जायेगा।
एक साध्वी एक मानवी की शक्ति को दर्शायेगा॥

यह कालधर्म भी आपका एक चमत्कार बना रहा।
प्रभु पार्श्व श्री शंखेश्वर, साक्षात्कार बना रहा॥

तेरी समाधी जिसने देखी, सबने अभिनन्दन किया।
जीवन तुम्हारा धन्य था, विष को सदा चन्दन किया॥

अच्छा, वियोगी आत्मा! स्वीकार लो बस वन्दना।
तेरी तपस्या बन सकेगी, शीघ्र भव-भय-भंजना॥

अपनी सुशिष्या सुव्रता पर, दया करना सर्वदा।
वह शक्ति देना महत्तरा! वह भी बने महती सदा॥

# स्वर्गीय महत्तराजी से

□ नाजर जैन, चण्डीगढ़

(चाल :- दे दे प्यार दे, प्यार दे.........................)

दे दो दर्श दो, दर्श दो, महत्तरा जी हमें दर्श दो।
एक बार तो झलक दिखाओ, चाहे फिर छिप जाना,
निकल आओ बनकर के पूनम, प्यार के मोती लुटाना।
दे दो दर्श दो..........

तेरे बिन चमनों के तेरे फुल कलि कमलाएं,
कौन सुनाए गीत फूलों को, कौन इन्हें मुस्काराऐ।
दे दो दर्श दो..........

बेरौनक हे आज स्मारक, चुप है सारे पक्षी,
चुप रजनी, चुप-चाप प्रातः चुप है प्यार की बस्ती।
दे दो दर्श दो..........

कल तक था पाँचों का संगम, बन गई आज त्रिवेणी,
पहले टूटी कलि डाल से, टूट गई फिर टहनी।
दे दो दर्श दो..........

कर्म के आगे हार गए सब, गगन भी है निर्दोष,
किस पर रोस करें "महत्तरा जी" किसको दे हम दोष।
दे दो दर्श दो..........

अगर पता होता कि जाना, प्यार सोचकर पाते,
वियोग में न कोई आहें भरती, न गम दिल पर लाते।
दे दो दर्श दो..........

पूर्व, पश्चिम, उत्तर, दक्षिण, छान मारा संसार,
"गुरु वल्लभ" की दिवानी सा, मुश्किल मिलेगा प्यार।
दे दो दर्श दो..........

"महत्तरा जी" ऐ जैन भारती, कौम की ऐ सरताज,
देवलोक में बैठे रखना, 'नाज़र' कौम की लाज।
दे दो दर्श दो..........

# श्रद्धांजलि

### ☐ महेन्द्र कुमार मस्त

वह महान तेजोमयी तथा युगदृष्टा
साध्वी मृगावती श्री जी
जो परम्परा थी इस युग की आदि साध्वी
ब्रह्मा व सुन्दरी की
जो परम्परा थी चन्दनबाला की
और जो मिसाल थी मध्य युगीन
याकिनि महत्तरा की

वह मृगावती जो सुनाया करती थी
यशो विजय आनन्दघन व श्रीमद राजचन्द्र
जो कहा करती थी-स्वाध्याय करो
और जागृत करो कुण्डिलिनी
वह जो पथानुगामी थी आत्म वल्लभ की
और उनके आदर्शों की

वह मृगावती जो जन्मदायिनी थी
कांगड़ा, लहरा और वल्लभ स्मारक
से तीर्थों की
वह जो स्मारक बनाते-बनाते
खुद एक स्मारक हो गई
वह जिसने दी, नई विचार दृष्टि
और भावी पीढ़ियों को दे गई
मंदिर माता पद्मावती

वह मृगावती जिससे शिलान्यास किया
उत्तर भारत के सबसे बड़े
कैंसर अस्पताल का
और महादेव की तरह खुद पी लिया जहर
इस भयंकर रोग का ताकि
मावन मात्र इससे छुटकारा पा सके

ऐसी महान तेजोमयी तथा युग दृष्टा
साध्वी मृगावती श्री जी
जिसे पाने के लिए भारत माता
रुपी नर्गिस ने हजारों साल तपस्या की
व दोबारा सदियों तक न होंगे
जिसके दर्शन
उसके पावन चरण कमलों में
सादर सश्रद्धा सभक्ति
नमन व समर्पित है
श्रद्धाँजलि!

# स्मृति

**☐ सन्तोष, दिल्ली**

परम विदूषी मृगावती जी, कैसी जन कल्याणी थी।
मरूधर में बहती हो सरिता, ऐसी उनकी वाणी थी॥

तप संयम की देवी थी वह, मानवता की मूरत थी।
मन्दिर की प्रतिभा हो जैसे, ऐसी दिलकश सूरत थी॥

नयनों से था नेह छलकता, सहज ही मन को छू जाए।
दर्श करे इक बार जो प्राणी, बस फिर उनका हो जाए॥

युग-युग धरती तप करती है, ऐसी कली तब खिलती है।
मधुबन जिससे महक है उठता, शीतल छाया मिलती है॥

कैसे करूं गुणगान तुम्हारा, शब्दों की बारात नहीं।
सागर को बाहों में भरना, मेरे बस की बात नहीं।

कांगड़ा तीर्थधाम बना था, जब तूने उद्धार किया।
लहरा में लहराया झण्डा, जब तूने उपकार किया॥

पंजाब की धरती पर विचरी थी, गुरु का वचन निभाने को।
वल्लभ की फिर याद दिलाने, वल्लभ के दीवाने को॥

मान मिला सम्मान मिला बहु, फिर भी मान नहीं आया।
फूलों से झुक जाती डाली, कुछ ऐसा मन को भाया॥

गुरु भक्ति के रंग में रंगी, उनकी परम आराधक थी।
होम दिया था जिसने जीवन, ऐसी अद्भुत साधक थी॥

वल्लभ ज्योति जग में फैले, शुचि ऐसी अभिलाषा से।
स्मारक की भी नींव थी रखी, कितनी ऊंची आशा से॥

पूर्व की किरणों ने जग को, सदा दिया उजिराया है।
तूने भी यह रीत निभा कर, देश का रूप निखारा है॥

तेरे श्रम से दिल्ली को भी, तीर्थ का वरदान मिला।
स्मारक पे जिन ध्वज लहरा, और श्री संघ को सम्मान मिला।

ज़र्रा ज़र्रा इस धरती का, तेरे गीत सदा सुनाएगा।
वल्लभ के संघ तेरा भी, अब नाम अमर हो जाएगा।

# नया मार्ग दिखलाया

## □ नाज़र जैन, चण्डीगढ़

"मृगातवी जी" कौम को तुम ने नया मार्ग दिखलाया,
इक-इक कली और फूल को तुमने प्यार से फिर महकाया।

१. धन्य है माता, धन्य पिता वह जिसने जन्म दिया है,
धन्य नगर वह धन्य वह धरती जिसका दूध पिया है,
धन्य गुरु जिस ने दी दीक्षा, धन्य जिसने पढ़ाया।
मृगावती जी... ... ... ... ...

२. कौन था कहता हर इक दिल पर बन कर चाँद छाएगी,
किसे पता था रूप में "चन्दना" के पंजाब आएगी,
धन्य वह दिन जिस दिन पंजाब में तुमने चरण टिकाया।
मृगावती जी... ... ... ... ...


३. आज हर इक दिल पर तुम्हारे प्यार की है तस्वीरें,
जाग उठी हैं जन-जन की सोई हुई तकदीरें,
इक-इक कौम का बिखरा मोती तुमने आज मिलाया,
मृगावती जी... ... ... ... ...

४. अंधेरे घर का बनकर दीपक 'नाज़र' उज्याला करते,
तरसते जो टुकड़े-टुकड़े को, उन का दुःख थे हरते,
मानवता की बनकर सुगन्ध हर दिल को फिर महकाया।
मृगावती जी... ... ... ... ...

# कहाँ जा रहे हो?

## ☐ सुशील कुमार "रिंद"

कहां जा रहे हो रहनुमां हमारे। अभी बहने दो अमृत के धारे॥ कहाँ जा.......
अभी काम बहुत अधूरे पड़े हैं, अभी कुछ मसायल तो यूं ही खड़े हैं।
हैं दरकार कुछ और एहसां तुम्हारे॥ कहां जा.......
स्मारक तुम्हें था जो जां से भी प्यारा, हो तामीर जल्दी अहद था तुम्हारा।
शुरू करके अब हो रहे हो किनारे॥ कहां जा.......
स्वर्गों की खुशियों से मसरूर हो तुम, जहां भर की तकलीफों से दूर हो तुम॥
तड़पते सिसकते हैं सेवक तुम्हारे॥ कहां जा.......
निगाहों में आंसू दिलों में हे हलचल, बिखरने को है कुछ लम्हों में ये महफिल॥
अगर चाँद तुम हो तो हम हैं सितारे॥ कहां जा.......
स्मारक से जोड़ी है अपनी कहानी, रहेगी युगों तक ये तेरी निशानी॥
ये कुरबानी तेरी के होंगे नज़ारे॥ कहां जा.......
अभी जाने की भी कोई ये उमर थी, चौरासी में चौबीस की रिंद कसर थी॥
ये नाराजगी के हैं लगते इशारे॥ कहां जा.......
कहा जा रहे हो रहनुमां हमारे। अभी और बहने दो अमृत के धारे। कहां जा रहे...



# महत्तरा श्री मृगावतीश्रीजी